શ્રી વિરાણી મોટી કડવા પાટીદાર સનાતન સમાજ

શ્રી લક્ષ્મીનારાયણ નૂતન મંદિર


રજત જયંતિ મહોત્સવ

વર્ષ-૨૦૧૪



સ્મરણિકા

સમાજ ગૌરવગાથા


realpatidar.com
શ્રી વિરાણી મોટી
કડવા પાટીદાર સનાતન સમાજ
શ્રી લક્ષ્મીનારાયણ નૂતન મંદિર
રજત જયંતિ મહોત્સવ
વર્ષ-૨૦૧૪
સ્મરણિકા
સમાજ ગૌરવગાથા




શ્રી વિરાણીમોટી
કડવા પાટીદાર સનાતન સમાજ



શ્રી લક્ષ્મીનારાયણ નૂતન મંદિર
રજત જયંતિ મહોત્સવ

વર્ષ-૨૦૧૪















સ્મરણિકા

સમાજ ગૌરવગાથા

પ્રકાશક

શ્રી વિરાણીમોટી કડવા પાટીદાર સનાતન સમાજ


કુળદેવી શ્રી ઉમિયા માતાજી
realpatidar.com


શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન

વિમોચન દાતા

માતૃદેવો ભવ: પિતૃદેવો ભવ:



શ્રીમતી શાંતાબેન શ્રી અબજીભાઇ



સ્વ. દેવકાબેન સ્વ.વિશ્રામ ગોપાલ

વડીલ બંધુઓ સ્વ. માવજીભાઇ (વડોદરા), સ્વ. અરજણભાઇ (કલકત્તા),
સ્વ. મુળજીભાઇ (ઇન્દોર)તથા બહેન કાંતાબેન (રાયપુર) પરિવાર

શ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી (દિવાણી)

જન્મ સ્થળ: વિરાણી મોટી ■ જન્મ તારીખ: ૦૭.૦૬.૧૯૪૯

ઓડીટરશ્રી
અ.ભા.ક.ક.પાટીદાર સમાજ ૧૯૭૮થી

પ્રમુખશ્રી
વિરાણી પાટીદાર સનાતન સમાજ વિરાણીમોટી

Education : B.Com, (Hons.), Calcutta University,
CAIIB (Banking Professional Course)
Bank of Baroda Service : 31.01.1973 To
VRS : 31.03.2001 Senior Manager

Resident : 602, Sunrise Apartment, Plot No. 80/81
Sector-19 Kharghar-Navi, Mumbai-410210



પુત્રી - શોભના-નવિન-કાવ્યમ્



પુત્ર - પિયુષ-જીનલ-કેયા-કાવ્યા



પુત્રી - તૃષા-તુષાર-હેત

With best Compliment

Govind Mavji Kanani : 09448820236
Kanti Mavji Kanani : 09448273789
Rakesh Reddy : 09845355999
Tushar Gopal Sengani : 09845486699

M/s. Virani Builders & Developers
10/5 JRK Gardens, SBI Colony,Opp. Petrol Bunk, Anandpura
T.C. Palya, Bangalore-560036

M/s. Vijaya Constructions
99, White Field Road, opp. Shell Petrol Bunk
Near Sidhdhapura, Ramgodanahalli, Bangalore-560048

Nitin Shamji Senghani : 09324574322
Piyush Abjee Kanani : 09324575054
Harshad Arjan Dholu : 09594090011
Navin Shankarlal Nakrani : 09820008029

M/s. Mahasagar Developers
B-29, Crystal Plaza, Hiranandani Sector-7,
Kharghar Navi Mumbai-410210

M/s Shanti Developers
104, Sunrise Apt., Plot No. 80/81, Sector No. 19
Kharghar, Navi Mumbai - 410210



પ્રમુખશ્રીનું નિવેદન

જે ભૂમિ પર કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિજનોને સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે પથદર્શન પુરૂ પાડનાર અને સુધારાની મસાલ પ્રગટાવનાર વીરલા પાકયા છે, એ વિરાણી ગામની પૂણ્ય ભૂમિ પર કડવા પાટીદારો એ વસવાટ કર્યો ત્યારથી માંડીને આજ લગી જે સીમા ચિહ્નરૂપ ઘટનાઓ ઘટી અને સમાજમાં જે ઉતાર ચઢાવ આવ્યા તેને આ સ્મરણિકામાં આલેખવાનો ઉપક્રમ રહ્યો છે. વિરાણી ગામને અને સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને પોતાના ક્રાન્તિકારી વિચારોથી અને કાર્યોથી પ્રભાવિત કરનાર વિરાણીના પનોતા પુત્રોના જીવન અને કવનને શબ્દબધ કરવામાં આવ્યું છે એ રીતે જોઈએ તો સ્મરણિકા વિરાણીના આ પાટીદારોના વિકાસના આલેખને રજૂ કરતો દસ્તાવેજ બની રહેશે. જે આવનાર પેઢી ને વિરાણીના પાટીદાર સમાજનો ઐતિહાસિક હકીકતો મેળવવા માટે ખૂબ જ ઉપયોગી પુરવાર થશે.

વિરાણીમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર તો ૮૫ વર્ષ અગાઉ બંધાવ્યું હતું જે કચ્છ કડવા પાટીદારોના ગામોમાં સો પ્રથમ હતું ૨૫ વર્ષ અગાઉ ગામમાં શ્રી લક્ષ્મીનારાયણના ભવ્ય કલાત્મક નૂતન મંદિરનું નિર્માણ કરી તેમાં પાકી મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. તેનો ગત વર્ષે ધામધૂમથી રજત જયંતિ મહોત્સવ ઉજવવામાં આવ્યો એ યાદગાર પ્રસંગની સચિત્ર સ્મરિણકા પ્રકાશિત કરવામાં આવી છે ત્યારે રજત જયંતિ મહોત્સવના વિવિધ કાર્યક્રમો જ આ સ્મરિણકાના કેન્દ્રમાં હોય એ સ્વભાવિક છે.

આ મહોત્સવમાં વિવિધ ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રવેશદ્વાર ઉદ્‌ઘાટન, વૃક્ષારોપણથી પર્યાવરણ જાળવણી, વડિલ વંદના, નિયાણીભેટ, શોભાયાત્રા, દાતાઓના સન્માન વગેરે કાર્યક્રમોને આ સ્મરણિકાના પાના પર અંકિત કરવામાં આવ્યા છે.

આ સ્મરણિકામાં જ્ઞાતિના આદ્યસુધારક અને કડવા પાટીદાર જ્ઞાતિમાં ધાર્મિક જાગૃતિનો શંખ ફૂકનાર **સ્વ.નારાયણજી રામજી લીંબાણી** - સમાજ સુધારક, શિક્ષણના પ્રણેતા, દિર્ઘદ્રષ્ટા અને સમાજની વિકાસ શીલતાના પ્રણેતા, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના સ્થાપનાના પાયાના પથ્થર અને બંધારણીય પ્રથમ ટ્રસ્ટી મંડળના ટ્રસ્ટી એવા **સ્વ.નારાયણ શીવજી નાકરાણી** - કચ્છ કડવા પાટીદારના પ્રખર સમાજ સુધારક, સંગઠક, કર્મવીર, ધર્માત્મા, દાનવીર અને આપણી જ્ઞાતિમાં લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોના પ્રણેતા **સ્વ.રતનશી ખીમજી ખેતાણી (દિવાણી)** - શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના બંધારણીય પ્રથમ પ્રમુખ શ્રી સમાજ વિકાસ અને શિક્ષણ ક્ષેત્રના ભેખધારી આગેવાન **સ્વ.શિવદાસ કાનજી સોમજીયાણી** - શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની રચનાની ભુમિકા તૈયાર કરી સાકાર સ્વરૂપ આપવા બનાવેલ એડહોક કમીટીના મંત્રી, વિરાણી સમાજના બંધારણીય પ્રથમ પ્રમુખશ્રી અને વિરાણી સમાજના એકીકરણના પ્રણેતા **સ્વ.કરશન શીવદાસ મુખી (દિવાણી)** ના જીવન અને કાર્યો ને આ સ્મરણિકાના પાના પર કંડારવામાં આવ્યા છે.

વાંઢાયની હરિહર પરંપરાના સંતશ્રી લાલરામજી મહારાજના આદેશને જિલીને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સનાતન ધર્મ જાગૃતિને પોતાનું જીવનકાર્ય બનાવનાર સંતશ્રી ઓધવરામજી મહારાજ અને તેમના ગુરૂ સંતશ્રી લાલરામજી મહારાજનો ઉલ્લેખ પણ આ સ્મરણિકામાં કરવામાં આવ્યો છે.

જ્ઞાતિના આદ્યસુધારક શ્રી નારાયણજી બાપા અને શ્રી રતનશીભાઈ ખેતાણીનું અધુરૂં રહેલુ કાર્ય વિરાણીના જ સપુત અને રતનશીબાપાના પુત્ર શ્રી હિંમતભાઈ ખેતાણીએ ૫ વર્ષ અગાઉ આગળ ધપાવવાનો સંકલ્પ કર્યો અને સમગ્ર ભારતમાં સાથીઓ સાથે ફરીને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ધર્મ જાગૃતિની જે મસાલ જલતી કરી તેનો વિસ્તૃત અહેવાલ પણ આ પુસ્તિકમાં આપવામાં આવ્યો છે.

દરેક વ્યકિતને પોતે જે ગામમાં જન્મી હોય, તે ગામ અને સમાજ માટે લગાવ હોય જ અને તે ગામની ગૌરવગાથા વાંચીને તેની છાતી ગજ ગજ ફુલે એ સ્વાભાવિક છે. આ સ્મરણિકામાં વિરાણીવાસીઓ ગૌરવ લઈ શકે એવું ઘણું બધુ છે. અને આવનારી પેઢી પ્રેરણા

લઇ શકે એવું પણ ઘણું ઘણું છે. આ સ્મરણિકા રૂપી પુષ્પ આપ સૌ સુજ્ઞજનોના હાથમાં મૂકતાં હર્ષ અને ગૌરવની લાગણી અનુભવું છુ.

શ્રી લક્ષ્મીનારાયણ મંદિર રજતજયંતિ મહોત્સવની પૂર્વ તૈયારી માટેની જુદા જુદા સ્થળે યોજાયેલી મીટિંગોમાં પોતાના મનનીય વિચારો આપીને સમગ્ર આયોજન ને ઓપ આપનાર આયોજન સમિતિના સભ્યો અને આગેવાનોનો હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છુ. મહોત્સવના તમામ પ્રસંગોને સફળતાપૂર્વક પાર પાડનાર જુદી-જુદી સમિતિઓના કન્વીનરો અને સભ્યો તેમજ સમાજના પૂર્વ પ્રમુખશ્રીઓ શ્રી માવજી વસ્તા રૂડાણી અને શ્રી રામજી કરમશી નાકરાણી, સલાહકારશ્રીઓ, હોદ્દેદારો અને કારોબારી સભ્યો, યુવક મંડળના હોદેદારો, કારોબારી સભ્યો, અને યુવાન કાર્યકરો, તેમજ મહિલા મંડળના પદાધીકારોઓ, અને અન્ય કાર્યકરો સ્વયંસેવક ભાઇઓ અને બહેનો સૌ કોઇનો હું આ સ્મરણિકાના માધ્યમથી આભાર વ્યકત કરું છું.

દાનની સરવાણી વહાવીને આ મહોત્સવને અવિસ્મરણિય બનાવનાર સમાજના દિલાવર દાતાઓનો પણ હું હૃદયથી આભાર માની ધન્યવાદ આપું છું. આ મહોત્સવમાં વિરાણી સમાજના નિમંત્રણને માન આપીને પધારેલા રાજકીય અગ્રણીઓ, સામાજીક આગેવાનો અને સરકારી પદાધિકારીઓ તેમજ સૌ માનવંતા અતિથિઓનો પણ હું ઋણ સ્વીકાર કરું છું. ઇષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી શ્રી ઉમિયા માતાજીના ચરણોમાં પ્રાર્થના કરું છું કે વિરાણી વાસીઓ સમગ્ર ભારતમાં જયાં વસતા હોય ત્યાં સુખી, સમુદ્ધ અને સંગઠિત રહે અને પૂર્વજો એ કંડારેલી કેડી પર ચાલીને સમગ્ર સમાજ માટે દિવાદાંડી રૂપ કાર્ય કરી વિરાણી ગામનું નામ રોશન કરે.

અબજીભાઇ વિશ્રામ કાનાણી
પ્રમુખશ્રી
શ્રી વિરાણી મોટી પાટીદાર સનાતન સમાજ



પ્રકાશન સમિતિનું નિવેદન

વિરાણીમોટી સમાજની સ્મરણિકા પ્રકાશિત કરવી એટલે ગાગરમાં સાગર ભરવા જેટલું કપરુ કામ હતું ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના રજત જયંતિ મહોત્સવની સ્મરણિકા હોવાથી મહોત્સવના તમામ પ્રસંગોને શબ્દબદ્ધ કરવા અને તેના ફોટોગ્રાફનું ચયન કરી સમાવી લેવા એ કાર્ય પણ ખાસી મહેનત માંગી લે તેવું હતું.

રજત જયંતીની પૂર્વ તૈયારીથી માંડીને પૂર્ણાહુતિ થઇ ત્યાં સુધીમાં સમાજે કરેલ ગતિવિધિના અહેવાલો મેળવીને તેનું સંકલન કરવું, મહોત્સવ દરમ્યાન યોજાયેલ સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક કાયક્રમોના સચિત્ર અહેવાલો પ્રસિદ્ધ કરવા પણ એટલા જ જરૂરી હતા.


આ ઉપરાંત સમાજના વિકાસની તવારીખ વિરાણીના ક્રાન્તિકારી નરપુંગોના પ્રેરણાદાયી જીવન ચરિત્ર આલેખવાનું પણ પ્રકાશન સમિતિના શીરે હતું વળી સમાજની વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર, મહાનુભાવોનું સંક્ષિપ્ત પરિચય પણ આ પુસ્તિકામાં સમાવવાનો હતો.

વિરાણીના તમામ કુટુંબોના વડાના નામ અને તેના સંપર્ક નંબરો મેળવીને પ્રકાશિત કરવા એ પણ સમય માગી લે તેવું કામ હતું. વર્તમાન પેઢીએ અને ભાવિ પેઢીએ આ સ્મરણિકામાંથી વિરાણી સમાજની સંપૂર્ણ માહિતી મળી રહે અને સૌ માટે પ્રેરણારૂપ બને એવી દળદાર સ્મરણીકા સમાજને ચરણે ધરી શકીએ એવી પ્રકાશન સમિતિની અભિલાષા હતી. એ પરિપૂર્ણ થઇ છે એનો અમને આનંદ છે.

પ્રકાશન કાર્યમાં અમને સમાજના માનનીય પ્રમુખશ્રી અબજીભાઇ કાનાણીનું બહુમૂલ્ય માર્ગદર્શન મળ્યું.અન્ય હોદ્દેદારો અને પૂર્વ પ્રમુખો પાસેથી અમને ઘણી સહાયતા મળી છે તેવી જ રીતે શ્રી રતિભાઇ મનજી પોકાર-તંત્રીશ્રી "ઉમાદપર્ણ", શ્રી શામજીભાઇ રામજીભાઇ બાથાણી (પોકાર) તંત્રીશ્રી "પાટીદાર સંદેશ" તથા શ્રી સી.કે.પટેલ -તંત્રીશ્રી "પાટીદાર સૌરભ" પાસેથી જરૂરી માહિતી ઉપલબ્ધ થઇ છે, એ માટે પ્રકાશન સમિતિ સૌ અગ્રણીઓનો હૃદયથી આભાર માને છે. આ સ્મરણિકાના ડિઝાઇનીંગ અને પ્રિન્ટીંગ કાર્ય બદલ શ્રી નારાયણ વાલાણી "એડ સર્કલ" અમદાવાદ વાળાના પણ આભારી છીએ. પ્રકાશન સમિતિના તમામ સભ્યોએ ચિવટ અને ધગશથી આ સ્મરણિકાનું સંપાદન કાર્ય કર્યું છે તેમ છતાં જાણે અજાણે કોઇ ત્રૂટી રહી ગઇ હોય તો અમે ક્ષમા પ્રાર્થીએ છીએ.

સુર્યકાન્ત પુરૂષોત્તમભાઇ ધનાણી
કન્વીનરશ્રી - પ્રકાશન સમિતિ

શુભેચ્છા સંદેશો



सत्यमेव जयते




સંગઠિત સ્વયંમાં અનન્ય શકિતનો અખૂટ ભંડાર છે. આ એકત્વની સહિયારી ભાવના હરહંમેશ સમાજને ઉર્ધ્વગતિ પ્રદાન કરાવનારી પ્રેરક બળ પુરું પાડતી રહી છે. એક વ્યકિત શ્રેષ્ઠ હોઇ શકે. પરંતુ શ્રેષ્ઠતા સાથે અસરકારતા તો સંગઠનમાં જ છુપાયેલ છે.

મીઠા સંસ્મરણોનો સ્મૃતિપટ પર વગોળતું તે પરાવર્તિત કરાવી ગમે તેવી ઘટના છે. જેને સતત નજર સમક્ષ રાખવાથી જીવનમાં પ્રગતિની રાહે આગળ વધવા રહેવા માટે પ્રેરણા ચોકકસપણે મળતી રહેવાની. **શ્રી વિરાણી પાટીદાર સમાજ** દ્વારા ગતવર્ષે યોજાયેલ **શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરના રજતજયંતિ મહોત્સવની** ભવ્ય ધાર્મિક ઉજવણીની યાદગીર ક્ષણોને સ્મૃતિબદ્ધ કરી **સ્મરિણકા રૂપે** પ્રકાશિત કરવાના નિર્ણય વિશે જાણી આનંદ અનુભવું છું. ધાર્મિક પ્રસંગે કરેલા શુભ સંકલ્પો, વૃક્ષારોપણ જેવા પર્યાવરણ પ્રિય ઉપક્રમો, આદરણીય સંતોના પ્રેરક પ્રવચનો ભકતજનોને સ્મરણિકાના માધ્યમથી સતત માર્ગદર્શન પુરું પાડતા રહેશે. સમાજના પરિવારોની વિગત દસ્તાવેજીકરણ પણ સામાજીક સ્તરે મજબૂતીકરણ માટેનું ઉપયોગી સાધન પૂરવાર થતું હોય છે.

વિરાણી ગામના સર્વગ્રાહી ઇતિહાસ, ગામના શૈક્ષણિક સેવાકીય, સામાજિક, રાજકીય તથા અન્ય ક્ષેત્રોની માહિતી પણ આ સ્મરણિકામાં પ્રકાશિત થનાર છે જે આવકાર્ય અને અનુકરણીય છે. સ્મરણિકા તેના પ્રકાશનના પ્રશસ્ય હેતુને પરિપૂર્ણ કરે તેવી શુભેચ્છા સહ...

આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજય

શુભેચ્છા સંદેશો



सत्यमेव जयते



વિરાણી પાટીદાર સમાજ દ્વારા જ્ઞાતિના મુખપત્ર સમાન સ્મૃતિગ્રંથ પ્રકાશિત કરવાનો નિર્ણય કરેલ છે જે સમાજનો અરીસો બનીને પ્રકાશિત થાય છે એ જાણી અત્યંત આનંદની લાગણી થાય છે. આ સ્મરણિકામાં પ્રકાશિત થનારા લેખો, ગામનો અને સમાજનો ઈતિહાસ અને તેની પ્રવૃત્તિઓ, શૈક્ષણિક, સેવાકીય, સામાજીક, રાજકીય, ખેતીવિષયક વિશિષ્ટ સિધ્ધિઓની નોંધ, કર્મનિષ્ઠ આગેવાનોના જીવનની પ્રેરણાદાયી નોંધોનો અને અન્ય વિભાગોનો આ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવેલ છે.

સાચા અર્થમાં સમાજ ઉત્કર્ષની દિશામાં શ્રી વિરાણી મોટી પાટીદાર સમાજ માટે સુવર્ણમયી ભવિષ્ય સાબિત થાય એવી અભ્યર્થના.

શ્રી વિરાણી મોટી કડવા પાટીદાર સનાતન સમાજને હું મારી હાર્દિક શુભકામના પાઠવું છું.

મહેન્દ્ર પટેલ
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ
કચ્છ

શુભેચ્છા સંદેશો



આપશ્રીનો પત્ર મળ્યો ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના નવા મંદિરનો રજત જયંતિ મહોત્સવ ગતવર્ષે ખુબ જ ધામ ધુમથી ઉજવેલ તે મહોત્સવની કાયમી યાદ માટે સ્મૃતિ ગ્રંથ તૈયાર કરી રહ્યા છો તે જાણી આનંદ થયો.

આ મહોત્સવમાં હાજર રહેવાની મને તક મળેલ એટલે ભવ્ય આયોજન માણવાનો મને લહાવો મળ્યો હતો. મહોત્સવની મીઠી યાદો આજે પણ નજર સમક્ષ આવતાં આનંદની લાગણી અનુભવુ છું.

વિરાણી ગામ હંમેશ કચ્છ કડવા પાટીદાર સમાજનું પથ દર્શક રહ્યું છે. જ્ઞાતિને શ્રીમાન નારાયણ રામજી લીંબાણી, રતનશી ખીમજી ખેતાણી, નારાયણ શીવજી નાકરાણી જેવા આદ્ય સુધારકો વિરાણી ગામે આપ્યા છે. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પહેલા બંધારણીય પ્રમુખ શ્રીમાન શીવદાસ કાનજી નાકરાણી પણ વિરાણી ગામના જ હતા.

આવા માર્ગદર્શક વડીલોનો તથા ગામનો સમાજનો ઇતિહાસ અને મહોત્સવને આપ સ્મૃતિ ગ્રંથ રૂપે કંડારી રહ્યા છો. આપના મુલ્યવાન અને શુભ પ્રયત્ન બદલ ખુબ ખુબ અભિનંદન અને ધન્યવાદ.

આ સ્મૃતિગ્રંથ વિરાણી ગામ અને પાટીદાર સમાજ માટે તેમજ આવનાર પેઢી માટે પ્રેરણારૂપ અને માર્ગદર્શક બની રહેશે.

આપના આ પ્રયત્ન બદલ શુભેચ્છા અને અભિનંદન પાઠવું છું.

ગંગારામ હીરાલાલ સાંખલા
પ્રમુખ શ્રી
અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ



શુભેચ્છા સંદેશો

શ્રી લક્ષ્મીનારાયણ મંદિર રજત જયંતિ મહોત્સવના સંસ્મરણોને ભાવી પેઢી માટે સાચવી રાખવા અને વિરાણી સમાજમાં પ્રેરણાદાયી ઇતિહાસને ઉજાગર કરવાના ઉદેશથી સ્મરણિકા પ્રકાશિત કરવામાં આવી છે એ માટે સમાજના વર્તમાન કાર્યકરોને અભિનંદન આપવા ઘટે.

વર્તમાન સમાજની ઇમારત તેના અતીતના પાયા પર રચાતી હોય છે, જે સમાજનો ભૂતકાળ ભવ્ય અને ગૌરવપૂર્ણ હોય તે સમાજનો વર્તમાન પણ એટલો જ યશસ્વી હશે. વિરાણી ગામ પ્રેરણાદાયી અને ગૌરવપૂર્ણ ઇતિહાસ ધરાવે છે, સમસ્ત કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સનાતન ધર્મના રાહે વાળવામાં ભગીરથ કાર્ય કરવાનું બીડુ ઝડપનાર અને સુધારાનું શંખનાદ કરનાર નારાયણજી રામજી લીંબાણી જેવાં નરવીર જ્ઞાતિને વિરાણીની ધરતીએ આપ્યા છે. સંતશ્રી લાલરામજી મહારાજનો આદેશ લઇને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ધર્મ જાગૃતિની મશાલ લઇને નીકળેલા સંતશ્રી ઓધવરામજી મહારાજની આજ્ઞાને શીરોધાર્ય ગણીને ગામે ગામ લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો નિમાર્ણ કરવાની પ્રેરણા આપનાર, કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજનાં તત્કાલિન પ્રમુખ શ્રી રતનશીભાઇ ખીમજી ખેતાણી પણ આ ભુમિનું જ સંતાન છે.

સાત-આઠ દાયકા અગાઉ આરંભાયેલ ધર્મ જાગૃતિની તમામ પ્રવૃત્તિઓનું કેન્દ્રસ્થાન એ સમયે તીર્થભૂમિ વાંઢાય રહ્યું હતું અને વિરાણીના જ સપૂત રતનશીભાઇ ખેતાણીના હસ્તે સંતશ્રી ઓધવરામજી મહારાજની પ્રેરણાથી વાંઢાયમાં કુળદેવી શ્રી ઉમિયા માતાજીના મંદિરમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. એ સમયના સૌ સમાજ સુધારકો અને સંતોએ ઉમિયા માતાજી સંસ્થા વાંઢાયમાં પ્રજવલિત કરેલી સનાતન ધર્મ જાગૃતિની જયોતને આપણે સૌ એ જલતી રાખવાની છે એ ઝાંખી ન પડે એનું ઉત્તરદાયીત્વ આપણા સૌનુ છે. એ વાતનો અમને આનંદ છે કે વિરાણીના વર્તમાન આગેવાનોએ પણ આ કાર્યમાં કયારેય પીછે હઠ કરી નથી.

સને ૧૯૬૦માં રચાયેલ કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રથમ પ્રમુખ શ્રીમાન શિવદાસભાઇ કાનજી નાકરાણી પણ વિરાણીના પનોતા પુત્ર હતા. કેન્દ્રીય સમાજના પૂર્વ પ્રમુખ શ્રી રામજીભાઇ નાકરાણી પણ આ ગામના જ અગ્રણી છે અને પિતાશ્રીને પગલે પગલે ચાલીને હાલમાં સનાતન ધર્મ જાગૃતિનું અભિયાન છેડયું એ હિંમતભાઇ રતનશી ખેતાણી (દિવાણી) પણ વિરાણી ગામના સુપુત્ર છે. એ રીતે વિરાણી ગામે સમાજને હર હંમેશ નેતૃત્વ પુરું પાડયું છે. ભવિષ્યમાં પણ વિરાણી સમાજનું જ્ઞાતિના વિકાસમાં મુલ્યવાન યોગદાન મળતું રહેશે એવી અપેક્ષા રાખીએ. સમાજે આરંભેલા તમામ કાર્યો સફળ અને યશદાયી બને એવી મા ઉમાના ચરણોમાં પ્રાર્થના.

હંસરાજભાઇ દેવજી ધોળુ
પ્રમુખશ્રી - ઉમિયા માતાજી ઇશ્વરરામજી ટ્રસ્ટ, વાંઢાય

શુભેચ્છા સંદેશો



વિરાણી મોટી ગામે ગત વર્ષે શ્રી લક્ષ્મીનારાયણ મંદિરનો રજત જયંતિ મહોત્સવ ખૂબ જ ઉત્સાહ પૂર્વક ઉજવાઇ ગયો. તેની યાદગીરી રૂપે આપ સ્મરણિકા પ્રકાશિત કરી રહ્યા છો એ ખરેખર પ્રસંશનિય કાર્ય છે આવનારી પેઢી માટે સમાજનો ઉજ્જવળ ઇતિહાસ સાચવી રાખવાની આવશ્યકતા છે, એમાંથી ભાવી પેઢી પ્રેરણા મેળવી શકે આપ આ કાર્ય સ્મરણિકાના રૂપમાં કરી રહ્યા છો એ ખરેખર ધન્યવાદને પાત્ર છે.

વિરાણી ગામ એ ક્રાંતિકારી ગામ છે. તેની ધરતીમાંથી એવા રત્નો પેદા થયા છે કે જેમણે સમાજને નવો રાહ ચીંધ્યો છે. નેત્રાના કેશરા પરમેશ્વરાએ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ધર્મ જાગૃતિની ચિગનારી પ્રગટાવી પરંતુ ધર્મ ચેતનાની મશાલ તો વિરાણીના નરવીર શ્રી નારાયણજી રામજી લીંબાણીએ જ પ્રગટાવી અને સમસ્ત જ્ઞાતિને સનાતન ધર્મનો રાહ દેખાડયો એને જ્ઞાતિ કયારેય વિસરી શકે તેમ નથી.

કચ્છના ગામો અને સાબરકાંઠાના ગામોમાં ઇષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણને લઇ જઇને મંદિરોનું નિર્માણ કરવાનો પુરૂષાર્થ કરનાર શ્રી રતનશી ખીમજી ખેતાણી પણ આ ગામનો જ હિરો હતા કે જેમણે સંતશ્રી ઓધવરામજી મહારાજની આંગળી પકડીને સમસ્ત કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં નવી ચેતનાનો સંચાર કર્યો આજે ગામે ગામ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિરો વિદ્યમાન છે તે એ સમયના આગેવાનો અને સંતોની પ્રેરણાનું પરિણામ છે.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સામાજિક નેતૃત્વ પુરૂં પાડનાર કેન્દ્રીય સમાજના પ્રથમ પ્રમુખ શિવદાસભાઇ નાકરાણી, પૂર્વ પ્રમુખ શ્રી રામજીભાઇ નાકરાણી વગેરે પણ વિરાણીની ભૂમિમાંથી જ્ઞાતિને મળેલા મોતી છે. વિરાણીમોટીમાં પ્રથમ લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર બન્યું એ માટે પણ ગામે ગૌરવ લેવાનું છે.

વિરાણી મોટી સમાજ આજ રીતે ઉતરોત્તર પ્રગતિ કરતો રહે એવી શુભ કામના પાઠવું છું અને વિરાણીના સૌ ગામવાસીઓ અને સમાજનાં કાર્યકરો ઉપર ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની કૃપા દ્રષ્ટિ રહે એવી પ્રાર્થના કરું છું.

જેઠાભાઇ લાલજી ચોપડા
પ્રમુખશ્રી- અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ
લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન - દેશલપર

શ્રી માવજીભાઇ વસ્તાભાઇ રૂડાણી

જીવન ઝરમર



પૂર્વ પ્રમુખ શ્રી
શ્રી વિરાણી મોટી કડવા પાટીદાર સનાતન સમાજ
વર્તમાન સલાહકાર શ્રી
શ્રી વિરાણી મોટી કડવા પાટીદાર સનાતન સમાજ

વડીલ શ્રી માવજીબાપાને સમાજના મૂક સેવક તરીકે ઓળખવામાં આવે છે. સમાજનું કોઈપણ પ્રકારનું બાંધકામ હોય કે રસોડા વિભાગનું કામ હોય તો ખડે પગે સેવા આપવા સદાય તત્પર રહે છે.

સમાજ ઉપરાંત વિરાણીમોટી ગામના "ગ્રામવિકાસ મંડળ"ના પ્રમુખ તરીકેની જવાબદારી પણ તેઓ શ્રીએ બખૂબી રીતે નિભાવી છે. ગ્રામ વિકાસના કાર્યોમાં પણ તેઓ સેવા આપતા રહ્યા છે.

સમાજ સેવાની નોંધ લઈને શ્રી લક્ષ્મીનારાયણ નૂતન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ રજત જયંતિ મહોત્સવ વખતે તેઓનું સમાજના અગ્રણીઓ દ્વારા ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

તેઓ શ્રી એ નીચે મુજબના સમય દરમ્યાન સમાજના પ્રમુખ તરીકેનું સ્થાન શોભાવ્યું હતું.

વર્ષ ૧૯૯૫ થી વર્ષ ૨૦૦૧, વર્ષ ૨૦૦૧ થી વર્ષ ૨૦૦૪

વર્ષ ૨૦૦૭ થી વર્ષ ૨૦૧૦, વર્ષ ૨૦૧૦ થી વર્ષ ૨૦૧૩ સુધી

તેઓ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થા-વાંઢાય, શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, સંસ્કારધામ કેન્દ્રસ્થાન, દેશલપર વિગેરે સંસ્થાઓમાં પણ પોતાની નિઃસ્વાર્થ ભાવે સેવાઓ આપતા રહ્યા છે. હાલમાં તેઓ સ્વસ્થ તથા નિરોગી જીવન જીવી રહ્યા છે અને પોતાનાથી બની શકતાં સમાજના તથા વિરાણી મોટી ગામના સેવાકીય કાર્યો કરી રહ્યા છે.

શ્રી રામજીભાઇ કરમશીભાઇ નાકરાણીનું નિવેદન



પ્યારા જ્ઞાતિજનો,

સવિનય જણાવવાનું કે આપ સૌના સહકાર અને કાર્યકરોના સહિયારા પ્રયાસોથી સીમા ચિહ્નરૂપી સમાજનાં નૂતન મંદિરનો રજત જયંતિ મહોત્સવ ઉજવી શકયા છીએ.

આ નૂતન મંદિર સં. ૨૦૪૫. સને ૧૯૮૯માં જેનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો જેનો રજત જયંતિ ઉત્સવ તા. ૧૨.૦૮.૨૦૧૪થી તા. ૧૫.૦૮.૨૦૧૪ સુધી સં. ૨૦૭૦માં શ્રાવણ વદ-૨ થી શ્રાવણ વદ -૫ સુધી રંગેચંગે ઉજવવામાં આવ્યો છે. આ આપણા જીવનનો ખૂબ જ યાદગાર પ્રસંગ હતો કારણ કે આથી અગાઉ કયારે પણ ન બન્યું હોય તેવું અહીં નિર્માણ થઇ ગયું છે.

જેમ કે વિરાણી મોટી-નખત્રાણા રોડ ઉપર વિરાણીમોટી ગામનું "પ્રવેશ દ્વાર" અને બાજુમાં જ શ્રી હનુમાનજીનું નૂતન મંદિર નિર્માણ થયેલ છે. જેની પ્રતિષ્ઠા કરવામાં આવી છે તેની પશ્ચિમે ખાલી જગ્યામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. જેથી ગામની શોભા વધી રહી છે. જીરાણામાં (પૂર્વજોનું સ્મશાનાગાર) જેમાં સમાધિઓને સુરક્ષિત રાખી ખાલી જગ્યામાં વૃક્ષારોપણ કરી વડીલોની યાદગીરી તથા સ્મૃતિરૂપે વૃક્ષો વાવેલ છે.

આજના દિવસે કચ્છમાં પ્રથમ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરના નિર્માણને ૮૫ વર્ષ પુરાં થતા હોઇ સં. ૧૯૮૬ જેની "હિરક જયંતિ "મનાવવમાં આવેલ તેની યાદમાં ૮૫ વર્ષ કે તેથી ઉપરનાં માતાજી તથા માવિત્રોના સન્માન કરી "વડીલ વંદના" કરવામાં આવી હતી. તેમની મુખાકૃતિમાંથી સમાજ માટે આશીર્વાદ વરસતા હતા. તેમની ભાવનાઓ વાંચીને આનંદ થતો હતો. તેવી જ રીતે આથી અગાઉ ન થયું હોય તેવી નિયાણી ભેટ યોજના. તેમાં કુંવારી કે પરણેલી કોઇપણ નિયાણીને ભેટ આપી નત મસ્તકે સમાજે વંદન કરી આશીર્વાદ મેળવેલ હતા.

સમાજમાં અંધશ્રદ્ધા વ્યાપે નહીં સમાજ જાગૃત બની રહે તે માટે અંધશ્રદ્ધા નિર્મૂલન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. કારણકે જેનાથી કેટલાક લોકોની અંધશ્રદ્ધા છૂટી પણ જાય છે.

રજત જયંતિ મનાવીએ અને સંતોને યાદ ન કરીએ એવું વિરાણીમોટીમાં કદીય ન બને. સંતોના આશીર્વાદ મેળવ્યા. બાળકોને પ્રોત્સાહિત કરવા

સાંસ્કૃતિક કાર્યક્રમો કરો બાળકોને પ્રોત્સાહન આપેલ છે અને "સરસ્વતી સન્માન" પણ હર વર્ષે થાય છે. તેનાથી બાળકો શિક્ષણમાં આગળ વધતા રહે તે માટે પ્રોત્સાહન ઈનામ આપાય છે.

શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સંસ્થાન અને સંસ્કારધામ-દેશલપર (વાંઢાય)ના સંતો પણ આશિર્વાદ આપવા આવેલ અને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું મહત્વ જીવનમાં શું છે. તે સમજાવેલ.

સમાજ દ્વારા ૧૯૮૫માં એક વસતી પત્રક બનાવવમાં આવેલ બીજું વસતી પત્રક ૧૯૯૮માં બહાર પાડવામાં આવ્યું અને ૧૯૯૭માં ટ્યુશન કલાસનું ભવન નિર્માણ કરી બાળકોને શિક્ષણ વધારે મળતું રહે તે માટે આ કલાસ શરૂ કરવામાં આવેલ છે.

સમાજવાડીમાં ૧૯૮૮માં શ્રી નારાયણ ભવનનું નિર્માણ થયું સાથે સાથે જ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનાં નૂતન મંદિરનો પણ ૧૯૮૯માં "પ્રાણ પ્રતિષ્ઠા" મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. તે મંદિર સમાજની એકતાનું પ્રતિક છે.

સમાજમાં આજે ૨૫ વર્ષથી સમુહલગ્નોનું આયોજન થાય છે. આ બધા જ કાર્યોમાં દાતાઓનો સહયોગ મળતો રહે છે. સમુહ લગ્નોમાં મળતા દાતાઓ સિવાય આ જીવન દાતા ખર્ચની પુરતી કરી સહયોગ આપી રહ્યા છે.

સં. ૨૦૬૦માં પ્રથમ મંદિરનો હિરક જયંતિ મહોત્સવ ઉજવવામાં આવ્યો. યુવક મંડળની "રજત જયંતિ" પણ ૧૯૯૮માં ઉજવાઇ ગઇ છે. આ જાગૃત યુવક મંડળની નિશાની છે.

સમાજના દાનવીરોમાં ભારોભાર વખાણ કરવા લાયક છે. ચડાવા લઇને ભોજનદાનનાં દરેક ટાઇમના અલગ અલગ દાતા, જુદા જુદા મળતા હતા. સુવેનિયરમાં જાહેરાતો આપીને તથા પુસ્તક વિમોચન દાતા બની નામી અનામી સૌ લોકોએ આર્થિક સહયોગ ખૂબ આપ્યો જેથી ખર્ચને પહોંચી વળવા બાદ પણ નાણાં બચેલ છે, તેથી દાતાઓના વખાણ કરીએ છીએ. જેણે ખોબે ખોબે દાન આપીને વડિલોનાં નામ અમર રાખ્યાં છે.

વિરાણીમોટી સમાજ દ્વારા એક એમ્બ્યુલન્સ ચલાવાયા છે, તે સમાજને ઘણી ઉપયોગી સેવાનું કાર્ય થઇ રહ્યું છે, તે કાર્ય પ્રસંશનીય છે.

આ વર્ષે સં. ૨૦૭૧માં એક "સ્નેહ મિલન" નું આયોજન થઇ રહ્યું છે જેમાં વિરાણીમોટી ગામના વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર જ્ઞાતિજનોનું આ મિલન થવાનું છે, તેમાં અદશ્ય તારલાઓ ચમકશે તે આપણને નિહાળવાનો અવસર પ્રદાન થશે.

આ રજત જયંતિ મહોત્સવને સફળ બનાવવામાં નાના મોટાં સૌ સાથી-મિત્રોએ તન-મન અને ધનથી સહયોગ આપ્યો છે તે સૌને મારા હૃદય પૂર્વકના અભિનંદન છે.

વિરાણીમોટી ગામની દિકરીઓને ભલામણ છે કે તમારા મા-બાપ અને કુળને ન છાજે તેવું કૃત્ય જેમ કે ભાગેડુ લગ્ન ન કરશો. તમારા ભાગી જવાથી તમારીને તમારાં મા-બાપની બદનામી થાય છે, વિરાણીગામની બદનામી થાય છે, સમાજને નીચું જોવું પડે છે તેથી બેન દીકરીઓ જરૂરથી કાળજી લેજો અને દિકરાઓ કમાઇ કરવામાં શોર્ટકટ રસ્તા ન અપનાવો જેવા કે બનાવટી નોટોનો ધંધો, સટ્ટો કે જુગાર આમાં કદી પણ સફળતા મળતી નથી અને વ્યસનથી દૂર રહો અને સત્સંગનો સહારો લો તમારા જીવન સુંદર બની જશે ખોટાં કામ કરવાથી સમાજ અને ગામને પણ નીચું જોવું પડે છે. માટે આવા ખોટાં કામ ન કરો ભાઇઓ.

આવા મહોત્સવની ઉજવણીના પ્રસંગોએ ગામમાં રહેતા લોકોને ખુશી થાય પણ કચ્છ બહાર જેઓ રહે છે તેમને પણ આકર્ષણ થાય છે. ગામ પ્રત્યેની ભાવના અને લાગણી થાય છે. નવા નવા લોકોને અનુભવ મળે છે નવા નવા માણસો એકબીજાને મળે છે જેથી માણસ માણસ થી નજીક આવે છે અને ત્યારે એમ થાય કે આવા પ્રસંગો અવાર-નવાર થતા રહે તેવું પણ કહેતા જાય છે કે જેથી એકબીજાની ઓળખાણ થાય છે. સૌનો પરિચય વધે છે અને એક બીજાને ઉપયોગી થવાની ભાવના થાય છે. આ મારૂ ગામ છે, મારી સમાજ છે તેને હું કઇ રીતે ઉપયોગી થાઉ અને સમાજનું ઋણ અદા કરું એવી ભાવના જાગૃત થાય છે. આ ગામ માટે દીધેલું દાન સો ગણું થઇને ઉગી નીકળે છે બહાર ગામથી પધારેલા સૌને ખૂબ ખૂબ અભિનંદન કે તમે બધાએ ખૂબ જ તન-મન અને ધનથી વિરાણીમોટી સમાજને સહયોગ આપ્યો છે અને હાજર રહીને આ પ્રસંગની શોભા વધારી છે.

વર્તમાન પેઢી અને ભાવિ પેઢીને આ સુવેનિયર ઘણું જ ઉપયોગી થઇ જશે એમાં લેશમાત્ર શંકા નથી, આ ઐતિહાસિક સ્મૃતિગ્રંથને હાથમાં આવતાં જ તમને પણ ઘણી જ ખુશી થશે અને આ નાનકડું કાર્ય કરવાનો તમને જે મોકો મળ્યો હતો તે લેખે લાગ્યું ગણાશે એમ માનશું.

આવા મોટા પ્રસંગો થાય તેમાં કોઇની લાગણી દુભાણી હોય કે મનઃદુખ થયુ હોય તો પણ તે સમાજના લાભ માટે જ હોય છે તેમ સમજી માફ કરશો. હું સમાજના એક વડીલ તરીકે આપને ભલામણ કરૂં છુ.

આ પ્રસંગને માણ્યા પછી આવનારી ભાવિ પેઢી સુખી અને સમુધ્ધ અને શસકત, શિક્ષિત અને નિર્વ્યસી બની વિશ્વમાં એક આગવી ઓળખ પ્રસ્થાપિત કરી સક્ષમ બને તે માટે આપણે સૌએ ભગીરથ પ્રયાસ કરવાનો છે. સૌ સુખી સમુદ્ધિ અને આબાદ બનો, સર્વના પોષણ કર્તા બનો. હંમેશા શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન અને ઉમિયા માતાજીના આશીર્વાદ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના સાથે વિરમું છું.

એજ લી.

શ્રી રામજીભાઇ કરમશીભાઇ નાકરાણી
સલાહકારશ્રી અને પૂર્વ પ્રમુખ :
શ્રી વિરાણીમોટી ક.પા.સનાતન સમાજ
પૂર્વ પ્રમુખશ્રી : અ.ભા.ક.ક.પા.સમાજ

જય શ્રી લક્ષ્મીનારાયણ
જયશ્રી ઉમિયા મા

સ્મરણિકા પ્રકાશન સમિતિ



કન્વીનર
શ્રી સૂર્યકાંતભાઇ પુરુષોત્તમ
ધનાણી



શ્રી વાલજીભાઇ અબજી
વાઘાણી



શ્રી અબજીભાઇ વિશ્રામ
કાનાણી



શ્રી હિંમતભાઇ રતનશી
ખેતાણી



શ્રી રામજીભાઇ કરમશી
નાકરાણી



શ્રી હિંમતભાઇ જીવરાજ
સોમજીયાણી



શ્રી શાંતિભાઇ પ્રેમજી
નાકરાણી



કાંતીલાલ દેવજી વાડીયા

શ્રી વિરાણીમોટી કડવા પાટીદાર સનાતન સમાજ કારોબારી

હોદ્દેદારો



પ્રમુખશ્રી
અબજી વિશ્રામ કાનાણી



ઉપ પ્રમુખશ્રી
હંસરાજ પ્રેમજી દિવાણી



ઉપ પ્રમુખશ્રી
મણીલાલ લધા સોમજીયાણી



મંત્રીશ્રી
હિંમતલાલ જીવરાજ સોમજીયાણી



ખજાનચીશ્રી
કાંતીલાલ દેવજી વાડીયા



સહમંત્રીશ્રી
શાંતિલાલ પ્રેમજી નાકરાણી

કારોબારી



દેવજી શીવગણ દિવાણી



ચંદુલાલ મનજી પાંચાણી



હિંમતલાલ વિશ્રામ સોમજીયાણી



મગનલાલ રામજી નાયાણી



ખીમજી કાનજી દિવાણી

શ્રી વિરાણીમોટી કડવા પાટીદાર સનાતન સમાજ કારોબારી

આમંત્રિત કારોબારી સભ્યશ્રી



હરીલાલ કરશન બાથાણી
ઈન્દોર



લખમશી વિશ્રામ તેજાણી
અમદાવાદ



રમેશ જીવરાજ સોમજીયાણી
ગાંધીધામ



મોહનલાલ ધનજી પરબતાણી
ગોવા



દેવજી નારણ સોમજીયાણી
હૈદરાબાદ



વિશ્રામ કરમશી છાભૈયા
રાયપુર



મણીલાલ ભીમજી બાથાણી
બેંગ્લોર



ભાણજી રતનશી માનાણી
મુંબઈ (વસઈ)



વાલજી અબજી વાઘાણી
નાગપુર



ધનશ્યામ ભાણજી લિંબાણી
અંકલેશ્વર



હંસરાજ કચરા દિવાણી
વિશાખાપટ્ટનમ

શ્રી વિરાણીમોટી કડવા પાટીદાર સનાતન સમાજ કારોબારી

સલાહકારશ્રી


માવજી વસ્તા રૂડાણી


રામજી કરમશી નાકરાણી


હિંમતલાલ રતનશી ખેતાણી


રમેશભાઈ રતનશી સોમજીયાણી


નારણ પૂંજા માનાણી

શ્રી વિરાણીમોટી કડવા પાટીદાર સનાતન યુવક મંડળ કારોબારી

હોદ્દેદારો


પ્રમુખશ્રી
પ્રવિણ અબજી દિવાણી


ઉપપ્રમુખશ્રી
જશવંત દેવજી નાકરાણી


ઉપપ્રમુખશ્રી
મનોજ કાંતિલાલ માનાણી


મંત્રીશ્રી
ધનસુખ દેવજી નાકરાણી


સહમંત્રીશ્રી
પ્રજ્ઞેશ છગનલાલ નાકરાણી


ખજાનચીશ્રી
સુરેશ હંસરાજ દિવાણી

શ્રી વિરાણીમોટી કડવા પાટીદાર સનાતન યુવક મંડળ કારોબારી

હોદ્દેદારો



સહ ખજાનચીશ્રી
વિપુલ હિરાલાલ બાથાણી



ટ્યુશન કલાસીસ મંત્રીશ્રી
પિયુષ સુરેશ કાનજીયાણી



રમત-ગમત મંત્રીશ્રી
ઉત્તમ જેન્તીલાલ નાકરાણી

કારોબારી સભ્યશ્રી



હિંમતલાલ નાનજી દિવાણી



હંસરાજ મનજી નાકરાણી



વિજય લાલજી દિવાણી



કિશોર કરશન નાકરાણી



અલ્પેશ કાંતિલાલ વાડિયા



ગોરધન વસ્તા સોમજીયાણી



મનીષ જેન્તીલાલ સોમજીયાણી



રમેશ ગોરધન પોકાર

સલાહકારશ્રી



હિંમતલાલ જીવરાજ સોમજીયાણી



મોહન ધનજી પરબતાણી



ચંદુલાલ મનજી પાંચાણી

વિદ્યાર્થી પ્રતિનિધીશ્રી



નિખિલ કેશવલાલ કાનાણી



પ્રકાશ કિર્તીભાઇ દિવાણી



બિપીન દિલિપ સોમજીયાણી

શ્રી વિરાણીમોટી કડવા પાટીદાર સનાતન યુવક મંડળ કારોબારી

હોદ્દેદારશ્રીઓ



પ્રમુખશ્રી
વિજ્યાબેન વૃજલાલ છાભૈયા



ઉપ પ્રમુખશ્રી
મજુલાબેન ચંદુલાલ સોમજીયાણી



મંત્રીશ્રી
મણીબેન શાંતિલાલ પાંચાણી



સહમંત્રીશ્રી
રસીલાબેન વસંત મુખી



ખજાનચીશ્રી
ગીતાબેન હરીલાલ તેજાણી



સહ ખજાનચીશ્રી
નર્મદાબેન વસંત બાથાણી

શ્રી વિરાણીમોટી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ કારોબારી

કારોબારી સભ્યશ્રી



રાધાબેન શાંતિલાલ બાથાણી



રસીલાબેન દિનેશભાઈ ગોરાણી



શાંતાબેન ધનજી તેજાણી



સવિતાબેન વિનોદ ગોગારી



લક્ષ્મીબેન મોહનભાઈ અખીયાણી



કસ્તૂરબેન પ્રવિણ સોમજીયાણી



હંસાબેન જેન્તીલાલ ગોરાણી



ગંગાબેન છગનલાલ દિવાણી



રિનાબેન રસીક ધનાણી



ચેતનાબેન પ્રવિણભાઈ દિવાણી



તારાબેન જેન્તીલાલ માનાણી



હેમલત્તાબેન રમણીક અખીયાણી

અનુક્રમણિકા

આદ્યસુધારક
સ્વ.નારાયણજી રામજી લીંબાણીનું
સંક્ષિપ્ત જીવન વૃત્તાંત

- સી.કે.પટેલ
તંત્રી શ્રી પાટીદાર સૌરભ



કચ્છ કડવા પાટીદાર સમાજના અત્યાર સુધીના ઇતિહાસમાં જ્ઞાતિ માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દેનાર જ્ઞાતિરત્ન નરવીર શ્રી નારાયણ રામજી લીંબાણીનો જોટો જડવો મુશ્કેલ છે.

વૈદિક ધર્મથી વિમુખ થઇ રહેલ જ્ઞાતિને જોઇ તેમનું હૃદય દુઃખથી ભરાઇ ગયું હતુ અને સમાજની તે સમયની હાલત જોઇ તેમનો અંતરાત્મા કકળી ઉઠતાં તેમણે ગુમરાહ બનેલ સમાજને સાચો રાહ ચીંધવાનો પ્રયાસ કર્યા કર્યો અને તેમના કાર્યોએ જે ઇતિહાસ સર્જ્યો તે સમાજમાં સુવર્ણ અક્ષરે લખાઇ ગયેલ છે.

પૂજ્ય શ્રી નારાયણ રામજી લીંબાણીનો જન્મ સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમાના દિવસે વિરાણી મોટી મધ્યે મુરબ્બી શ્રી રામજીભાઇ ભોજાભાઇ લીંબાણીના ઘરે થયો. શ્રી રામજીબાપા અને તેમના ધર્મપત્નીશ્રી રાજબાઇ બંને જણાં અંગત રીતે વૈદિક સનાતન ધર્મના ઉપાસક હતાં તે વખતના પીરાણા સંપ્રદાયમાં તેમને બિલકુલ શ્રધ્ધા ન હતી એટલે પૂ. નારાયણજી બાપાને પિતાની આ આંતરિક વૃતિના ઉચ્ચ સંસ્કારોનો વારસો બાલ્યાવસ્થામાં જ મળ્યો અને આજથી એકસો વર્ષ અગાઉ પૂ. નારણજી બાપાએ ગુજરાતી પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કરેલો જે તે સમયે કડવા પાટીદાર જ્ઞાતિ માટે અહોભાગ્ય-ગૌરવ ગણાતું. પિતાશ્રી રામજીભાઇના માર્ગદર્શન હેઠળ શિલ્પકળાનું જ્ઞાન મેળવી તેઓ શ્રી મુંબઇ આવ્યા અને બિલ્ડીંગ કોન્ટ્રાક્ટ ના ધંધામાં ઝંપલાવ્યું.

આગવી સુઝ અને કાર્ય કુશળતાના બળે વ્યવસાયમાં સારી એવી પ્રગતિ કરી પરંતુ પોતાની જ્ઞાતિની અવદશા જોયા પછી ખિન્ન થયેલુ મન કેમેય કરીને ધંધામાં ચોંટતું ન હતુ. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની તે સમયની સ્થિતિમાંથી જ્ઞાતિને બહાર લાવવા નારાયણજી બાપા એ ભેખ લીધો ને જીવનભર ઝઝુમ્યા એ સ્થિતિ કેવી હશે તેના પર થોડોક પ્રકાશ પાડવો જરૂરી છે.

"કડવા પાટીદારનો ઇતિહાસ"નામના

 ગોકુળદાસ પટેલના પુસ્તકમાં અને અન્ય ઐતિહાસિક પુસ્તકોમાં ઉલ્લેખ છે તેમ ઈસુની પંદરમી સદીમાં ગુજરાતમાં મુસ્લિમ ગુરૂ ઈમામશાહના પ્રભાવમાં આવીને કેટલાક કડવા પાટીદાર કુટુંબોએ પીરનો પંથ કે પીરાણા પંથ સ્વીકાર્યો જે પાછળથી જયોતિષધામ અને સતપંથને નામે ઓળખાયો...આ અલગ પંથ ને કારણે કુટુંબમાં અને નાતમાં કલહ ન થાય એ હેતુથી એ પંથમાં માનનારા કડવા પાટીદારોનાં કેટલાંક કુટુંબો ક્રમેક્રમે કચ્છમાં આવ્યા અને કચ્છનાં જુદા જુદા વિસ્તારનાં ગામડાઓમાં સ્થાયી થયાં તે સમયનાં ક.ક.પા. સમાજ પર અને સમાજના ગઢેરાઓ પર પીરાણાના ગાદી પતિ જે “કાકા”ના નામે ઓળખાતા તેમનો અને પીરાણાના સૈયદોનો ઊંડો પ્રભાવ હતો અને પીરાણા તરફથી કમાણીના ભાગરૂપે દશોંસ-વિશોંદ વગેરે પણ ઉઘરાવવામાં આવતી.

આ પંથમાં શરૂઆતના તબક્કામાં હિન્દુ ધર્મને ઈસ્લામ ધર્મના તત્વોનું મિશ્રણ થયેલુ હતું એવુ કેટલાક ઈતિહાસ કારો માને છે, પાછળથી આ પંથમાં આવનારા લોકો સંપૂર્ણ પણે તેમાં જકડાઈ રહે અને ક્રમે ક્રમે હિન્દુ ધર્મનું તત્વ અને કર્મકાંડ ઓછાં થતાં જાય એવા કીમિયાઓ અને યુકિત પ્રયુકિતઓ પણ પીરાણાના ગાદીપતિઓ તરફથી યોજવામાં આવી. તેનુ જવલંત ઉદાહરણ છે સંવત ૧૮૩૨માં નખત્રાણા ખાતે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિએ પસાર કરેલ ઐતિહાસિક ઠરાવ. પીરાણાના તે સમયના ગાદીપતિ કાકા પ્રાગજી અને સૈયદ વલીમિયાંએ સાથે મળીને જ્ઞાતિના અજ્ઞાન અને ભોળાભલા આગેવાનોને સમજાવીને તે ઠરાવ પસાર કરાવ્યો એટલું જ નહીં પણ તેનું ચુસ્ત પાલન પણ કરાવ્યું.

આ ઠરાવમાં જ્ઞાતિજનોને ભાટ-બારોટ પાસે વહીવંચો લખાવવાનું અને બ્રાહ્મણ પાસે લગ્ન કે મરણનું સૂતક કર્મ કરાવવાની મનાઈ ફરમાવવામાં આવી અને ભાટ તેમજ બ્રાહ્મણને રજા આપવામાં આવી પરિણામે જ્ઞાતિ માંથી રહ્યું સહ્યું હિંદુ કર્મ પણ બંધ થવા લાગ્યું. આ ઠરાવ પછી બ્રાહ્મણને હાથે ચોરીની વિધિથી લગ્ન કરવાને બદલે પીરાણા દ્વારા નિયુકત થયેલ મુખી દુઆ પઢીને સામૂહિક લગ્નો કરાવતા અને મૃત્યુ પછીની અંતિમ વિધિ અગ્નિસંસ્કાર કરવાને બદલે દફન વિધિ કરવાનો આરંભ થયો. આ બધી પરીસ્થિતિ પૂ. નારાયણજીબાપાએ નિહાળી અને તેનો અંતરાત્મા કકળી ઉઠયો. વૈદિક ધર્મ થી વિમુખ થતી જ્ઞાતિને જોઈ તેનું હ્રદય દુ:ખથી ભરાઈ આવ્યું તેમને જ્ઞાતિને આ સ્થિતિમાંથી બહાર લાવવા મનોમન સંકલ્પ કર્યો.

જો કે આ કામ ધારીએ છીએ એટલું સરળ નહોતું. જે આખી જ્ઞાતિ કે સમાજે પોતાનો ધર્મ ગણી જે પંથ સ્વીકાર્યો હોય તેનો એકલા હાથે વિરોધ કરવો તે લોઢાના ચણા ચાવવા બરાબર હતું. પૂ. નારાયણજીબાપાનું મનોબળ દ્રઢ હતું, આત્મવિશ્વાસ અડગ હતો. જ્ઞાતિ માટે કંઈક કરી છુટવાની તમન્ના પણ હતી. તેમણે સમાજ સુધારકોનાં જીવન ચરિત્રો માંથી પ્રેરણા લીધી અને વૈદિક ધર્મશાસ્ત્રના પુસ્તકોનો યથામતિ અભ્યાસ પણ કર્યો તેમને આ ભગીરથ કાર્યના આરંભ માટે પૂજય સંતશ્રી રામેશ્વર દાસજી તથા બિલખા નિવાસી મહાત્મા શ્રી નથુરામ શર્મા દ્વારા યોગ્ય માર્ગદર્શન સાંપડયું. વૈદિક ધર્મ શાસ્ત્રોનો આધાર લઈને તે સંતોએ કોઈ પવિત્ર તિર્થ સ્થાનમાં જઈ

દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત કર્મ કરાવ્યા બાદ યજ્ઞોપવિત (જનોઇ) ધારણ કરી શુદ્ધ વૈદિક ધર્મમાં પાછા ફરી શકાય એવો અભિપ્રાય વ્યકત કર્યો પરંતુ પ્રવર્તમાન પીરાણા પંથનો કે તેમના વિધિ વિધાનોનો વિરોધ કરવો એ ગુનો ગણાતો હોય અને નાતના આગેવાનો તરફથી આવો વિરોધ કરનારને તેના કુટુંબીજનોને દંડ ને બીજી સજાઓ થતી હોય એવા કાળમાં યજ્ઞો પવિત (જનોઇ) ધારણ કરવા આગળ આવવાની હિંમત કોણ કરે?

એટલે પૂ. નારાયણજીબાપાને લાગ્યુ કે ઘણા લોકો સત્ય સમજતા હોવા છતાં સમાજના ગેઢેરાઓની બીકે આ અભિયાનમાં એકદમથી મોટી સંખ્યામાં જોડાશે નહીં એટલે આ કાર્યનો શુભ આરંભ તો નાના પાયા પરજ કરવો પડશે. તેમણે સમાજનો વિરોધ ખમી શકે અને જીરવી શકે તેવા કાઠી છાતીના સાથીદારો શોધી કાઢયા અને સંવત ૧૯૬૪ના જેઠસુદ -૫ ને ગુરૂવારના ગોદાવરીના તટે ત્રંબકેશ્વર તીર્થક્ષેત્રમાં કેટલાક પ્રસિધ્ધ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા પૂજય શ્રી રામેશ્વરદાસજી મહારાજની આગેવાની હેઠળ વૈદિક વિધિથી દેહ શુધ્ધિ પ્રાયશ્ચિત કરાવી યજ્ઞોપવિત (જનોઇ) ધારણ કરી વૈદિક ધર્મના અધિકારી થયા હતા. પૂ. નારાયણજીબાપાના શુભ સંકલ્પના શ્રી ગણેશ કરવામાં તેની સાથે જોડાનાર વિરલાઓ હતા.

(૧) પટેલ નારાયણજી રામજી લીંબાણી (વિરાણી મોટી)
(૨) પટેલ રતનશી કરશન છાભૈયા (રાજપર)
(૩) પટેલ રામજીભાઇ જેઠાભાઇ રંગાણી (ગઢશીશા)
(૪) પટેલ વિશ્રામ દેવજી નાકરાણી (વિરાણી)
(૫) કરશન ભાણજી નાકરાણી (વિરાણી મોટી)
(૬) હરજી લધાભાઇ રામાણી (લુડવા)
(૭) અરજણ ભીમજી ભગત (અંગીયા)

આ સાત ભાઇઓએ પીરાણા પંથને તિલાંજલિ આપી, વિધિસર રીતે વૈદીક સનાતન ધર્મનો સ્વીકાર કર્યો એ સમાચાર મુંબઇ વસતા જ્ઞાતિજનો દ્વારા કચ્છ સુધી પહોંચ્યા અને જ્ઞાતિના ધર્મચુસ્ત આગેવાનોનો રોષ ભભુકી ઉઠયો. તેમણે આ સાતેયના કુટુંબી જનોને જો પંથનો ત્યાગ કરી ગયેલ સાતેય જણા જનોઇ ઉતારી પાછા ન ફરે તો નાત બહાર મૂકવાની કડક ધમકી આપી. પરિણામે આ સાત પૈકી બે જણ હરજી લધા લુડવાવાળા અને અરજણ ભીમજી અંગિયાવાળા આગેવાનોની આ ધમકી આગળ ઝૂકી પડયા અને તેમણે જનોઇ ઉતારી દીધી પણ બરાબર તે જ સમયે એક નીડર ભાઇ શ્રી નારાયણ શીવજી નાકરાણી વિરાણી મોટી વાળા આગળ આવ્યા અને મુંબઇ જઇ સમાજ સુધારાના આ યજ્ઞકાર્યમાં પૂ. શ્રી નારાયણજી બાપા સાથે જોડાયા.

આમ આ છ ભાઇઓએ સુધારાની ખુલ્લી જેહાદ નો પ્રારંભ કર્યો. તેમની આ પ્રવૃત્તિથી અકળાઇને જ્ઞાતિના આગેવાનો એ તે છએ જણાને નાત બહાર કર્યા. હવે તેમને કોઇ ભય રહ્યો ન હતો. તેમણે નિર્ભય બનીને બમણા વેગથી લોક જાગૃતિની ઝૂંબેશ ચલાવી. પીરાણા પંથમાં પ્રવર્તતી કલ્પિત અને ચમત્કારિક ઘટનાઓને ખુલ્લી પાડતા અને તે સમયના કહેવાતા આગેવાનોના કર્તૃત્વને ઉઘાડાં પાડતા પુસ્તકો છપાવી લોકો સુધી પહોંચતા કરી જન જાગરણનો શંખ ફૂંકયો. પૂ. નારાયણજીબાપાએ ઉત્તર ગુજરાતના કડવા પાટીદારો તેમજ કચ્છ કડવા પાટીદારના વહીવંચાની શોધ કરી અને તેની પાસેથી પણ કચ્છ

કડવા પાટીદાર જ્ઞાતિના ઈતિહાસની નક્કર હકીકતો મેળવી પ્રકાશિત કરી. આ માહીતી **"સતપંથ પીરાણા પોલ"** નામના પુસ્તકમાં સંગ્રહિત કરેલ છે.

કોઈપણ કાર્યને વ્યવસ્થિત વેગ આપવા માટે બંધારણ પૂર્વકનું કોઈ મંડળ હોવું જરૂરી છે. એવુ પૂજય નારાયણજી બાપાને લાગવાથી મુંબઈમાં બંધારણ પૂર્વકનું "શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ" ની સ્થાપના કરી તેના દ્વારા સુધારાનું કાર્ય આગળ ચલાવ્યું. આવી રીતે નીડર યુવકોનું સંગઠન થતું ગયું. પૂ. નારાયણજી બાપાના કાર્યને વેગ મળતો ગયો. યુવક મંડળના સેક્રેટરી તરીકે રતનશી ખીમજી ખેતાણી વિરાણીવાળાએ ઉત્સાહથી આ કાર્યને આગળ ધપાવવામાં સારો એવો સહયોગ આપ્યો. આ કાર્યને વેગવાન બનાવવા માટે તેની અવાર નવાર મિટિંગો ભરાતી ગઈ તે માટે યોગ્ય સાહિત્ય છપાવીને પ્રચાર કાર્ય તેજ કરવામાં આવેલ.

કચ્છમાં વિરાણીમોટી મધ્યે સં. ૧૯૭૬ના ચૈત્ર સુદ-૯ના યુવક મંડળની સ્થાપના કરીને વિરાણીમોટીમાં જાહેર સભા ભરવામાં આવી અને ત્યારબાદ કરાંચીમાં પણ યુવક મંડળની સ્થાપના કરાઈ. ત્યાંના યુવાનોનો ઉત્સાહ જોઈને પૂ. નારાયણજી બાપાએ જ્ઞાતિની પ્રથમ પરિષદ કરાંચી ખાતે બોલાવવાનું ઠરાવ્યું. ખૂબજ ઉત્સાહના વાતાવરણમાં પ્રથમ પરિષદ યોજાઈ ખરી. પરંતુ રૂઢિચૂસ્ત આગેવાનોના વિરોધને કારણે પૂ. નારાયણજી બાપાના ધાર્મિક અને સામાજીક રિવાજોના સુધારણાના મનોરથને યોગ્ય પ્રતિસાદ સાંપડયો નહિં.

આમ પ્રથમ પરિષદની નોંધપાત્ર ઉપલબ્ધિ ન હોવા છતાં બીજી પરિષદની ભૂમિકા તૈયાર કરવામાં તે મહત્ત્વની પૂરવાર થઈ અને બીજી પરિષદ પણ કરાંચીમાં યોજાઈ. જેમાં ઠરાવો અને નીતિ-નિયમો તૈયાર કરવા ૭૨ જણાની એક સબ્જેકટ કમિટીની રચના કરવામાં આવી. આ પરિષદમાં પીરાણા પંથને (સતપંથ) જ્ઞાતિમાંથી તિલાંજલિ આપવાની ઘોષણા કરવામાં આવી. આ પરિષદના અધ્યક્ષ સ્થાને ગામ શ્રી નખત્રાણાવાળા જબુઆણી માવજી પુંજા રહ્યા હતા.

આ પરિષદમાં કચ્છના કેટલાક રૂઢિચુસ્ત અને જુનવાણી આગેવાનોની કનડગતની ફરિયાદો કરતો ઠરાવ કરીને કચ્છના મહારાવ શ્રી ને પણ મોકલવામાં આવ્યો. આ સફળ પરિષદના સારા પ્રત્યાઘાતો કચ્છ અને મુંબઈમાં પણ પડયા.

આ પરિષદમાં હાજર રહેલા અને પૂ. નારાયણજીબાપાના વિચારોથી પ્રભાવિત થયેલ દયાપરના ભાઈઓએ આ બાબતમાં કચ્છમાં પહેલ કરવાનું શ્રેય મેળવ્યુ. પૂ. શ્રી નારાયણજીબાપા અને તેના સુધારક સાથીને દયાપર બોલાવી તેમની હાજરીમાં ગઢશીશા નિવાસી પંડિત પારાશર શર્માના શુભ હસ્તે સંવત ૧૯૭૯ જેઠ સુદ-૫ના દિને ૧૬૩ જેટલા ભાઈ - બહેનો એ દેહ શુદ્ધિ કર્મ કરી વૈદિક સનાતન ધર્મનો સ્વીકાર કર્યો તેના પગલે પગલે પડોશના પાનેલી ગામના ૧૬ કુટુંબો પણ પીરાણા પંથને છોડી સનાતન ધર્મમાં પાછા ફર્યા. એજ વર્ષે કારતક માસમાં રવાપર ગામે પણ દેહશુદ્ધિનો કાર્યક્રમ યોજાયો કચ્છના પશ્ચિમ ખૂણામાં થયેલ ધાર્મિક નવજાગૃતિનો પડઘો મુંબઈમાં પણ પડયો અને તે વર્ષે મુંબઈ અને માટુંગામાં દેહ શુદ્ધિના કાર્યક્રમો યોજાયા.

મુંબઈમાં જ્ઞાતિની ત્રીજી પરિષદ

વિરમગામવાળા જ્ઞાતિ હિતચિંતક કચ્છી પાટીદારોના ગાઢ પરિચયમાં આવેલા એવા જ્ઞાતિ સુધારક વિરબંધુ દેસાઇ ચંદુલાલ મણીલાલભાઇનું નામ પરિષદના અધ્યક્ષપદ માટે પસંદ કરવામાં આવ્યું. તેની ખૂબ જ અસર થઇ સતપંથ પીરાણાને સદંતર તિલાંજલિ આપવા માટે દફનક્રિયાની જગ્યાએ અગ્નિ સંસ્કાર કરવા બાબતે અને બીજી અનેક ધાર્મિક - સામાજિક પરિવર્તન લાવવા બાબતેના ઠરાવો રજૂ થયા. અમુક નિયમો નક્કી કરવામાં આવેલા. આ બધું તૈયાર કરવા માટે ૩૫ જણાની સબ્જેક્ટ કમિટી નિમવામાં આવેલી હતી. ત્રીજી પરિષદમાં દેહ શુદ્ધિના કાર્યક્રમમાં ઓર વેગ આવ્યો. કચ્છમાં અને કચ્છ બહાર તેવા કાયક્રમો થવા લાગ્યા. દેહશુદ્ધિ કાર્યક્રમનો એવો ખાસ નિયમ રાખેલો કે દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત કરી જનોઇ ધારણ કર્યા બાદ સતપંથ પીરાણા સાથેનો સંપૂર્ણપણે વહેવાર બંધ કરી દેવો.

પૂ. નારાયણજી બાપાએ સતપંથ પીરાણા ને લગતું હસ્ત લિખિત સાહિત્ય મહામહેનતે એકત્ર કરી ગાંઠના રૂપિયા ખર્ચી પીરાણાના ગાદીપતિ તેમજ આગેવાનો ના વિરોધ વચ્ચે “સતપંથ પીરાણાની પોલ” ના નામથી દળદાર પુસ્તકના રૂપે પ્રગટ કર્યું અને તે સમયના એ પંથના રહસ્યોને હકીકતોને લોકો સમક્ષ રજૂ કર્યાં તેમની નીડરતા અને હિંમતને દાદ દેવી પડે એવું જબરદસ્ત આ પુસ્તક પ્રકાશનનું કાર્ય હતું. તેના પરિણામે લોકોમાં ઘણી ધાર્મિક જાગૃતિ લાવી શકાઇ. આ અભિયાનમાં તેમને ઘણી મુસીબતો ઉઠાવવી પડી અને ઘણા પડકારો ઝીલવા પડયા. એમાનો એક પડકાર એ હતો કે તેમની સાથે સતત કાર્ય કરતા સાથીદારોમાં પણ એક સમયે સતપંથ - પીરાણાને માનનારા લોકો સાથે ખાણી-પીણીનો વ્યવહાર બંધ કરવાની બાબતે મત-મતાંતરો થયા તેને પરિણામે પાછળથી દેહશુદ્ધિ પ્રાયશ્ચિતના કાર્યમાં થોડી ઓટ આવી પણ ત્યાં સુધીમાં જ્ઞાતિ જનોમાં જાગૃતિની એક જબ્બર લહેર ફરી વળી હતી. પૂ. નારાયણજીબાપાનો ધર્મશાસ્ત્રોનો અભ્યાસ ઘણો ઊંડો હતો તેમણે આપણી જ્ઞાતિ માટે જે કંઇ વિચાર્યું હતું તે પણ હિતકર હતું પરંતુ તે સમયના લોકો તેમને સમજવામાં ઊણા ઉતર્યા. જો કે દેહ શુદ્ધિ કર્મમાં ના જોડાનાર લોકો આપણો મૂળ ધર્મ શું છે? અને સમસ્ત સમાજનું હિત શામાં છે તે સમજી ચૂકયા હતા અને તેઓ ધીરે ધીરે સતપંથ સમાજને ત્યાગી લક્ષ્મીનારાયણ ભગવાનને માનતા થયા હતા.

પૂ. નારાયણજીબાપા અંત સમયે લકવાગ્રસ્ત બન્યા અને સંવત ૧૯૯૭ના આસો વદ-૧૪ને સોમવારના તેમની જીવન જયોતિ પરમજયોતિમાં વિલિન થઇ ગઇ. જેમ કોઇ પુષ્પ ખરી ગયા પછી પણ પાછળ પોતાની સુગંધ મૂકતું જાય છે તેમ પૂ. નારાયણજીબાપા એ કરેલા ધર્મ સુધારણાના મહાન કાર્યની સૌરભ એમના ગયા પછી પણ આપણને પ્રેરણા આપતી રહી છે.

પૂ. નારાયણજીબાપાની આપણી સમસ્ત જ્ઞાતિને વૈદિક સનાતન ધર્મના એક તાંતણે બાંધવાની ઇચ્છા તેમના કાર્યકાળ દરમ્યાન સંપૂર્ણપણે બર ન આવી પણ તેમના અવસાન બાદ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં તેમણે આપેલા વિચારોને કારણે એટલા મોટા પ્રમાણમાં જાગૃતિનો જુવાળ આવ્યો કે જેને પરિણામે જ્ઞાતિનો બહોળો સમુદાય જુનો સતપંથ છોડી સનાતન ધર્મમાં પાછો ફર્યો એટલું જ નહી પણ ચેહ અને ચોરી જેવા હિન્દુ

ધર્મના કર્મકાંડો પુનઃસ્થાપિત થયા. ૧૯૭૭ના અધિવેશન વખતે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં જન્મ થી મરણ સુધીના ક્રિયાકાંડના બાહ્ય આચરણો એક જ પ્રકારના થાય તે માટે ધારા ધોરણનો ૧૮મો ઠરાવ પસાર કરવામાં આવેલ અને તે મુજબ જ્ઞાતિજનોને વર્તવા અધિવેશનમાં આદેશ આપવામાં આવેલ. ગામડે ગામડે ભગવાનશ્રી લક્ષ્મીનારાયણના મંદિરો નિર્માણ થયા. આજે ધર્મની બાબતે ને કંઇ જાગૃતિ જોવા મળે છે તેનો સંપૂર્ણ યશ પૂ. નારાયણજીબાપાને તેમજ તેમના અનુગામી રતનશી ખીમજી ખેતાણી (વિરાણી મોટી) અને નથુભાઇ નાનજી કેશરાણી (નખત્રાણા) ને ફાળે જાય છે. આ મહાન ભગીરથ કાર્યની પાછળ પ.પૂ. શ્રી ઓધવરામજી મહારાજની પ્રેરણા અને આશીર્વાદ પ્રેરક રહેલા હતા.

કચ્છ કડવા પાટીદાર સમાજમાં કોઇ પણ સભ્ય માટે કોઇ પણ સંપ્રદાયને માનવા માટે બાધ નથી અને કોઇપણ સંપ્રદાય માટે ભેદભાવ પણ રખાતો નથી પરંતુ એ ઇચ્છનીય છે કે આપણી ભારતીય પરંપરા અને ભારતીય સંસ્કૃતિ અનુસાર આપણા સામાજિક અને ધાર્મિક કાર્યો થાય અને સમાજમાં એક સુત્રતા અને એકવાયતા જળવાય. આપણે ગમે તે સંપ્રદાયમાં માનતા હોઇએ પણ આપણે હિન્દુ છીએ અને હિન્દુધર્મની ગરીમા જળવાઇ રહે એવું આપણું સૌનુ વર્તન હોવું ઘટે અને એજ આપણી સૌની જ્ઞાતિના આદ્યસુધારક પૂજ્યશ્રી નારાયણજીબાપાને અપાયેલ સાચી ભાવાંજલી ગણાશે.

વિરાણીમોટી ગામે શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સર્વમાન્ય આદ્યસુધારક પૂજ્ય વડિલ સ્વ.નારાયણજી રામજી લીંબાણીની જન્મ શતાબ્દી વિ.સં. ૨૦૪૦ વૈશાખ સુદ-૧૫ મંગળવાર તા. ૧૫.૦૪.૧૯૮૪ના ભવ્યતાથી ઉજવી અને તેમની કાયમી સ્મૃતિરૂપે સમાજવાડીમાં અર્ધ પ્રતિમા મુકી તેની અનાવરણ વિધિ પ.પૂ. શ્રી વાલદાસજી મહારાજના વરદ્ હસ્તે કરાવી ભવ્ય સમારંભ યોજેલ.

તા. ૨૮ થી ૩૦ એપ્રિલ ૧૯૯૩ના યોજાયેલ અ.ભા.ક.ક. પાટીદાર સમાજના ચતુર્થ અધિવેશનનો મંગલ પ્રારંભ સમાજના આદ્યસુધારક એવા જ્ઞાતિ રત્ન પરમ પૂજ્ય શ્રી નારાયણજી રામજી લીંબાણીની પ્રતિમાના અનાવરણ વિધિના શુભ પ્રસંગથી કરાયો એ ખરેખર સમાજનું સ્તુત્ય કાર્ય હતું. એટલુ જ નહિં પણ ગુમરાહ બનેલ સમાજને સાચો રાહ ચીંધવામાં પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દેનાર નરવીર શ્રી નારાયણજીબાપાને અપાયેલ સાચી શ્રધ્ધાંજલિ પણ હતી. આ ભગીરથ કાર્યનું ઋણ સ્વીકારતાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે સમાજના સ્વર્ણિમ મહોત્સવ પ્રસંગે તા. ૧૦.૦૫.૨૦૧૦ના રોજ શ્રી નારાયણજી બાપાને મરણોત્તર જ્ઞાતિરત્ન એવોર્ડથી સન્માનિત કર્યા.

આજે આપણા પાટીદાર જ્ઞાતિના આદ્યસુધારક પૂજ્ય વડિલ સ્વ.શ્રી નારાયણજી બાપાના વિરાણીમોટી ખાતેના રહેઠાણને તેમના વંશ વારસોને રાજી કરીને તેમની પાસેથી વિરાણી પાટીદાર સમાજે મેળવીને તેમની કાયમી સ્મૃતિ રૂપે એક ભવ્ય સ્મૃતિ મંદિર ઉભું કરેલ છે જે સમગ્ર પાટીદાર જ્ઞાતિ માટે એક દર્શનીય સ્થળ બની રહેશે.

સ્મૃતિ મંદિરમાં પૂ.નારાયણજીબાપાની પ્રતિમા તેમના વંશજો અને પરિવારજનો દ્વારા ભેટ આપવામાં આવેલ છે.

ધર્મ જાગૃતિના જ્યોતિર્ધર
શ્રી રતનશી ખીમજી ખેતાણી

- શ્રી અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી



કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ધાર્મિક ક્ષેત્રે જાગૃતિમાં બહુમુલ્ય યોગદાન આપનાર બે સપૂતો વિરાણી મોટી ગામે સમાજને આપ્યા છે. એક તો જ્ઞાતિના આદ્યસુધારક પૂ. શ્રી નારાયણજી રામજી લીંબાણી અને બીજા ધર્મ જાગૃતિના જ્યોતિર્ધર શ્રી રતનશી ખીમજી ખેતાણી (દિવાણી) હતા.

જ્ઞાતિ જનોને પીરાણા પંથ છોડીને સનાતન ધર્મ તરફ વાળવા નરવીર શ્રી નારાયણબાપાએ ધર્મ જાગૃતિની જબરદસ્ત જેહાદ જગાવી કરાંચી અને મુંબઈમાં પરિષદો ભરી પીરાણાની પોલને ખુલ્લી કરી અને જ્ઞાતિ જનોને સાચો ધર્મ સમજાવવા પ્રચંડ પુરુષાર્થ કર્યો. તેમની આ ધર્મ જાગૃતિની મસાલને પ્રજ્જવલિત રાખનાર જે હિંમતવાન સાથીદારો હતા તેમાં વિરાણીમોટીના પનોતા પુત્ર રતનશી ખીમજી ખેતાણી મુખ્ય હતા. રતનશીભાઈનો જન્મ નખત્રાણા તાલુકાના વિરાણીમોટી ગામે ખીમજીભાઈ લખમશી ખેતાણીને ઘેર વિ.સં. ૧૯૮૪માં થયો હતો. તેમણે પિતાની છત્રછાયા નાનપણથી ગુમાવી હતી. કુટુંબની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે ગુજરાતી ત્રણ ચોપડીનો અભ્યાસ પૂરો કરી રતનશીભાઈને નાની ઉંમરે જ કામે લાગી જવું પડયું હતું. તેમણે શરૂઆતમાં વિરાણીમાં અને ત્યારબાદ પણ મુંબઈમાં નજીવા પગારથી દુકાનમાં નોકરી કરવી પડી હતી. આગળ જતાં રતનશીભાઈએ સ્વબળે કોલસાનો વેપાર, બાંધકામનો વ્યવસાય શરૂ કર્યો અને ત્યારપછી બિલ્ડીંગ મટીરિયલ્સ વેપારમાં અને સો-મિલ લાકડાના વેપારમાં ઝંપલાવ્યું અને પ્રબળ પુરુષાર્થને જોરે વ્યવસાયમાં સારૂ એવું ગજું કાઢયું. તેમના દિલમાં પ્રથમથી જ એવી તમન્ના હતી કે મારે મારા સમાજ માટે કંઈક કરી છુટવું છે.

શ્રી રતનશીબાપાના ત્રણ સુપુત્રો છે શ્રી હિંમતભાઈ, શ્રી કનૈયાલાલભાઈ અને શ્રી ચંદ્રકાન્તભાઈ જેઓ ઘાટકોપર(મુંબઈ) રહે છે.

એ અરસામાં પોતાના જ ગામના કર્મ પુરુષ નારાયણજી રામજી લીંબણીએ ધર્મ-જાગૃતિની જ્યોતને જલતી કરી હતી. રતનશીબાપા પૂ. નારાયણજીબાપાના સક્રિય સહયોગી તરીકે

જોડાઈ ગયા. પોતાનો મુંબઈમાં ધીકતો ધંધો તેમના વિશ્વાસ પાત્ર સંબંધીઓને સોંપી, તેમણે જાતે સમાજ સેવાનો ભેખ જ લઇ લીધો અને નારાયણજીબાપાના ધર્મ જાગૃતિ કાર્યમાં સહભાગી બન્યા. ધર્મ જાગૃતિ માટે જ્ઞાતિ સુધારક યુવક મંડળની સ્થાપના કરવામાં આવી તેમના મંત્રી પદે શ્રી રતનશીબાપાએ સક્રિય ભૂમિકા ભજવી કરાંચી-મુંબઇ પરિષદો યોજવામાં પણ તેમનું અમૂલ્ય યોગદાન હતુ.

પૂ. નારાયણજીબાપા સ્પષ્ટ પણે માનતા હતા કે પીરાણા પંથમાં માનતા કોઇપણ વ્યકિત દેહ શુદ્ધિ કરાવી યજ્ઞોપવિત ધારણ ન કરે ત્યાં સુધી તેમના ઘરનું પાણી પણ પીવાય નહીં.

રતનશી બાપા અને તેમના સાથીઓ પણ પ્રારંભમાં તો પૂ. નારાયણજીબાપાને પગલે પગલે ચાલીને એવું જ કડક વલણ લીધેલું, પીરાણા પંથમાં માનનારા કુંટુંબીઓ સાથે પણ આવો જ કડક વ્યવહાર રાખતા હતા.

આવા કડક વલણ અને આપણી જ્ઞાતિની તે સમયની ધાર્મિક, સામાજીક, આર્થિક અવદશા અને પીરાણાના કર્તા હર્તા ગઢેરાઓની જ્ઞાતિ ઉપરની સજ્જડ પકડ અને જો હુકમીને કારણે સુધારાની ગતિ ધીમી પડી રહી હતી અને કેટલાક જ્ઞાતિજનો સુધારા કર્યા પછી પીરાણાની જો હુકમીથી ત્રાસી પીછેહટ પણ કરી વળી પાછા પૂર્વવત્ સ્થિતિમાં મજબૂરીથી જવા લાગ્યા હતા.

તે અરસામાં આપણી જ્ઞાતિમાં દેશલપર (ગુંતલી)માં જન્મેલા સંત શ્રી લાલરામજી મહારાજને આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ હિન્દુ સનાતન ધર્મની રાહેથી ભટકી ગઇ હતી તેનું પારાવાર દુઃખ હતુ એમણે જીવન પર્યંત પોતાની જ્ઞાતિને ધર્મના સાચા રાહે આણવાની ઈચ્છા સેવી હતી અને તેમનાથી બની શકયું એ બધું જ કર્યું હતું પરંતુ આ કાર્ય પરિપૂર્ણ થાય તે પહેલાં જ તેમને આ ફાનિ દુનિયા છોડવાનો સમય આવી જતાં અંત સમયે તેમનું મન ખૂબ જ વ્યથિત રહેતું હતું

ગુરુજીની મનોવ્યથાને સમજી જનાર તેમના પટ શિષ્ય સંત શ્રી ઓઘવરામજી મહારાજે ગુરુજીને પુછયું હતું કે "તમારા મનમાં એવી કોઇ વેદના રહી ગઇ છે કે જેમને કારણે આપનું મન વ્યથિત છે તમારી જે કાંઇ ઈચ્છા બાકી હશે તે હું જરૂરથી પૂરી કરીશ તમે મને આદેશ આપો".

જીવનની અંતિમ ઘડીએ સંતશ્રી લાલરામજીએ સંતશ્રી ઓઘવરામજીને કહેલુ કે "મારી જ્ઞાતિ સનાતન ધર્મનો પંથ ભુલી ગઇ છે તેને સનાતન ધર્મના રાહ પર લાવવાની મારી ઈચ્છા પૂર્ણ થઇ શકી નથી. મારું આ અધુરૂં કાર્ય તમે જરૂરથી પુરૂં કરજો.

સંત શ્રી ઓઘવરામજી મહારાજે ગુરુજીને તેમનું અધૂરું રહેલ કાર્ય પૂર્ણ કરવાનું વચન આપ્યું અને સંત શ્રી લાલરામજીનું ખિન્ન મન શાંત થયુ અને તેમની જીવન જયોત પરબ્રહ્મમાં વિલીન થઇ ગઇ.

ગુરુ મહારાજને આપેલ વચન પરિપૂર્ણ કરવા પૂ. ઓઘવરામજી મહારાજ મંથન કરવા લાગ્યા. આ સુધારાની શરૂઆત કયાંથી કરવી તેની મુઝંવણ હતી. આ મનોમંથનના અરસામાં તેમની અચાનક મુલાકાત રતનશીભાઈ સાથે થઇ. પૂ. ઓઘવરામજી મહારાજે રતનશીભાઇ પાસેથી તેઓએ આદરેલ સુધારાના કાર્યની પૂર્ણ માહિતી મેળવી. તેઓ પણ એ વાત સાથે સહમત હતા કે પાટીદાર જ્ઞાતિજનોને સાચા રાહ પર લાવવા માટે પ્રયત્નો કરવા જ જોઇએ, પણ જ્ઞાતિ બાંધવોથી દૂર રહીને પરિવર્તન લાવવામાં ધારી સફળતા નહીં મળે તેવું તેમનું માનવું હતું તે તેમણે સ્પષ્ટ જણાવી દીધું.

 રતનશીબાપાને પૂ. સંતની સલાહમાં વિશ્વાસ બેઠો અને પોતાના કડક વલણમાં ફેરફાર કરવા વિચાર કર્યો.

રતનશીબાપાએ આ અંગે પૂ. નારાયણજી બાપા સાથે વિચાર વિમર્શ કર્યો. પરંતુ પૂ. નારાયણજીબાપા કડક વલણમાં ફેરફાર કરવાં સહમત થયા નહીં. તેથી રતનશીબાપાએ પૂ. નારાયણજીબાપાને જણાવેલ કે મને સંતશ્રીમાં શ્રધ્ધા બેસે છે એટલે કે સંતશ્રીની સલાહ મુજબ સુધારાના કાર્યમાં આગળ વધવા વિચારેલ છે.

રતનશીબાપાને મહારાજશ્રીમાં શ્રધ્ધા દ્રઢ થવાથી તેમને તેમના વલણમાં ફેરફાર કરી સંતની સલાહથી સૌ પ્રથમ તેમણે તેમના બે વડીલ બંધુઓ કે જેમના ઘરનું, તેઓ કડક વલણના કારણે પાણી પણ પીતા નહોતા, તેઓ અને તેમના ધર્મપત્નિ બન્ને વડિલ બંધુઓના ઘરે જઇ પગે લાગી માફી માગી પોતાની ભૂલનો સ્વીકાર કર્યો. આની અસર તેમના વડિલ બંધુઓ અને ભાભીઓના હૃદયમાં થઇ તેઓએ પણ પીરાણા સતપંથનો ત્યાગ કરી રતનશીબાપા સાથે સનાતન ધર્મમાં જોડાયા આ પરિવર્તનથી રતનશીબાપાને સંતશ્રી ઓધવરામજી મહારાજ ઉપરનો વિશ્વાસ ખૂબ જ દ્રઢ થયો.

સંત શ્રી ઓધવરામજી મહારાજે આપણી જ્ઞાતિની તે સમયની પરિસ્થિતિ મુજબ આરાધના માટે મૂળને પકડવા અને તે માટે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનને ઇષ્ટદેવ ગણી તેના મંદિરો સ્થાપવા સલાહ અને માર્ગદર્શન આપ્યું જેથી ધાર્મિક જાગૃતિ ને વેગ મળે.

પૂ. ઓધવરામજી મહારાજની પ્રેરણાથી ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને ઇષ્ટદેવ ગણી આપણી જ્ઞાતિમાં શરૂઆત કરનાર શૂરવીર, નરવીર અને ધાર્મિક પરિવર્તનના ક્રાંતિવીર રતનશી ખીમજી ખેતાણી (દિવાણી) એ પૂ. નારાયણજી બાપા દ્વારા અધૂરા રહેલા ધાર્મિક સુધારાના પ્રયાસને સફળ બનાવવા માટે બીડું ઝડપ્યું અને તેઓએ સનાતન ધર્મને ગામે ગામ પોતાના સાથીદારોને સાથે રાખી પૂ. ઓધવરામજી મહારાજની નિશ્રામાં સનાતન ધર્મનો ફેલાવો કરી અને ધર્મનો સાચો મર્મ સમજાવી ગામેગામ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોની સ્થાપના કરવા તન-મન અને ધનથી પ્રયત્નો કર્યા અને સફળ થયા.

સૌ પ્રથમ વિરાણી મોટી ગામમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનાં મંદિર માટે પાનમૂર્તિ મુંબઇ મધ્યે શ્રી રતનશી ખીમજી ખેતાણી, નારાયણ શીવજી નાકરાણી (વિરાણીમોટી) એ બનાવડાવી તૈયાર રાખી હતી પણ સંજોગોવસાત્ વિરાણીમોટીમાં મંદિર નિર્માણનું કાર્ય ખોરંભે પડયું

પરમ પૂજય સંત શ્રી ઓધવરામજી મહારાજના આશીર્વાદથી મુંબઇ સ્થિત રતનશી ખીમજી ખેતાણી, નારાયણ શિવજી નાકરાણી, શિવદાસ કાનજી નાકરાણી (વિરાણી મોટી) અને રાજાભાઇ શામજી ધોળુ (માનકૂવા)ના પ્રયત્નોથી બોરડીટીંબા કંપામાં સમાજના પ્રથમ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરમાં પાનમૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા સંવત ૧૯૮૪ના બીજા શ્રાવણ સુદ-૧૧ ને શનિવાર તા. ૨૬.૦૮.૧૯૨૮ના શુભ દિવસે થઇ. આ મંદિર માટે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પાનમૂર્તિ જે વિરાણીમોટી ગામ માટે તૈયાર કરાવવામાં આવેલી તે મૂર્તિ મુંબઇથી રતનશી ખીમજી ખેતાણી અને રાજા શામજી ધોળુ બોરડીટીંબા કંપા લઇને આવ્યા હતા.

વિરાણીમોટી ગામે વિ.સં. ૧૯૮૬ શ્રાવણવદ-૬ના ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી તેની

ધર્મમૂર્તિ રતનશીબાપા અને સાથીદારો મુંબઈથી તૈયાર કરાવી વિરાણીમોટી લઈ આવેલ. કચ્છ કડવા પાટીદારોના કચ્છના ગામોમાં આ સૌ પ્રથમ લક્ષ્મીનારાયણ મંદિર હતું. વિરાણી મોટી ગામે પાછળથી શિખરબંધ લક્ષ્મીનારાયણ ભગવાનનાં મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું તેમ છતાં એ ઐતિહાસિક ક્ષણની સ્મૃતિ રૂપે વિ.સં. ૧૯૮૬માં સ્થાપેલ મંદિર પણ કાયમ રાખવામાં આવ્યું છે.

સુવ્યવસ્થિત રીતે ધર્મ જાગૃતિનું કાર્ય આગળ ચલાવવું હોય તો સંગઠનની જરૂર પડે. શ્રી રતનશીભાઈ ખીમજી અને નથુભાઈ નાનજી (નખત્રાણા) ના નેતૃત્વ હેઠળ સૌ ભાઈઓ સંગઠીત થયા અને કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ નામની કેન્દ્રીય સંસ્થાની સ્થાપના પણ કરી. આ સગંઠનના પ્રયાસથી કચ્છના ગામોમાં જાગૃતિનું કાર્ય વેગવંતુ બન્યુ. આ સંગઠનના પ્રમુખ તરીકે શ્રી રતનશી ખીમજી ખેતાણી અને મંત્રી તરીકે નથુભાઈ નાનજી કેશરાણીની સેવા અજોડ રહી

કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના ઉદાર અને સમજાવટ ભર્યા પ્રયાસોથી વિ.સં. ૨૦૦૦ સુધીમાં કચ્છના ૬૦ માંથી ૨૬ ગામોમાં શ્રી લક્ષ્મીનારાયણ મંદિરોની સ્થાપના થઈ શકી હતી. જો કે આ આગેવાનોને આ કાર્યમાં સમાજના રૂઢિચુસ્ત આગેવાનો નો પ્રચંડ વિરોધ ખમવો પડયો હતો. તેમ છતા તેમની કાર્યનિષ્ઠા અડગ રહી હતી.

વિ.સં. ૨૦૦૧ના આસો વદ-૧૪ના રોજ વાંઢાય મુકામે મળેલી કચ્છના તમામ ગામોના સનાતની ભાઈઓની સામાન્ય સભામાં જે ઠરાવો પસાર કરવામાં આવ્યા, તેમાં પીરાણા પંથ દ્વારા ચાલતી લગ્નપ્રથાને તિલાંજલિ આપીને હિન્દુ શાસ્ત્ર વિધિ મુજબ બ્રાહ્મણો દ્વારા અગ્નિની સાક્ષીએ લગ્નવિધિ કરાવવી અને મરણબાદ અગ્નિ સંસ્કાર કરી અંત્યેષ્ટિ કરવી એ મુખ્ય હતા. આ સિવાય પણ બાળલગ્ન નાબૂદી અને બીજા એવા ચૌદ જેટલા સામાજીક ઠરાવો પસાર કરવામાં આવ્યા.

આનું સીધું પરિણામ એ આવ્યુ કે વિ.સં. ૨૦૦૨ પછી પીરાણા દ્વારા કરાતા બાર વર્ષીય સમૂહ લગ્નો સંદતર બંધ થઈ ગયા. આ ઠરાવોની નોંધ વિ.સં. ૨૦૦૨માં છપાયેલ સનાતની સમાજના અહેવાલો પરથી મળે છે.

એ વખતે વાહન વ્યવહારનાં ટાંચાં સાધનો હોવા છતાં લખપતથી માંડી ને કંઠી પટના ગામડાનો પ્રવાસ ખેડી, ઠેર ઠેર સભાઓ ભરી જબરદસ્ત ધર્મ ભાવનાનો જુવાળ ઊભો કર્યો હતો, તેમની સાથે ઘણાં ગામોમાં પ.પૂ. સંત શ્રી ઓધવરામજી મહારાજ અને પ.પૂ. સંત શ્રી દયાળદાસજી મહારાજ પણ આ ધર્મજાગૃતિના કાર્ય માટે જતા હતા. શ્રી રતનશીબાપા જે ગામોમાં શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો સ્થપાયા નહોતાં ત્યાં તે ગામના ભાઈઓને સમજાવીને સંકલ્પ કરાવતા અને પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ અચૂક હાજરી આપતા.

જે જ્ઞાતિ બંધુઓ હજુ પીરાણા પંથને વળગી રહ્યા હતા એમને સનાતન ધર્મ તરફ વાળવા સમજાવવા એવો સનાતની સમાજના એ સમયના આગેવાનો તેમજ સંત શ્રી ઓધવરામજી નો સ્પષ્ટ અભિગમ હતો. એટલે જ તો સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિને એક નેજા હેઠળ લાવવાના ઉદ્દેશથી વિ.સં. ૨૦૦૦ માં વાંઢાય મધ્યે ઉમિયા માતાજી મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું. વાંઢાય ઉમિયા માતાજી મંદિરમાં માતાજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરવાની પાવન ક્રિયા રતનશી ખીમજી

ખેતાણી અને તેમનાં ધર્મપત્નિ મેઘબાઇના વરદ હસ્તે કરવામાં આવી હતી.તેમજ મંદિર ધ્વજારોહણની માંગલિક ક્રિયા પણ તેમના જ વરદ હસ્તે કરાઇ હતી. તેઓએ તન, મન અને ધનથી શ્રી ઉમિયા માતાજી મંદિર, વાંઢાયના નિર્માણમાં જવાબદારી પૂર્વક સક્રિય ભાગ ભજવ્યો હતો.

શ્રી ઉમિયા માતાજી મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ચોથી જનરલ સભાના પ્રમુખ સ્થાનેથી શ્રી રતનશી બાપાએ પોતાના લાગણીભર્યા પ્રવચનમાં જણાવેલ "આપણી જ્ઞાતિમાં સનાતન પ્રકાશ વડે પાખંડી પંથોનો અંધકાર વધારે ટકી શકે તેમ નથી. માટે બંધુઓ આપણી જ્ઞાતિની ઉન્નતિ ચાહતા હો તો સુધારાની પવિત્ર વેદીમાં ઝંપલાવો અને વૈદિક સનાતન ધર્મનો પ્રચાર તન, મન અને ધનથી કરવાને કટ્ટીબધ્ધ થાઓ. આપણી સનાતન સંસ્કૃતિને પવિત્ર રાખવા માટે અસંખ્ય વીરો એ બલિદાનો આપેલા છે. વીર ક્ષત્રાણીઓએ જૌહર કર્યાં છે. ગુરૂ ગોવિંદસિંહના કુમળાં બાળકો સદેહે દિવાલમાં ચણાયં છે, પણ સ્વધર્મ ને છોડયો નથી. માટે બંધુઓ, આપણે પણ કેસરિયા કરી આસુરી અંધકારનો નાશ કરવો જરૂરી છે. એવી મારી જ્ઞાતિના નવ યુવકો ને હાકલ છે".

શ્રી રતનશીબાપાના નેતૃત્વ હેઠળ કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજે ગામે ગામ લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો સ્થાપવાનું જે અભિયાન ચલાવ્યું તેના ફળ સ્વરૂપે લોકોમાં જાગૃતિ આવી અને આજે મોટા ભાગના ગામોમાં લક્ષ્મીનારાયણના મંદિરોની પ્રતિષ્ઠા થઇ શકી છે.

આ ભગીરથ કાર્યનું ઋણ સ્વીકારતાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે સમાજના સ્વર્ણિમ મહોત્સવ પ્રસંગે તા. ૧૦.૦૫.૨૦૧૦ના રોજ રતનશીબાપાને મરણોત્તર જ્ઞાતિ ગૌરવ એવોર્ડથી સન્માનીત કર્યા.

રતનશીબાપાનાં શરીરે સાથ આપ્યો ત્યાં સુધી તેઓ રાત દિવસ જોયા વગર આ કાર્યમાં લાગી રહ્યા હતા. એ માટે તેમને સારો એવો આર્થિક ભોગ પણ આપવો પડયો હતો. તેમને મુંબઇની કેટલીક મિલકતો પણ વેચવી પડેલી તેની તેમને ચિંતા નહોતી તેઓ તો ઇચ્છતા હતા કે જ્ઞાતિજનો જાગૃત થાય અને ધર્મનો સાચો રાહ સમજે.

સમય જતાં તેમને સધિવાની અસહ્ય અસર થઇ અને તેઓ હરીફરી શકે તેવી સ્થિતિમાં ન રહ્યા એટલે તેમણે આ કાર્યને છોડી જીવનમાં છેલ્લા પંદર વર્ષ મુંબઇ રહેવા જવાની ફરજ પડી. જીવનના અંતકાળ સુધી મુંબઇ જ રહ્યા.

તા. ૨૮.૦૯.૧૯૭૦માં રતનશી બાપાનો દેહવિલય મુંબઇમાં જ થયો.

સ્વ. નારાયણ શિવજી માનાણી (નાકરાણી)



નારાયણબાપાનો જન્મ સં. ૧૯૪૩ કારતક પૂર્ણિમાના વિરાણી મોટીમાં થયેલ હતો.

સ્વ. નારાયણ શિવજી નાકરાણી કચ્છથી મુંબઇ આવ્યા પણ માદરે વતન વિરાણીને ભુલ્યા નહોતા. મુંબઇમાં બિલ્ડીંગ કોન્ટ્રાકટરનું કામ કરતા- કરતા પોતાના પરિવારના ભાઇઓને ખૂબ જ સાથ સહકાર આપી આગળ લાવવામાં તેમનો સિંહ ફાળો હતો. મુંબઇ જેવા ગીચ વિસ્તારમાં નારાયણ નગરનું નિર્માણ કરી ઘણા લોકોને રહેવાની સગવડ પુરી પાડેલ હતી. રેલ્વે કોન્ટ્રાકટરનું કામ પણ મુંબઇથી શરૂઆત કરેલી હતી અને મુંબઇમાં જીવન વિતાવતા વિરાણી આવતા જતા. વિરાણી ગામમાં અંગ્રેજી શાળા શરૂ કરવામાં તેમણે વિચાર કરેલ પણ શરૂ થઇ ન શકી પણ શિક્ષણ ક્ષેત્રે પ્રેમ હોવાથી જયાં સુધી નવી શાળા ન થાય ત્યાં સુધી પોતાનું રહેણાંકનુ મકાન શાળા માટે વાપરવા આપ્યું અને શાળા સારી એવી ચાલતી હતી. પછીથી સરકારી મકાનમાં શાળા જવાથી મકાન ખાલી થયેલ હતું. વિરાણી નખત્રાણા સડક બનાવવામાં તેમનું માર્ગદર્શન સાંપડેલ. વિરાણી દેવીસર રોડમાં પોતાની વાડીનો ભાગ કાઢી આપીને સડક કાઢવા દીધી એ પણ એમની મહાનતા હતી. પોતે સાહસિક અને હિંમતબાજ હતા. કુશળ વેપારી વિચારના બાપા પોતે સેવાભાવી હતા. વિરાણી ગામની સમાજવાડીની જમીન લેવામાં બાપાએ લાકડીનો લીટો દોરી ને બે એકર જેટલી જમીન સમાજ માટે સંપાદન કરવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો. આથી આ જમીનના કારણે કચ્છમાં સૌથી વિશાળ સમાજવાડી તરીકે આપણે માણી રહ્યા છીએ. ગામના વિકાસ માટે પણ બાપા ચિંતા કરતા અને ગામના લોકોને મદદ કરવા માટે હમેશાં પોતાની તૈયારી બતાવતા.

શ્રી નારાયણબાપાના ચાર દિકરા છે.

૧. શ્રી જયંતિભાઇ-વિરાણી મોટી
૨. શ્રી શાંતિભાઇ-નાસિક
૩. શ્રી નંદલાલભાઇ-મુંબઇ
૪. શ્રી સૂર્યકાન્તભાઇ-મુંબઇ એમ અલગ અલગ જગ્યાએ રહે છે.

નખત્રાણામાં અખિલ ભા.ક.ક.પા. સમાજની બોર્ડીંગની વિશાળ જમીન મેળવવામાં પ્રેરણા સ્ત્રોત અને બાંધકામમાં તેમનો સિંહ ફાળો હતો. તેઓ અ.ભા.ક.ક.પા. સમાજના પ્રથમ

ટ્રસ્ટીઓમાંના એક હતા. તેઓએ બોર્ડીંગ તેમજ ભુજ, માંડવી સમાજવાડી ફંડમાં ૧૦,૦૦૧/- (દસ હજાર એક) આપેલ. આ ઉમદા કાર્યનું ઋણ સ્વીકારતાં શ્રી અ.ભા.ક.ક.પાટીદાર સમાજ દ્વારા સમાજના સ્વર્ણિમ મહોત્સવ પ્રસંગે તા.૧૦.૦૫.૨૦૧૦ના રોજ શ્રી નારાયણ શિવજી નાકરાણીને મરણોત્તર જ્ઞાતિરત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

પૂ. નારાયણજી રામજી લીંબાણીની આગેવાની હેઠળ વૈદિક વિધિથી દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી યજ્ઞોપવિત (જનોઇ) ધારણ કરી વૈદિક ધર્મના અધિકારી થનાર પ્રથમ સાત વિરલાઓમાંના બે ભાઇઓ પીરાણાપંથના આગેવાનોની ધમકી આગળ ઝૂકી પડયા અને તેમણે જનોઇ ઉતારી દિધી પણ બરાબર તે જ સમયે શ્રી નારાયણ શિવજી નાકરાણી નીડરતાથી આગળ આવ્યા અને મુંબઇ જઇ સમાજ સુધારાના આ યજ્ઞકાર્યમાં પૂ.નારાયણજીબાપા સાથે જોડાયા આમ આ નારાયણબાપા નાકરાણી અન્ય પાંચ ભાઇઓ સાથે સુધારાની ખુલ્લી જેહાદનો પ્રારંભ કરવામાં સહભાગી થયા.

મુંબઇમાં નારાયણ રામજી લીંબાણીએ સભા ભરી હતી, ત્યારે તેમને પણ ઉપયોગી થયા હતા અને સનાતન ધર્મની જેહાદ જગાડીને સતપંથ માંથી સનાતનમાં લાવવા ઘણા કુટુંબોને પ્રેરણા સ્ત્રોત બન્યા હતા.

ઘાટકોપરની સમાજવાડીની વિચારણા વખતે પ્રથમ ફાળો ૧૦,૦૦૦/- (દસ હજાર) લખાવનાર વર્ષો પહેલાના વીર પુરુષ એ જ હતા જેની શરૂઆત કરવાથી આજે ઘાટકોપરની પાટીદાર સમાજવાડી પણ માણી રહ્યા છીએ.

વિરાણીગામમાં એકીકરણ માટે બાપાએ સંકલ્પ કરેલ કે ગામ એક થાય તો હું ખીચડીને ઘી જમાડીશ. તે ગામ સં. ૨૦૫૯માં વિક્રમ સંવત ૨૦૧૪માં એક થયું ત્યારે બાપાએ આખા ગામને ખીચડીને ઘી જમાડેલ.

બાપાનો દેહ વિલય સંવત ૨૦૨૦ ભાદરવી પૂર્ણિમાના થયેલ છે.

શ્રી શિવદાસ કાનજી સોમજીયાણી
જીવન ઝલક



ખેતીપ્રધાન આપણી જ્ઞાતિમાં બે વ્યકિતઓમાં એક કાનજી સલાટ અને બીજા ભીમજી સલાટ. એ બન્નેની જોડી કરાંચીમાં અને કચ્છમાં જયાં જયાં શિલ્પ કામ કરવાનું હોય ત્યાં લગભગ હાજર હોય જ. સલાટના કામ ઉપરાંત કાનજીબાપા જોતપણાનું, દવા દારૂ કરવાનું, ઈમારતી લાકડા વેચવાનું, કંદોઈનું એવા એવા કામોમાં નિષ્ણાત. આમ કાનજીબાપા આજુબાજુના ગામોમાં જ્ઞાતિ પરજ્ઞાતિમાં ઠીક ઠીક જાણીતા. કંઈક નવું કરવાની હિંમત પણ કાનજીબાપામાં ખરી. એ વખતમાં આપણી જ્ઞાતિના પુરૂષોનો પહેરવેશ ચેંણો (ચોરણી), કેડીયું અને માથે અણી વાળી પાઘડી. કાનજીબાપાએ પહેલ વહેલું પહેરણ અને ધોતિયું પહેરવાનું શરૂ કર્યું. જ્ઞાતિના ચિલાચાલુ પહેરવેશમાં આવું ક્રાંતિકારી પગલું લેવા બદલ જ્ઞાતિએ કાનજીબાપાને પાંચ કોરી દંડ ફટકાર્યો.

આવા બહુવિધ વિશેષ અને કંઈક નવું કરવાની હિંમતવાળા કાનજીબાપાને ત્યાં શીવદાસભાઈનો જન્મ થયો જેઓને આપણે સૌએ શીવદાસ બાપા તરીકે જાણ્યા અને સન્માન્યા. વિરાણીની નિશાળમાં ત્રણ ચોપડીના અભ્યાસ બાદ કાનજીબાપા સાથે કરાંચી કમાવા ગયા.

સૌ પ્રથમ શીવદાસબાપા પિતાશ્રી કાનજીબાપા સાથે કરાંચીમાં સલાટનું કામ કરવા ગયા. બે વર્ષની ખેપ કરી વિરાણી આવ્યા. બીજી ખેપ કલકત્તામાં લાકડાં વેરવાના કામ માટે કરી. એકવડીયો શારીરિક બાંધો ધરાવતા શીવદાસ બાપાને આ કામે જતા જોઇ કેટલાય ગામ લોકોને થયું કે આ ભાઇ કલકત્તાથી જલ્દી પાછા ભાગી આવશે. પરંતુ એકવડીયા શરીરવાળા શિવદાસબાપા સાડા ત્રણ વર્ષ ખેપ કરી કલકત્તાથી પાછા આવ્યા.

કરાંચી અને કલકત્તાનો અનુભવ લીધા પછી શિવદાસબાપા નસીબ અજમાવવા મુંબઇ આવ્યા. મુંબઇમાં પ્રથમ સુતારી કામ શીખ્યા અને નશીબનું પાંદડું ફાયદા કારક રીતે ફરી ગયું. તેઓની કામ પ્રત્યેની નિષ્ઠા અને પ્રમાણિકતાથી શેઠીયાઓનો પ્રેમ જીતી લીધો અને સુતાર મટીને મુકાદમ બની ગયા અને ત્યારબાદ "કંટ્રાટી" થયા.

આ પ્રવૃત્તિના લીધે વગદાર વ્યકિતઓના પરિચયમાં આવ્યા અને સિવિલ એન્જીનીયરો, વકીલો, સોલીસીટરો, સરકારી અને મ્યુનિસિપાલિટીના ઓફિસરો વગેરે લોકોના પરિચયમાં આવ્યા.

કેળવણીના મહત્વનો પુરેપૂરો ખ્યાલ તેઓને આ સમય દરમ્યાન આવ્યો. ભણતરની કિંમત સમજાઇ, ભણતર સિવાય પૈસાની કે પ્રામાણિકતાની કોઇ કિંમત નથી આ વાત તેઓના મનમાં બરાબર ઠસાઇ ગઇ. તેઓએ તેમના પુત્ર વિરેન્દ્રભાઇને ભણવા વિલાયત મોકલી બેરીસ્ટર બનાવેલ.

શ્રી શિવદાસ બાપાના પાંચ દિકરાઓ છે. ૧. શ્રી વાલજીભાઇ ૨. શ્રી રતનશીભાઇ ૩.શ્રી વિરેન્દ્રભાઇ (બેરીસ્ટર) ૪. શ્રી બાબુભાઇ ૫. શ્રી તુલસીભાઇ.

મુંબઇના નિવાસ દરમ્યાન શિવદાસબાપા પૂ. મુ. શ્રી નારાયણજી રામજી લીંબાણીના ગાઢ પરિચયમાં આવ્યા અને ઉત્સાહ પૂર્વક તેમની પ્રવૃત્તિમાં જોડાયા, વિધિ પૂર્વક દેહ શુદ્ધિ કરાવી. જ્ઞાતિ સુધારાનું મૂળતો કચ્છમાં જ તેથી વિરાણીમાં પૂ. નારાયણબાપાની સમાજ સુધારાની પ્રવૃત્તિને ટેકો આપતું યુવાનીઆનું જુથ હતું. શિવદાસબાપા મુંબઇમાંના પોતાના વ્યસ્ત જીવનમાંથી સમય કાઢીને અવાર નવાર વિરાણી આવતા અને અન્ય સાથીઓ જેવા કે સર્વ શ્રી લધા વિશ્રામ સોમજીયાણી, શીવગણ લાલજી પટેલ, અરજણ પબા ભાણજીયાણી, કાનજી ડાયા વગેરેના કામોમાં સાથ આપતા. વિરાણી ખાતે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું કચ્છ ખાતેનું પ્રથમ મંદિર સ્થપાયું ત્યારે મંદિર બનાવવાવાળા યુવાનોના જુથને શિવદાસબાપાનો પૂરે પૂરો સહકાર મળ્યો.

સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિમાં સાથ આપતાં આપતાં પણ તેઓ ભણતરની કિંમત ભૂલી ગયા ન હોતા અને વખત જતાં જ્ઞાતિ કેળવણી માટે મદદરૂપ થવા કચ્છમાં બોર્ડીંગ કરવાના ઉમદા વિચારને સાકાર કરવા માટે અગણિત વ્યકિતઓ સાથે સલાહ મસલત કરી આ બાબત અંગે જોઇતા નાણાં ફાળા દ્વારા એકઠાં કરવાનો નિર્ધાર કરી ભારત ભરનો પ્રવાસ ખેડી અનેક મુશ્કેલીઓનો સામનો કરી ફંડ જમા કર્યું. આમ ભારત ભરમાં શિવદાસ બાપા પથરાઇ ગયા.

નખત્રાણામાં બોર્ડીંગ ઉભી કરવા માટે બાપાએ ઉઠાવેલી જહેમત અને દિલ ચશ્પી માટે જ્ઞાતિ શિવદાસબાપાની કાયમની ૠણી રહેશે.

બોર્ડીંગનું મકાન તૈયાર થયા બાદ ઉદ્‌ઘાટનનો સમય આવ્યો ત્યારે જે સભા ભરાઇ તેનું પ્રમુખ સ્થાન શિવદાસબાપાએ શોભાવ્યું અને એ પણ તમામ જ્ઞાતિ જનોએ લીધેલા સર્વાનુમતે નિર્ણયથી. ત્યારબાદ શ્રી ભીમજી કેશરાના શુભ હસ્તે મકાનનું ઉદ્‌ઘાટન સંપન્ન થયું અને ત્યારે જ્ઞાતિ પરિષદ બોલાવવાનું નક્કી થયું અને એ પરિષદ પ્રમુખનું સ્થાન પણ શિવદાસબાપા શોભાવે એવું સર્વાનુંમતે ઠારાવવામાં આવ્યું અને ત્યારે બનાવેલ બંધારણ પ્રમાણે બાપાને પ્રથમ પ્રમુખ તરીકે ચુંટવામાં આવ્યા અને પ્રમુખને નાતે સમસ્ત જ્ઞાતિની અને સંસ્થાના પ્રમુખને નાતે સંસ્થા પ્રમુખની જવાબદારી અદા કરવાની આવી અને તે બાપાએ વરસો સુધી નિભાવી.

આવી ભવ્ય બોર્ડીંગ બનાવ્યા બાદ તેના સંચાલન માટે તેઓએ પંસદ કરેલ ગૃહપતિ શ્રી હિરજી ટોકરશી ઠક્કરના રૂપમાં મળ્યા અને એમના સમયમાં સંસ્થામાં ભણેલા વિદ્યાર્થીઓ એમને મળેલા સંસ્કાર, શિક્ષણ અને સલાહ સુચનો માટે ઠક્કર માસ્તરને અને શિવદાસબાપાને સ્નેહપૂવર્ક યાદ કરે છે.

તે સિવાય બોર્ડીંગમાં વિદ્યાર્થીઓ માટે મળતી સુવિધાઓ કેમ વધે અને વિદ્યાર્થીઓ વધારેમાં વધારે પ્રવૃતિઓ કેમ કરી શકે તેનું હંમેશા ચિંતન કરતા એવા શિવદાસ બાપાએ નિભાવ ખર્ચ માટે જોઇતા નાણાં સાધનો વગેરે માટે ફાળો ઉઘરાવવામાં કયારેય ક્ષોભ કે શરમ અનુભવ્યા નથી.

જ્યારે બોર્ડીગનું કામકાજ વ્યવસ્થિત રીતે ચાલવા લાગ્યું ત્યારે શિવદાસ બાપાએ પોતાનું લક્ષ્ય મુંબઇ ખાતે સમાજની વાડી બનાવવા તરફ કેન્દ્રીત કર્યું. આમ આ કાર્ય માટે જોઇતી જમીન લેવાનું, બાંધકામ કરવાનું, ફાળો ઉઘરાવવાનું અને કાર્ય પાર પાડવા માટે જોઇતા સાથીદારોની ટીમ ઉભી કરવાનું કાર્ય પોતાની આગવી કાર્યશૈલીના આધારે યશસ્વી રીતે પાર પાડી ભવનની ઇમારત ઊભી કરી દેખાડી.

પોતાનું કાર્યક્ષેત્ર ફકત જ્ઞાતિની ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક હેતુઓ માટે મર્યાદિત ન રાખતાં રાજકારણમાં પણ રસ લઇ અને એ વખતના સ્વત્રંત પક્ષના જોરવાળા નખત્રાણા વિસ્તારમાં કોંગ્રેસ પક્ષ તરફથી ઉમેદવારી કરી પ્રચંડ બહુમતીથી વિજય મેળવી અને કોંગ્રેસે ગુમાવેલ આબરૂ શિવદાસબાપા દ્વારા નખત્રાણા તાલુકા પુરતી પાછી મેળવી.

યાદ શકિત માટે એમ કહી શકાય કે શિવદાસબાપા એક જીવતું જાગતું કોમ્પ્યુટર હતા. એક વખત મળેલ વ્યકિત ફરી વખત મળે ત્યારે નામથી બોલાવે, તેના વિષે જાણકારી પુરે પુરી તેને ફરીથી સંભળાવે અને મળનાર વ્યકિત આશ્ચર્ય ચકિત બની જાય અને જીવનભર બાપાને બિરદાવતો રહે.

જ્ઞાતિની સેવા માટે શિવદાસબાપાએ આપેલો સમય, શકિત અને નાણાંનો ભોગ જ્ઞાતિ હંમેશા યાદ કરશે. અ.ભા.ક.ક.પાટીદાર સમાજની પ્રથમ પરિષદમાં સર્વ સંમતિથી સામાજિક ધારા ધોરણો બનાવવામાં આવ્યાં. એમા શીવદાસબાપાની કુનેહ ઓછી જવાબદાર નહોતી. આમ શીવદાસ બાપાની સર્વોત્તમ સિધ્ધિ એટલે એમણે જ્ઞાતિમાં આણેલું ઐકય.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના સ્થાપનાના પાયાના પથ્થર એવા વડીલ શ્રી શિવદાસબાપાનું મરણોત્તર શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજે જ્ઞાતિરત્ન એવોર્ડથી કેન્દ્રીય સમાજના સ્વર્ણિમ મહોત્સવ પ્રસંગે તા. ૧૦.૦૫.૨૦૧૦ના સન્માન કર્યું.

૯૫ વર્ષનું નિરોગી જીવન જીવેલા શિવદાસબાપાએ પોતાની જીંદગીમાં ખૂબ તડકા છાંયા જોયા અને વિપરીત સંજોગોમાં પણ પોતાના સિધ્ધાંતો માંથી ચલિત ન થયા. ટૂંકમાં શિવદાસબાપા જે રીતે જીવનમાં વર્તાયા એ જ શું આપણા સૌ માટે જીવન જીવવાનું શિક્ષણ નથી ? અસ્તુ...

કરસન શિવદાસ મુખી (કાનાણી-દિવાણી)

જન્મ તા. ૧૮.૦૬.૧૯૧૪ દેહવિલય તા. ૧૧.૦૩.૨૦૦૫



ભરયુવાનીમાં ધર્મ સંકટમાં સપડાયેલ એવા શ્રી કરસનબાપા કે જેઓના પિતાશ્રી પીરાણાપંથના ગેઢેરાઓમાં એક આગવું સ્થાન ધરાવતા હતા. વિરાણીમોટી ખાતેના પીરાણા પંથના મુખી હતા. આ સંજોગોમાં શ્રી કરસનબાપા માટે મોટી વિટંબણા ઊભી થઈ. પોતાના પિતાશ્રી ચૂસ્ત પીરાણાપંથી અને પોતે સાચો ધર્મ શું છે તેની સમજણ મેળવી ચૂકેલ અને સાચા માર્ગને અપનાવવા તલપાપડ બનેલ પ્રખર બુધ્ધિજીવી વ્યકિત હવે શું કરવું?

હિંમત દાખવી પોતાના પિતાશ્રીને ખૂબ જ શાંતિથી અને જરા પણ માઠું ન લાગે તેમજ કોઈપણ પ્રકારનો અનાદર ન થાય અને કુંટુંબ એકતાની ભાવના જળવાઈ રહે તેનું સંપૂર્ણ ખ્યાલ રાખીને યોગ્ય ચર્ચાઓના અંતે એમ સમજાવવામાં સફળ થયા કે "મને મારી રીતે મારા જીવનના આ મહત્વના નિર્ણયને લેવા દો" વડીલ શ્રી શિવદાસ પરબતે આ બાબતને મંજૂરી આપી. બે-એક વર્ષના સમયમાં પિતાશ્રીએ આ ફાની દુનિયા માંથી વિદાય લીધી.

પિતાની વિદાયબાદ શ્રી કરસનબાપાએ જે કરવું જોઈતું હતું તે જ કર્યું. ગામના તમામ પીરાણપંથીઓનો વિશ્વાસ જીતી તેઓને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિર તરફ વાળ્યા અને વિરાણી મોટી ગામમાં વર્ષો જૂનું ખાનું જડમુળથી ઉખેડી સમસ્ત ગામવાસીઓને એક સૂત્રે બાંધવામાં જવલંત સફળતા મેળવી.

કરસનબાપાએ નલીયાવાળા વિશ્વનાથજી મહારાજની વ્યાસ પીઠ હેઠળ જયાં જયોતિષધામમાં પાટ હતો ત્યાંજ ભાગવત સપ્તાહનું આયોજન કર્યું. એ ભાગવત સપ્તાહની પૂર્ણાહૂતી બાદ સમસ્ત ગામવાસીઓને વિશ્વાસમાં લઈ તેમના લઘુબંધુ પ્રેમજીબાપા મુખીના સહયોગથી વિશ્વનાથજી મહારાજના હસ્તેજ પાટનું ઉત્થાપન (વિસર્જન) કરીને ગામમાં એકતા સ્થાપી. સં. ૨૦૫૯ વિ.સં. ૨૦૧૪ માં એકીકરણ કરવામાં તેઓ સફળ થયા. આજે વિરાણીમોટી ગામમાં આપણે સૌ ધાર્મિક એકતા જોઈ રહ્યા છીએ તેનો એકમાત્ર અને સંપૂર્ણ યશ શ્રી કરસન શિવદાસ મુખી (કાનાણી - દિવાણી) ના ફાળે જાય છે. ત્યારબાદ સં. ૧૯૬૧માં વિરાણી પાટીદાર સમાજની રચના કરવામાં આવી અને તેના સ્થાપક પ્રમુખ તરીકે

કરસનબાપાની વરણી કરવામાં આવેલ તેઓએ વિરાણી સમાજની એકતા જાળવી, તેના વિકાસમાં તેમજ પ્રતિભા વધારવામાં (નીખારવામાં) જીવનપર્યંત સક્રિય ભૂમિકા ભજવી બહુમુલ્ય યોગદાન આપેલ છે.

વિરાણીમોટી સમાજવાડીની જમીન સંપાદનમાં તેઓએ નાણાંકીય ફાળો આપી સહયોગ આપેલ. તેમજ સમાજવાડીની દક્ષિણ બાજુની સરકારી જમીન તેઓએ સક્રિય ભાગ ભજવી સંપાદન કરાવેલ.

વિરાણીમોટી- નખત્રાણા રોડ બનાવવામાં આવેલ અડચણોને દૂર કરવામાં તત્કાલિન કલેકટર શ્રી ટી. એમ. શેઠનો સહકાર મેળવી શ્રી કરસનબાપાએ પરિપૂર્ણ કરાવેલ.

પ.પૂ. સંતવર્ય શ્રી ઓધવરામજી મહારાજે સમાજ માટે સેવેલી આકાંક્ષાઓને મૂર્ત સ્વરૂપ આપવા નખત્રાણા ખાતે પાટીદાર વિદ્યાર્થી ભવન બનાવવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો. સાથે સાથે કચ્છ કડવા પાટીદાર સમાજ જેવી વિશાળ સંસ્થાની ભૂમિકા તૈયાર કરવામાં આવી. આજ સભામાં સામાજીક પ્રવૃત્તિને પણ નજર સમક્ષ રાખીને ભુજ અને માંડવી ખાતે સમાજવાડીઓ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ ભગીરથ કાર્યને સાકાર સ્વરૂપ આપવા સં. ૧૯૫૭માં એડહોક કમીટીની નિમણુંક કરવામાં આવી તેમાં કરસન બાપાને એડહોડ કમીટીના મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી તેઓએ મંત્રી તરીકે પાટીદાર વિદ્યાર્થી ભવન નિર્માણ અને ભુજ-માંડવી સમાજવાડીના નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપેલ. આ અમૂલ્ય યોગદાનનું ઋણ સ્વીકારતાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના સ્વર્ણિમ મહોત્સવ પ્રસંગે તા.૧૦.૦૫.૨૦૧૦ના રોજ કરસનબાપાને મરણોત્તર જ્ઞાતિ ગૌરવ એવોર્ડથી સન્માનિત કર્યા.

કરસનબાપા વિરાણીમાં જ ખેતી ઉપરાંત વેપારમાં સ્વબળે ખૂબ જ સારી પ્રગતિ કરેલ. તેઓ વિચક્ષણ બુદ્ધિ પ્રતિભા ધરાવતા હતાં. વ્યકિતને પારખવાની અદ્‌ભૂત શકિત તેઓમાં હતી. તેઓએ અસંખ્ય વ્યકિતઓને આર્થિક મદદ દ્વારા અંતરથી સહયોગ આપી વિકાસના પંથે આગળ વધવા અમૂલ્ય યોગદાન આપેલ.

શ્રી કરસનબાપાને એક જ સુપુત્ર શ્રી ચંદુભાઇ છે જે ધંધાર્થે બેંગ્લોર વસવાટ કરે છે.

કરસનબાપાનો જન્મ વિરાણી મધ્યે તા. ૧૮.૦૬.૧૯૧૪માં થયો હતો અને તેમનો દેહવિલય બેંગ્લોર મધ્યે તા. ૧૧.૦૩.૨૦૦૫માં થયો.

શ્રી લધાભાઇ અરજણભાઇ સોમજીયાણી

પૂર્વ પ્રમુખ શ્રી

શ્રી વિરાણી મોટી કડવા પાટીદાર સનાતન સમાજ



સ્વ. લધાબાપાએ જીવન પર્યંત સમાજના વિકાસનાં કાર્યોમાં સક્રિય રસ લઈને પોતાની બહુ મુલ્ય સેવા આપેલ હતી. તેઓ સમાજના કાર્યો માટે આર્થિક યોગદાન તથા સલાહ સૂચન પણ આપતા હતા.

શારીરીક વ્યાધિઓના કારણે જીવનમાં અંતીમ વર્ષો પથારીવશ રહ્યા હતા. અંતમાં બાપાશ્રી તા. ૦૯.૦૬.૨૦૧૨ના રોજ આ ફાની દુનિયા છોડીને અનંત વાટે પ્રયાણ કર્યું. એમના જવાથી સમાજને ન પૂરી શકાય એવી ખોટ પડી છે.

સ્વ. શ્રી લધાબાપાએ
વર્ષ ૧૯૮૦ થી વર્ષ ૧૯૮૫ અને
વર્ષ ૧૯૯૦ થી વર્ષ ૧૯૯૫ સુધી શ્રી વિરાણી મોટી કડવા પાટીદાર સનાતન સમાજના પ્રમુખ તરીકે રહીને પોતાની સેવાઓ આપેલ હતી.

પથદર્શક સંતો

પ્રેરણામૂર્તિ સંતશ્રી લાલરામજી મહારાજ

રતિલાલ મનજી પોકાર -તંત્રી શ્રી ઉમાદર્પણ



પ્રેરણા મૂર્તિ સંત શ્રી લાલરામજી મહારાજના પર્વાશ્રમ અને તેમના જીવન કાર્ય વિશે જ્ઞાતિજનોને જ્ઞાત થાય એ ઉદેશથી અહીં તેમની સંક્ષિપ્ત જીવની આપવામાં આવી છે.

મહારાજશ્રી ઈશ્વરરામજી એક વખત દેશલપર ગુંતલી પધાર્યા હતા. ત્યાનાં કડવા પાટીદાર ગોપાળ ભગતને ઘેર સંતોના ઉતારા હતા. ગોપાળ પટેલના પત્ની માનબાઈ વિ.સં. ૧૯૧૩ના વૈશાખ સુદ-૨ના પુત્ર જન્મ થયેલ, જેનુ નામ લાલજી રાખવામાં આવેલું.

મહારાજશ્રી દેશલપર પધાર્યા હતા ત્યારે લાલજી ઉંમરલાયક ખરા અને સાધુ સેવામાં ભાગ પણ લેતા. મહારજશ્રીએ એના ચહેરા સામે જોઈને વિધિ લેખ વાંચી જોયો અને પુછયું, "નારાયણ, તમારૂં નામ શું?" છોકરાએ જવાબ આપ્યો, "મારું નામ લાલજી" નામ તો બહું સારુ છે. બાપલા; સાયલામાં લાલજી નામે મરજીવો ભગત પાકી ગયો, તમારામાં પણ એ નામ સાર્થક કરવાની શકિત અમોને જોવામાં આવે છે. કરશોને?"

જવાબ મળ્યો, "આપના આર્શીવાદ હશે તો થઈ શકશે."

મહારાજશ્રીએ હસીને લાલજીને કહ્યું "જો બેટા, તારા નામે લાલજી કરીને એક સુતારનો છોકરો બહુ આળસુ એટલે પ્રમાદી હતો. કામકાજ કરાવવા આવતા ઘરાકોને આજ-કાલ કર્યા કરે અને નીવેડો લાવે નહીં. એના આળસુ-પ્રમાદી જીવન માટે એક કવિએ દુહો કહ્યો છે".

પલ કા પખવાડીયા, ઘડી કા દો માસ ।
લાલ જિસકો કલ કહે, વા-કા કોન હવાલ ॥

તમે એવું તો નહિ કરોને ? ભણ્યા છો ? જવાબ મળ્યો, હા" બહુ સારું, જુઓ લાલજી આજે રાત્રે તમારે કથા વાંચવી. અમે બધા સાંભળશું?

"આપ આજ્ઞા કરશો તો એ પણ વાંચીશ".

પછી તો લાલજી દરરોજ કથા વાંચે અને મહારાજશ્રી સર્વ કોઈને સમજાવે. એની વાંચવાની, બોલવાની છટાથી મહારાજશ્રી બહુ જ ખુશી થતા.

એમને એવી રીતે લાંબા સમય સુધી મહારાજશ્રીનો સતસંગ મળ્યો, તેમ શાસ્ત્ર પઠન પાઠનનો લાભ પણ મળી ગયો. મહારાજશ્રી દેશલપર રોકાઈ ફરી પાછા વાંઢાય પધાર્યા. લાલજી ભગતના સંસ્કારો સંત સમાગમથી ખીલી નીકળ્યા. એટલે કુટુંબીઓની સહમતી મેળવી વાંઢાય આવ્યા. પોતાના વિચારો ગુરૂદેવ આગળ જાહેર કર્યા. શ્રી ઈશ્વરરામજીએ એનુ ભવિષ્ય જાણેલું જ હતું એટલે દીક્ષા આપી શિષ્ય બનાવી લાલરામ નામાભિધાન કર્યુ.

શ્રી લાલરામજીની ધારણ શકિત, વેદાન્તનું જ્ઞાન, વહેવાર, કુશળતા, ગંભીરતા અને શાંતિ જેવા ગુણોની મૂર્તિ સમાન હતા. કહેવાય છે કે સ્વભાવના તેઓ શ્રી એટલા શાંત હતા કે ન પૂછો વાત ! શ્રી ઈશ્વરરામજી મહારાજનું શરીર નિવૃત્ત પામ્યા બાદ બધા ગુરુભાઈઓએ મળી ઉત્સવ કર્યો; ગુણની પૂજા સર્વ કોઇ કરે છે. એમાં ઉંમર અથવા શરીર જોવામાં આવતું નથી. એ પ્રમાણે લાલરામજી ગાદી માટે એ વખતે યોગ્ય હતા. પરંતુ મહારાજશ્રીનો શિષ્ય સમુદાય બહોળો હોવાના કારણે મતમતાંતરો થાય એમાં નવાઈ પામવા જેવું નથી. શ્રી ક્ષેમદાસજી અને ઈશ્વરરામજીના વખતમાં પણ એવું જ હતું પરંતુ અપેક્ષા રહિત સંતો હોવાના કારણે અને પોતાનું કશું બગાડયા સિવાય સેવાભાવના બતાવીને અલિપ્ત ભાવે રહીને સમૂહથી દૂર રહીને જીવન પસાર કરી ગયા. આશ્રમ જીવન પણ વહેવાર દશામાં જ ગણાય. એ વખતે શિષ્યોના મતમતાંતરે ઉગ્ર રૂપ લીધું. નિવેડો કે નિર્ણય થઇ શકયો નહીં એટલે મહારાજશ્રીની છબીને પછેડી ઓઢાડવામાં આવી.

ત્યારબાદ પ્રિયદાસજીની અને મૂળદાસજીની ઈચ્છા થતાં ગામનો આશ્રમ જૂના દ્વાર નામે ઓળખાતો તે તેમને સોંપવામાં આવ્યો અને નવા આશ્રમમાં લીલારામજી, બાપુરામજી, દયારામજી, રામદાસજી, નારાયણદાસજી, પ્રેમદાસજી, પુરણદાસજી વગેરે ગુરુભાઈઓ શ્રી લાલરામજી સાથે રહ્યા. સંવત ૧૯૭૧માં સાધુ લીલારામ અને બાપુરામનું શરીર શાંત થતાં શ્રી લાલરામજીએ એમની પાછળ ઉત્સવ કર્યો જેમાં હમલાપુરીના મહંત બાવા શ્રી પૂર્ણરામજી મહારાજે સંતો-સેવકોની સહમતી મેળવી શ્રી લાલરામજીને ચાદરવિધિ કરીને ગાદીએ બેસાડયા.

મહારાજશ્રી ઈશ્વરરામજીના વચનો હતાં કે તમે સાધનામાં રહીને ભજન કરશો તો રિદ્ધિ-સિદ્ધિ ઘર બેઠા આવીને તમારા આંગણામાં ઊભી રહેવાની જ છે. એ પ્રમાણે ખરેખર અહીં લાલરામજીને આશ્રમનો વહેવાર ચલાવવા માટે કશી-કોઇ જાતની તકલીફ પડી જ ન હતી. મંડળી તરફથી ફરવાનું તો પૂજય મહારાજશ્રીએ પોતાની હયાતમાં જ બંધ કરાવેલું હતું અને કહેવાય છે તે પાછળથી શ્રી લાલરામજીને કોઇ દરદના કારણે પગ કપાવો પડયો હતો એટલે અંપગ દશાના કારણે કયાંય આવવું જવું પણ થતું નહી, છતાં ગુરૂકૃપાથી આશ્રમ રૂડી રીતે ચાલતો હતો. તેઓશ્રીના અંતર આત્મામાં એક મહાવ્યથા ચાલ્યા કરતી હતી તે એ જ કે, જે જ્ઞાતિ કુળમાં મારો જન્મ એ જ કડવા પાટીદાર સમાજ આજે ધર્મના નામે ભોળપણથી અથવા તો સરળતાથી છેતરાઇને અન્યાશ્રય સ્વીકાર્યો છે એમાંથી મુકત થાય ? એ બધા મારા ભગવાન છે મારે એમને પાટલે બેસાડીને પૂજવા છે પરંતુ આજે

એ બધા ભગવાનોએ પોતાનો પાટ અલગ માંડયો છે.

જ્ઞાતિ જનકો પૂજ જિનસે તેરા નામ ।
જિતના જ્ઞાતિજન મિલે ઈતના શાલીગ્રામ ॥

જેના હૃદયમાં સ્વ જ્ઞાતિ બાંધવો પ્રત્યે આવી ઉત્તમ પ્રકારની સબળ ભાવના રહ્યા કરતી પરંતુ હવે મનનું કહ્યું શરીર કરે એવી સ્થિતિ રહી ન હતી, એના માટે એક ઉપાય હતો કે પાછળની પરંપરાના સંતોને આ કામ સોંપાય. અમારો દ્રઢ સંકલ્પ અને એમની શરીરસેવાના બળે આ કાર્ય શ્રી સદ્ગુરુ મહારાજને કરવું પડશે અથવા તો પોતાને ફરી આવવું પડશે ? અને મને વિશ્વાસ છે કે એક દિવસ મારુ આ સ્વપ્નું સાકાર સ્વરૂપ ધારણ કરીને દિશા ભૂલેલા મારા જ્ઞાતિ બાંધવોને ફરી પોતાના અસલ ઘરમાં લાવીને છોડશે. પૂજ્ય શ્રી લાલરામજી મહારાજને ૧૯૭૧ની સાલમાં ગાદી સોંપાઈ અને એ જ વર્ષમાં એક ઊંડી શુભેચ્છા પોતાના જ્ઞાતિભાઇઓ માટેની લઇ શ્રી લાલરામજી મહારાજ ચિરઃકાળ માટે પોઢી ગયા એટલે કે તેમનું શરીર શાંત થયું.

સંતશ્રી લાલરામજી મહારાજે જીવનના અંતકાળે પોતાના પટ્ટશિષ્ય ઓધવરામજી મહારાજ સમક્ષ પોતાના હૃદયની વ્યથા પ્રગટ કરી અને વચન માંગ્યું કે મારી જ્ઞાતિને સનાતન ધર્મના માર્ગે વાળવા ધર્મ જાગૃતિનું કાર્ય કરજો. સંતશ્રી ઓધવરામજીએ ગુરૂને આપેલું વચન પાળી બતાવ્યું. સંતશ્રીએ પાટીદાર જ્ઞાતિ આગેવાનો, રતનશીભાઇ ખીમજી ખેતાણી, નથુભાઈ નાનજી કેસરાણી તેમજ અન્ય કાર્યકરોને માર્ગદર્શન આપ્યું અને લક્ષ્મીનારાયણ ભગવાનની ઉપાસના કરવા જણાવ્યું. આજે ગામે ગામે લક્ષ્મીનારાયણનાં મંદિરોનું નિર્માણ થયું છે, જ્ઞાતિનો બહોળો સમુદાય ઈષ્ટદેવ ભગવાનશ્રી લક્ષ્મીનારાયણની ઉપાસના કરે છે, તે સંતશ્રી લાલરામજી મહારાજની પ્રેરણા અને સંતશ્રી ઓધવરામજી મહારાજ તેમના શિષ્ય શ્રી દયાલદાસજી મહારાજ અને એ સમયના જ્ઞાતિના આગેવાનોના પુરુષાર્થનું પરિણામ છે.

સંતશ્રી ઓધવરામજી મહારાજને તેના ગુરૂ લાલરામજી પ્રત્યે ઊંડા આદર અને અહોભાવ હતા. એટલે તેમણે તો જીવત પર્યંત પાટીદાર જ્ઞાતિનું ધર્મ જાગૃતિનું કાર્ય કર્યું અને તેમના અનુગામી સંતો દયાલદાસજી, વાલરામજી મહારાજ અને અન્ય સંતોને પણ આ જયોતને જલતી રાખવા જણાવ્યું હતું. તેમણે પોતાના ગુરૂ અને દાદાગુરૂની સ્મૃતિ કાયમ રાખવા હરિદ્વારમાં સ્થપાયેલ આશ્રમનું નામાભિધાન કચ્છી લાલરામેશ્વર આશ્રમ કર્યું. જેમાં કચ્છની સાથે લાલરામ અને ઈશ્વરરામના નામો જોડી દીધા છે.

પ્રેરણામૂર્તિ ઓધવરામજી મહારાજનું જીવન દર્શન

- અબજી વિશ્રામ કાનાણી



સંતશ્રી ઓધવરામજી મહારાજે ગુરૂજીને તેમનું અધુરૂં રહેલું કાર્ય પૂર્ણ કરવાનું વચન આપ્યું અને સંતશ્રી લાલરામજીનું ખિન્ન થઇ ગયેલું મન શાંત થયું અને તેમની જીવન જયોત પરબ્રહ્મમાં વિલિન થઇ ગઇ.

વાંઢાયની ભૂમિને તપોભૂમિ અને તીર્થભૂમિ બનાવનાર હરિહર સંપ્રદાયની સંતપરંપરાના મહાન તપસ્વી બ્રહ્મવેત્તા "બહુજન હિતાય" જેમણે પોતાનું જીવન ઘસી નાંખ્યું એવા મહાન સંતશ્રી ઓધવરામજી મહારાજનો જન્મ વિક્રમ સંવત ૧૯૪૫ના ચૈત્ર સુદ-૯ રામનવમીના પાવન દિને ભાનુશાલી કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ હેમરાજ ભકત અને માતાનું નામ ચાગબાઇ હતું. તેઓ તે સમયે અબડાસા તાલુકાના જખૌ બંદરે નિવાસ કરતા હતા. હેમરાજ ભકતને મળેલા એક બ્રહ્મવેત્તા મહાત્માએ તેની સંતસેવા અને પ્રભુભકિતથી પ્રસન્ન થઇ તેમને ત્યાં એક મહાત્મા પુત્ર પુરૂષ અવતરશે એવા આશીર્વાદ આપેલા.

પૂજય મહારાજશ્રી સમજણા થયા ત્યારથી એમની રીતભાત, રમત પણ જુદા પ્રકારની હતી. મંદિરોમાં દેવદર્શને જવું, કથાવાર્તા થતી હોય તો શાંત ચિત્તે શ્રવણ કરવું અને તેમાંથી યાદ રહ્યું હોય તો તેને પુનરાવર્તિત કરી ફરીફરી બોલ્યા કરવું, અન્ય ને શ્રોતા બનાવી ઉપદેશો આપવા રૂપી બાળચેષ્ટા કરતા.

ખીરસરાના સંતશ્રી શંકરાનંદે બાળક ઓધવરામમાં ભવિષ્યના મહાન સંતના દર્શન કર્યા અને તેને પોતાની સાથે લઇ જઇ આશ્રમાં રાખ્યા. જયાં તેઓ સંત સમાગમનો લાભ લેતા અને સંતસેવા પણ કરતા. આશ્રમમાં અગ્નિથી દાઝી જવાના અને કૂવામાં પડી જવાના બે જીવલેણ પ્રસંગોમાંથી સંતશ્રી શંકરાનંદના તપોબળના કારણે અને ઈશ્વરે તેમના હાથે ઘણા શુભ ધર્મ કાર્યો કરાવવાના હોવાથી ચમત્કારિક રીતે બચી જવા પામ્યા અને તેઓ આશ્રમમાંથી ઘેર પાછા ફર્યા.

હેમરાજ ભગતે જીવનનાં અંત સમયમાં પોતાની પત્ની ચાગબાઇને બોલાવીને ભલામણ કરતાં કહ્યું હતું કે યોગીરાજના વચન અનુસાર આ બાળકને સંત થવા દેજો, પુત્રભાવ રાખી એને પરણાવશો નહીં. એમ કહી ભકત હેમરાજે પોતાના પ્રાણ છોડયા. સવંત ૧૯૫૯માં મહારાજશ્રી ઓધવરામજી વ્યવસાયાર્થે મુંબઇ ગયા. ત્યાં તેમણે બારદાનનો, મુકદામનો એમ જુદા જુદા વ્યવસાયો પણ કર્યા. મોહમયી મુંબઇ નગરીની મોહિની લાગતાં એક સમયે તેમણે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાનું પણ વિચાર્યું. પરંતુ એક વખત મિત્રો સાથે ફરતાં

ફરતાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્રનું આખ્યાન સાંભળવાનું થયું અને તેમના પૂર્વના સંસ્કારો જાગી ઉઠયા. વિષય-વાસનાને વશ થઇને ઇન્દ્રીય સુખ માટે તેમને બંધનમાં બંધાઇને ઉત્તમ મનુષ્ય અવતાર વેડફી નાખવાનું યોગ્ય ન લાગ્યું. તેમની માતાની પણ મનોમન એ જ ઇચ્છા અને એ જ પ્રાર્થના હતી કે પોતાનો પુત્ર સંસારમાં બંધાઇ ન રહેતા સંસારીઓને બંધનમાંથી મુકત કરનાર સંત બને. યુવાન ઓધવરામજી મુંબઇ નગરીની મોહમાયા છોડી કચ્છ આવ્યા. સંવત ૧૯૬૭ના શ્રાવણ માસમાં દેવધામ હમલાપુરી બાવાશ્રી દેવાસાહેબની ગાદી ઉપર વેદવેદાંત પારંગત પૂર્ણ પ્રતાપી મહંત બાવાશ્રી પૂરણદાસજી બિરાજતા હતા. તેમના ચરણમાં મસ્તક નમાવી કંઠી બંધાવી અને આશ્રમમાં રહી સંતસેવા અને બાવા જે બતાવે તે કામ કરતા. બાવાજીનું પાંડિત્ય એટલું અગાધ હતું કે તેઓશ્રીએ મહારાજશ્રીને શબ્દ રૂપાવલી, ધાતુ રૂપાવલી, સમાસ ચક્ર અને પંચસંધિ સુધીનો અભ્યાસ કરાવ્યો.

બાવા સાહેબ જયાં જતા ત્યાં તેઓ ઉદ્ધવદાસને સાથે લઇ જતા પરંતુ ઉદ્ધવદાસની વૈરાગ્યવૃતિને કારણે મુંબઇમાં બાવા સાહેબના નિવાસ સ્થાન દરમ્યાન આ ભીડવાળું ધમાલિયું જીવન તેમને અનુકૂળ ન આવતાં તેઓશ્રી વિક્રમ સંવત ૧૯૭૦માં ઇશ્વર આશ્રમ વાંઢાય પધાર્યા. જયાં તેમણે ગુરૂ શ્રી લાલરામજી પાસેથી સાધુપદ અને શિષ્યપદની દિક્ષા લઇ "ઓધવરામજી" એવું નામ ધારણ કર્યું. ગુરુ લાલરામજી પાસેથી તેમના વૈરાગ્ય શતકનું જ્ઞાન તો મળ્યું પણ તેમની પાસેથી તેમની સાચા શિષ્ય તરીકેની પાત્રતા જોઇને ગુરુ લાલરામજીએ અંત સમયે તેમના ગુરૂ સંતશ્રી ઇશ્વરરામજી મહારાજ દ્વારા મળેલું આત્મસાક્ષાત્કારનું ગૂઢ જ્ઞાન આપ્યું. વિક્રમ સંવત ૧૯૭૧માં ગુરૂ શ્રી લાલરામજીનું શરીર શાંત થયા બાદ હમલા દ્વારાના ગાદીપતિ સંતશ્રી બાવા પૂરણદાસજીએ ઓધવરામજીને ગાદી માટે યોગ્ય ગણીને પસંદ કર્યા અને વિક્રમ સંવત ૧૯૭૬માં તેઓશ્રીએ તેમના ગુરૂ મહારાજ શ્રી લાલરામજી પાછળ ભંડારો કર્યો અને તે સમયે ચાદર વિધિ થી વાંઢાયની ગાદી સોંપવામાં આવી. પરંતુ મહારાજશ્રીને આશ્રમની જવાબદારીમાં બંધાઇ રહેવા કરતાં. ભ્રમણ કરીને લોકોને જ્ઞાનલાભ કરાવવમાં વધુ રૂચી હતી તેઓ તેમની સાથે બે સંતો વિઠ્ઠલદાસજી અને રામદાસજીને લઇને કચ્છના ગામડાઓમાં લોકસંપર્ક અર્થે નીકળી પડયા. પરંતુ પાછળથી વાંઢાયના દ્વારાની સ્થિતિ અંગે મંજલવાસી સાધ્વી મૈયા તેમજ દ્વારાના સંતોનો સંદેશો આવતાં વાંઢાય પાછા ફર્યા અને આશ્રમની જવાબદારી સંપૂર્ણપણે ઉઠાવી લીધી.

સંતશ્રી ઓધવરામજી સાચા અર્થમાં એક નિઃસ્પૃહિ સંત હતા. તેમને ધનનો લગીરે મોહ નહતો. સેવકો તરફથી મળતું દાન પણ તેઓ સાધુઓની પંગત કરાવવામાં, તેમને દાનદિક્ષણામાં કે પછી ગરીબોને ગુપ્ત રીતે મદદ કરવા જેવા સત્કાર્યોમાં ખર્ચી નાખતાં અને તેમ છતાં ધન બચે તો યજ્ઞ કરાવતા. આવો એક મોટો યજ્ઞ તેઓશ્રીએ સં. ૧૯૯૦માં તે સમયે ૯૦ હજાર કોરીને ખર્ચે કરાવેલો જેમાં દેશ-પરદેશથી આવેલા સાધુ-સંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મહારાજશ્રીને ધર્મ કાર્ય ઉપરાંત સમાજસેવા અને શિક્ષણમાં પણ ઊંડો રસ હતો. તેમણે અગાઉ "સુર્યા" ગુરૂકુળ નિહાળ્યા બાદ એવું જ ગુરૂકુળ કચ્છમાં સ્થાપવાની ઇચ્છા તેમના મનમાં ઘોળાયા કરતી હતી. જેમાં કચ્છના વિદ્યાર્થીઓને વૈદિક જ્ઞાનની સાથે સાથે વ્યવહારિક જ્ઞાન પણ ભણાવવામાં આવે. સં. ૧૯૯૨ના અક્ષય તૃતીયાના

શુભદિને ગુરૂકુળના ખાત્ મુહૂર્તની સાથે મહારાજશ્રીનું આ સ્વપ્ન સાકાર થયું. તેઓશ્રીએ આ ગુરૂકુળનું નામાભિધાન તેમના દાદાગુરૂ ઈશ્વરરામજીના નામ પરથી "શ્રી ઈશ્વરરામજી ગુરૂકુળ" કર્યું અને એક વર્ષના ટૂંકાગાળામાં જ એ ગુરૂકુળના મકાનનું બાંધકામ પૂર્ણ થતાં સવંત ૧૯૯૩ની મહા મહિનાની વસંતપંચમીના શુભદિને તે સમયના કચ્છના નાયબ દીવાન રા. રા. યદુરામ પુરુષોત્તમ ભટ્ટના હાથે ઉદ્દ્ઘાટન થયું અને ગુરૂકુળમાં જ શરૂ કરવામાં આવેલી અંધશાળાનું ઉદ્દ્ઘાટન પણ તે સમયે જ કચ્છના આરોગ્ય અધિકારી ડૉ. જાદવજી હંસરાજના હસ્તે કરવામાં આવ્યું જે સમયમાં કચ્છમાં અંધત્વનું પ્રમાણ સવિશેષ હતું. પણ અંધજનો શિક્ષણ મેળવીને પગભર બની શકે એ કલ્પના પણ લોકો માટે દુષ્કર હતી. તે સમયમાં આ કરૂણામૂર્તિ આવા લોકોના અંધકારભર્યા જીવનને પ્રકાશ પાથરવાનું જે બીડુ ઝડપ્યું તે ખરેખર ક્રાંતિકારી વિચાર જ ગણી શકાય.

કુદરતના ખેલ તો જુઓ મહારાજશ્રીના વ્યસની શિષ્ય જાનકીદાસના બહેકાવામાં આવીને હજુર ફરમાનથી આ સંસ્થાના મકાનોને સીલ કરવામાં જેઓ આવવાના હતા તેઓ જ (રાજયના અમલદારો) વાજતે ગાજતે આ મકાનોનું ઉદ્દ્ઘાટન કરવા આવ્યા. જાણે આશ્રમને "સીલ" કરવાનો હુકમ કરેલા અપરાધની મૂક ક્ષમાયાચના હતી. ગુરૂકુળના મકાનોનું કામ પુરૂં થતાં મહારાજશ્રીના મુંબઈના સેવકો વરસી પડયા. એમણે ગુરૂકુળમાં સેવકો માટે નિવાસગૃહ, પરિવારગૃહ, ભોજનશાળા, દવાખાનું, અતિથિગૃહ, વ્યાયામશાળા ઈત્યાદિ મકાનો તૈયાર કરાવ્યા.

મહારાજશ્રીની કસોટી થવાની જાણે બાકી હોય તેમ સંવત ૧૯૯૬માં કચ્છમાં કારમો દુષ્કાળ ન પડયો. મહારાજશ્રી મૂંગા પશુઓ અને ગાયની વહારે ધાયા. તેમને આ કપરા કાળમાંથી ઉગારી લેવા પશુઓ માટેની ઘાસચારાની વ્યવસ્થા અને ગરીબો માટે અનાજની વ્યવસ્થા માટે તેમણે દાનમાં મળેલું લગભગ બધું જ ધન લુંટાવી દિધુ. ગજા બહારનો ખર્ચ કરીને પણ તેમણે જરૂરિયાતમંદોને મદદ કરી. સં. ૧૯૯૭માં તેઓશ્રી મંજલ આશ્રમમાં બે વર્ષ માટે પ્રભુભજન કરવા એકાંતવાસમાં ચાલ્યા ગયા. સંવત ૧૯૯૯ના માગસર માસની સુદ-૪ (તા. ૧૧.૧૨.૪૨) ના રોજ પોતાના એક ગુરૂબંધ સાધુ કેશવદાસને આશ્રમનો વહીવટ સોંપી દીધો. પણ ફાંટાબાજ કુદરત એમને કયાં છોડે એમ હતી ? સાચા સાધુનું કર્તવ્ય હજુ નિભાવવાનું બાકી હોય તેમ, સંવત ૨૦૦૨માં સાધુ કેશવદાસ નિર્વાણ પામ્યા એટલે ગુરૂકુળ આશ્રમનો સઘળો વહીવટ મહારાજશ્રીની કાંધ ઉપર આવી ગયો.

મહારાજશ્રી ઓધવરામજી કોઈ સામાન્ય માણસ નહોતા તેઓ એક ક્રાંતિકારી સંત હતા. પ્રવાહપતિત થાય તેમના એમાંના તેઓ નહોતા. તેઓ તો સામા પ્રવાહે તરનારા મહાપુરુષ હતા. તેમણે તે સમયની હરિજનોની સ્થિતિ જોઈ અને તેનું હૃદય દ્રવિ ઉઠયું. તેઓ શ્રી અસ્પૃશ્યતાને હિંદુ સનાતન ધર્મનું કલંક માનતા હતા અને તે દૂર કરવા તેમણે કમર કસી. સેવકોના વિરોધ વચ્ચે પણ તેમણે ગુરૂકુળમાં જ હરિજન છાત્રાલય શરૂ કરવાનો નિર્ધાર કર્યો અને ધીરે ધીરે સેવકોએ પણ તેમના આ માનવતાવાદી વિચારને સ્વીકાર્યો અને સંવત-૨૦૦૨માં વાંઢાય ગુરૂકુળમાં હરિજન છાત્રાલયની સ્થાપના થઈ. એજ વર્ષે ચૈત્ર સુદ-૯ના શુભ દિને મંજલ (યક્ષ) મુકામે એક વિશાળ વણકર-હરિજન સંમેલન યોજાયું જેમાં ઘણા આગેવાનો અને નેતાઓ હાજર રહ્યા હતા. આ સમેલનમાં ખાસ ઉપસ્થિત

રહેલા પૂ. રવિશંકર મહારાજે તેમના સાચા સંતપણાના ભારોભાર વખાણ કરી તેમને વંદન કર્યા. આ સંમેલનમાં તેમણે હરિજન કુટુંબો સાથે જ સમૂહભોજન લઇ માત્ર વચનથી નહીં પણ વર્તનથી પણ દાખલો બેસાડયો.

ગુજરાતમાંથી પીરાણા પંથ સ્વીકારીને કચ્છમાં નખત્રાણા, માંડવી અને ભુજ પંથકમાં વસેલા કડવા પાટીદારોને શુદ્ધ સનાતન ધર્મ તરફ વાળવા મહારાજશ્રી લાલરામજીએ જેહાદ જગાવી હતી. પોતાનું શરીર જે જ્ઞાતિનું હતું તે જ્ઞાતિ સાચા રાહ પર આવે એવી તેમની અંતરની ઈચ્છા હતી અને અંત સમયે તેમણે તેમના પ્રિય શિષ્ય મહારાજશ્રી ઓધવરામજીને આદેશ પણ કર્યો હતો. ગુરૂ મહારાજનું અધુરુ રહેલું કામ પરિપૂર્ણ કરવા પાટીદારોના ગામડે ગામડે ફરીને સાચો સનાતન ધર્મ શું છે તે ખુબ જ સરળ છતાં હૃદય સોંસરવી ઉતરી જાય તેવી સચોટ વાણીમાં સમજાવતા અને તેનું ધીરે ધીરે પરિણામ આવવા લાગ્યું સૌ પાટીદારો એક જ કુળદેવીની છત્રછાયા નીચે સંગઠિત થઇ શકે એ હેતુથી તેઓશ્રીએ સંવંત - ૨૦૦૦માં વાંઢાયમાં ઉમિયા માતાજીના મંદિરની સ્થાપના કરી અને સંવત - ૨૦૦૩માં તે જ સ્થળે મા ઉમિયાની પાકી મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરાવડાવી. તેમણે પીરાણાપંથ છોડીને સનાતન ધર્મ તરફ વળવા લાગતા પાટીદારોને પોતાના ગામમાં ભગવાનશ્રી લક્ષ્મીનારાયણના મંદિરો બાંધવાની પ્રેરણા આપી અને જયાં જયાં શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો બંધાતા અને તેની પ્રાણપ્રતિષ્ઠા થતી ત્યાં મહારાજશ્રી અચૂક પધરામણી કરતા. તેમણે પાટીદારોમાં કેળવણીનો વ્યાપ વધારવા સાબરકાંઠામાં વિદ્યાર્થી બોર્ડિંગ શરૂ કરવા મદદ કરેલ હતી.

મહારાજશ્રી જેટલા ધર્મપ્રેમી હતા તેટલા જ બલ્કે તેથી વધુ રાષ્ટ્રપ્રેમી હતા. તેમના રોમેરોમમાં રાષ્ટ્રપ્રેમ છલકાતો હતો તેના દર્શન મુંદ્રા ખાતે યોજાયેલી આઝાદીની ચળવળના ભાગરૂપે જબાબદાર રાજયની માંગણી સાથેના અધિવેશનમાં થયા. જયાં તેમણે આ લડતમાં પોતાનું તેમજ પોતાના ગુરૂકુળનું નામ નોંધાવ્યું હતુ. તેમણે પોતાના આશ્રમમાં અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિને તો વેગ આપ્યો જ હતો પણ સાથે સાથે ખાદી ગ્રામઉધોગ, વર્ધા યોજનાની પ્રવૃતિઓ વગેરેને પણ સ્થાન આપ્યું હતુ. તેઓશ્રી આધુનિક પદ્ધતિએ ખેતી કરવાના પણ હિમાયતી હતા. એ માટે તેમણે વાંઢાયમાં ઈશ્વરવાડી શરૂ કરી આધુનિક ખેતીના પ્રત્યક્ષ પ્રયોગો બતાવી આસપાસના ખેડૂતોને પ્રેરણા પૂરી પાડી હતી.

મહારાજશ્રી સં. ૨૦૦૫માં મનની શાંતિ માટે પ્રભુ ભજન માટે હરિદ્વારપધાર્યા અને ત્યાંથી તેમણે ઉત્તર ભારતનાં તીર્થોનું તિર્થાટન કરી વાંઢાય પધાર્યા ત્યારે વયોવૃદ્ધ ગુરૂબંધુ શ્રી રામદાસજીનો અંત સમય નજીક જોતાં તેઓ તેમની સેવામાં લાગી ગયા અને તેમનો દેહ વિલય થતાં ભંડારો કર્યો. એ જ રીતે મંજલમાં મૈયાજીની પણ અંત સમયે સેવા શુશ્રૂષા કરવાનો તેમને લાભ મળ્યો અને તેમણે મૈયાજી ને પણ પરધામ વળાવ્યા બાદ તેમનો પણ ભંડારો કરી શાંતિથી હરિદ્વાર પધાર્યા. જયાં તેમણે સપ્તસરોવરને કાંઠે રમણીય સ્થળ પસંદ કરી એક આશ્રમની સ્થાપના કરી જેનું નામ પોતાના ગુરૂના નામ પરથી "કચ્છી લાલરામેશ્વર આશ્રમ" રાખ્યું આ આશ્રમની સ્થાપના પાછળનો તેમનો ઉદ્દેશ સાધુ-સંતો તેમજ ખાસ કરીને તિર્થાટને નીકળેલા માદરે વતન કચ્છના લોકોને હરિદ્વારમાં રહેવા ઉતારવાની સગવડ મળી રહે તે હતો. આમ દૂર રહે

પણ તેમના હૈયામાં કચ્છ અને કચ્છીઓનું હિત વસેલું જોઇ શકાય છે.

મહારાજશ્રીએ જયાં પાટીદાર, મિસ્ત્રી, આહીર, હરિજન વગેરે જ્ઞાતિઓના કલ્યાણ માટે આંતરડુ બાળીને કાર્ય કર્યું તેમ જે જ્ઞાતિના પિંડથી તેમનું શરીર બંધાયું હતું તે ભાનુશાળી જ્ઞાતિ માટે પણ તેમની છેલ્લી અવસ્થામાં ઘણું ઘણું કર્યું. મુંબઈમાં ઘાટકોપર ખાતે તેમણે ભાનુશાળી જ્ઞાતિની વાડી બાંધવાની પ્રેરણા આપી. એજ રીતે સં. ૧૯૯૧માં માંડવીમાં જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે બોર્ડિંગ પણ શરૂ કરાવી ત્યારપછી તેને પગલે પગલે નલિયા, ભુજ અને જામનગરમાં પણ જ્ઞાતિની બોર્ડિંગો શરૂ થઇ. ભાનુશાલી જ્ઞાતિને એક જ ધર્મછત્ર નીચે લાવી સંગઠિત રાખવાના ઉદ્દેશયથી કુળદેવી હિંગલાજ માતાના મંદિરો બાંધવાની પણ તેઓશ્રીએ પ્રેરણા આપી.

જીવનના અંતિમ દિવસોમાં મહારાજશ્રીની તબિયત ઘણી નાદુરસ્ત રહી, પોતાનો અંત સમય કળી જનાર પુરુષે કચ્છના તમામ સાધુ-સંતોના દર્શન કરવાના શુભ આશયથી એક ઉત્સવ કર્યો જેમાં પધારેલા સૌ સાધુ-સંતોના ચરણસ્પર્શ કર્યા. તેમના અંત સમયે કચ્છના જુદા જુદા ગામોમાંથી મહારાજશ્રીનાં દર્શને આવેલા તેના સેવકો અને ભકતો ઉપસ્થિત હતા. સંવત ૨૦૧૩ના પોષ સુદ ૧૨ (તા. ૧૩/૧/૫૭) રવિવાર ને મકર સંક્રાંતિના દિવસે રાત્રે ૮.૧૫ કલાકે મહારાજશ્રી ઓધવરામજીએ છેલ્લા શ્વાસ લઇ મોક્ષ પ્રાપ્તિ કરી.

મહારાજશ્રીની અંતિમ ઇચ્છા અનુસાર મહારાજશ્રી ઈશ્વરરામજીની સમાધિ નજીક ઈશ્વરેશ્વર મહાદેવના મંદિરની ઉત્તર બાજુ બપોરના બાર વાગ્યે મહારજશ્રીના સ્થૂળ દેહને હજારો અનુયાયીઓની હાજરીમાં સમાધિ આપવામાં આવી અને તેમના પટ્ટ શિષ્ય સંતશ્રી દયાલદાસજી મહારાજે મહારાજશ્રીનો ભદ્રા ઉત્સવ કર્યો. જેમાં જુદી જુદી જ્ઞાતિના પચાસેક હજાર લોકોએ ભાગ લીધો હતો. તા. ૦૭.૦૪.૧૯૫૭ના રોજ મહારાજશ્રીની સમાધિ પર પાનમૂર્તિ તથા ચરણપાદુકા પધરાવવામાં આવી.

કચ્છના આ મહાન સંતનુ જીવન અને કાર્ય આજે પણ અન્ય સાધુ-સંતો તેમજ સમાજસેવકો માટે દીવાદાંડીરૂપ બની રહ્યું છે.

સંતશ્રી ઓધવરામજી મહારાજે તેમના ગુરૂ લાલરામજીને આપેલા વચન મુજબ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સનાતન ધર્મના માર્ગ પર લાવવા જીવન પર્યન્ત અથાગ પરૂષાર્થ કર્યો.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના આદ્યસુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણીએ ધર્મ જાગૃતિનો શંખ ફૂંકીને સૌને જાગૃત કર્યા અને જ્ઞાતિમાં ધાર્મિક ક્ષેત્રે ક્રાંતિકારી પરીવર્તન આવ્યું. જે જ્ઞાતિજનો સમજયા તે જુનો પિરાણા સતપંથ સંપ્રદાય છોડવા લાગ્યા અને સનાતન ધર્મમાં જોડાવવા લાગ્યા. પરંતુ તેમને પુજન અર્ચન માટે ઈષ્ટદેવની જરૂરીયાત જણાઇ. સંતશ્રી ઓધવરામજી મહારાજ લોકોની લાગણી અને માંગણી સમજી ગયા અને તેમણે વિદ્વાનો અને સંતો સાથે પરામર્શ કરી ઈષ્ટદેવ તરીકે સનાતન ધર્મના મૂળ સમા નારાયણ (લક્ષ્મીજી) સાથે સ્વીકારવાનો નિર્ધાર કર્યો અને જેને સૌ જ્ઞાતિજનોએ સહર્ષ વધાવી લીધો અને ગામે ગામ સતપંથ છોડીને સનાતનમાં આવેલા જ્ઞાતિજનોએ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો બાંધવાના શરૂ કર્યા.

કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના પ્રમુખશ્રી રતનશીભાઇ ખીમજી ખેતાણી અને મંત્રીશ્રી નથુભાઇ નાનજી કેસરાણી અને અન્ય

આગેવાનો સાથે સંતશ્રી ઓધવરામજી મહારાજ સનાતન ધર્મ જાગૃતિ માટે ગામે-ગામ જતાં અને સભાઓને સંબોધતા આશ્રમની વ્યવસ્થાને કારણે તેમને વાંઢાય રોકાવવાનું થતું ત્યારે તેમના પટ શિષ્ય દયાલદાસજી મહારાજ સનાતન ધર્મના પ્રચાર - પ્રસાર માટે કચ્છ અને સાબરકાંઠાના ગામોમાં આગેવાનો સાથે ભ્રમણ કરતાં.

ભગવાનશ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે આ બંને સંતોની ઉપસ્થિતિ અને જ્ઞાનપૂર્ણ પ્રવચનો જ્ઞાતિજનોને પ્રેરણા અને પ્રોત્સાહન પુરા પાડતા. સંતશ્રી ઓધવરામજી મહારાજ એવું માનતા કે જેઓ હજુ સનાતન ધર્મમાં નથી આવ્યા તેમને તરછોડવાને બદલે પ્રેમથી સમજાવવા જોઈએ તો ધીરે-ધીરે બધા જ સનાતન ધર્મ તરફ વળશે.

સાબરકાંઠાના ભાઈઓના વિચારોને મૂર્ત સ્વરૂપ આપવા અને જ્ઞાતિને એક નેજા હેઠળ સંગઠિત રાખવા સંતશ્રી ઓધવરામજી મહારાજે ઉધ્ધવ આશ્રમ વાંઢાયમાં કુળદેવી શ્રી ઉમિયા માતાજીનું મંદિર નિર્માણ કરાવ્યું, જે સનાતન ધર્મ જાગૃતિનું કેન્દ્ર સ્થાન બન્યું.

સંત શ્રી ઓધવરામજી મહારાજ સ્પષ્ટપણે માનતા કે ધર્મ જાગૃતિ માટે શિક્ષણ પણ અનિવાર્ય છે. એટલે તેમણે વાંઢાયમાં ગુરૂકુળ શરૂ કરેલું. તેમની પ્રેરણાથીજ સાબરકાંઠામાં ધનસુરા ખાતે સનાતની સમાજે વિદ્યાર્થી છાત્રાલય ઈ.સ. ૧૯૫૪માં બાંધ્યું અને ત્યાર પછી વિદ્યાલય પણ બંધાવ્યું અને તેમના નામ સાથે જ આ વિદ્યાલયને જોડ્યું. તેમને એવી પણ આંતરીક ઈચ્છા હતી કે કચ્છમાં પણ વિદ્યાર્થી છાત્રાલયો બંધાય અને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં શિક્ષણનો વ્યાપ વધે. તેમનું આ સપનું ઈ.સ.૧૯૬૦માં સાકાર થયું. જ્ઞાતિએ નખત્રાણામાં વિશાળ વિદ્યાર્થી ભવનનું નિમાર્ણ કર્યું. પરંતુ તે જોવા તેઓ હયાત નહોતા. પરંતુ તેમની પ્રેરણા તેમના પટ શિષ્ય સંત શ્રી વાલરામજી મહારાજના રૂપમાં જ્ઞાતિજનોને મળતી રહી. સંત શ્રી વાલરામજી મહારાજે પણ તેમના ગુરૂ પૂ. ઓધવરામજી મહારાજનું સનાતન ધર્મ જાગૃતિનું કાર્ય આગળ ધપાવ્યું.

કડવા પાટીદારોનો ઇતિહાસ

ઐતિહાસિક દષ્ટિએ કડવા પાટીદારોની ઉત્પતિ પંજાબમાં હતી. વસવાટ પણ ત્યાં જ વિભિન્ન વિસ્તારોમાં હતો. પરંતુ રાજકીય ઉથલ-પાથલના કારણોને લઇને ત્યાંથી નીકળી ઉત્તર ભારતમાં મથુરા સુધી જ્ઞાતિજનો પ્રર્સયા હતા. એક સમુહ ત્યાંથી માલવા પ્રદેશમાં વસ્યો. કેટલાક મથુરાથી કોટા - મંદસૌર રસ્તે થઇ વડનગર -ઊંઝા નજીકના પ્રદેશમાં વસ્યા. મથુરામાં વસેલા પૈકી કેટલાક ગંગા - જમનાના પટમાં ફળદ્રુપ વિસ્તારોમાં ખેતી વ્યવસાય કરતા-કરતા ઉત્તર ભારતના વિસ્તારોમાં ફેલાતા ગયા.

પંજાબથી સ્થળાંતર કરીને જુદી-જુદી ભૂમીઓમાં સ્થિર થયેલ કુર્મીઓ પોતાના મુળ વતન પંજાબના વિવિધ વિસ્તારો પરત્વે ખૂબ જ મમત્વ ધરાવતા હતા. પરિણામે પોતાનું મુળ વતન ભૂલાઇ ન જાય તેમ જ પોતે કયા વિસ્તારોમાંથી સ્થળાંતર કરી આવેલા છે તે માટે પોતાના સમુહ માટે વિશેષ વિશેષણોનો ઉપયોગ કરવા લાગ્યા હતા. આ રીતે પંજાબના કરડ વિભાગમાંથી આવેલા કુર્મીઓ "કરડવા કુર્મી" અને લેવા વિસ્તારમાંથી આવેલા "લેવા કુર્મી" જેવા વિશેષણો ધારણ કર્યા હતા. કાલાન્તરે આ વિશેષણોનું અપભ્રંશ થઇ "કડવા કણબી"અને "લેઉઆ કણબી" તરીકે અત્યારે પ્રચલિત બન્યા છે.

વિવિધ સ્થળોમાં જઇ વસવાટ કરવાથી બધા સમુહનો એક-બીજા સાથેનો પ્રાચીન સંબંધ ઓછો થતો જાય તે સ્વાભાવિક છે. ઉપરાંત રાજપુત શાસનના અંત પછીના લગભગ છસો વર્ષ સુધીના અવ્યવસ્થિત સમયમાં જુદા-જુદા વિસ્તારોમાં વસતા કુર્મીઓનો અરસ- પરસનો સંબંધ નષ્ટ થઇ ગયો હતો.

આવા સંજોગોમાં ભારતના જુદા-જુદા વિભાગોમાં વસવાટ કરતા કુર્મીઓના આચાર વિચાર અને રીત-રીવાજોમાં પણ ખાસો તફાવત થઇ ગયો હતો. અને તેવા બીજા કારણોને લઇને કુર્મીએ સામાન્ય સંજ્ઞા ને બદલે દેશકાળને લીધે જુદી જુદી પેટા સંજ્ઞાઓ પ્રાપ્ત થતી ગઇ. જેમ કે ઉત્તર ભારતમાં વસવાટ કરતા કુર્મીઓ "કુર્મીક્ષત્રિય" એ સંજ્ઞાથી પ્રચલિત થયા. મહારાષ્ટ્રમાં વસેલા જ્ઞાતિજનોને "મરાઠા કુર્મી"વગેરે વિશેષણો મળ્યાં. માળવાથી આવી ઉત્તર ગુજરાતમાં વસનારા કુર્મીઓમાં વારંવાર સ્થળાંતર થવા છતાં પોતાની અસલ સંજ્ઞા જાળવી રાખી અને પોતે અસલ કયા સ્થાનેથી આવેલા છે તે પરથી અસલ કુર્મીઓ માં કડવા અને લેઉઆ વિશેષણ ઉમેરાયા.

ઊંઝા, નડીયાદ, ખેડા વિસ્તાર પાટીદારોનો ગઢ ગણાતો. માં ઉમિયાના સંતાનો એકંદરે શાંતીથી જીવી રહ્યા હતા. અને તેમનો મુખ્ય વ્યવસાય ખેતીનો હતો. ઇ.સ. ૧૫૨૪માં યમન દેશથી ઘર્મ પ્રચારાર્થે આવેલ ઇમામશાહ બાવાના સંપર્કમાં આવવાથી જ્ઞાતિજનો એમના વિચારો તરફ આકર્ષાયા અને તેના શિષ્ય થઇ પીરાણા સતપંથ ધર્મ સ્વીકાર્યો. આપણા પૂર્વજો પણ ઇમામશાહનો પરચો જોઇ શિષ્ય થયા. તેમને અત્રેની જ્ઞાતિ તરફથી વિટંબણા પડવા માંડી. પીરાણાપંથને કારણે સૈયદ ઇમામશાહની સલાહથી ગુજરાતનો ફળદ્રુપ પ્રદેશ છોડીને દુરના કર્કશ અને ડુંગરીચાળ શુષ્ક એવા કચ્છપ્રદેશમાં લાચારીવશ વસવાટ સ્વીકારવો પડયો. ત્યારથી આપણે કચ્છ કડવા પાટીદાર તરીકે ઓળખાયા.

મોટી વિરાણી ગામનો ઇતિહાસ

રજપુત જાતિનાં વલાંઓએ આ ગામ લગભગ સાડા ચારસો થી પાંચસો વર્ષ પહેલા વસાવ્યું છે. તેમના મુખીયા વિરોજી હતા જેના નામ પરથી આ ગામનું નામ વિરાણી પડયું હોય એમ લાગે છે. કારણ કે શરૂઆતમાં તે "વલાંની વિરાણી" તરીકે ઓળખાતું હતું.

રાજપુત વલાંઓ પર જાડેજા દરબારો ચડી આવ્યા અને વલાંઓને ભગાડયા. પણ જાડેજાઓને પોતાની સત્તા અને સમૃદ્ધિ ટકાવી રાખવા કોઇકનો સહારો જોઇએ જે લગભગ અઢીસો વર્ષ પહેલાં વિ.સં. ૧૮૦૫ માં પાટીદારોએ ઊંઝા વિસ્તારથી આવીને હાલના ગામની ઊગમણી બાજુ બાડા વાળી નદીના કિનારે લાસા નામની ટેકરી પર આવીને વસવાટ કર્યો હતો. તેમને જાડેજા દરબારોએ પોતાની સત્તા જમાવવા અને વિસ્તાર વધારવા જમીનો આપીને ગામમાં વસાવ્યા. દરબારોએ જે જમીનો આપી તેને પાટીદારોએ ગોખરૂ બુટા કરી પોતાનો જીવન વ્યવહાર ચલાવ્યો.

બારભાયાની રાજરમત પ્રમાણે જાડેજા દરબારોએ લગભગ અઢીસો વર્ષ પહેલાં મુંદ્રા તાલુકાના ગજોડ ગામથી બાહુબળના પ્રભાવથી એક દરવાજો ઉપાડી લાવેલા જે આજે પણ દરબાર ગઢમાં સારી હાલતમાં મોજુદ છે.

પહેલાના સમયમાં વિરાણી ગામ કંડાવાળો દ્વારા કહેવાતું જે કંડાનું ઝાડ જુનાકાળથી અત્યારે પણ મોજુદ છે અને વિશાળ કાયા ધરાવે છે. એક વિશાળ તળાવને કિનારે આ કંડાનુ ઝાડ હતું પણ સમયના વહેણે કાળક્રમે ધીમેધીમે તળાવ પૂરાઇ ગયું પણ કંડો હજુ પણ મોજુદ છે અને કંડાના વૃક્ષની આસપાસ સાટી (મુસ્લિમ) પરીવારો વસે છે.

મોટી વિરાણી ગામ તાલુકા મથક નખત્રાણાથી લગભગ ત્રણ કિલો મીટર મુખ્ય સડક ભૂજ-લખપત ધોરી માર્ગથી અંદર આવેલુ ગામ છે, આ ગામ સર્વાંગી વિકાસ પામેલું ગામ છે. તમામ સગવડો ધરાવે છે. રાષ્ટ્રીયકૃત બેંકોમાં "બેંક ઓફ ઇન્ડીયા" શાખા ધરાવે છે. સબ પોસ્ટ ઓફીસ છે. સુસજ્જ ગ્રામ પંચાયત તથા તલાટીની કચેરીઓ છે, બસસ્ટેન્ડની બે ઈમારતો ધરાવે છે. બાળ મંદિર, પ્રાથમિક શાળા તથા હાઇસ્કૂલ વ્યવસ્થિત ચાલે છે. આ બાળ મંદિર અને પ્રાથમિક શાળાનો બાંધકામનો તમામ ખર્ચ ગ્રામજનોએ આપેલ છે અને પછી તે ચલાવવા માટે સરકારીશ્રીને સુપ્રત કરેલ છે. હાઇસ્કૂલનું મકાન ગુજરાત "ખનીજ વિકાસ નિગમ" ના ફંડમાંથી બનાવવામાં આવેલ છે અને તેનો વહીવટ લોક ફાળાથી ગ્રામ વિકાસ મંડળના ભાઇઓ દ્વારા કરવામાં આવે છે. તાલુકા મથક નખત્રાણા તદ્દન નજીક હોતાં નખત્રાણા ટેલીફોન એકસચેંજના જ ટેલીફોન નંબરોથી સંકળાયેલ હોતાં સંદેશા વ્યવહારની તમામ સેવાઓ ઉપલબ્ધ છે. બસ વ્યવહારથી પણ બધી દિશાઓથી જોડાયેલુ છે. ભૂજ-લખપત-ગાંધીધામ નારાયણ સરોવર-જતાવિરા-હાજીપીર-અરલ-દેવીસર-નિરોણા-ભૂજ વગેરે તરફની સીધી બસો મળી શકે છે. ટેક્ષીઓ અને ઓટો રીક્ષા પણ હર વખતે ઉપલબ્ધ હોય છે.

ગામમાં ધાર્મિક જાગૃતિ

સર્વાંગી વિકાસ પામેલ ગામ હોવા છતાં ધર્મનો પ્રભાવ પહેલાથી જ આ ગામ ઉપર ખૂબ રહ્યો છે. જુના વખતથી જ સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુઓ-પ્રચારકો ધર્મ પ્રચાર માટે આવતા રહ્યા છે. ગામમાં એક મોટી ધર્મશાળા આવેલી છે જે સંત શ્રી આભારામજીએ બંધાવેલ છે જે તે સમયે સનાતન ધર્મના પ્રચારનું મુખ્ય સ્ત્રોત હતું. ગામના પ્રમાણમાં આ ગામમાં મંદિરોની સંખ્યા વીસ થવા જાય છે. કચ્છમાં કદાચ એક જ ગામમાં વધુ મંદિરો હોય તેવા ગામોમાં આપણા મોટી વિરાણી ગામનો જ નંબર લાગે એમ છે, તેનું ગૌરવ આપણે લઈ શકીએ છીએ.

સનાતન વૈદિક ધર્મમાં ભગવાન લક્ષ્મીનારાયણ, ભગવાન શંકર પાર્વતી, સીતારામ, રાધાકૃષ્ણ, અંબાજી, ઉમિયાજી, ગાયત્રીમાતા, ગણેશજી વગેરે દેવ દેવીઓની પૂજા અને ઉપાસના છે. સનાતન ધર્મમાં ઈશ્વરના નિર્ગુણ અને સગુણ બન્ને સ્વરૂપો સ્વીકૃત છે. ભગવાન લક્ષ્મીનારાયણ આપણા આદિ-અનાદિ દેવ છે-આપણા આરાધ્ય દેવ છે-આપણા ઈષ્ટ દેવ છે. શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું સ્મરણ કરવાથી જીવનનું કલ્યાણ થાય છે.

શ્રી શંકરાચાર્યજી, શ્રી રામાનુજાચાર્યજી, શ્રી વલ્લભાચાર્યજી, શ્રી સહજાનંદ સ્વામી વિગેરે મહાન આચાર્યો તથા ગોસ્વામી તુલસીદાસજી, સંત કબીર, કચ્છ પ્રદેશના મહાન સંત શ્રી ઓધવરામજી, નરસિંહ મહેતા, મીરાંબાઈ, ગુરૂ નાનકજી વિગેરે સંતો પણ પ્રાચીન સનાતન ધર્મના જ સંરક્ષકો તથા પ્રચારકો અને મહાન વિભૂતિઓ હતા.

જગતના તમામ ધર્મોના ગ્રંથો કોઈ મહાન પુરુષે લખેલા ગ્રંથો છે ત્યારે વેદો તો ભગવાનની વાણી છે. માટે તે ઈશ્વરીય છે અને વેદોને સનાતન ધર્મના તમામ સંપ્રદાયો માન્ય કરે છે. ગીતા, મહાભારત, રામાયણ, શ્રીમદ ભાગવત અને અન્ય ઉપનિષદો વેદોના જ અંગો છે. સનાતન ધર્મ ઋષી મુનીઓ, તપસ્વીઓ, સંતો અને આચાર્યો દ્વારા સંરક્ષિત અને પલિત-પ્રચારિત ધર્મ છે. સનાતન ધર્મમાં પંચદેવો તથા પરબ્રહ્મ પરમાત્માની પૂજા અને ઉપાસના છે.

દરરોજ દિનચર્યાની શરૂઆત ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પ્રાર્થના કરી, દિવસના અંતે ઈષ્ટદેવના મંદિરમાં જઈ દર્શન કરી, પ્રસાદ લઈ દિનચર્યા પૂર્ણ કરવાની ભાવના આપણે કેળવી વ્યવહારમાં મૂકવી જોઈએ.

ભગવાન શીવજી અને માતા ઉમિયાના ભકતો-ઋષિઓના વંશજો કાળક્રમે કુર્મી ઋષિ થયા અને તેમના વંશજો કુર્મી તરીકે ઓળખાવા લાગ્યા. તેમાના બાવન ઋષિઓના વંશજ કાલાન્તરે સ્થળાંતર કરતા-કરતા ગુજરાત પ્રદેશમાં વિ.સં. ૨૧૨માં સિદ્ધપુરથી પાંચ ગાઉ દૂર ઉમાપુર (ઊંઝા) ગામ વસાવ્યું અને વસવાટ કરી ખેતી વ્યવસાય કરવા લાગ્યા. વિ.સં. ૨૩૩ માં ત્યાં એક ઉમિયા માતાનું ભવ્ય મંદિર બંધાવ્યું અને ઉમિયા માતાને પોતાની કુળદેવી તરીકે સ્થાપી પૂજા અર્ચના કરવા લાગ્યા. આમ બાવન ઋષિઓના વંશજોની બાવન

શાખા પ્રચલિત બની. જે મનુષ્ય બની જીવન જીવવા માટે કર્મ કરે છે અને ખેતરમાં પસીનો પાડી બી વાવી કણ ઉત્પન્ન કરે છે તેથી તે કણબી તરીકે ઓળખાવા લાગ્યો, આમ આપણે સૌ કણબી તરીકે પણ જાણીતા બન્યા.

મનુષ્ય મંદિર બનાવે છે, પશુ-પક્ષી-પ્રાણી મંદિર બનાવતાં નથી. પશુ રહેવાનું સ્થાન રચે છે, પક્ષી માળો બનાવે છે, કીડી-મંકોડા દર બનાવે છે. પરંતુ મંદિર કોઇ બનાવતું નથી. પરમાત્માના આવાસરૂપ મંદિર એ માનવનું જાગતિક લક્ષણ છે. પરમાત્માના સુક્ષ્મ અને ગહન બોધ વગર પરમાત્માના આવાસરૂપ મંદિરનું સર્જન શકય નથી. પરંતુ ભારતીય સંસ્કૃતિનાં પ્રતિકો, પ્રક્રિયાઓ અને અન્ય કેટલીય બાબતોમાં જેમ બન્યું છે જો મંત્ર ખોવાઇ જાય અને તંત્ર રહે કે પછી મંદિરનો અર્થ ખોવાઇ જાય અને આકાર રહે, તો તે આકાર સૌને નિરર્થક અને નિરોપયોગી લાગવાનો.

મનુષ્યમાં જેમ જેમ સમજણ વિકસતી ગઇ તેમ તેમ તેની ચેતનામાંથી એક ગુંજતી ધૂન ઊભી થઇ. મનુષ્યને અવિરત અને અપેક્ષા વગર સ્મૃતિદાન, શકિતદાન અને શાંતિદાન દેનાર પરમાત્મારૂપી શકિત પ્રત્યે કૃતધ્નતા પ્રગટ કરવાના સ્થાનનું સર્જન માનવે અપનાવેલ અનેક વિચારધારાઓએ સ્વીકારેલ છે. કોઇએ આ વિશેષ આવાસને મંદિર, તો કોઇ એ મસ્જીદ, કોઇએ ચર્ચ, તો કોઇએ ગુરૂદ્વારા નામો આ સ્થાનને આપેલ છે. પણ બધી જ કલ્પના પાછળ રહસ્યમય વાત એક જ છે-પ્રભુનું નિવાસ સ્થાન.

અહિં એ યાદ રાખીએ કે પરમાત્મા માટે નિવાસની ધારણાએ ક્ષણોમાં ઉદ્‌ભવી જયારે પરમાત્મા એ માત્ર કલ્પનાની વાત નહોતી. પરંતુ અનેક લોકોની અનુભૂતિ હતી અને એ મહાપુરુષોની અનુભૂતિને આધારે જ પરમાત્માના અવતરણ અને તેમના માટે એક વિશેષ આવાસનું સર્જન મંદિર રૂપે થયું હતું.

માનવીની પ્રગતિમાં ધર્મનું એક અનોખું સ્થાન ભારતિય સંસ્કૃતિમાં રહેલું છે. તે અનુસાર મુસ્લિમ રાજસત્તા દરમ્યાન સનાતન હિંદુ ધર્મની સર્વવ્યાપકતાનો ખોટો લાભ લઇ અન્ય ધર્મના આગેવાનોએ બિન હિંદુ ધર્મને અપનાવી કડવા પાટીદાર જ્ઞાતિમાં તેનો પ્રચાર કરી દીધો, જેમાં મોટી વિરાણીગામ પણ બાકાત ન રહ્યું અને વિ.સં. ૧૯૭૦ના શ્રાવણ સુદ-૧૫ના રોજ ગામમાં જયોતિષધામ (ખાનાં) ની સ્થાપના થઇ ગઇ. પરંતુ ઉંડાણથી દ્રષ્ટિ અને અભ્યાસ કરવાથી એવું તારણ નિકળે છે કે આવા ધર્માંતર માટે જવાબદર ફકત બે વસ્તુઓ હોઇ શકે. એક તો તે વખતે આપણા પૂર્વજોની નિરક્ષરતા અને બીજું નિર્ધનતા કે અત્યંત ગરીબાઇના સંજોગો.

વિ.સં. ૧૮૩૨ પહેલાં બધા શુદ્ધ હિંદુ હતા. લગ્ન સંસ્થા બરાબર હતી. ગોર મહારાજ હિંદુ વિધિથી લગ્ન કરાવવા અમદાવાદથી આવતા. પણ વિ.સ. ૧૮૩૨ પછી કચ્છમાં સૈયદો અને કાકાઓનો પીરાણા ધર્મનો પ્રચાર ખૂબ વધી ગયો. તે કાળમાં નખત્રાણાંના ખાનામાં (જયોતિષધામ) બધા ભેગા થયા અને સર્વેને ઇમામશાહ બાવાને માનવાનો આદેશ કરવામાં આવ્યો. કડવા પાટીદારો ઉપર પીરાણા ધર્મને ઠોકી બેસાડવા કેવા કેવા હથકંડા અપનાવ્યા તેનું વર્ણન શ્રી નારાયણ

રામજી લીંબાણીના પુસ્તક "પીરાણા સતપંથની પોલ" અને "કર્તવ્યના પંથે" માં વિગતવાર વર્ણવેલ છે.

ધર્મ ખોટે રસ્તે જઇ રહ્યો છે તે કેટલાક વડીલોને લાગ્યું. પણ તેનો સામનો કઇ રીતે કરવો ? જ્ઞાતિ સુધારણાનો ઝંડો પણ મોટી વિરાણી ગામે જ ઉપાડયો. ગામના વડીલ શ્રી સ્વ. નારાયણજી રામજી લીંબાણીને મુંબઇમાં ખૂબ કડવા અનુભવો થયા પણ જ્ઞાતિ સુધારણાનો ધ્યેય ન છોડયો. તેમણે કેટલાક સાથીદારો બનાવ્યાં. તે વખતે આપણી વસતી કરાંચીમાં ઘણી હતી. કરાંચીમાં આપણા ભાઇઓને સમજાવ્યા, ચર્ચા સભાઓ ભરી છેવટે પ્રથમ જ્ઞાતિ સંમેલન પણ કરાંચીમાં ભર્યું. બીજુ સંમેલન કરાંચીમાં ભર્યુ અને જ્ઞાતિજનોને સાચી સમજણ આપવાના પ્રયત્નો જારી રાખ્યા. અંતે ત્રીજુ સંમેલન મુંબઇમાં ભર્યું આમ, જ્ઞાતિજનોમાં ખૂબ-ખૂબ પ્રચાર કરી ધર્મની સાચી સમજણ આપી.

સ્વ. નારાયણજી રામજી લીંબાણીનું કાર્ય - જ્ઞાતિ સુધારણાનું કાર્ય મોટી વિરાણી ખાતે સ્વ. રતનશી ખીમજી ખેતાણી, સ્વ. નારાયણ શીવજી નાકરાણી (માનાણી), સ્વ. શીવદાસ કાનજી નાકરાણીએ ઉપાડી લીધું હતું. આમની સાથે તે વખતના યુવાનોમાં શ્રી કાનજી ડાયા બાથાણી, શીવગણ લાલજી પટેલ, લધા વિશ્રામ સોમજીયાણી, અરજણ પબા ભાણજીયાણી, ગંગદાસ જેઠા ભાણજીયાણી, લધા વિશ્રામ માનાણી (નાકરાણી), રામજી રાજા માનાણી (નાકરાણી), હિરજી દેવશી માનાણી (નાકરાણી), પચાણ કાનજી માનાણી (નાકરાણી), મુળજીબાપા ખેતાણી (મંદિરની પૂજા કરતા), વિશ્રામ પચાણ અખીયાણી, વાલજી ભીમજી નાકરાણી વગેરેનો સારો સહયોગ મળ્યો હતો. ધર્મ પ્રચારમાં સૌ સાથે જતા અને જ્ઞાતિજનોને પીરાણા ધર્મ ખોટો છે તે સમજાવતા. છેવટે ચોથુ સંમેલન મોટી વિરાણી ખાતે લેવામાં આવ્યું જેના પ્રમુખ શ્રી વાલજી ભીમજી નાકરાણી હતા. ત્યાર પછી સનાતન ધર્મનો પ્રચાર પ્રસાર ખૂબ વધી ગયો પણ છેવટે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનાં મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૮૬ના શ્રાવણ વદ-૬ના દિવસે ખાના (જયોતિષધામ) માં જે એક તરફના અડધા ભાગમાં કરવામાં આવી.આમ સમગ્ર કચ્છમાં કડવા પાટીદારોએ સર્વ પ્રથમ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર મોટી વિરાણી ગામમાં બાંધ્યું. આ મંદિરનો ઇતિહાસ ભવ્ય અને તેજસ્વી છે.

વિ.સં. ૨૦૧૪માં શ્રી કરસન શીવદાસ મુખીની પ્રેરણા અને પ્રયત્નથી "જયોતિષધામ" જે અડધા ભાગમાં ચાલતું હતું તેનો પણ અસ્ત થઇ ગયો અને મોટી વિરાણી પાટીદાર સમાજે ધાર્મિક ક્ષેત્રે પણ એક વિરલ સિદ્ધિ હાંસલ કરી સમગ્ર સમાજના ઇતિહાસમાં મોટી વિરાણી ગામનું નામ સુર્વણ અક્ષરે લખાવ્યું જે સતત આજ સુધી ઝળહળીને અન્યને પ્રેરણા આપતું રહ્યુ છે.

આજથી ૮૫ વર્ષ પહેલાંના વડિલોએ પાટીદાર જ્ઞાતિમાં ધાર્મિક ક્ષેત્રે જાગૃતિ લાવવા જે મહેનત કરી અને તેના પરિપાક રૂપે મોટી વિરાણી ગામ ખાતે પ્રથમ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરની સ્થાપના થઇ ત્યાર પછી તો કચ્છમાં પાટીદાર જ્ઞાતિમાં સમાજ સુધારણાનો જુવાળ ફુટી નીકળ્યો હોય તેમ લાગ્યું અને તેના પરિણામે નખત્રાણા ખાતે શ્રી અખીલ ભારતીય કચ્છ

પાટીદાર સમાજ દ્વારા "પાટીદાર વિદ્યાર્થી ભવન" નું નિર્માણ થયું, કચ્છમાં ગામે ગામ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોની સ્થાપના થવા લાગી. આ માટે આપણા વડિલોએ તન-મન-ધનથી ખૂબ જ મહેનત કરી ગામે ગામ ફરી પ્રચાર કર્યો હતો. આ કાર્યમાં મુખ્ય ફાળો આપણા ગામના વડિલ શ્રી રતનશી ખીમજી ખેતાણીનો હતો.

મોટી વિરાણી ગામના આ પ્રથમ મંદિરમાં પ્રથમ સેવા આપણા પાટીદાર સમાજના ત્રણ શ વડીલોએ આપી હતી. ત્યાર પછી મંદિરની સેવાનું કામ શંભુ મહારાજને સોંપવામાં આવ્યું. શંભુ મહારાજ પછી મંદિરની સેવા-પૂજાનું કામ રતીલાલ મહારાજે કર્યું. ત્યાર પછી જુના મંદિરમાં શ્રી રેવાશંકર મહારાજ અને નવા મંદિરમાં વિઠ્ઠલ મહારાજ સેવા-પૂજા કરતા હાલમાં નવા મંદિરમાં રેવા મહારાજના પુત્ર કમલેશ મહારાજ કરે છે અને જૂના મંદિરમાં આપણી સમાજના વડીલ કરે છે.

વર્તમાન ધાર્મિક જાગૃતિ અભિયાન

આદ્યસુધારક શ્રી નારણયણજીબાપા અને સનાતની સમાજના મૂળ શ્રી રતનશીભાઈ અને આગેવાનો અને સંત શ્રી ઓધવરામજી મહારાજે શરૂ કરેલી ધર્મજાગૃતિની ચળવળ સને ૧૯૬૦ પછી ઠપ થઈ ગઈ હતી કારણ કે કેન્દ્રીય સમાજની સ્થાપના પછી સમાજે માત્ર શિક્ષણ તરફ જ ધ્યાન કેન્દ્રીત કયું હતું સ. ૧૯૬૦ થી ૧૯૯૦ દરમ્યાન કચ્છના ગામોમાં અને સાબરકાંઠામાં સ્વયભું રીતે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો બંધાતાં રહ્યા.

અલબત તે સમયના યુવક સંઘના આગેવાનો એ સનાતની ચળવળનેવેગ આપવાનો પ્રયાસ શરૂ કર્યો તેને કારણે ૧૯૭૭માં જ્ઞાતિના અધિવેશનમાં ધારા ધોરણોના નિયમોમાં અઢારમી કલમ ઉમેરવામાં આવી, જેમાં જ્ઞાતિ જનોને બાહ્ય આચરણ હિન્દુ ધર્મ મુજબના રાખવા જણાવાયુ હતું. જેનો સતપંથ સમાજના અનુયાયીઓએ વિરોધ કર્યો તેને કારણે એટલી જાગૃતિ આવી કે લોકોના મરણ પછી દફન વિધિ કરનાર સંબધીઓની ક્રિયાઓમાં સામેલ થવાનું બંધ કર્યું, એટલું જ નહીં પણ મોટાભાગના સનાતનીઓ એ સતપંથમાં માનતા કુંટુબો સાથે બેટી વ્યવહાર બંધ કર્યો તેને કારણે ઘણા સતપંથ ધર્મના અનુયાયીઓ સનાતન ધર્મમાં આવી ગયા. સને. ૧૯૯૦ સુધીમાં અદાજે ૮૦ થી ૮૫ ટકા જ્ઞાતીજનોએ સનાતન ધર્મ સ્વીકારી લીધો હતો ત્યારપછી સતપંથ સંપ્રદાયમાં સુધારાની પ્રવૃત્તિ શરૂ કરાઇ હિન્દુ હોવાનો ભ્રમ પેદા કરવા તેમણે ધાર્મિક વિધિના બાહ્ય કલેવરમાં સુધારા કર્યા ખરા પણ આંતર કલેવરમાં અમૂલ પરીવર્તન કર્યું નહીં. માત્ર તેમના બાહ્ય દેખાવથી અંજાઈને તેઓ હવે હિન્દુ ધર્મમાં આવી ગયા છે એમ માનીને તેમના સાથેના બંધ પડેલા વ્યવહારો પૂનઃચાલુ કર્યા.

સને ૧૯૯૬માં શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ પ્રચાર સમિતિની વાંઢાય ખાતે રચના થઇ અને ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાયથી પૂ.નારાયણજી રામજી લીંબાંણીની જન્મ ભૂમી વિરાણીસુધીની વિરાટ ધર્મયાત્રા નીકળી અને વીરાણી મોટી રામમંદિર ના મહંત શ્રી શાતિદાસજી મહારાજ તેમાં જોડાયા.

કચ્છ અને કચ્છ બહાર આ સમિતિ દ્વારા સંતોને સાથે રાખીને ધર્મ સભાઓ યોજાઇ. ફરી એકવાર ધર્મજાગૃતી ના કામમાં વેગ આપ્યો. જેના પરીપાક રૂપે અખીલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજની રચના થઇ અને શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનની સ્થાપના થઇ

દેશલપર નજીક હાઇવે પર ૫૦ એકર જમીન પરના વિશાળ પરીસરમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું ભવ્ય મંદીરનું નિમાર્ણ કરવામાં આવ્યું અને કેન્દ્રસ્થાને ગુરૂ ગાદી પર ગોર્વધન પીઠ જગન્નાથપુરી ના જગદગુરૂ શંકરાચાર્યના શુભ હસ્તે વેદોને પ્રસ્થાપિત કરવામાં આવ્યા. ભાવી પેઢીને સનાતન ધર્મના સંસ્કારો સાથેનું અધ્યતન ઢબનું શિક્ષણ મળી રહે તે ઉદેશ થી કેન્દ્રસ્થાનમાં શ્રી લક્ષ્મીનારાયણ વિદ્યાપ્રતિસ્થાન સંચાલીત વિદ્યાલય શરૂ કરવામાં આવ્યું ધર્મમાં પ્રચાર-પ્રસારના હેતુથી કચ્છ અને સમગ્ર ભારતમાં ધર્મજાગૃતી રથ ફરતો કરવામાં આવ્યો છે અને સંતોની ધર્મ સભાઓ યોજાતી રહી છે.

એકવીસમી સદીમાં યુવા પેઢીને સતપંથના ઇતિહાસની બહુ જાણકારી નહોતી તેથી સતપંથના લોકો આ હિંદુ ધર્મ જ છે એવો ભ્રામક-પ્રચાર કરી રહ્યા હતા અને સામાન્ય લોકો તેને સ્વીકારવા લાગ્યા હતા. કેટલાક ભોળા સતપંથ સનાતનીયો પીરાણાના દર્શને જવા લાગ્યા હતા અને સતપંથ દ્વારા આયોજીત શિબિરોમાં પણ જવા લાગ્યા હતા. એવે સમય સનાતનીઓને ઢંઢોળીને જગાડવાની તાતી જરૂર હતી.

એ અણીના સમયે સમાજમાં બે ક્રાતિકારી વિરલાઓએ ધમાકેદાર પ્રવેશ કર્યો અને સૌને હચમચાવીને સફાળા બેઠા કરી દીધા અને દોડતા કરી દીધા એ પ્રખર સનાતની હતા વિરાણીમોટીના શ્રી હિંમતભાઇ રતનશી ખેતાણી અને ખોંભડીના રમેશભાઇ માવજી વાઘડીયા.

રમેશભાઇ બેંગ્લોરમાં સતપંથના ઇતિહાસને ઉજાગર કરતા ચોપાનીયા છપાવ્યા તેને કારણે સતપંથી ઓ એ તેમના પર તેના પિતા પર અને તેમના ૯૮ વર્ષના દાદા પર મારામારીનો ખોટો કેસ કર્યો . રમેશભાઇએ કેન્દ્રીય સમાજમાં ધાં નાખી પણ સમાજે સહકાર આપવાની ના પાડી દીધી ભાઇશ્રી હિંમતભાઇને આ વાતની જાણ થઇ તેમની ભીંતર પડેલા પિતા રતનશીબાપા ના સંસ્કારો જાગી ઉઠયા. તેમને ઇન્ટરનેટ પરથી અને જુના પુસ્તકોમાંથી સતપંથ પીરાણા પંથના ઉદ્‌ભવનો ઇતિહાસ મેળવવાનું શરૂ કર્યું અને મહા મહેનતે આધારભૂત માહીતી એકત્ર કરી જેને અદાલતમાં પડકારી ન શકે એવી સચોટ વિગતો મેળવી સનાતનીઓની સુસુપ્ત અસ્મીતાને જાગૃત કરવાનું અભિયાન આરભ્યું.

હિંમતભાઇએ તેમના ધર્મજાગૃતિ અભિયાનનો પ્રારંભ શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનમાં યોજાયેલી સભામાં જોશીલું વકતત્વ આપીને કર્યું ત્યાં તેમને સારો પ્રતિસાદ મળ્યો લોકોને લાગ્યું કે આજની પેઢીને પીરાણા પંથના ઇતિહાસની જાણકારી આપવી જરૂરી છે.

ધનસુરા ખાતે વિશાળ ચિંતન સભા યોજાઇ તેમાં હિંમતભાઇ ખેતાણી, રમેશભાઇ વાઘડીયા, પ્રેમજી કેશરાણી, અબજીભાઇ કાનાણી અને અન્ય અગ્રણીયોએ પીરાણા પંથની આધારભૂત માહિતી સાથે સતપંથ મુસ્લીમ ધર્મનો જ ભાગ છે એવું ખુલ્લે આમ જાહેર કરતા ખળભળાટ મચી ગયો હિંમતભાઇ તથા તેમની ટીમે ઉભા કરેલા એ વમળો સમગ્ર સમાજમાં ફેલાઇ ગયા.

પછી તો મુંબઇ, કોલકતા, નાગપુર, બેંગ્લોર, ચૈન્નઇ, રાયપુર વગેરે પાટીદાર વસતીવાળા અનેક નાના-મોટા શહેરોમાં અને કચ્છ અને સાબરકાંઠાના ગામોમાં હિંમતભાઇ અને રમેશભાઇની સભાઓ યોજાઇ જેમાં તેમને સાંભળવા માનવ મહેરામણ ઉમટી પડતો આ સભાઓને કારણે યુવાનોમાં ખૂબ જ જાગૃતી આવી. હિંમતભાઇ અને રમેશભાઇની આગેવાની હેઠળ સેંકડો યુવાનો એ કેન્દ્રીય સમાજ સમક્ષ શ્વેત પત્ર બહાર પાડવાની જોરદાર રજૂઆત કરી. કેન્દ્રીય સમાજે ખાસ સામાન્ય સભા બોલાવી શ્વેત પત્ર બહાર પાડયું જેમાં સ્પષ્ટ પણે જણાવવામાં આવ્યું કે કચ્છ કડવા પાટીદાર સમાજ સનાતનીઓ દ્વારા સ્થપાયેલો સમાજ છે તેમાં સતપંથી પીરાણાપંથી ને કોઇ સ્થાન નથી, સતપંથી ઓ એ તેનો વિરોધ કર્યો શ્વેત પત્રોની હોળી કરી. રમેશભાઇની ધરપકડ કરવાનો પ્રયાસ કર્યો. સનાતની આગેવાનો ઉપર પોલીસ કેસ કર્યા પણ હિંમતભાઇ હિંમત ન હાર્યા તેમણે અને રમેશભાઇ એ તેમનું ધર્મ જાગૃતીનું કાર્ય એટલા જ વેગથી ચાલુ રાખ્યું.

મે ૨૦૧૦માં યોજાયેલા જ્ઞાતીના પંચમ અધીવેશનમાં ધારાધોરણની અઢારમી અને ઓગણીસમી કલમો સુધારા વધારા સાથે પસાર કરવામાં આવી એ વખતે સતપંથી સભ્યોએ ખુરશી ઉછાળી ધમાલ મચાવી, સામ સામા પોલીસ કેસ થયા. પણ તે સમયે કેન્દ્રીય સમાજના આગેવાનો શ્વેતપત્રના અમલ કરાવવાની બાબતે મક્કમ રહ્યા જેને પરિણામે કચ્છ અને કચ્છ બહારની સમાજોમાંથી સતપંથી સભ્યોને બહાર કરવામાં આવ્યા. હિંમતભાઇ અને રમેશભાઇએ શરૂ કરેલ અભિયાન હજુ પુરૂં થયેલ નથી હજુ આ દિશામાં ઘણું કરવાનું બાકી છે.

આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ એ છે કે સતપંથી ભાઇઓ સમજે અને સચ્ચાઇને સ્વીકારે અને પીરાણા પંથ છોડીને સનાતની મુખ્ય ધારામાં આવી જાય તો સમાજનું સંગઠન અકબંધ રહી શકે.

૧૨૩	સ્વ. કરમશી મનજી નાકરાણી હ. રામજી કરમશી માનાણી	૧	રાયપુર
૧૨૪	સ્વ. લક્ષ્મીબેન કરમશી નાકરાણી હ. રામજી કરમશી નાકરાણી	૧	રાયપુર

ક્રમ	નામ	તિથિ	ગામ
૧૨૫	સ્વ. પાનબાઇ પૂજા નાકરાણી સ્વ. પુંજા વિરજી નાકરાણી હ. નારણ પૂંજા, ધનજી પૂંજા, માવજી પૂંજા, હરિલાલ પૂંજા નાકરાણી	૧ ૧	રાયપુર
૧૨૬	સ્વ. ચંદુલાલ પ્રભુદાસ ખેતાણી હ. આશાપુરા ટી. માર્ટ	૧	રાયપુર
૧૨૭	સ્વ. દેવકાબેન મેગજી પટેલ (નાકરાણી) હ. લખમશી મેગજી	૧	રાયપુર
૧૨૮	સ્વ. ખીમજી પ્રેમજી બાથાણી હ. રાજલક્ષ્મી સો મીલ	૧	રાયપુર
૧૨૯	શ્રી પ્રેમજી ધનજી સોમજીયાણી હ. જગદિશ ધનજી સોમજીયાણી	૧	રાયપુર
૧૩૦	સ્વ. પ્રેમજી કરશન છાભૈયા સ્વ. માવજી હંસરાજ છાભૈયા હ. કામધેનુ ડેરી	૧	રાયપુર
૧૩૧	સ્વ. મણીબેન દેવશી દિવાણી - કાનજીયાણી હ. ધીરૂભાઇ	૧	કુમારી
૧૩૨	સ્વ. મનજી વિરજી નાયાણી (દિવાણી) હ. પ્રભુદાસ માવજી નાયાણી	૧	કુમારી
૧૩૩	સ્વ. ગોમતીબેન મનજી નાયાણી (દિવાણી) હ. વાલજી મનજી નાયાણી	૧	કુમારી
૧૩૪	સ્વ. માવજી મનજી નાયાણી (દિવાણી) સ્વ.પુરીબેન માવજી નાયાણી હ. ભીમજી મનજી	૧	કુમારી
૧૩૫	ગાયત્રી ટીમ્બર માર્ટ હ. ખેતાભાઇ ધનજી કાનજીયાણી	૧	કુમારી
૧૩૬	ખોડીયાર સ્વીટ માર્ટ હ. કાન્તાબેન ખેતાલાલ કાનજીયાણી	૧	કુમારી
૧૩૭	સ્વ. રતનશી પચાણ માનાણી	૧	વસઇ
૧૩૮	સ્વ. અરજણ શીવગણ પોકાર	૧	વસઇ
૧૩૯	સ્વ. ગોમતીબેન અરજણ પોકાર	૧	વસઇ
૧૪૦	સ્વ. રામજીબેન રામજી પોકાર	૧	વસઇ
૧૪૧	રતનબેન રામજી પોકાર	૧	વસઇ
૧૪૨	દેવશી અરજણ પોકાર	૧	વસઇ
૧૪૩	જસોદાબેન દેવશી પોકાર	૧	વસઇ

ક્રમ	નામ	તિથિ	ગામ
૧૪૪	સ્વ. માતાજી જાનબાઇ લધારામ છાભૈયા	૧	ગુરમેડકલ
૧૪૫	સ્વ. ધનજી નારણ કાનજીયાણી	૧	ગોવા
૧૪૬	સ્વ. વિશ્રામ કરશન ભગત હ. ડાહ્યાભાઇ	૧	ધુલીયા
૧૪૭	સ્વ. લધાભાઇ નારણ કાનજીયાણી હ. જીવરાજ લધા કાનજીયાણી	૧	નાગપુર
૧૪૮	લાલજી હિરજી છાભૈયા હ. જલારામ ટીમ્બર કું.	૧	રાયપુર
૧૪૯	સ્વ. સોમજી મનજી દિવાણી હ. નાનજીભાઇ, હિંમતભાઇ	૧	રાયપુર
૧૫૦	સ્વ. લીલાબેન મનજી રૂડાણી હ. દેવરામભાઇ, છગનભાઇ, રમણિકભાઇ, અમૃતભાઇ	૧	રાયપુર
૧૫૧	સ્વ. હંસરાજ રૈયા દિવાણી હ. કરશન હંસરાજ દિવાણી	૧	રાયપુર
૧૫૨	સ્વ. કાનજી કરશન રામાણી (ખેતાણી) હ. ચંદ્રેશભાઇ	૧	રાયપુર

નોંધ :

સમાજ દ્વારા "અપનાઘર" ગત વર્ષે તા. ૦૮.૧૦.૨૦૧૪ શરદ પૂનમના રોજ, સ્વ. રામજીભાઇ દેવશીભાઇ કાનજીયાણી (દિવાણી) પરિવાર તરફથી સમાજને વગર ભાડે આપવામાં આવેલ તેમાન નિવાસ સ્થાનમાં, ચાલુ કરવામાં આવેલ તે "અપનાઘર" જુન ૨૦૧૫થી વિરાણી સમાજવાડીમાં સ્થળાંતર કરવામાં આવેલ છે. સમાજ આ ઉમદા કાર્ય માટે સ્વ.રામજીભાઇના પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે.

વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણની જાળવણી

પર્યાવરણના જતન માટે સમાજે ક્રાંતિકારી વિચારણા કરી સમાજ દ્વારા નખત્રાણા-વિરાણી રોડ ઉપર આવેલ પ્રવેશ દ્વાર પાસે ખુલ્લી જગ્યામાં વૃક્ષારોપણ કર્યુ તેની માવજત સમાજ દ્વારા કરવામાં આવે છે. તેવી જ રીતે સમાજની જીરાંણાની આસરે પાંચ એકર જમીન સર્વે જ્ઞાતિજનોનો વિશ્વાસ મેળવી સફાઈ કરી અંદાજે ૫૮૦ વૃક્ષો વાવી તેની માવજત સમાજ દ્વારા કરવામાં આવે છે. આ સ્થળને એક રમણીય સ્થળ બનાવવા વૃક્ષ દાતાઓ એ દાન આપી સહયોગ આપેલ છે. આ દાતાઓની યાદી નીચે મુજબ છે.

વૃક્ષારોપણ-દત્તક લીધેલ વૃક્ષોના દાતાશ્રીઓ

ક્રમ	નામ	સંખ્યા	ગામ
૧.	જેન્તીલાલ મગનલાલ ધોળુ પરિવાર	૨	વિરાણીમોટી
૨.	વિઠ્ઠલદાસ ખીમજી પાંચાણી	૨	રાયપૂર
૩.	વિશ્રામ પચાણ રૂડાણી	૨	વિરાણી
૪.	નારણભાઈ ખેતા સોમજીયાણી	૨	હૈદરાબાદ
૫.	વાલજી અબજી વાઘાણી	૧	નાગપુર
૬.	મનસુખલાલ રવજી કાનજીયાણી	૧	નાગપુર
૭.	અબજીભાઈ વિશ્રામ કાનાણી	૫	મુંબઈ
૮.	વાલજી દેવશી કાનાણી	૨	સીરસી
૯.	જયંતીલાલ રતનશી છાભૈયા	૧૦	રાયપુર
૧૦.	મણીલાલ ભીમજી બાથાણી	૩	બેંગ્લોર
૧૧.	હંસરાજ પ્રેમજી દિવાણી	૨	વિરાણીમોટી
૧૨.	વિશ્રામ કરમશી છાભૈયા	૫	રાયપુર
૧૩.	પ્રભુદાસ મુળજી કાનાણી	૫	બેંગ્લોર
૧૪.	જયંતિલાલ મનજી તેજાણી	૫	રાયપુર
૧૫.	ચંદુલાલ લાલજી પોકાર	૨	મંચર
૧૬.	સ્વ. જીવરાજ હંસરાજ સોમજીયાણી	૫	વિરાણીમોટી
૧૭.	નારણ પૂંજા માનાણી	૨	રાયપુર
૧૮.	વાલજી અરજણ મુખી (દિવાણી)	૨	મુંબઈ
૧૯.	શિવદાસ લાલજી ખેતાણી	૫	રાંચી
૨૦.	ભાણજી જેઠાલાલ ખેતાણી	૫	સુરત
૨૧.	ખેતશી શીવદાસ ખેતાણી	૨	રાજકોટ
૨૨.	રામજી દેવશી કાનાણી	૩	નવસારી
૨૩.	કરશન ખીમજી માધાણી	૧	વિરાણીમોટી
૨૪.	મૂળજી અરજણ બાથાણી	૨	નામકલ

ક્રમ	નામ	સંખ્યા	ગામ
૨૫.	પરબત દાના ખીમાણી	૨	રાયપુર
૨૬.	અરજણ રાજા દિવાણી	૧	મુંબઇ
૨૭.	માવજી રાજા દિવાણી	૧	મુંબઇ
૨૮.	મેગજી રાજા દિવાણી	૧	મુંબઇ
૨૯.	દેવજી ધનજી વાલજીયાણી	૧	વિરાણીમોટી
૩૦.	ખીમજી મેઘજી બાથાણી	૩	વિરાણીમોટી
૩૧.	દેવશી લધા મુખી (દિવાણી)	૧	વિરાણીમોટી
૩૨.	મનજી દેવશી દિવાણી	૧	વિરાણીમોટી
૩૩.	નટવરલાલ અરજણ પોકાર	૧	મંચર
૩૪.	મૂળજી રામજી ભાણજીયાણી	૫	બેંગ્લોર
૩૫.	સ્વ. ચંદુલાલ દેવજી ગોગારી પરિવાર	૨	મુંબઇ
૩૬.	કરશન ભાણજી બાથાણી	૨	ઇન્દોર
૩૭.	ધીરજલાલ પ્રેમજી ખીમાણી	૨	કાદિયા
૩૮.	વાલજી હિરજી માનાણી	૧	રાયપુર
૩૯.	ધનજી હિરજી છાભૈયા	૫	રાયપુર
૪૦.	સ્વ. રવિલાલ ધનજી છાભૈયા	૫	રાયપુર
૪૧.	સ્વ. શીવદાસ હિરજી છાભૈયા	૫	રાયપુર
૪૨.	સ્વ. શામજી કરશન માનાણી	૧	વિરાણીમોટી
૪૩.	સ્વ. રામજી નાનજી ખીમાણી	૧	વિરાણીમોટી
૪૪.	રતનશી ખીમજી ભાણજીયાણી	૨	વિરાણીમોટી
૪૫.	દેવજી ખીમજી પાંચાણી	૨	વિરાણીમોટી
૪૬.	સ્વ. શીવજી નથુ ભાણજીયાણી	૧	વિરાણીમોટી
૪૭.	સ્વ. નાનબાઇ શીવજી ભાણજીયાણી	૧	જબલપુર
૪૮.	સ્વ. મીતેષકુમાર રસીકલાલ ભાણજીયાણી	૧	વિરાણીમોટી
૪૯.	સ્વ. નથુભાઇ દાના ભાણજીયાણી	૧	વિરાણીમોટી
૫૦.	સ્વ. કરમશી નથુ ભાણજીયાણી	૧	વિરાણીમોટી
૫૧.	દેવજી ભીમજી સોમજીયાણી		વિરાણીમોટી
૫૨.	માવજી હંસરાજ કાનાણી	૫	વિરાણીમોટી
૫૩.	લધા અરજણ સોમજીયાણી	૨	વિરાણીમોટી
૫૪.	રામજી કરમશી નાકરાણી	૨	રાયપુર
૫૫.	ડાહ્યાલાલ પચાણ માનાણી	૨	વિરાણી
૫૬.	ગીરીશભાઇ અમૃતભાઇ ખેતાણી	૫	અમદાવાદ
૫૭.	વિશ્રામ શીવદાસ તેજાણી	૫	અમદાવાદ
૫૮.	પરસોતમ રામજી માનાણી	૨	વસઇ

ક્રમ	નામ	સંખ્યા	ગામ
૫૯.	સ્વ. ધનજી ભીમજી સોમજીયાણી	૨	ભોપાલ
૬૦.	સ્વ. રતનશી ખીમજી ખેતાણી	૫	મુંબઈ
૬૧.	પરસોતમ રામજી માનાણી	૧	વસઈ
૬૨.	વિશ્રામ ગોપાલ મુખી	૨	વિરાણીમોટી
૬૩.	સ્વ. વેલજી ધનજી કાનજીયાણી	૧	વિરાણીમોટી
૬૪.	સ્વ. ભીમજી હંસરાજ સોમજીયાણી	૨	રખીયાલ
૬૫.	સ્વ. શીવજી મનજી વાલજીયાણી	૧	વિરાણીમોટી
૬૬.	સ્વ. હંસરાજ શીવજી વાલજીયાણી	૧	વિરાણીમોટી
૬૭.	નર્મદાબેન દેવશી દિવાણી	૧	નાગપુર
૬૮.	વરૂડ કચ્છ કડવા પાટીદાર સમાજ	૨	વરૂડ
૬૯.	પ્રભુદાસ નારણ ભાણજીયાણી	૪	વિરાણીમોટી
૭૦.	કચરાભાઈ વાલજી મુખી (દિવાણી)	૨	વિશાખાપટ્ટનમ
	હ. હંસરાજભાઈ		
૭૧.	સ્વ. કરમશી રામજી દિવાણી	૨	અમદાવાદ
	હ. અરજણભાઈ		
૭૨.	સ્વ. વસંત લક્ષ્મીદાસ સોમજીયાણી	૧	મુંબઈ
૭૩.	જયકુમાર લક્ષ્મીદાસ સોમજીયાણી હ. સુશીલાબેન	૧	મુંબઈ
૭૪.	સ્વ. શીવજી લાલજી પાંચાણી	૧	વિરાણીમોટી
૭૫.	સ્વ. લાલજી વિરજી પાંચાણી	૧	વિરાણીમોટી
૭૬.	સ્વ. વિરજી ધનજી પાંચાણી	૧	વિરાણીમોટી
૭૭.	સ્વ. ગંગદાસ વિશ્રામ દિવાણી	૧	સુરત
૭૮.	સ્વ. નાનજી વિશ્રામ દિવાણી	૧	વિરાણીમોટી
૭૯.	સ્વ. રતનબેન મેઘજી ભાણજીયાણી	૧	જબલપુર
૮૦.	નારણ ખેતા કાનાણી	૧	રાજનંદગાવ
૮૧.	લક્ષ્મીબેન નારણ કાનાણી	૧	રાજનંદગાવ
૮૨.	પ્રેમજી ખેતા કાનાણી	૧	વિરાણીમોટી
૮૩.	જશુબાઈ પ્રેમજી કાનાણી	૧	વિરાણીમોટી
૮૪.	સ્વ. ધનજી મેઘજી દિવાણી	૨	કરાડ
૮૫.	પ્રેમજી મેઘજી દિવાણી	૧	પલુસ
૮૬.	સ્વ. રતનશી પચાણ માનાણી	૧	વસઈ
૮૭.	જશુબેન રતનશી માનાણી	૧	વસઈ
૮૮.	મગનલાલ દેવજી વાગાણી (દિવાણી)	૨	રાયપુર
૮૯.	વેલજી ગંગદાસ કાનાણી	૨	વિરાણીમોટી

ક્રમ	નામ	સંખ્યા	ગામ
૯૦.	લલીતકુમાર ગંગદાસ કાનાણી	૨	વિરાણીમોટી
૯૧.	શીવજી ગંગદાસ કાનાણી	૨	વિરાણીમોટી
૯૨.	સ્વ. શીવજી હિરા કાનાણી	૧	વિરાણીમોટી
૯૩.	સ્વ. લખમાબાઈ શીવજી કાનાણી	૧	વિરાણીમોટી
૯૪.	સ્વ. લધા શીવજી કાનાણી	૧	વિરાણીમોટી
૯૫.	માતાજી રતનબાઈ લધા કાનાણી	૧	વિરાણીમોટી
૯૬.	મૂળજી લધા કાનાણી	૧	વિરાણીમોટી
૯૭.	સ્વ. પ્રેમજી ભીમજી લાલજી ધનાણી	૧	વિરાણીમોટી
૯૮.	સ્વ. શામજી ભીમજી લાલજી ધનાણી	૧	વિરાણીમોટી
૯૯.	સ્વ. કરશન પ્રેમજી ભીમજી ધનાણી	૧	વિરાણીમોટી
૧૦૦.	સ્વ. પચાણ પ્રેમજી ભીમજી ધનાણી	૧	વિરાણીમોટી
૧૦૧.	સ્વ. હિરજી પ્રેમજી ભીમજી ધનાણી	૧	વિરાણીમોટી
૧૦૨.	સ્વ. ડાયાભાઈ પચાણ પ્રેમજી ધનાણી	૧	વિરાણીમોટી
૧૦૩.	સ્વ. ખીમજી કરશન પ્રેમજી ધનાણી	૧	વિરાણીમોટી
૧૦૪.	સ્વ. રવજી કરશન પ્રેમજી ધનાણી	૧	વિરાણીમોટી
૧૦૫.	સ્વ. દાનાલાલ ખીમજી કરશન ધનાણી	૧	વિરાણીમોટી
૧૦૬.	સ્વ. ચંદુલાલ ખીમજી કરશન ધનાણી	૧	વિરાણીમોટી
૧૦૭.	સ્વ. પરસોતમ ખીમજી કરશન ધનાણી	૧	વિરાણીમોટી
૧૦૮.	સ્વ. દેવજી દાનાલાલ ખીમજી ધનાણી	૧	વિરાણીમોટી
૧૦૯.	વેલજી નારણ માનાણી	૧	રાયપુર





આરોગ્ય જાગૃતી

નેત્રયજ્ઞ શિબિર

શ્રી રોટરી આઇ ઇન્સ્ટીટ્યુટ - નવસારી તથા શ્રી વિરાણીમોટી કડવા પાટીદાર સનાતન સમાજ આયોજીત નિઃશુલ્ક નેત્રયજ્ઞ કેમ્પોનું આયોજન કરવામાં આવેલ હતું. મૂળ વિરાણી મોટીના હાલમાં અમેરીકા રહેતા ડો. વેલજીભાઇ રામજીભાઇ માનાણીના આર્થિક સહયોગથી તથા તેમના પ્રયત્નોથી વિરાણી મોટી ખાતે છ (૬) જેટલા કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું આ કેમ્પોમાં ૭૮૦ મોતીયાના નિઃશુલ્ક ઓપરેશનો કરવામાં આવેલા હતા. ૬૭૯૦ જેટલા આંખના દર્દીઓની તપાસ કરી યોગ્ય નિદાન કરવામાં આવેલ. જરૂરીયાત મંદ દર્દીઓને રાહત દરે નંબર કાઢીને ચશ્મા આપવામાં આવેલ અને દવાઓ નિઃશુલ્ક આપવામાં આવેલ. હાલમાં આ કેમ્પ નખત્રાણા ખાતે દેવાશિષ હોસ્પીટલમાં દર માસે રાખવામાં આવે છે.

કેન્સર ડીટેકશન કેમ્પ

થોડા સમય પહેલાં શ્રી લક્ષ્મીનારાયણ નૂતન મંદિર રજત જયંતિ મહોત્સવના ભાગરૂપે શ્રી વિરાણી મોટી કડવા પાટીદાર સમાજ, પાટીદાર યુવક મંડળ તથા પાટીદાર મહિલા મંડળના સંયુકત ઉપક્રમે રેડ સ્વસ્તીક સોસાયટી મુંબઇના સહયોગથી પાટીદાર સમાજવાડીમાં કેન્સર તપાસ અને નિદાન કેમ્પ રાખવામાં આવ્યો હતો.

કેન્દ્રીય સમાજની આરોગ્ય સમિતિના કન્વીનર અને રેડ સ્વસ્તીક સોસાયટીના સિનિયર સભ્ય મુંબઇના શ્રી મહેન્દ્રભાઇ જે. સેંઘાણીના વડપણ હેઠળ આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં રાજકોટના રેડીયેશન કેન્સર નિષ્ણાત ડો. વિપુલભાઇ એમ. પટેલ (છાભૈયા) તથા ભુજના ડો. ચંદુલાલ લીંબાણી (ઇ.એન.ટી.) તથા શ્રીમતી ડો. પન્નાબેન રૂડાણી (ગાયનેક) એ પોતાની નિઃશુલ્ક સેવાઓ આપેલ હતી.

આ કેમ્પના પ્રોજેકટ ચેરમેન તરીકે શ્રી સુર્યકાન્તભાઇ પુરુષોત્તમભાઇ ધનાણી રહ્યા હતા. સમાજના પ્રમુખશ્રી અબજીભાઇ અને હોદ્દેદારો તથા યુવક મંડળ તથા મહિલા મંડળના સભ્યો હાજર રહ્યા હતા. યુવક મંડળના પ્રમુખશ્રી પ્રવિણભાઇ અબજીભાઇ દિવાણી તથા મહામંત્રી શ્રી ધનસુખભાઇ દેવજીભાઇ નરસિંગાણીએ ખડે પગે રહીને પોતાની સેવાઓ આપી હતી. યુવક મંડળ તથા મહિલા મંડળના સભ્યોએ સાથ સહકાર આપ્યો હતો.

આ કેમ્પમાં ખૂબ જ મોટી સંખ્યામાં સમાજના ભાઇ-બહેનોએ લાભ લીધો હતો અને કેમ્પને સફળ બનાવ્યો હતો. આનંદની વાત એ હતી કે આ કેમ્પમાં કેન્સરનો એક પણ પોઝીટીવ કેસ જોવા મળ્યો ન હતો. કેમ્પના અંતમાં ડોકટર શ્રીઓનું શાલ ઓઢાડીને હોદ્દેદારો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

બ્લડ ગ્રુપીંગ તથા રકતદાન કેમ્પ

થોડા સમય અગાઉ શ્રી લક્ષ્મીનારાયણ નૂતન મંદિર રજત જંયતિ મહોત્સવ અંતર્ગત શ્રી વિરાણી મોટી કડવા પાટીદાર સનાતન સમાજ, શ્રી પાટીદાર યુવક મંડળ તથા શ્રી પાટીદાર મહિલા મંડળના સહિયારા પ્રયાસથી પાટીદાર સમાજવાડીમાં બ્લડ ગ્રુપીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

નખત્રાણાના શ્રી સોમૈયા ચેરીટેબલ ટ્રસ્ટના માર્ગદર્શન હેઠળ આ કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પમાં ટેકનીશિયન તરીકે શ્રી પિયુષભાઈ સોમૈયા શ્રી દેવેન્દ્રભાઈ સુથાર - નખત્રાણા તથા કુ. પ્રિયંકા લખમશીભાઈ રૈયાણી-નખત્રાણા અને શ્રીમતી વેદાંગી હિમાંશુભાઇ ધનાણી-વિરાણી મોટીએ પોતાની સેવાઓ આપી હતી.

બ્લડ ડોનેશન માટે યુવક મંડળના પ્રમુખશ્રી પ્રવિણભાઇ અબજીભાઇ દિવાણી, મહામંત્રી શ્રી ધનસુખભાઇ દેવજીભાઇ નરસિંગાણી તથા ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ કાંતિભાઇ માનાણીની આગેવાની હેઠળ યુવક મંડળના સભ્યો મોટી સંખ્યામાં ભુજની જીવન જયોત બ્લડબેંકમાં ગયા હતા અને રકતદાન કર્યું હતું. પ્રોજેકટ ચેરમેન તરીકે શ્રી હિમાંશુ સૂર્યકાન્તભાઇ ધનાણી રહ્યા હતા.

યુવક મંડળના સભ્યો જયારે બ્લડની જરૂરીયાત ઉભી થાય છે ત્યારે અવાર નવાર ભુજ બ્લડ બેંકમાં જઇને રકતદાન કરે છે.

વિરાણીમોટી સમાજના ભાઇ-બહેનોને જયારે બ્લડની જરૂર પડે છે ત્યારે ભુજમાં બ્લડ બેંક દ્વારા સરળતાથી બ્લડ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.



ભૂંપક સહાય અંગેની માહિતી

૨૬ જાન્યુઆરી ૨૦૦૧ કચ્છમાં મહાવિનાશક ધરતીકંપ આવેલ જેમાં મકાનોની મહાહાનિ થતાં વિરાણીવાસીઓએ તત્કાલ સભા ભરી નિર્ણય લીધો કે આપણા ગામમાં જેઓના મકાનમાં નુકશાન થયેલ છે અને તેઓની આર્થિક સ્થિતિ બરાબર નથી તેના માટે ભંડોળ એકત્રીત કરવું અને જરૂરીયાતમંદ કુટુંબોને આર્થિક સહાય આપવી કે જેથી તેઓ પોતાના ઘરને વ્યવસ્થિત રહેવા લાયક બનાવી શકે.

ભંડોળ એકત્રીત કરવા માટે દાતાઓ પાસેથી દાનની રકમ લેવામાં આવી. જેમાં રૂા. ૮,૩૦,૦૦૦/- જેવી માતબર રકમ એકત્રીત થઇ. આ રકમની યોગ્ય ફાળવણી માટે સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિ આખા ગામનું જાત નિરીક્ષણ કરી ૬૨ કુટુંબોને મકાન સહાય આપવાનું નક્કી કર્યું અને રૂા. ૮,૩૦,૦૦૦/- જેટલી રકમની આર્થિક મકાન સહાય આપવામાં આવી.

મુંબઇ સમાજ તરફથી બે વર્ષ માટે વગર વ્યાજે રૂા. ૧૩,૦૦,૦૦૦/- મળ્યા. જે રકમ મુંબઇમાં રહેતા વિરાણીવાસી ભાઇઓના અથાગ પ્રયત્નથી લોન મેળવી વિરાણી મોકલાવેલ તેનું વિતરણ મકાન માટે ધિરાણ-૫૩ કુટુંબોને અને ખેડુતોને ધિરાણ-૬૧ કુટુંબને કરવામાં આવ્યું આમ આ ધિરાણનો લાભ ૧૧૪ કુટુંબોએ લીધો અને આ લોનની રકમ સમયસર મુંબઇ પરત કરી દેવામાં આવી હતી.

રાહત દરે ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય તરફથી મળતો સિમેન્ટ મેળવી અત્રે જરૂરિયાત મંદને રાહત દરે વિતરણ વ્યવસ્થા સમાજ દ્વારા કરવામાં આવી.

જરૂરિયાત મંદ કુટુંબોને જરૂરિયાત મુજબ સિમેન્ટના પતરાં પડતર કિંમતે વિતરણની વ્યવસ્થા કરવામાં આવેલ તે અને ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા જે વ્યવસ્થા કરવામાં આવેલ તે પણ ધન્યવાદને પાત્ર છે.

વિરાણીવાસી ભાઇઓ પરદેશમાં જયાં પણ રહે છે ત્યાંથી પોતાના ગામ માટે સહાય આપી ખરેખર માનવતાનો દાખલો પૂરો પાડયો હતો. તે માટે વિરાણી સમાજ બહાર વસતા વિરાણી વાસીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન નૂતન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અનેરા આનંદનો ઉત્સવ

કચ્છમાં કડવા પાટીદાર જ્ઞાતિમાં સૌ પ્રથમ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરની રચના આપણા વિરાણી ગામમાં કચ્છી અષાઢી વર્ષ ૧૯૮૬ માં પાન મૂર્તિની સ્થાપના કરી પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યાર પછી કચ્છમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનાં મંદિરોની ગામે ગામ સ્થાપના થવા લાગી. સમય અને સમૃદ્ધિના સથવારે મંદિરોના નિર્માણમાં ભવ્યતા દેખાવા લાગી. જે નવું મંદિર બને તે પાછળનાં મંદિરો કરતાં ભવ્ય બને. આપણા ગામનું આ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર એક ઐતિહાસિક મહત્વ ધરાવે છે. આપણા ગામના વડીલોએ આ મંદિરની સ્થાપનામાં ખૂન-પસીનો એક કરી અથાગ મહેનત કરી હતી અને ગામવાસીઓને ધાર્મિક પ્રવૃતિ તરફ વાળ્યાં હતાં.

કચ્છ આખામાં મંદિરો બાંધવાની હવા ફરી વળી હતી. તેમાં વિરાણી ગામ પાછળ કેમ રહી જાય. પણ વિરાણી ગામનું શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર ઐતિહાસિક મંદિર છે તેનું શું કરવું? આ મંદિરનો જીર્ણોદ્ધાર કરવો કે નવું બનાવવું તેના વિચારમાં જ વર્ષો લાગ્યાં. અંતે સૌ ગામજનોની તા.૧૪-૫-૮૬ ની સભામાં એક રાયથી જુના મંદિરને સ્મારક તરીકે જાળવી રાખવું અને નવા મંદિર બનાવવા માટેનો વિચાર રજુ થયો. દર વર્ષે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરનો પાટોત્સવ ઉજવવામાં આવે છે તે મુજબ ૨૪/૨૬-૮-૮૬ ના પાટોત્સવની ઉજવણી પ્રસંગે ભેગા થયેલા ગ્રામજનોની સભામાં નવા મંદિર બનાવવા માટેનો વિચાર રજુ થયો અને સૌએ એક મતે વધાવી લીધો. નવા મંદિરના બાંધકામ માટેની પૂર્વ તૈયારીઓ તડામાર ચાલુ કરી દીધી. આજ સભામાં બાંધકામ સમિતિ તથા ફાળા સમિતિની પણ નિમણુંક કરી. જેના નામો આ પુસ્તિકામાં અન્યત્ર આપેલ છે.

નવા મંદિર માટે જગ્યાની શોધ અને તેની વ્યવસ્થા કરવા માટેનાં ચક્રો ગતિમાન થયાં. શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના નવાં મંદિર માટે સમાજવાડીના મુખ્ય દ્વારની સામેનો વાડો ખાલી પડયો હતો. તેના પર પસંદગી ઉતારવામાં આવી. ભગવદ કાર્યમાં મારી જમીન વપરાય છે. તેમ સમજી વાડાવાળા ભાઈઓએ તે વાડો મંદિર બાંધવા માટે યોગ્ય કિંમત લઇ તે આપી દીધો. આ પૂરો પ્લોટ આઠ માલિકો પાસેથી સંપાદિત કરવામાં આવ્યો જેમાં વાટાઘાટાઓ-ચર્ચા વિચારણા અને મૂલ્ય વગેરેના પ્રશ્નોના નિરાકરણે પૂરા ત્રણ વર્ષ લીધાં અને ધર્મપ્રેમી વડિલો એ સ્વપ્નમાં કંઇક થશે તેવા દર્શન કર્યા.

મંદિર માટેની જગ્યા મળી જતાં મંદિરના બાંધકામ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી. પ્રાર્થના હોલ તથા નિજ મંદિરના નક્શા બનાવ્યા. ગામજનોની સમક્ષ રજુ કર્યા અને પાસ કરી બાંધકામની શરૂઆત કરવામાં આવી. તા.૨૩-૧-૮૮ ના રોજ પ્રાર્થના હોલના ખાત મુહુર્તથી શરૂઆત કરવામાં આવી. આ પ્રાર્થના હોલનું ખાતમુહૂર્ત શ્રી માવજી વસ્તા રૂડાણીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર પહેલાં આર.સી.સી.નું બનાવવાનું નક્કી કરવામાં આવેલ હતું પણ કુદરતનો સંકેત કંઇક જુદો જ હતો.જેની ભાવના સારી હોય છે તે કામ પણ સુંદર જ થાય છે. સંજોગોવસાત્ બાંધકામ સમિતિના ભાઇઓ મુંબઇના ભાઇઓ પાસે સલાહ સૂચન લેવા મુંબઇ ગયા ત્યારે સ્વામી શ્રી કૃષ્ણાનંદજી મહારાજની પ્રેરણાથી શ્રી વિનુભાઇ સોમપુરાનો સંપર્ક થયો.સોમપુરા પરિવાર ભારતભરમાં મંદિરો બાંધવાના કામના નિષ્ણાત છે. વિનુભાઇ સોમપુરાની સલાહ થઇ કે નિજ મંદિર પથ્થરનું બનાવવું અને પ્રાર્થના હોલ આર.સી.સી.નો બનાવવો. આ સલાહની મુંબઇ ગયેલા વડિલોએ વિરાણી પરત આવી ગામજનોની સભામાં રજુઆત કરી જેનો સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો.સાથે સાથે આપણા શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરનું બાંધકામ પણ સોમપુરા પરિવારના હસ્તે જ કરાવવું તેવું નક્કી કરવામાં આવ્યું.મંદિર બાંધકામની શરૂઆત નિજ મંદિરના ભૂમિ પૂજન તા.૨૬-૧૧-૮૮ ના રોજ સવારના ૯-૦૫ કલાકે શરૂઆત કરવામાં આવી અને શિલારોપણ વિધિ તા.૧૨-૧૨-૮૮ ના રોજ સવારના ૭-૨૫ કલાકે કરવામાં આવી.

મંદિરના બાંધકામથી લઇને પૂર્ણાહુતી સુધી દરેકે દરેક કામની જાણકારી વખતોવખત ગામજનોની જાહેરસભા લઇ સૌને જાણકારી આપવામાં આવતી હતી. આ જાહેરસભામાં વિરાણી ગામના કચ્છ બહાર રહેતા ભાઇ-બહેનોને પણ બોલાવવામાં આવતાં હતાં. જે કચ્છ બહાર રહેતા ભાઇ-બેહેનો પોતાનાં કામકાજ છોડીને આ ભગવાનના કામમાં સંપૂર્ણ સહકાર આપતાં હતા.

મંદિરનું બાંધકામ સમયબદ્ધ રીતે ચાલી રહ્યું હતુ.મૂર્તિઓ કેવી અને કેટલી રાખવી તેની ચર્ચામાં તા. ૭-૩-૮૯ ની સભામાં મુંબઇથી સ્વ.નારાયણ શીવજી નાકરાણી પરિવારના સભ્યો પધારેલ હતા. તેમણે મંદિરમાં મૂકવામાં આવતી મૂર્તિઓનો ખર્ચ માતાજી હાંસબાઇ નારાયણ તરફથી માતાજી કુંવરબાઇ તથા સ્વ.માવિત્ર નારાયણ શીવજી નાકરાણીના સ્મરણાર્થે આપવાની જાહેરાત કરી. જે સૌએ સહર્ષ વધાવી લીધી.

ઉનાળોએ કચ્છમાં લગ્નસરાની મોસમ છે. આ પ્રસંગે કચ્છ બહાર ધંધા-રોજગાર માટે વસતાં ભાઇ-બહેનો મોટી સંખ્યામાં કચ્છમાં આવે છે.આ નિમિત્તે તા. ૪-૬-૮૯ ના રોજ એક સામાન્ય સભા મળી હતી. જેમાં મંદિરના કાર્યની સમિક્ષા કરવામાં આવી. મંદિરનું કામકાજ લગભગ જન્માષ્ટમી સુધીમાં પુરૂં થઇ જશે તેવો અભિપ્રાય વિનુભાઇ સોમપુરા તરફથી મળ્યો. જેથી આ સભામાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ વિ.સં.૨૦૪૫ શ્રાવણ વદ-૫ ના રોજ રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરનું કામકાજ પુર ઝડપે થઇ રહ્યું હતું. શ્રાવણ વદ-૫ ના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ રાખવાનું નક્કી થઇ ગયું.જેથી આ મહોત્સવની પૂર્વ તૈયારીઓ કરવા માટે કાર્યકરોની એક સભા અષાઢી બીજ તા.૫-૭-૮૯ ના રોજ રાખવામાં આવી. જેમાં કચ્છ બહાર વસતા ભાઇ બહેનોને જાણ કરી અને તમામ કાર્યકરોને ભેગા કરી મહોત્સવની તૈયારીઓની શરૂઆત કરવામાં આવી.

તા.૫-૭-૮૯ની સભામાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અંગેની સૌ કાર્યકરોને જાણ કરવામાં આવી અને આ મહોત્સવને કેમ વધુ સારી રીતે ઉજવી શકાય તે માટેની વિચારણા કરવામાં આવી અને આ સભા બે દિવસ તા.૫-૭-૮૯ તથા તા.૬-૭-૮૯ દિવસ-રાત ચાલી. કાર્યકરો જમવાનું તથા ઉંઘવાનું પણ ભૂલી ગયા હોય તેવું વાતાવરણ સર્જાયું હતું. દરેકના મનમાં મહોત્સવ અદ્‌ભૂત થાય તેવી તાલાવેલી હતી.

મહોત્સવના સમગ્ર કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી. વિવિધ સમિતિઓ બનાવવામાં આવી.(સમિતિના કાર્યકરોના નામ આ સ્મરણીકામાં અન્યત્ર છાપવામાં આવેલા છે.) દરેક સમિતિના સદસ્યોને તેમના કામની સમજ આપવામાં આવી. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ત્રણ દિવસનો તા. ૧૯-૨૦-૨૧ ઓગસ્ટ ૧૯૮૯ સુધી રાખવો તેવું નક્કી કરવામાં આવ્યું. મુખ્ય આચાર્ય માટે હંસરાજભાઇ જોષી-વિથોણવાળાને મળીને નક્કી કરવાનું રાખ્યું.તા.૬-૭-૮૯ના રોજ સવારના જ સમાજના વડિલો વિથોણ ઉપડયા અને શ્રી હંસરાજભાઇ જોષી સાથે વિગતે ચર્ચા કરી તેમની સહમતી લઇ પરત આવ્યા. આ મહોત્સવમાં પધારવા માટે ભારતભરમાં નિમંત્રણ પત્રિકાઓ મોકલવી તે માટે છ હજાર પત્રિકાઓ છપાવવી તેમ નક્કી કર્યું. (પાછળ થી ઓછી પડતાં બે હજાર પત્રિકાઓ વધુ છપાવી) નિમંત્રણ પત્રિકા વિતરણ માટે ભારતભરથી આવેલ વિરાણીવાસી ભાઇઓને જ ઝોન પ્રમાણે પત્રિકાઓ આપવી અને તેઓ પોતાના વિસ્તારમાં પત્રિકાનું વિતરણ કરે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવી.

મહોત્સવની તૈયારીઓ માટે તથા ભૂજના સંપર્ક માટે તેમજ આ મહોત્સવની તૈયારીઓ માટે આવેલા કાર્યકરોની તથા મહોત્સવમાં ભાગ લેવા માટે ભારતભરમાંથી આવનાર જ્ઞાતિજનોની સગવડતા માટે ટેલીફોનનું ટેમ્પરરી કનેક્શન પણ લેવાનું નકકી કરવામાં આવ્યું.

મહોત્સવનું આયોજન ઘણા વિશાળ પાયા પર કરવાનું હોવાથી મંડપ બાંધવા માટેની જગ્યા પણ વિશાળ જોઇએ. જેથી મંડપના ત્રણ વિભાગ કર્યા. (૧) યજ્ઞ મંડપ (૨) સભા મંડપ અને (૩) રસોડું તથા ભોજનાલય મંડપ આમ આ બધું મળીને લગભગ સાઠ હજાર ચોરસ ફુટ મંડપ બાંધવાનું નકકી કરવાનું આવ્યું.

વિરાણી ગામમાં આવું આયોજન પ્રથમ વખત થતું હોવાથી આ મહોત્સવની યાદ હંમેશા રહે તે માટે સ્મૃતિ ચિન્હો બનાવવાનું નકકી કરવવામાં આવ્યું. ચાંદીના સિક્કા ૧૦૦૦ નંગ તથા ૨૦૦૦ નંગ કી-ચેઇન બનાવવાનું નક્કી કરી કામ પણ સોંપાઇ ગયું.મહોત્સવની વ્યવસ્થા જાળવવા તથા કાર્યકરોની ઓળખ માટે બિલ્લા બનાવવાનું પણ નકકી કરવામાં આવ્યું.

ત્યાર પછી મુખ્ય અને મહત્વની રસોડા વિભાગની ચર્ચા-વિચારણા કરવામાં આવી. મહેમાનોની નોંધ કરી તથા દરેક ટાઇમે જમવા આવતા માણસોની નોંધ કરી. દરેક ટાઇમની રસોઇ શું બનાવવી? તે સુદ્ધાં નોંધ કરવામાં આવી અને ઘી તો દેશી જ વાપરવું એવું સર્વાનુમતે નકકી થયું. પણ આટલા મોટા કાર્યક્રમમાં લગભગ પચાસેક ડબ્બા દેશી ઘીની આવશ્યકતા પડશે. કચ્છ બહાર રહેતા ભાઇઓને વિચાર થયો કે આટલું ઘી ભેગું કરવું ક્યાંથી. પણ ડબ્બાની નોંધ ચાલુ કરી કે જોત જોતામાં તો ગામના ભાઇઓએ બધા ડબ્બા

નોંધાવી દીધા. પાછળથી બીજા રહી ગયેલા ગામવાસીઓને જાણ થતાં ડબ્બાની નોંધ લખાવવા આવ્યા જેમને સવિનય ના પાડવી પડી. ભોજન તથા રસોડા મંડપ માટે વિચારણા કરતાં નવા નવા વિકસતા પ્લોટોમાં શ્રી જેઠાભાઇ કાનજીભાઇ પટેલના પ્લોટમાં ભોજન ગ્રહણ કરવા માટે મંડપ બનાવવો તથા બાજુના જ શ્રી કચરાભાઇ વાલજી દિવાણીના પ્લોટમાં રસોડું તૈયાર કરવાનું નક્કી કરવામાં આવ્યું.

તા.૬-૭-૮૯ ના બપોર પછી મહોત્સવની જરૂરી કામકાજનું વિતરણ નીચે મુજબ કરી સૌ ભાઇઓ વિખરાયા.

(૧)પત્રિકા છપાઇ, મંડપ માટે કોટેશન, ચાંદીના સિક્કા તથા ટેલીફોન અરજી-શ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી (ભુજ)

(૨)લાઇટીંગ માટે કોટેશન વગેરે- શ્રી હરીલાલ કરશનભાઇ બાથાણી (ઇન્દોર)

(૩)કિચેન બનાવવામાટે-શ્રી હરીલાલ ધનજીભાઇ અખીયાણી (વડોદરા)

(૪)દરેક પ્રકારના બિલ્લા બનાવવા-શ્રી વાલજીભાઇ અબજીભાઇ વાગાણી (નાગપુર)

આ પ્રમાણે બે દિવસમાં સમગ્ર મહોત્સવની રૂપરેખા તૈયાર કરી નાખી અને સૌ વિખેરાયા પણ મુખ્ય જવાબદારીવાળા કાર્યકરોને ખાસ સૂચના આપવામાં આવી કે તા. ૧-૮-૮૯ થી આ કાર્યમાં લાગી જવાનું છે.કચ્છ બહાર રહેતા કાર્યકરોને ખાસ કહેવામાં આવ્યું.બાકીના કાર્યકરો તા.૧૦-૮-૮૯ થી અચૂક હાજરી આપે તેવી સૂચનાઓ બધાને આપી સૌ વિખેરાયા. કચ્છ બહાર રહેતા કાર્યકરોને ભાગે આવેલ કામમાં તેઓ લાગી ગયા અને કચ્છમાં રહેતા કાર્યકરો પોતાના કાર્યમાં લાગી ગયા.

નવનિર્મિત શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરની વિગતો

(૧) મંદિર સ્થળનું વર્ણન

શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન તથા પરિવાર દેવતાઓનો હાલ જે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો તે લક્ષ્મીનારાયણ મંદિરના વિશાળ પ્લોટમાં ૧૦૫ ફુટ × ૫૦ ફુટમાં મંદિરનું બાંધકામ કરવામાં આવેલ છે. ઉત્તરભાગ ખુલ્લો પ્રાંગણ સ્વરૂપે છે. પશ્ચિમમુખે દ્વારની સામે ગામમાં જતી સડક છે અને તેની સામે જ પાટીદાર સમાજવાડીનું મુખ્ય પ્રવેશદ્વાર આવેલું છે. દક્ષિણ દિશામાં ગામમાં જતી શેરી (સડક) આવેલ છે. પૂરેપરા પ્લોટની ફરતે આકર્ષક દિવાલ બનાવવામાં આવેલ છે. જેના ત્રણ દ્વાર છે. જેથી કોઇપણ રસ્તેથી આવનાર ભાઇ -બહેન મંદિરમાં પ્રવેશી શકે છે.

બાંધકામ કરવામાં આવેલ ભાગના બે ભાગ કરીએ તો એક નિજ મંદિર અને બીજો તેની સાથે જોડાયેલ વિશાળ પ્રાર્થના હોલ છે. (જેનું ચિત્ર આ સ્મરણિકામાં અન્યત્ર આપેલ છે.)

(૨) નિજ મંદિર

શિખર બંધ નિજ મંદિર ૨૪ફુટ × ૨૪ ફુટની ચોરસ જગ્યામાં ૫૨ (બાવન) ફુટ ઉંચુ બાંધવામાં આવેલ છે.જેના ઉપર ધ્વજ દંડ સાડા ત્રણ ઈંચ વ્યાસવાળો પીત્તળનો શિખરની ટોચથી ૧૨ ફુટ ૧ ઈંચ લાંબો ચઢાવવવામાં આવેલ છે. જેની ધજા આકર્ષક કપડામાં ૧૨ફુટ × ૨ફુટ લંબ ચોરસમાં છે.

આ શિખરનુ નક્શીકામ ધાંગધ્રાનાં લાલ પથ્થરમાં શિલ્પકાર શ્રી વિનુભાઇ તથા શ્રી રમણીકભાઇ સોમપુરાના માર્ગદર્શન હેઠળ તમામ શિલ્પકામ રાજસ્થાનના કારીગરો દ્વારા કરવામાં આવેલ છે.અત્રે ઉલ્લેખનીય છે કે આ શિખરના બાધકામમાં ક્યાંય આર.સી.સી.નો ઉપયોગ કરવામાં આવેલ નથી. ફક્ત કોતરકામથી જ આકાર આપવામાં આવેલ છે.કચ્છ જીલ્લામાં આજ સુધીમાં બંધાયેલ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનાં મંદિરોમાં આ બેજોડ મંદિર છે. નિજ મંદિરની અંદરનો ભાગ સંપૂર્ણ મકરાણા (રાજસ્થાન) ના આરસપહાણથી મઢવામાં આવેલ છે.

(3) પ્રાર્થના ખંડ

નિજ મંદિરને સંલગ્ન વિશાળ પ્રાર્થના ખંડ ૬૫ ફુટ × ૬૫ ફુટ ષષ્ટકોણમાં ૨૦ ફુટ ઉંચો બનાવેલ છે. જેની ડિઝાઇન ભોપાલમાં રહેતા વિરાણીવાસી ભાઇશ્રી ભીમજીભાઇ લધાભાઇ અખિયાણીએ બનાવેલ છે. વિશાળ પ્રાર્થના ખંડમાં વચ્ચે કયાંય કોલમ ઉભા કરવામાં આવેલ નથી. આ હોલનું આર.સી.સી.માળખું મુંબઇના પ્રખ્યાત સિવિલ ઇન્જીનીયર શ્રી રામજીભાઇ જે.લીમ્બાણી, દશરડીવાળાના માર્ગદર્શન હેઠળ માનદ સેવાથી બનાવવામાં આવેલ છે. પ્રાર્થના ખંડના ત્રણ દરવાજા છે. જેમાંથી પશ્ચિમ મુખે આવેલ મુખ્ય દરવાજો છે જેને અસલ સાગના લાકડામાંથી શ્રી ડાહ્યાભાઇ અરજણ નાકરાણીના માર્ગદર્શન હેઠળ ગામના જ કારીગરોએ નકશીકામ કરી સ્લાઇડીગ પદ્ધતિવાળો બનાવેલ છે. જેનું માપ ૯ફુટ × ૮ફુટ લંબચોરસ સ્વરૂપે ખૂબ જ વિશિષ્ટતા અને આકર્ષણ ધરાવે છે. પ્રાર્થના હોલના ભોંયતળીયા તથા દિવાલોને પણ આરસપહાણથી સજાવેલ છે. સામેની દિવાલ પર આરસપહાણ ઉપર કોતરકામ કરી આરતી તથા પ્રાર્થનાના શ્લોકો મંદિરની શોભા તથા ધાર્મિક વાતાવરણ ઉભું કરવામાં મહદ અંશે ભાગ ભજવે છે.

(૪) ભગવાનની મૂર્તિઓ

નિજ મંદિરમાં શ્રી નારાયણ ભગવાનની તથા શ્રી લક્ષ્મીજીની અનુક્રમે ૬૩ ઈચ અને ૬૧ ઈચ ઉંચી આરસપહાણની મૂર્તિઓ તથા શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી તથા શ્રી ગરૂડજીની મૂર્તિઓ બિરાજમાન છે. આટલી વિશાળ પૂર્ણ કદ ધરાવતી ભગવાનની મૂર્તિઓ કચ્છમાં અન્ય મંદિરોમાં જવલ્લે જ જોવા મળશે. આ મૂર્તિઓ જયપુર (રાજસ્થાન) માં બનાવવામાં આવેલ છે. નિજ મંદિરના મુખ્ય દ્વાર ઉપર કુળદેવી શ્રી ઉમિયા માતાજીની મૂર્તિ કોતરકામ કરીને બનાવવામાં આવેલ છે. મંદિરની પરિક્રમા આરસપહાણથી સુશોભતિ છે. જેની બન્ને બાજુએ ગોખલામાં લાઉડ-સ્પીકરની ગોઠવણી કરવામાં આવેલ છે.

તા.૧-૮-૮૯થી મહોત્સવનું કાર્યાલય વ્યવસ્થિત ચાલુ થઇ ગયુ અને કચ્છ બહારથી કાર્યકરોનો પ્રવાહ પણ ચાલુ થઇ ગયો.સમય બદ્ધ કામ થઇ રહ્યું હતું. કોઇના પણ કામમાં ઉણપ દેખાતી ન હતી. જેમને જે કામ મળ્યુ તે પુરૂં કરી નાખ્યું. પછી કરશું તેવી વાત જ નહિ. કેટલાક કાર્યકરોના ધ્યાનમાં વાત આવી કે મંદિરની સામે જ સમાજવાડીમાં જ મુખ્ય દ્વારની બાજુમાં એક રૂમ બનાવી નાંખ્યો હોય તો આ રૂમ કાર્યાલય તરીકે વાપરી શકાય. જ્યાંથી સંપૂર્ણ મહોત્સવનું સંચાલન આસાનીથી થઇ શકે. મોવડી મંડળની રજા મળતાં બે દિવસમાં જ રૂમ તૈયાર થઇ ગયો, બારી-દરવાજા

લાગી ગયાં, ચૂનો પોતાઇ ગયો, ટેબલ,ખુરશીઓ કબાટ વગેરે આવી ગયાં અને વિધિવત્ કાર્યાલય પણ શરૂ થઇ ગયું.

તા.૧૦-૮-૮૯ પછી દરેક સમિતિઓ પોતાના ભાગે આવેલ કાર્યમાં લાગી ગઇ. દિવસ દરમ્યાન કરેલ કાર્યોની સમિક્ષા રાત્રે મોવડી મંડળ સામે કરવામાં આવતી અને જરૂરી સૂચનાઓની આપલે કરી બીજે દિવસે પૂર જોશમાં કામે લાગી જતી. છેલ્લા બે દિવસ તો એમ જ લાગ્યું કે સમય થંભી ગયો છે કે શું? સમય જ પસાર થતો ન હતો. કારણ એટલું જ કે દરેક સમિતિએ પોતાનું કાર્ય વ્યવસ્થિત અને સુચારૂ ઢંગથી કર્યું હતું કે વહેલું પતી ગયું.

કચ્છમાં ગામેગામ નિમંત્રણો અપાઇ ગયાં હતાં.સ્વયંસેવકો માટેની નોંધો દરેક ગામેથી આવી ગઇ હતી. આપણા ગામની આસપાસનાં ગામો કે જે આપણી સાથે ભળતાં હતાં ત્યાં સહપરિવાર ને નોંતરાં મહા પ્રસાદ લેવા માટે વ્યવસ્થિત અપાઇ ગયાં હતાં.

દરેક સમિતિએ પોતાનું કાર્ય આટોપી લીધું હતું. સર્વોચ્ચ આયોજન સમિતિના કાર્યકરોની છેવટ સુધીની ફરીયાદ રહી કે અમારે કોઇ ભાગે કામ જ ન આવ્યું. ક્યાંથી આવે? દરેક સમિતિએ સંપૂર્ણ જવાબદારીથી પોતાના ભાગે આવેલું કામ સુંદર રીતે પાર પાડયું હતું. કાર્યાલય ધમધોકાર ચાલવા લાગ્યું હતું. દરેક સમિતિના કાર્યની નોંધ થતી હતી. આવનારા સંતો-મહંતો-મહેમાનો વગેરેનાં નામો નોંધાતાં હતાં. વ્યવસ્થિત પત્રવ્યવહાર-ટેલીફોન વગેરે થઇ રહ્યાં હતાં. દરેક પ્રકારની માહિતિ કાર્યાલયમાં રખાતી હતી. લાઉડ સ્પીકરની વ્યવસ્થા પણ થઇ ગઇ હતી. જેથી કાર્યાલયનું કામ વધુ સરળ થઇ ગયું હતું. ટેલીફોનની વ્યવસ્થા પણ કાર્યાલયમાં થઇ જવાથી કામકાજમાં સરળતા થઇ ગઇ હતી.

ભંડોળ સમિતિ પોતાની રીતે કામ કરી રહી હતી. કચ્છ બહારથી આવતા પ્રતિનિધીઓ પોતે લખાવેલ ફાળો જમા કરાવતા હતા. વ્યવસ્થિત પહોંચો અપાતી હતી.રોજે- રોજનો હિસાબ તૈયાર કરવામાં આવતો હતો. મહોત્સવ શરૂ થતા પહેલાં જ રોકડ ભેટનો પ્રવાહ શરૂ થઇ ગયો હતો. જેના માટે કાર્યાલયમાં જ ભંડોળ સમિતિની એક શાખા ભેટ લેવા માટે શરૂ કરવામાં આવી હતી. મહોત્સવ દરમ્યાન ગુપ્તદાન આપતા દાતાઓ માટે એલ્યુમિનિયમની ઉપરથી કાણાંવાળી ચોરસ પેટીઓની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.જે અલગ અલગ ઠેકાણે ગોઠવવામાં આવી હતી.

આટલા મોટા મહોત્સવની તૈયારીમાં કેટલીય વસ્તુઓની આવશ્યકતા પડે છે. ભોજન માટેનો સામાન હોય કે રસોડામાં જોઇતી વસ્તુઓ કે પુજાવિધિ કે સ્ટેજમાં કે ક્યાંય પણ લાગતી વસ્તુઓ લાવવા માટે પુરવઠા સમિતિ જીણામાં જીણી વસ્તુઓનું લીસ્ટ બનાવી નોંધ કરી સામાન પુરો પાડતી હતી. મહોત્સવ શરૂ થવાથી પહેલાં જ બધો સામાન આવી ગયો હતો અને સ્ટોર સમિતિએ નક્કિ કરેલ સ્ટોરરૂમમાં વ્યવસ્થિત ગોઠવી દીધો હતો. જેથી મહોત્સવ દરમ્યાન ખોટી રીતે પરેશાની ભોગવવી ન પડે અને બધા કાર્યકરો પણ મહોત્સવને આનંદથી માણી શકે તેવું વ્યવસ્થા તંત્ર ગોઠવી દીધુ હતું.

રસોડા વિભાગમાં તો દેશી ઘીની સોડમ ચારેય તરફ રેલાઇ રહી હતી. દેશી લાડુ બનાવવા માટેની

તૈયારીઓ ચાલી રહી હતી. સમાજવાડીની બાજુમાં મેઇન રોડની બીજી બાજુ એક વાડીમાં રસોડું શરૂ કર્યું હતું. રસોડા માટે એક વિશાળ મંડપ બનાવ્યો હતો. દેશી લાડુ માટે ઢોકળાં તૈયાર થઇ રહ્યાં હતાં. જેને કુટી-પીસીને લોટ તૈયાર કરવાની માથાકુટ ઘણી હતી. વડિલોના મગજમાં એક યોજનાએ આકાર લીધો. સમાજવાડીમાં એક ટ્રેકટર લાવી પટ્ટો ચઢાવી હોપ્લર ચાલુ કર્યું અને તેમાં ઢોકળાં નાંખ્યા. ઢોકળાં કુટવાની અને પીસવાની માથાકુટ ઘણી ઓછી થઇ ગઇ અને કામ પણ ઝડપથી થઇ ગયું. બીજી વાનગીઓ બનાવવા માટેની પૂરી તૈયારીઓ થઇ ગઇ. એવી રીતે દરેક કામ વ્યવસ્થીત ગોઠવાઇ ગયું.

ભોજન વ્યવસ્થા સમિતિએ પોતાનું કામ વ્યવસ્થિત ચાલુ કરી દીધું હતું. મહોત્સવની પૂર્વ તૈયારી માટે આવેલ કાર્યકર્તાઓને વ્યવસ્થિત જમાડવા માટેનું તંત્ર બરાબર ગોઠવી દીધું.તથા મહોત્સવના દિવસો દરમ્યાન મહાપ્રસાદ પિરસવા માટેની વ્યવસ્થા પણ નક્કી કરી નાખી અને તેને માટે લાગતાં વાસણો, પત્રાળા તથા દડિયાં વગેરેની યાદી બનાવી પુરવઠા સમિતિને આપી દેવામાં આવી જેથી પુરવઠો સમયસર મળી રહે.

મંડપ તથા લાઇટીંગ સમિતિએ પોતાનું કાર્ય સુચારુ રીતે શરૂ કરી દીધું હતું. યજ્ઞ મંડપ, રસોડા મંડપ,તથા સમાજવાડીમાં સભા મંડપ માટે અલગ-અલગ ત્રણ મંડપ તૈયાર કર્યા હતા. તેમાં સુંદર પ્રકાશ વ્યવસ્થા ગોઠવી દીધી. વિશેષમાં આ મહોત્સવની ઉજવણી જે નિમિત્તે થઇ રહી હતી તે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરને પણ પ્રકાશ વ્યવસ્થાથી ખૂબ સુંદર રીતે સજાવ્યું હતું.

રાત્રે કચ્છના કોઇ ગામડાને બદલે દિલ્હી-મુંબઇ જેવા શહેરમાં ફરતા હોઇએ તેવો આભાસ થતો હતો.

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઘણો જ વિશાળ હોઇ ભાવિકો અને કુતુહલ પ્રેમી જનતાની અવર-જવર ખૂબ વધી ગઇ હતી. તેમાં પણ મહોત્સવના દિવસોમાં ખૂબ ઘસારો રહેવાનો હોવાથી ભોજન વ્યવસ્થા વખતે તેમજ કાર્યક્રમ વખતે પાણી પુરૂં થઇ રહે તે માટે પાણી પુરવઠા સમિતિના કાર્યકરોએ ખૂબજ અદ્દભૂત વ્યવસ્થા ગોઠવી હતી. પાણીના નળની લાઇનો ગોઠવી જે નિરંતર ચાલુ રહેતી. વેસ્ટેજ પાણી ખેતરોમાં મળી રહે તેવી સુંદર વ્યવસ્થા કરી હતી.જેથી પાણીનું એક ટીપું પણ વ્યર્થ જતું ન હતું અને ગંદકી પણ ન થાય.

સ્વયં સેવક સમિતિએ પોતાની રીતે વ્યવસ્થા તંત્ર ગોઠવી દીધું. ગામેગામથી આવતા સ્વયંસેવકોને લેવા માટે તથા પાછા પહોંચાડવા માટે ગામે ગામની યાદીઓ બનાવી વાહન વ્યવહાર સમિતિને સોંપી દીધી. આવનારા બધા જ સ્વયંસેવકો માટે ઉતારાની વ્યવસ્થા ઉતારા સમિતિ સાથે વિચારણા કરી ગોઠવી દીધી. મહોત્સવ દરમ્યાન સામાજીક સંમેલન વખતે કે પૂજા વિધિ સમયે કે રસોડા વિભાગમાં કે અન્ય વ્યવસ્થા માટે કેટલા સ્વયંસેવકોની જરૂર પડશે તેની યાદીઓ તૈયાર કરી. સામૈયાં-સ્વાગત વખતે કે જલયાત્રા-શોભાયાત્રા સમયે સ્વયંસેવકોની ક્યાં અને કેવી રીતે વ્યવસ્થા ગોઠવવી તેની સંપૂર્ણ તૈયારી થઇ ગઇ. ક્યાંય કચાસ રહી ન જાય તેનો પૂરેપૂરો ખ્યાલ રાખવામાં આવ્યો.

મહોત્સવના છેલ્લા આઠ દિવસ તો ગામમાં અવરજવર ખૂબ જ વધી ગઇ હતી. તેમાં પણ રોડ પર

સરસામાનની હેરફેર કરવાની જરૂરી હતી. તેથી ગામવાસીઓએ પોતાની ટ્રકો-ટ્રેકટરો વગેરે જે કોઇ સાધનો હતાં તે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનને ચરણે ધરી દીધાં હતાં અને વાહન વ્યવહાર સમિતિએ પણ તેની સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. પેટ્રોલ-ડીઝલનો ખોટો બગાડ ન થાય અને બધાને સગવડતા પડે તે માટે નખત્રાણા રોડ પર પાર્કિંગની સુંદર વ્યવસ્થા પણ કરી રાખી હતી. કચ્છ બહાર રહેતા ગામવાસીઓ પણ પોતાના સાધનો લઇને આવેલ જે મહોત્સવ પ્રસંગે ભગવાનશ્રીના કામમાં લગાડી દીધાં હતાં.

ગામના આ અદ્દભૂત મહોત્સવને માણવા માટે સૌને નિમંત્રણ તો આપેલ પણ ઘણે દૂરથી આવતા ભાવિકો માટે જમવાની તથા ઉતારાની વ્યવસ્થા પણ જરૂરી હતી. જે ઉતારા સમિતિએ પોતાની કામગીરી સુંદર રીતે પૂર્ણ કરી હતી.ગામની સ્કુલ, નજીકના મકાનો, સમાજવાડીના રૂમો વગેરેમાં સાફ-સફાઇ કરી પાથરણાં વગેરેની સુંદર વ્યવસ્થા કરી રાખી હતી સાથે સાથે પીવાના પાણી વગેરેની સુંદર વ્યવસ્થા પણ કરી રાખી હતી. વ્યવસ્થિત નોંધ કરી ઉતારા અપાતા હતા. ક્યાંય ઉણપ જેવું રહેવા દીધું ન હતું.

દરેક પ્રકારની વ્યવસ્થા થઇ ગઇ હતી પણ ઘણા બધા માણસોનો ભરાવો થાય અને કોઇના આરોગ્યમા કે તબીયતમાં ફરક પડે કે ન કલ્પેલી દુર્ઘટના થાય તો ડોક્ટરી સેવા તરત મળી રહે તે માટે આરોગ્ય સમિતિ પણ ખડે પગે તૈયાર હતી.

મહોત્સવના પંદર દિવસ પહેલાંથી સરસામાનની હેરફેર ચાલુ થઇ ગઇ હતી. ગામના ભાઇ-બહેનો જે કચ્છ બહાર રહે છે. તેઓનો પ્રવાહ પણ ગામ ભણી વહેવો શરૂ થઇ ગયો હતો.જેથી ગામની સંખ્યામાં પણ ઠીક-ઠીક પ્રમાણમાં વધારો થયો હતો. તે સિવાય મહોત્સવ માટે સરસામાન પણ ઘણો લાવવામાં આવ્યો હતો. કોઇને સરસામાન ચોરાઇ જવાની કે અનિચ્છનીય બનાવ બનાવવાની શંકા ન હતી.પણ "ચેતતો નર સદા સુખી" એ ન્યાયે સંરક્ષણ સમિતિએ પણ પોતાની વ્યવસ્થા જડબેસલાક ગોઠવી દીધી હતી. દિવસ-રાત મહોત્સવ સ્થળે તેમજ ગામમાં સતત ચોકી પહેરો ભરી રહ્યા હતા.

છેલ્લે આ મહોત્સવનો પુરેપુરો મદાર ભગવાન શ્રીની મૂતિઓમાં પ્રાણ પૂરવાનું કાર્ય જેમના માથે છે તે યજ્ઞ સમિતિએ ખૂબ અદ્દભૂત વ્યવસ્થા ગોઠવી હતી. મંદિરની ઉત્તર બાજુના મેદાનમાં યજ્ઞ મંડપની વ્યવસ્થા કરી હવન કુંડ બનાવ્યાં હતાં. આજુબાજુ યજમાનોને બેસવા માટેની વ્યવસ્થા ગોઠવી. તે સિવાય ભાવિકો પ્રક્ષકો માટે પણ બેસવાની સુંદર વ્યવસ્થા ગોઠવી દીધી. મંડપને ફુલોથી સુશોભિત કર્યો. મંદિરમાં પૂરી તૈયારીઓ કરી નાંખી. હવે ઇન્તેજારી ફક્ત ગણપતીજીનું પૂજન શરૂ કરવાની જ હતી કયારે સમય થાય અને ગણપતિ પૂજન કરી.મહોત્સવની શરૂઆત કરીએ.

સ્વાગત સમિતિ થોડીક અધીર જણાતી હતી કારણ કે જ્યાં સુધી મહોત્સવ શરૂ નહિ થાય ત્યાં સુધી પૂજનીય સંતો-મહંતો કે મહેમાનો આવશે નહિ. તો સ્વાગત કોનું કરવું? વંદનીય સંતોનાં, સમાજના વડિલોનાં તેમજ ગામેગામથી પધારનારા મહેમાનોના સ્વાગતની બધી જ તૈયારીઓ થઇ ગઇ હતી.

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની આટલી બધી પૂર્વ તૈયારીઓને નિહાળીને ગ્રામજનો કે જેઓ આવડો મોટો કાર્યક્રમ લગભગ પહેલી જ વખત માણી રહ્યાં હતાં અને જેઓ આ ગામના રહેવાસી હોવા છતાં

પણ આજીવિકા માટે વર્ષોથી કચ્છ બહાર રહેતાં હતાં. તેઓએ આ પૂર્વ તૈયારીઓનો છેલ્લો પ્રવેશ જોઈને લગભગ ઘણાખરાના આંખમાં હર્ષનાં આંસુ છલકાતાં જોવામાં આવી રહ્યાં હતાં અને છેલ્લો પ્રવેશ તે મહોત્સવની પૂર્વ સંધ્યાએ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ભગવાનના ચરણે પોતાનાં ભાવ પુષ્પ અર્પણ કરવાની વિધિ. ભગવાને મને જે કંઇ ઐશ્વર્ય આપ્યું છે તેમાંથી ભગવાનના આ કાર્યમાં ભગવાનના ચરણમાં વધુમાં વધુ આપું એ ભાવ રૂપી પુષ્પ તે ચડાવાનો કાર્યક્રમ હતો. ખરેખર ગ્રામજનોએ પોતાના ભાવ પુષ્પો ખરા હૃદયથી અર્પણ કર્યા કે જેને લઇને મહોત્સવનો કુબેર ભંડાર છલકાઇ ગયો.

અહીં એક વાત નોંધવા જેવી છે કે આ નવનિર્મિત મંદિરનું તમામ ખર્ચ ફક્ત વિરાણી ગામના ભાઇ-બહેનોએ જ આપેલ છે. અન્ય કોઇ પણ ગામમાંથી આ કાર્ય માટે ફાળો કરવામાં આવેલ નથી કે ચડાવા પણ લેવામાં આવેલ નથી.

તા.૧૮-૮-૮૯ના બપોર પછી ગામે ગામથી પધારેલા સ્વયંસેવકો જેઓ પોતાની સેવા ભગવાનના ચરણે ધરવા આવ્યા હતા. તેમનું સ્વાગત બેન્ડ-વાજાનાં સૂરો વચ્ચે ખૂબ જ ધામધૂમથી કરવામાં આવ્યું હતું. કોટડા જતી સડકના કિનારે ખાલી પડેલ મેદાનમાં બહાર ગામના સ્વયંસેવકોને એકઠા કરવામાં આવ્યા ત્યારબાદ વિરાણી ગામના યુવકો તેમનું સ્વાગત કરવા બેન્ડવાજા સહિત બસ સ્ટેન્ડ તરફથી થઇ જ્યાં બહાર ગામના સ્વયંસેવકોને ભેગા કરેલ ત્યાં પહોચ્યા બાદ વિધિવત્ તેમનું સ્વાગત કરાયું અને ત્યાંથી સરઘસ આકારે સમાજવાડીમાં સૌ સ્વયંસેવકોને લઇ આવ્યા. સભા મંડપમાં ગામે ગામના કેપ્ટનોનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું અને સભા મંડપમાં આપણી જ્ઞાતીના પ્રથમ બેરીસ્ટર શ્રી વિરેન્દ્રભાઇ શીવદાસભાઇ સોમજીયાણીએ સૌ યુવાનોને સ્વયંસેવકની ફરજો પ્રત્યેનું ઉદ્‌બોધન કર્યું. છેલ્લે સર્વે સ્વયંસેવકોને આ મહોત્સવના કાર્યની રૂપરેખા સમજાવી તથા દરેકના ભાગે આવતા કામની સમજ આપી પોતપોતાના ફાળવેલ ઉતારે મોકલાવ્યા.

બીજે દિવસે તા.૧૯-૮-૮૯ ના સવારથી જ વિધિવત્ કાર્યક્રમ શરૂ થવાની આતુરતામાં અને પૂર્વ તૈયારીઓના કામકાજમાં સૌ લાગ્યા હતા. તેમાં રાત કેમ વીતી ગઇ તે ખબર ન પડી. સવારના ૭-૦૦ વાગ્યાથી જ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના બધા જ યજમાનો તથા આચાર્યો તથા મુખ્ય આચાર્ય શ્રી હંસરાજભાઇ જોષી તૈયાર થઇ આવી ગયા અને મહોત્સવની શરૂઆત કરવામાં આવી. યજ્ઞ મંડપમાં ચહલ-પહલ ખુબ વધી ગઇ. બીજી તરફ મહોત્સવનું કાર્યાલય પૂરજોશમાં કાર્યરત થઇ ગયું. મહેમાનોનું આગમન શરૂ થઇ ગયું. બધાંની વ્યવસ્થિત નોંધ થતી ગઇ અને ઉતારા અપાતા ગયા. રસોડું પુરબહારમાં ધમધમી ઉઠયું. સ્વયંસેવકો ખડેપગે સેવા માટે હાજર થઇ ગયા. ખપ પુરતી જ વાતો કરવાની બાકી યંત્રવત સેવા કર્યે જવું. ગ્રામજનોનો ઉત્સાહ સમાતો ન હતો. બધાયે પોતાના નીજી કામો બંધ રાખી આ મહોત્સવને માણવા હાજર થઇ ગયાં. બપોર સુધી યજ્ઞ મંડપમાં પુજન વિધિનો કાર્યક્રમ ચાલ્યો.બપોરે સૌએ ભોજન ગ્રહણ કરી ફરી પાછું પૂજનવિધિનું કાર્ય યજ્ઞ મંડપમાં ૨-૩૦થી ચાલુ થઇ ગયું. બીજી તરફ આ મહોત્સવમાં ભાગ લેવા માટે જે સંતો-મહંતો પધાર્યા હતા તેમનું વિધિવત્ સ્વાગત- સામૈયું કરવાનું હતું તે માટે ગ્રામજનો તથા મહેમાનો વગેરે બસ-સ્ટેન્ડના ચોગાનમાં ભેગા થયા હતા. સમાજવાડીમાં ગામની

કુમારીકાઓ ગોતીડા લઈ સંતોના સ્વાગત માટે તૈયાર થઈ ગઈ હતી.

સમાજવાડીના મુખ્યદ્વારથી બસસ્ટેન્ડ સુધી માનવ મહેરામણ ઉભરાઈ રહ્યો હતો બપોરના ત્રણ વાગે સમાજવાડીથી ગામના વડિલો તથા સ્વાગત સમિતિના સદસ્યો તથા ગ્રામજનો સરઘસાકારે સંતોના સામૈયાં કરવા ઉપડયા. સમાજવાડીના મુખ્ય દ્વારથી બસસ્ટેન્ડ સુધી રસ્તાની બંને તરફ સ્વયંસેવકો કતારબદ્ધ ગોઠવાઈ ગયા. મોખરે બેન્ડ પાર્ટી મધુર સંગીત વહાવી રહ્યી હતી.ત્યાર પછી કુમારીકાઓ ગોતિડા લઈ ચાલતી હતી.તેના પછી સમાજના વડિલો તથા ગ્રામજનો સંતોના સ્વાગત માટે જઈ રહ્યાં હતાં. બધાં બસસ્ટેન્ડના ચોગાનમાં પહોંચ્યા. સામે જ વિરાણી ગામમાં ઉજવાતા ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારેલ સંતો ઉભા હતા.વડિલોએ સર્વે સંતોનું ઉમળકાભેર સ્વાગત કર્યું અને સંતોને સભા મંડપમાં લઈ આવ્યા અને યોગ્ય આસનો પર બિરાજમાન કર્યા. ત્યાર પછી સમાજના અલગ-અલગ વડિલોએ જુદા-જુદા સંતોના ફુલમાળાથી સ્વાગત કર્યા. સર્વે સંતોએ સમાજને આર્શીવાદ આપ્યા. આ

મહોત્સવમાં પધારેલા સંતો..

૧. શ્રી વાલદાસજી મહારાજ-હરીદ્વારવાળા
૨. શ્રી કૃષ્ણાનંદજી મહારાજ-વલાદવાળા
૩. શ્રી પુરૂષોત્તમદાસજી મહારાજ-વરલીવાળા
૪. શ્રી સરસ્વતી બાપુ-બાણેજ ઘીરવાળા
૫. શ્રી કરસનદાસજી મહારાજ-વાંઢાયવાળા
૬. શ્રી ભાણદાસજી મહારાજ-નિવૃત્તિ આશ્રમ-કુકમા
૭. શ્રી શ્યામદાસજી મહારાજ-કબીરમંદીર,ભુજ
૮. શ્રી વિનુભાઈ ભગત-વિરાણી મોટી
૯. શ્રી શાંતિદાસજી ગુરૂ શ્રી લક્ષ્મીદાસજી-વિરાણી મોટી
૧૦.શ્રી જગજીવનદાસ ગુરૂ તુલસીદાસજી-બિબરવાળા
૧૧. શ્રી દયારામજી ભગત-અરલવાળા

સર્વે સંતોએ આશીર્વાદ આપી દીધા ત્યારે દિવસ આથમવાની તૈયારીમાં હતો. સાંજ ઢળી ચૂકી હતી અને સામૈયાં-સ્વાગતનો કાર્યક્રમ પણ પુરો થયો હતો.સાથે સાથે બીજી તરફ યજ્ઞ મંડપમાં પણ પૂજન વિધિનો કાર્યક્રમ પૂરો થયો હતો. છેલ્લે પ્રસાદ વિતરણ કર્યા પછી પ્રથમ દિવસનો કાર્યક્રમ પૂરો થયો હતો.

રાત્રે ભોજન લીધા બાદ ગાંધીધામથી પધારેલા સ્વાધ્યાયી ભાઈશ્રી દિલિપભાઈએ આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રંસગને અનુરૂપ ચિંતનિકા આપી, પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ શા માટે? આ વિષય ઉપર ભાવિકોને વિગતવાર સમજણ આપી.

બીજે દિવસે વહેલી સવારથી જ પૂજન વિધિનો કાર્યક્રમ શરૂ થઈ ગયો હતો.આજે ભગવાનને સ્નાન કરાવવા માટે લઈ જવાના હતા. તેથી તેની તૈયારીઓ ચાલી રહી હતી. સમાજવાડીમાં બે જીપગાડીને બહુ જ સુંદર રીતે શણગારીને રથનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું. જેમાં ભગવાનની મૂર્તિઓને સ્નાન કરાવવા માટે લઈ જવાની હતી. જલયાત્રાની તૈયારીઓ ચાલી રહી હતી. ઉમંગની હેલી ચડી હોય તેવાં દશ્યો દેખાતાં હતાં. બરાબર સાડા આઠે જળયાત્રાની શરૂઆત કરવામાં આવી. પ્રથમ બેન્ડ પાર્ટી મધુર સંગીતના સુરો રેલાવતી

આગળ ચાલી. ત્યાર પછી ભજન મંડળીના સદસ્યો ધૂન બોલાવતાં ચાલ્યા. ત્યાર પછી કુમારીકાઓ ગોતિડાં લઇને ચાલી. તેના પછી ગ્રામજનો બહેનો તથા ભાઇઓ ચાલ્યા અને તેના પછી ભગવાનના શણગારેલા રથો ચાલ્યા. આમ આ પૂરી જળયાત્રાની બન્ને બાજુ સ્વયંસેવકો કતારબદ્ધ ચાલતા રહ્યાં. સ્વયંસેવકોની વ્યવસ્થા અદ્દભૂત હતી. જલયાત્રા વાજતે-ગાજતે શ્રી રતનશીભાઇ લધાભાઇ સોમજીયાણીની વાડીએ આવી. ભગવાનની મૂર્તિઓને સ્નાન કુંડમાં લઇ જવામાં આવી. સ્નાન વિધિ લગભગ કલાકેક ચાલી તે દરમ્યાન વાડીમાં જ ભાઇ-બહેનોએ રાસની રમઝટ બોલાવી હતી.સ્નાન વિધિ પુરી થયા પછી ભગવાનની મૂર્તિઓને પાછી વાહનોમાં ગોઠવી શોભાયાત્રાની શરૂઆત થઇ. સોમજીયાણીની વાડીએથી શોભાયાત્રા વિરાણી સ્કૂલની સામેના મેદાનમાં આવતાં આવતાં સૌ ભાઇઓ-બહેનો ગુલાલથી રંગાઇ ગયાં હતાં. શોભાયાત્રા પસાર થઇ ગયા પછી રસ્તા પર ભગવાને કંકુ વેર્યુ હોય તેવું દશ્ય લાગતું હતું. સ્કૂલ પાસેથી થઇ શોભાયાત્રા વથાણમાં આવી અને ત્યાંથી ગામમાં બધે જ સ્થળે ફરી-ફરીને જુના મંદિરથી થઇને બપોરના પરત સમાજવાડીમાં આવી જ્યાં સ્વયંસેવકો તથા કાર્યકર્તાઓએ તો ગુલાલથી સ્નાન કર્યુ હોય તેવા ઉમંગનાં દષ્યો નજરે પડતાં હતાં. આ બધા સમય દરમ્યાન જીવંત ફિલ્મ ઉતારવાવાળા તો પોતાનું કાર્ય વ્યવસ્થીત કર્યે જતા હતા પણ ફોટા પાડવાવાળા સામેનું દશ્ય જોઇ એવા તો તલ્લીન થઇ જતા હતા કે ક્યારેક કેમેરાની ચાંપ દબાવવાનું પણ ભૂલી જતા હતા. આવી રીતે જલયાત્રા-શોભાયાત્રાનો કાર્યક્રમ બપોરના પુરો થયો. ગોતિડાવાળી બહેનોએ પોતાના ગોતિડા જે સ્નાન કુંડથી ભરીને સાથે લાવ્યાં હતાં તે યજ્ઞમંડપની ફરતે ગોઠવી દીધા હતા. બપોરના ગ્રામજનો સાથે સંતો-મહંતો તથા આમંત્રીતોએ ભોજન ગ્રહણ કર્યુ હતું. ફરી પાછો બપોરના ૨-૩૦ થી પુજા વિધિ વગેરેનો કાર્યક્રમ યજ્ઞ મંડપમાં સમયસર ચાલુ થઇ ગયો.

બીજી તરફ સમાજવાડીના સભા મંડપમાં દૂર-દૂરથી પધારેલા સમાજના વડિલો તથા અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના આગેવાનોનું એક પછી એક મંચ પર વ્યવસ્થિત બેઠક આપી ફુલહારથી સન્માન કર્યુ. ત્યારબાદ ગામની બાળાઓએ પોતાના મધુર કંઠથી પધારેલ મહેમાનોનું સ્વાગત ગીતથી સ્વાગત કર્યું. ત્યાર પછી પધારેલ મહેમાનો વડિલોએ પોતાના વિચારો રજુ કર્યા અને માર્ગદર્શન આપ્યું. મોડી સાંજે આ મહેમાનોના સ્વાગતનો કાર્યક્રમ પુરો થયો. યજ્ઞમંડપમાં બીજા દિવસના છેવટના કાર્યક્રમ ચાલુ હતા. આરતી કરી પ્રસાદ ગ્રહણ કર્યો અને ભગવાનને શયનાધિવાસ માટેના પાંચ યજમાનો મંદિરમાં ભગવાનને શયન કરાવવા ગયા અને ત્યાંથી બીજા દિવસના કામકાજની પૂર્ણાહુતી થઇ.

બીજે દિવસે તા.૨૦-૮-૧૯૮૯ ની રાત્રે પૂજ્ય સંત શ્રી કૃષ્ણાનંદજી મહારાજનું પ્રવચન રાખેલ. જેમાં ઘણા મોટા પ્રમાણમાં ભાવિક ભક્તોએ લાભ લીધો અને મોડી રાત્રે સૌ નિદ્રાને આધિન થયાં.

તા.૨૧.૮.૧૯૮૯ ના વહેલી સવારના પાંચ વાગે જે યજમાનો આગલા દિવસે ભગવાનને પોઢાડવા માટે ગયા હતા. તેઓ ભગવાનને ઉઠાડવા માટે મંદિરમાં ગયા અને ત્યાંથી ત્રીજા અને છેલ્લા દિવસના કાર્યક્રમની શરૂઆત થઇ.

સવારના ભગવાનને ઉઠાડયા પછી મંદિરનો હવાલો શિલ્પકારને સોંપી યજમાનો યજ્ઞ મંડપમાં

આવી ગયા અને આહુતી આપવાની તૈયારીમાં લાગી ગયા. મંદિરમાં શિલ્પકારે લગભગ અઢી-ત્રણ કલાકમાં મૂર્તિઓનું સ્થાપન તેમની બેઠકો ઉપર વિધિવત કરી લીધું.

ત્યારપછી મંદિર પર કળશ સ્થાપનની વિધિ કરવામાં આવી. કળશ સ્થાપીત થયા પછી જલયાત્રા વખતે ભગવાનને જ્યાં સ્નાન કરાવવામાં આવ્યું હતું ત્યાંથી કુમારીકાઓ જે ગોતિડામાં પાણી ભરીને લાવેલ તે યજ્ઞ મંડપની ફરતે ગોઠવેલા તે જળનો અભીષેક કળશ પર કરવામાં આવ્યો. દૂરથી ઉભા રહીને આ પ્રસંગે મંદિરનું દશ્ય એવું સુંદર લાગતું હતું કે જોનારા તો દિગ્મૂઢ થઇ ગયા હતા. આ કળશ પરના અભિષેક વખતે ભગવાનને લાગ્યું કે મારે પણ અભિષેક કરવો જોઇએ તો ઝરમર વરસાદ પણ ચાલુ થયો જાણે ભગવાન પણ આપણા મંદિર ઉપર વરસાદ રૂપી જળનો અભિષેક કરતા ન હોય અને થોડીવારમાં જ વરસાદ પણ બંધ થઇ ગયો. ત્યાર પછી મંદિર ઉપર ધજા ફરકાવવા માટેનો ધ્વજ દંડ મંદિર ઉપર ફીટ કર્યો અને ધ્વજારોહણના યજમાને મંદિર ઉપર ધ્વજા ફરકાવી.

કળશ સ્થાપન તથા ધ્વજારોહણ પછી બધા યજમાનો મંદિરમાં ભગવાન સામે ગોઠવાઇ ગયાં. ભગવાનને આભૂષણો તથા અલંકારો પહેરાવ્યા પછી પ્રાણ પ્રતિષ્ઠાની વિધિ કરવામાં આવી. બીજી બાજુ સમાજવાડીમાં સવારના પહોરમાં ભગવાનના મંદિર માટે જે કારીગરો-શિલ્પીઓ અને વડીલોએ અથાગ મહેનત કરી હતી. તેમનું સન્માન સમાજવતી કરવામાં આવ્યું હતું. શિલ્પકાર શ્રી વિનુભાઇ સોમપુરા, કોન્ટ્રાક્ટર શ્રી પ્રેમજીભાઇ, ઇન્જીનીયર શ્રી ભીમજીભાઇ અખીયાણી તથા મંદિરના કાર્યમાં વિશેષ યોગદાન આપનાર ભાઇશ્રી માવજી વસ્તા રૂડાણી તથા શ્રી અબજી વિશ્રામ કાનાણીનું સમાજવતી હાર્દિક સન્માન કરવામાં આવ્યું.

યજ્ઞ મંડપમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમ પૂર્ણાહુતિને આરે આવી ગયો હતો. નાળીયેર હોમવાની તૈયારીઓ થઇ રહી હતી. આ પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ નિમિત્તે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવેલું હતું. સમય થવા આવ્યો હતો જેથી વિરાણી ગામના તથા આસપાસના ગ્રામજનો તથા આમંત્રિતો-મહેમાનો વગેરે સૌ મહાપ્રસાદ લેવા રસોડા વિભાગ તરફ રવાના થયા.

ભોજનાલય વિભાગમાં એક પછી એક પંગતો લાગતી હતી. સૌને પ્રેમથી પિરસાતું હતું અને સૌ ભાઇ-બહેનો પ્રેમથી મહાપ્રસાદ આરોગતાં હતાં. પ્રસાદ ગ્રહણ કરી તૃષા છીપાવવા લાઇનસર લગાવેલ નળો ઉપર પાણી પીતા હતાં અને ત્યાંથી છાસ કેન્દ્ર તરફ જતાં હતા.જ્યાં છાસના પ્યાલા તૈયાર રખાતા હતા. તે ગ્રહણ કરી મંદિર તરફ જઇ રહ્યાં હતાં. ભોજનાલય તથા રસોડાનું કામકાજ ખૂબજ વ્યવસ્થિત અને અદ્દભુત હતું. સ્વયંસેવકોનું કાર્ય ખૂબ જ પ્રશંસાને પાત્ર હતું. ભગવાનનો મહાપ્રસાદ વિરાણી ગામના સર્વે ગ્રામજનોએ ગ્રહણ કર્યો હતો.બધી જ જ્ઞાતીના ભાઇ-બહેનો-બાળકો સર્વેએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો. મુસ્લીમ ભાઇ-બહેનોએ પણ પંગતમાં બેસીને મહાપ્રસાદ લીધો હતો.

મહાપ્રસાદ આરોગી સૌ કતારબદ્ધ ભગવાનના દર્શન કરવા માટે મંદિરની સામે ઉભા રહી ગયાં હતાં. ભગવાનનાં દર્શન કરી પ્રસાદ લઇ સૌ પોતપોતાના ઘેર જઇ રહ્યાં હતાં. બહારગામથી પધારેલાં ભાવિકોને વાહન વ્યવહાર સમિતિના ભાઇઓ ઉપલબ્ધ ટ્રકો-ટેક્ષીઓ-ટ્રેક્ટરો-રીક્ષાઓ વગેરેની વ્યવસ્થા કરી સૌને વિદાય આપી રહ્યા

હતા. બધા જ કાર્યક્રમો આટોપાઇ ગયા પછી છેલ્લી સાંજના બહારગામથી પધારેલ સ્વયંસેવકોને વિદાય આપવામાં આવી. સ્વાગત વખતની જેમ જ સભા મંડપમાં વ્યવસ્થીત બેસાડીને શ્રી વિરેન્દ્રભાઇ બેરીસ્ટરે તેઓની સેવાને બીરદાવીને સૌનો આભાર માન્યો. દરેક ગામના મંડળને આ કાર્યક્રમ ની સ્મૃતિ રૂપે ચાંદીના સિક્કા ભેટ આપવામાં આવ્યા અને દરેક ગામના સ્વયંસેવકોને ક્રમવાર એક પછી એક પ્રસાદીના પડિકાં આપતા ગયાં અને જે પ્રમાણે આવ્યા હતા તે જ પ્રમાણે દરેક ને ગામના વાહનોમાં વિદાય કર્યા.સ્વયંસેવકોના વિદાય કાર્યક્રમમાં જ ગામના દરેક વાહન માલિકોને તેમની નિઃશુલ્ક સેવા બદલ ચાંદીના સિક્કા ભેટ આપી આભાર સહિત બહુમાન કરવામાં આવ્યું.

આવી રીતે આ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવનો કાર્યક્રમ મોડી સાંજે પૂરો થયો. મંદિર બન્યું,મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી અને છેલ્લે મંદિર સર્વે દર્શનાર્થીઓ માટે બીજે દિવસે સવારના પહોરમાં આ વિધિના યજમાન શ્રી નાનજીભાઇ બાથાણી, જયપુર (ઓરીસ્સા) વાળાના વરદ હસ્તે મંદિરનું તાળુ ખોલી દર્શન કરવા સૌને માટે મંદિર ખુલ્લું મુકવામાં આવ્યું.

ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના નવા મંદિર માટેનો નિર્ણય લેવાતાં પ્રથમ ગ્રામજનોએ ફાળો કર્યો. જેમાં ગામના ભાઇ-બહેનોએ પોતાની શક્તિથી પણ વિશેષ ફાળો આપ્યો હતો અને પછી કચ્છ બહાર વસતા વિરાણીવાસી ભાઇઓ પાસે વિરાણી સમાજના વડિલો ગયા ત્યારે સૌએ આ કાર્ય માટે વિશેષ યોગદાન આપ્યું. મુંબઇ-નાગપુર-રાયપુર-કલકત્તા-જબલપુર-હરદા જેવાં મોટાં શહેરોના રહીશોએ તો સહકાર આપ્યો પણ નાનાં-નાનાં ગામોથી તો કલ્પના પણ ન કરી શકાય તેવો ફાળો મળ્યો. ફાળા સમિતિના વડિલો પણ રાત-દિવસ કે પોતાના ધંધાની કે ખેતીની પરવા કર્યા વગર ટુંક સમયમાં ભગવાનના આ કાર્ય માટે ભારતભરમાં ફરી વળ્યા. જે ખૂબ જ ધન્યવાદને પાત્ર હતું.

સિવાય મંદિર બાંધકામમાં મુંબઇના ભાઇઓનો વિશેષ સહયોગ મળ્યો છે. અવાર-નવાર પોતાના વેપાર-ધંધામાંથી સમય કાઢી પોતાના માદરે વતન આવી ભગવાનના આ કાર્યમાં પોતાની નિપુણતા-બુદ્ધિ કૌશલ્ય રૂપી માર્ગદર્શન પ્રદાન કરી જતા જે ખૂબ-ખૂબ ધન્યવાદને પાત્ર છે.

આ સિવાય પણ એવા ઘણાં છે કે જેમની સીધી કે આડકતરી સેવા વિરાણી સમાજે આ મહોત્સવ કે મંદિરના કાર્ય માટે લીધી છે એ બધાના નામનો ઉલ્લેખ અત્રે શક્ય નથી પણ આ મંદિરના કાર્ય તથા આ મહોત્સવને સફળ બનાવવા પોતાની મૂલ્યવાન સેવા અને સહયોગ આપનાર આવા નામી-અનામી સૌ પ્રત્યે વિરાણી પાટીદાર સમાજ હાર્દિક આભાર વ્યક્ત કરે છે.

વિતેલા વર્ષોની સરખામણીમાં આજે ગ્રામજનોની આર્થીક સ્થિતી એકંદરે ઘણી જ સારી છે. ગામમાં વસતાં કુટુંબો ખેતી તથા અન્ય વ્યવસાય કરે છે અને અડધાથી વધુ કુટુંબો ધંધાર્થે કચ્છ બહાર વસે છે. તેમ છતાં તેઓ માદરે વતનને ભૂલી ગયાં નથી. તેનું પ્રત્યક્ષ દષ્ટાંત ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ છે.

શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન નૂતન મંદિર
પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ચડાવાની યાદી

ક્રમ	ચડાવા	યજમાન
૧	મુખ્ય યજમાન	શ્રી રતનશી ખીમજી ખેતાણી
૨	શિખર (કળશ)	શ્રી પચાણ કાનજી માનાણી
૩	ધજા	શ્રી લધા અરજણ સોમજીયાણી
૪	શ્રી નારાયણ ભગવાનની સ્થાપના	શ્રી કરસન શીવદાસ કાનાણી
૫	શ્રી લક્ષ્મીજીની સ્થાપના	માતાજી હાંસબાઈ નારાયણ શીવજી નાકરાણી
૬	શ્રી ગણેશજીની સ્થાપના	શ્રી પુંજાભાઈ વીરજી માનાણી
૭	શ્રી હનુમાનજીની સ્થાપના	શ્રી કરમશી મનજી માનાણી
૮	શ્રી ગરૂડજીની સ્થાપના	શ્રી વિરજી વિશ્રામ કાનજીયાણી
૯	શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની જલયાત્રા	શ્રી પ્રેમજી શીવદાસ કાનાણી
૧૦	શ્રી ગણેશજીની જલયાત્રા	શ્રી દેવજી ભીમજી સોમજીયાણી
૧૧	શ્રી હનુમાનજીની જલયાત્રા	શ્રી નારાયણ ખીમા માનાણી
૧૨	શ્રી ગરૂડજીની જલયાત્રા	શ્રી હીરજી દેવજી છાભૈયા
૧૩	શ્રી જલયાત્રા માટેની વાડી	શ્રી લધા વિશ્રામ સોમજીયાણી

ન્યાસવિધિ- અન્નાધિવાસ-શયનાધિવાસ

૧૪	શ્રી નારાયણ ભગવાન	શ્રી ભાણજી જેઠા ખેતાણી
૧૫	શ્રી લક્ષ્મીજી	શ્રી નારણ ખેતા સોમજીયાણી
૧૬	શ્રી ગણેશજી	શ્રી નારણ ખીમા માનાણી
૧૭	શ્રી હનુમાનજી	શ્રી મુળજી દેવશી પાંચાણી
૧૮	શ્રી ગરૂડજી	શ્રી શામજી મેઘજી પાંચાણી

ભોગ (નૈવેદ્ય)

૧૯	શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન	શ્રી ચંદુલાલ દેવજી ઘોઘારી
૨૦	શ્રી ગણેશજી	શ્રી વિશ્રામ વસ્તા માંકાણી
૨૧	શ્રી હનુમાનજી	શ્રી નારાયણ શિવજી લીમ્બાણી
૨૨	શ્રી ગરૂડજી	શ્રી ગંગદાસ વિરજી માનાણી

આરતી (પ્રથમ)

ક્રમ	ચડાવા	યજમાન
૨૩	શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન	શ્રી કરસન શીવગણ માનાણી
૨૪	શ્રી ગણેશજી	શ્રી વિશ્રામ ગોપાલ કાનાણી
૨૫	શ્રી હનુમાનજી	શ્રી હંસરાજ મેઘજી અખીયાણી
૨૬	શ્રી ગરૂડજી	શ્રી વાલજી દેવશી કાનાણી (સિરસીવાળા)

અન્ય ચડાવા

૨૭	દિગપાલશ્રી નીચે ઉત્તર દિશા	શ્રી અરજણ દેવશી પોકાર
૨૮	દિગપાલશ્રી નીચે દક્ષીણ દિશા	શ્રી કાનજી હરજી મુખી
૨૯	દિગપાલશ્રી નીચે પૂર્વ દિશા	શ્રી અરજણ મનજી મુખી
૩૦	દિગપાલશ્રી ઉપર ઉત્તર દિશા	શ્રી રામજી ભીમજી સોમજીયાણી
૩૧	દિગપાલશ્રી ઉપર દક્ષિણ દિશા	શ્રી રતનશી રામજી લીંબાણી
૩૨	દિગપાલશ્રી ઉપર પૂર્વ દિશા	શ્રી વાલજી લખુ પરબતાણી
૩૩	શ્રી નારાયણ ભગવાનના વાઘા	શ્રી ભાણજી જીવરાજ લીંબાણી
૩૪	શ્રી લક્ષ્મીજીના વાઘા	શ્રી વસ્તા કરમશી રૂડાણી
૩૫	શ્રી નારાયણ ભગવાનનો મુગટ	શ્રી મનજી જીવરાજ તેજાણી
૩૬	શ્રી લક્ષ્મીજીનો મુગટ	શ્રી મગનલાલ નાનજી ખેતાણી
૩૭	શ્રી નારાયણ ભગવાનનો હાર	શ્રી માવજી જેઠા વાગાણી
૩૮	શ્રી લક્ષ્મીજીનો હાર	શ્રી રામજી કરમશી નાયાણી
૩૯	શ્રી નારાયણ ભગવાનના કુંડળ	શ્રી શીવગણ કરશન સોમજીયાણી
૪૦	શ્રી લક્ષ્મીજીના કુંડળ	શ્રી ગોપાલ ખીમા સોમજીયાણી
૪૧	શ્રી નારાયણ ભગવાનનું છત્ર	શ્રી કરસન અરજણ વાલજીયાણી
૪૨	શ્રી લક્ષ્મીજીનું છત્ર	શ્રી શીવગણ ખેતા બાથાણી
૪૩	શ્રી ગણેશજીના આભુષણ	શ્રી અરજણ કાનજી બાથાણી
૪૪	શ્રી હનુમાનજીના આભુષણ	શ્રી રતનશી રાજા ખીમાણી
૪૫	ગરૂડજીના આભુષણ	શ્રી શિવજી કાનજી ખીમાણી
૪૬	છડીદાર (દ્વારપાળ)	શ્રી નારણ માવજી સોમજીયાણી
૪૭	ચમર	શ્રી સોમજી ખેતા બાથાણી
૪૮	ઘંટ	શ્રી લધા વિશ્રામ સોમજીયાણી

ક્રમ	ચડાવા	યજમાન
૪૯	જાલર	શ્રી ધનજી ભીમજી સોમજીયાણી
૫૦	શંખ	શ્રી બાબુલાલ વિશ્રામ ગાંગાણી
૫૧	તા.૨૨.૮.૮૯ મંદિરનું પ્રથમ તાળુ ખોલવા	શ્રી નાનજી ખેતા બાથાણી
૫૨	પ્રસાદ તા.૧૯.૮.૮૯	શ્રી ધનજી દાના અખીયાણી
૫૩	પ્રસાદ તા.૨૦.૮.૮૯	શ્રી રામજી દેવશી અખીયાણી
૫૪	પ્રસાદ તા.૨૧.૮.૮૯	શ્રી છત્તીસગઢ વિભાગના વિરાણીવાસીઓ તરફથી
૫૫	યજ્ઞ મંડપનું ખાત મુહૂર્ત તા. ૧૬.૦૮.૮૯	શ્રી નારણ ખીમા માનાણી

મહોત્સવના ભોજનના દાતા

તા. ૧૯.૮.૮૯	બપોરના	શ્રી બાબુભાઈ વિશ્રામ ગાંગાણી
તા. ૧૯.૮.૮૯	સાંજના	શ્રી પ્રેમજી શીવદાસ મુખી
તા. ૨૦.૮.૮૯	બપોરના	શ્રી હિરજી દેવજી કાનાણી
તા. ૨૦.૮.૮૯	સાંજના	શ્રી ગોપાલ ખીમજી કાનાણી પરિવાર
તા. ૨૧.૮.૮૯	બપોરના	શ્રી નાયાણી પરિવાર હ. જેઠાભાઈ ખીમજી
તા. ૨૧.૮.૮૯	સાંજના	અખિયાણી પરિવાર હ. વાલજી હંસરાજ

શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન નૂતન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિઓની યાદી

સર્વોચ્ચ સમિતિ (મુખ્ય આયોજન સમિતિ)

૧	શ્રી કરસન શીવદાસ મુખી	વિરાણી
૨	લધાભાઇ અરજણ સોમજીયાણી	વિરાણી
૩	શ્રી માવજી વસ્તા રૂડાણી	વિરાણી
૪	શ્રી મણીલાલ સામજી પાંચાણી	મુંબઇ
૫	શ્રી રામજી કરમશી માનાણી	રાયપુર
૬	શ્રી અબજી વિશ્રામ કાનાણી	ભુજ

કાર્યાલય સમિતિ

૧	શ્રી રામજીભાઇ કરમશી માનાણી	રાયપુર
૨	શ્રી અબજી વિશ્રામ કાનાણી	ભુજ
૩	શ્રી વાલજી અબજી વાગાણી	નાગપુર
૪	શ્રી રામજી દેવશી કાનજીયાણી	વિરાણી
૫	શ્રી રતનશીભાઇ નારણ કાનાણી	વિરાણી
૬	શ્રી શંભુભાઇ ચંદુલાલ ગોગારી	મુંબઇ
૭	શ્રી ગંગદાસ નાનજી સોમજીયાણી	વિરાણી
૮	શ્રી પોપટલાલ ધનજી સોમજીયાણી	વિરાણી
૯	શ્રી મણીલાલ પ્રેમજી ભાવાણી	અંકલેશ્વર
૧૦	શ્રી શીવજી મેઘજી મુખી	ભુવનેશ્વર
૧૧	શ્રી વૃજલાલ જેઠાભાઇ દિવાણી	કલકતા
૧૨	શ્રી કેશવલાલ રતનશી સોમજીયાણી	કટક
૧૩	શ્રી શાન્તીલાલ સામજી પાંચાણી	મુંબઇ
૧૪	શ્રી પ્રેમજીભાઇ પચાણ ધનાણી	વિરાણી
૧૫	શ્રી ભીમજીભાઇ લધા અખીયાણી	ભોપાલ

રસોડા સમિતિ

૧	શ્રી પ્રેમજીભાઇ શીવદાસ મુખી	વિરાણી
૨	શ્રી રવજીભાઇ મેગજી બાથાણી	વિરાણી
૩	શ્રી વસ્તારામ ગોપાલ પાંચાણી	વિરાણી
૪	શ્રી રામજીભાઇ પચાણ માનાણી	વિરાણી
૫	શ્રી ગંગદાસભાઇ દેવજી કાનાણી	વિરાણી
૬	શ્રી હિરજીભાઇ દેવજી કાનાણી	પલાસબારી
૭	શ્રી દાનાભાઇ ખીમજી ધનાણી	રાજનંદગાવ
૮	શ્રી રતનશી લધા સોમજીયાણી	વિરાણી
૯	શ્રી અરજણભાઇ વીરજી માનાણી	વિરાણી
૧૦	શ્રી ગોપાલભાઇ ગંગદાસ કાનજીયાણી	વિરાણી
૧૧	શ્રી પચાણભાઇ હરજી કાનજીયાણી	વિરાણી
૧૨	શ્રી વેલજીભાઇ કરમશી કાનજીયાણી	વિરાણી
૧૩	શ્રી ધનજીભાઇ સામજી પરબતાણી	વિરાણી
૧૪	શ્રી રામજીભાઇ શીવદાસ ખેતાણી	રાંચી
૧૫	શ્રી ભાણજી વાલજી કાનાણી	લુણાવાડા
૧૬	શ્રી અરજણ વિશ્રામ કાનાણી	કલકતા
૧૭	શ્રી ધનજી પુંજાભાઇ માનાણી	વિરાણી

ભોજન વ્યવસ્થા સમિતિ

૧	શ્રી જેઠાભાઇ શીવજી સોમજીયાણી	વિરાણી
૨	શ્રી અબજી લાલજી સોમજીયાણી	વિરાણી
૩	શ્રી હંસરાજ રૈયા મુખી	વિરાણી
૪	શ્રી મુળજી રામજી ભાણજીયાણી	વિરાણી
૫	શ્રી જેઠાભાઇ કાનજી નાકરાણી	વિરાણી
૬	શ્રી નારણ પ્રેમજી મુખી	વિરાણી
૭	શ્રી રામજી અરજણ પોકાર	વસઇ
૮	શ્રી મનજી રાજા મુખી	વિરાણી
૯	શ્રી રવજી કરમશી છાભૈયા	વિરાણી
૧૦	શ્રી રાજાભાઇ નારણ સોમજીયાણી	વિરાણી
૧૧	શ્રી ભીમજી રતનશી બાથાણી	વિરાણી
૧૨	શ્રી ઇશ્વરલાલ માવજી સોમજીયાણી	વિરાણી

૧૩	શ્રી નારણ રામજી નાયાણી	વિરાણી
૧૪	શ્રી દેવશી અરજણ પોકાર	વસઈ
૧૫	શ્રી મુળજી નારણ માનાણી	રાયપુર
૧૬	શ્રી દેવસી ગંગદાસ માનાણી	વિરાણી
૧૭	શ્રી મણીલાલ શીવગણ માધાણી	વિરાણી
૧૮	શ્રી વાલજી રતનશી વાડીયા	વિરાણી
૧૯	શ્રી પ્રેમજી ધનજી સોમજીયાણી	રાયપુર
૨૦	શ્રી હંસરાજ ગોપાલ સોમજીયાણી	ગોવા
૨૧	શ્રી બાબુલાલ કરશન સોમજીયાણી	ખંભાત
૨૨	શ્રી સામજી જીવરાજ સોમજીયાણી	નાગપુર
૨૩	શ્રી પુંજાભાઈ કાનજી ખીમાણી	વિરાણી
૨૪	શ્રી કરશન પ્રેમજી બાથાણી	વિરાણી
૨૫	શ્રી જેઠાલાલ રામજી કાનાણી	કલકતા
૨૬	શ્રી ડાયાલાલ પચાણ ધનાણી	વિરાણી
૨૭	શ્રી ખીમજી અરજણ બાથાણી	રાયપુર
૨૮	શ્રી હરીલાલ મુળજી સોમજીયાણી	હરદા
૨૯	શ્રી ધનજી કરશન સોમજીયાણી	ખંભાત
૩૦	શ્રી ચંદુલાલ લધાભાઈ સોમજીયાણી	રાયપુર

સ્વયં સેવક સમિતિ

૧	શ્રી રવજીભાઈ મેગજી બાથાણી (K)	નખત્રાણા
૨	શ્રી મગનલાલ ગોપાલ તેજાણી	નાગપુર
૩	શ્રી મણીલાલ લધાભાઈ સોમજીયાણી	રાયપુર
૪	શ્રી માવજી પુંજાભાઈ માનાણી	રાયપુર
૫	શ્રી ચંદુલાલ કરશન મુખી	વિરાણી
૬	શ્રી લખમશી ભીમજી અખીયાણી	રાયપુર
૭	શ્રી સામજી કાનજી રૂડાણી	વિરાણી
૮	શ્રી જેન્તીલાલ મનજી તેજાણી	રાયપુર
૯	શ્રી કાન્તીલાલ હંસરાજ કાનાણી	વિરાણી
૧૦	મોહનલાલ કરસન વાલજીયાણી	રાજનંદગાંવ

ભંડોળ સમિતી

૧	શ્રી લધાભાઈ અરજણ સોમજીયાણી (K)	વિરાણી
૨	શ્રી લધાભાઈ હરજી સોમજીયાણી	વિરાણી
૩	શ્રી વાલજી દેવસી કાનાણી	સીરસી
૪	શ્રી રતનશી રામજી પાંચાણી	ભુવનેશ્વર
૫	શ્રી શાન્તીલાલ નારાયણ નાકરાણી	મુંબઈ
૬	શ્રી નાનજીભાઈ લધાભાઈ સોમજીયાણી	વિરાણી
૭	શ્રી વેલજીભાઈ નારણ માનાણી	રાયપુર
૮	શ્રી વાલજી મુળજી પાંચાણી	સીવરી
૯	શ્રી અરજણ દેવસી પોકાર	મંચર
૧૦	શ્રી નાગજી મનજી મુખી	ભુવનેશ્વર
૧૧	શ્રી ભાણજી રતનશી માનાણી	વસઈ
૧૨	શ્રી વેલજીભાઈ ધનજી કાનજીયાણી	કલકતા
૧૩	શ્રી કાન્તીલાલ પાંચાભાઈ બાથાણી	મુંબઈ
૧૪	શ્રી વેલજીભાઈ દેવજી સોમજીયાણી	હરદા
૧૫	શ્રી નાનજી પ્રેમજી કાનાણી	કલકતા
૧૬	શ્રી મગનલાલ દેવજી વાગાણી	બલાંગીર
૧૭	શ્રી જીવરાજ લધા કાનજીયાણી	નાગપુર
૧૮	શ્રી ડાયાલાલ પ્રેમજી મુખી	મુંબઈ
૧૯	શ્રી વાલજી રવજી કાનજીયાણી	નાગપુર
૨૦	શ્રી લલીતભાઈ ગંગદાસ કાનાણી	જબલપુર
૨૧	શ્રી મણીલાલ ભીમજી બાથાણી	બેંગલોર
૨૨	શ્રી કાન્તીલાલ કરશન માનાણી	મુંબઈ
૨૩	શ્રી મણિલાલ લધારામ સોમજીયાણી	વિશાખાપટ્ટનમ
૨૪	શ્રી શંકરલાલ માવજી કાનાણી	કલકતા
૨૫	શ્રી કાન્તીલાલ માવજી મુખી	મુંબઈ

માલસામાન પુરવઠા સમિતિ

૧	શ્રી રામજી દેવશી કાનજીયાણી	વિરાણી
૨	શ્રી પ્રેમજી શીવદાસ મુખી	વિરાણી
૩	શ્રી ગંગદાસ નાનજી સોમજીયાણી	વિરાણી

૪	શ્રી માવજી વસ્તા રૂડાણી	વિરાણી
૫	શ્રી ગંગદાસ વીરજી માનાણી	વિરાણી
૬	શ્રી કાન્તીલાલ હંસરાજ કાનાણી	વિરાણી
૭	શ્રી માવજી વિશ્રામ કાનાણી	કલકતા

સ્ટોર્સ સમિતિ

૧	શ્રી વિશ્રામ પચાણ અખીયાણી	વિરાણી
૨	શ્રી પ્રેમજી કરશન છાભૈયા	વિરાણી
૩	શ્રી કાનજી કરશન વાલજીયાણી	વિરાણી
૪	શ્રી નારણ ખેતાભાઈ સોમજીયાણી	વિરાણી
૫	શ્રી ધનજી હીરજી છાભૈયા	રાયપુર
૬	શ્રી રતનશી હીરજી માનાણી	મુંબઈ
૭	શ્રી ભાણજી મેગજી કાનાણી	વિરાણી
૮	શ્રી શંકરલાલ શીવગણ સોમજીયાણી	વિરાણી
૯	શ્રી ભીમજી હરજી છાભૈયા	વિરાણી
૧૦	શ્રી જીવરાજ હંસરાજ સોમજીયાણી	વિરાણી
૧૧	શ્રી મુળજી દેવજી વાગાણી	બલાંગીર
૧૨	શ્રી અરજણ વિશ્રામ અખીયાણી	વિરાણી
૧૩	શ્રી વાલજી વીરજી સેંગાણી	વિરાણી
૧૪	શ્રી કેશરા ખીમજી સોમજીયાણી	મદ્રાસ
૧૫	શ્રી પરસોતમ શીવદાસ છાભૈયા	વિરાણી
૧૬	શ્રી રતનશી કરમશી છાભૈયા	વિરાણી
૧૭	શ્રી પ્રેમજી મનજી બાથાણી	વિરાણી
૧૮	શીવદાસ દેવજી સોમજીયાણી	વિરાણી
૧૯	ડાહ્યાભાઈ માધાભાઈ પાંચાણી	હૈદ્રાબાદ
૨૦	વાલજી સીવગણ મુખી	કલકતા

મંડપ સમિતિ

૧	શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી(K)	ભુજ
૨	શ્રી કેશવલાલ ગંગદાસ કાનાણી	વિરાણી
૩	શ્રી લાલજી માવજી રૂડાણી	વિરાણી
૪	શ્રી કરશન હંસરાજ મુખી	વિરાણી
૫	શ્રી કાન્તીલાલ અરજણ નરસીંગાણી	વિરાણી
૬	શ્રી દેવસી વિરજી કાનજીયાણી	નાગપુર
૭	શ્રી પોપટલાલ કાનજી રૂડાણી	વિરાણી
૮	શ્રી હરીલાલ કરશન બાથાણી	ઈન્દોર
૯	શ્રી વિશનજી લધા અખીયાણી	વિરાણી
૧૦	શ્રી ચંદુલાલ મનજી સોમજીયાણી	ભુજ

વાહનવ્યવહાર સમિતિ

૧	શ્રી નારણભાઈ પુંજાભાઈ માનાણી (K)	વિરાણી
૨	શ્રી છગનલાલ પરબત કાનાણી	વિરાણી
૩	શ્રી પરસોતમ માવજી રૂડાણી	વિરાણી
૪	શ્રી ઘનશ્યામ ભાણજી લીંબાણી	અંકલેશ્વર
૫	શ્રી રવજી વિશ્રામ બાથાણી	વિરાણી
૬	શ્રી દામોદર મગનલાલ ખેતાણી	વડોદરા
૭	શ્રી ચંદુલાલ ખીમજી પાંચાણી	વિરાણી
૮	શ્રી લખમશી ગંગદાસ માનાણી	વિરાણી
૯	શ્રી રતીલાલ વાલજી સેંગાણી	વિરાણી
૧૦	શ્રી સુરેશકુમાર ઈશ્વરલાલ કાનજીયાણી	વિરાણી
૧૧	શ્રી ખીમજી કાનજી મુખી	વિરાણી
૧૨	શ્રી ચંદુલાલ લાલજી પોકાર	મંચર

પાણી પુરવઠા સમિતિ

૧	શ્રી રતનશી લધા સોમજીયાણી (K)	વિરાણી
૨	શ્રી મુળજી રામજી ભાણજીયાણી	વિરાણી
૩	શ્રી જેઠાભાઈ કાનજી પટેલ	વિરાણી
૪	શ્રી વિઠલદાસ ખીમજી પાંચાણી	વિરાણી
૫	શ્રી માવજી ભાણજી કાનાણી	વિરાણી
૬	શ્રી રાજાભાઈ શીવજી વાલજીયાણી	વિરાણી
૭	શ્રી શંકરલાલ કાનજી મુખી	વિરાણી
૮	શ્રી હરીલાલ કાનજી પટેલ	વિરાણી
૯	શ્રી કાન્તીલાલ રામજી નાયાણી	વિરાણી
૧૦	શ્રી પરસોતમ વેલજી પટેલ	વિરાણી

ઉતારા સમિતિ

૧	શ્રી વાલજીભાઈ હંસરાજ અખીયાણી (K)	શ્રીરામપુર
૨	શ્રી મનજી ધનજી ગોરાણી	મુંબઈ

૩	શ્રી વેલજી રામજી ભાણજીયાણી	મુંબઇ
૪	શ્રી હરીલાલ ધનજી અખીયાણી	વડોદરા
૫	શ્રી શાંતિલાલ નારાયણ નાકરાણી	મુંબઇ
૬	શ્રી નથુભાઇ નારણ કાનાણી	રાજનંદગાંવ
૭	શ્રી સામજી કરશન માનાણી	મુંબઇ
૮	શ્રી શીવગણ ભાણજી અખીયાણી	કલકતા
૯	શ્રી પ્રેમજી મેગજી નાકરાણી(પટેલ)	વિરાણી

વાસણ એકઠા કરવા સમિતિ

૧	શ્રી રતનશી લધા સોમજીયાણી (K)	વિરાણી
૨	શ્રી રામજીભાઇ કરમશી નાયાણી	વિરાણી
૩	શ્રી નારણ પુંજા માનાણી	વિરાણી
૪	શ્રી લધા અરજણ સોમજીયાણી	વિરાણી
૫	શ્રી વિશ્રામ પચાણ અખીયાણી	વિરાણી
૬	શ્રી નાનજી લધા સોમજીયાણી	વિરાણી

યજ્ઞ સમિતિ

૧	શ્રી પચાણ શીવજી સોમજીયાણી (K)	નાગપુર
૨	શ્રી ખેતાલાલ નાનજી માધાણી	નાગપુર
૩	શ્રી હીરજી પાંચાભાઇ બાથાણી	મુંબઇ
૪	શ્રી હંસરાજ પ્રેમજી મુખી	વિરાણી
૫	શ્રી કાન્તીલાલ દેવજી વાડીયા	વિરાણી
૬	શ્રી અમૃતલાલ પ્રેમજી ખેતાણી	અમદાવાદ
૭	શ્રી કેશવલાલ લાલજી કાનજીયાણી	વિરાણી
૮	શ્રી ભરતસિંહ આર. વાઘેલા(પો.મા)	વિરાણી
૯	શ્રી પરસોતમ રતનશી પાંચાણી	વિરાણી

સફાઇ સમિતિ

૧	શ્રી મુળજીભાઇ રામજી ભાણજીયાણી	વિરાણી
૨	શ્રી જેઠાભાઇ કાનજી પટેલ	વિરાણી

આરોગ્ય સમિતિ

૧	ડૉ. પરીમલ જોષી	વિરાણી
૨	ડૉ. અનીલભાઇ ભાનુશાલી	વિરાણી
૩	ડૉ. શાન્તીલાલ સેંગાણી	કોટડા

સંરક્ષણ સમિતિ

૧	શ્રી ભીમજીભાઇ મેગજી બાથાણી(K)	વિરાણી
૨	શ્રી હરીલાલ લધાભાઇ મુખી	વિરાણી
૩	શ્રી નારણ ગંગદાસ ભાણજીયાણી	વિરાણી
૪	શ્રી અરજણ લાલજી તેજાણી	વિરાણી
૫	શ્રી બાબુલાલ ગંગદાસ માનાણી	વિરાણી
૬	શ્રી ડાહ્યાલાલ હરીલાલ બાથાણી	વિરાણી
૭	શ્રી ધીરજલાલ દેવજી નરસીંગાણી	વિરાણી
૮	શ્રી માવજી જેઠા ખીમાણી	વિરાણી
૯	શ્રી મોહનલાલ ધનજી પરબતાણી	વિરાણી
૧૦	શ્રી ધનજી પુંજા માનાણી	વિરાણી
૧૧	શ્રી કાનજી ગોપાલ સોમજીયાણી	વિરાણી

સ્વાગત સમિતિ

૧	શ્રી શીવદાસ લાલજી ખેતાણી (K)	રાંચી
૨	શ્રી હિમતલાલ રતનશી ખેતાણી	મુંબઇ
૩	શ્રી ડાહ્યાભાઇ પચાણ માનાણી	વિરાણી
૪	શ્રી રામજી કરમશી નાંયાણી	વિરાણી
૫	શ્રી નારણ ખેતા સોમજીયાણી	વિરાણી
૬	શ્રી જેઠાલાલ ખીમજી નાયાણી	કલકતા
૭	શ્રી શીવજી દેવસી રામજી ગોગારી	અમદાવાદ
૮	શ્રી વિઠલદાસ કરશન નાયાણી	સાબરકાંઠા
૯	શ્રી શીવદાસ કાનજી સોમજીયાણી	મુંબઇ
૧૦	શ્રી ઓધવજી મુળજી	ગુજરાત
૧૧	શ્રી લાલજી મનજી પાંચાણી	ગુજરાત
૧૨	શ્રી કાનજી મેગજી ખેતાણી	અમદાવાદ
૧૩	શ્રી દેવસી કરશન કાનજીયાણી	વિરાણી
૧૪	શ્રી લધાભાઇ હરજી સોમજીયાણી	વિરાણી
૧૫	શ્રી ગંગદાસ ખેતા કાનાણી	વિરાણી
૧૬	શ્રી નારણ નાનજી અખીયાણી	વિરાણી



નૂતન મંદિર ખાતમુહૂર્ત








શ્રી વિરાણી પાટીદાર સમાજ
શ્રી વિરાણી પાટીદાર યુવક મંડળ
શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ
તા.૧૯-૨૦-૨૧.૮.૮૯.

















વિરાણીમોટી યુવક મંડળ રજત જયંતિ મહોત્સવ

પાટીદાર સમાજ, યુવક મંડળ અને મહિલા મંડળના સયુંકત ઉપક્રમે તા. ૧૦.૮.૧૯૯૮ થી ૧૨.૮.૧૯૯૮ દરમ્યાન યુવક મંડળનો રજત જયંતિ મહોત્સવ તથા શ્રી લક્ષ્મીનારાયણ મંદિરનો વાર્ષિક પાટોત્સવ ખૂબ જ ધામધૂમ અને હર્ષોલ્લાસ સાથે ઉજવાઇ ગયો.

ત્રિદિવસીય રજત જયંતિ મહોત્સવનો પ્રારંભ તા.૧૦/૮/૯૮ના પ્રભાતે **પ.પૂ.સંતશ્રી શાંતિદાસજી મહારાજના** આશિર્વચન અને શુભેચ્છાઓ સાથે દીપ પ્રાગટ્યથી કરાયેલ. આ પ્રસંગે સામાજીક ક્ષેત્રે ક્રાંતિ લાવનાર વિરાણી ગામના ક્રાંતિવીરોને યાદ કરી ગામનો ભૂતકાળ યાદ કર્યો હતો. આ સમારંભમાં ઉપસ્થિત વિરાણીમોટી ગામના **શ્રી વિનુભાઇ ભગતે** શીખ આપતા વ્યકિતમાં ભકિત, સહનશકિત અને યુકિત જેવા સાધનોનું મહત્વ સમજાવ્યું હતું. તેમજ હરિદ્વાર નિવાસી શ્રી શાંતિલાલ ધનાણીએ વેદમાતા ગાયત્રી વિશે સમજ આપી હતી ઉપરાંત **સંત શ્રી સેવાદાસજી સાહેબ** તથા સ્થાનિક સમાજના અગ્રણીઓએ પણ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં.

પ્રથમ દિવસે બપોરના ભોજન બાદ યોજાયેલ બીજા સત્રમાં વિરાણી ગામના ભારતભરના સ્નાતક કે તેથી વિશેષ લાયકાત શૈક્ષણિક ક્ષેત્રે ધરાવનાર ભાઇ બહેનોનાં **સરસ્વતી સન્માન** કરવામાં આવ્યાં હતા. મંત્રીશ્રી વસંતભાઇએ યુવક મંડળની પ્રવૃત્તિઓ છેલ્લા ૫૦ વર્ષથી થઇ રહી છે પરંતુ વિધિવત્ સ્થાપના થયા બાદના ૨૫ વર્ષનો યુવક મંડળનો પ્રજ્જવલિત ઇતિહાસ અને પ્રવૃત્તિઓની ઝાંખી કરાવી હતી. ઉપરાંત શ્રી રામજી કરમશી, શ્રી અબજી વિશ્રામ અને શ્રી હિંમતભાઇ રતનશી, શ્રી હરીભાઇ પટેલ, શ્રી માવજી વસ્તા પટેલ, શ્રી રમેશ રતનશી વગેરેએ પોતાના અનુભવો જણાવી પ્રવચનો કરેલ. જેનો સૂર **ટયુશન કલાસની** ખૂબ જ જરૂરિયાત, માનવસેવા માટે નવી પ્રારંભ થતી **એમ્બ્યુલન્સ સેવા** તેમજ અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓ ચાલુ છે તે ખૂબ જ ઉપયોગી પૂરવાર થતાં યુવક મંડળ - મહિલા મંડળના સક્રિય કાર્યકરોને ધન્યવાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે સન્માનપત્રો **હરિદ્વારવાળા શ્રી શાંતિભાઇ પટેલ** તથા વડીલ આગેવાનોના હસ્તે વિતરણ કરવામાં આવેલ જેનુ સંચાલન શંકરભાઇ કાનાણી અને મુળજીભાઇ પટેલે કર્યું હતું. રાત્રે ૧૦.૦૦ કલાકે લોક સાહિત્યકાર શ્રી ભીખુદાન ગઢવી તથા, સાથી કલાકારો દ્વારા લોકડાયરાનો કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ.

બીજા દિવસે સવારે પ્રખરચિંતક અને ક્રાંતિકારી વિચારધારા ધરાવનાર **પ.પૂ. સ્વામિ શ્રી સચ્ચિદાનંદજી**ના હસ્તે યુવક મંડળની ૨૫ વર્ષની ગાથાની સ્મૃતિ સ્વરૂપે માનવીય સેવા કરવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવનાર **એમ્બ્યુલન્સ સેવાને** સ્વામીના હસ્તે વિધિવત્ ખુલ્લી મુકવામાં આવી હતી.

બીજા સત્રમાં વરસાદી માહોલમાં સમાજદર્શનના કાર્યક્રમમાં કેન્દ્રિય સમાજના અગ્રણી - વડીલો, યુવકો અને મહિલાઓની ઉપસ્થિતીમાં સામજીક સભા યોજાઇ હતી. જેમાં પ્રમુખશ્રી પ્રેમજી

પુંજાએ પોતાના પ્રવચનમાં ભુજ મધ્યે એક કરોડના ખર્ચે બંધાનાર કન્યા છાત્રાલયમાં યોગદાન આપવા દાનવીરોને અપીલ કરી હતી. ઉપપ્રમુખ શ્રી ખીમજીભાઇએ યુવક પ્રવૃત્તિઓને બીરદાવી હતી. ઉપરાંત ન્યાય સમિતિના પ્રમુખ શ્રી નારણભાઇ, યુવક સંઘના પ્રમુખશ્રી દેવજીભાઇ, ઉપપ્રમુખ શ્રી ચંદુભાઇ, મહિલા પ્રમુખ શ્રીમતિ લક્ષ્મીબેન ભાદાણી, મહાંમત્રી શ્રીમતી રતનબેન ભગત, મહિલા અગ્રણી શ્રીમતિ ભાનુબેન વી. પટેલ, પાટીદાર સંદેશના તંત્રી શ્રી કરમશીભાઇ પટેલ, અબજીભાઇ વિશ્રામ... વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં. આ સભામાં વિરાણી ગામની માહિતી દર્શાવતી પુસ્તિકાનું વિમોચન હરિદ્વાર નિવાસી શાંતિલાલ ધનાણીના શુભહસ્તે કરવામાં આવેલ.

રાત્રે યુવક મંડળ-મહિલા મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ **"સપ્તરંગ"** કાર્યક્રમમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ જેને સૌએ માણ્યો હતો.

છેલ્લા દિવસે ગામમાં શોભાયાત્રાનો કાર્યક્રમ યોજાયેલ અને મંદિરના પાટોત્સવ નિમિત્તે નૂતન ધ્વજારોહણ કરવામાં આવી હતી. ધાર્મિક પ્રવચનનો દોર ચાલુ રહ્યો હતો અને બપોરના ભોજન વિરામબાદ કાર્યક્રમ પૂરો જાહેર કરવામાં આવેલ બપોર પછી સમાજની સામાન્ય સભા શ્રી માવજી વસ્તા પટેલના અધ્યક્ષસ્થાને મળેલ જેમાં રાબેતા મુજબની કાર્યવાહી અને નવા સુકાનીઓની વરણી કરવામાં આવી હતી.








શ્રી વિરાણીમોટી પાટીદાર યુવક મંડળ
રજત જયંતિ મહોત્સવ


શ્રી વિરાણીમોટી પાટીદાર યુવક મંડળ
રજત જયંતિ મહોત્સવ



પ્રથમ મંદિરનો હિરક જયંતિ મહોત્સવ

તા. ૦૨.૦૯.૨૦૦૪ થી તા. ૦૪.૦૯.૨૦૦૪

હિરક જયંતિ મહોત્સવ......

શ્રી વિરાણી મોટી પાટીદાર સમાજ દ્વારા પાછળના એક વર્ષ અગાઉ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના પ્રથમ મંદિરના ૭૫ વર્ષ શરૂ થવાના ઉપલક્ષે "હિરક જયંતિ મહોત્સવ" ઉજવવાનુ નક્કી કરવામાં આવેલું હતું, તેની તૈયારીઓ રૂપે વર્ષ દરમ્યાન બહારગામ વસતા વિરાણીવાસી ભાઈઓ તેમજ સ્થાનિક ભાઈઓ સતત સંપર્કમાં રહી વિભિન્ન મીંટીંગોના માધ્યમથી કાર્યક્રમોની ઘડતર અને પૂર્વ તૈયારીઓ કરતા રહ્યા અને અંતે શુભ ઘડી આવી પહોંચી, જેના માટે ભારતવર્ષના ખૂણે ખૂણે પથરાયેલ વિરાણીવાળા ભાઈ બહેનોની વિશાળ જનમેદની પોતાની માતૃભુમિને વંદન માટે પોતાને વતન પહોંચી, ત્યારે તા. ૦૧.૦૯.૦૪ની રાત્રે પાટીદાર સમાજવાડીના વિશાળ પ્રાંગણમાં એક સભાનું આયોજન કરેલ જેમાં કાર્યક્રમોના વિભિન્ન યજમાન માટે ચડાવાથી યજમાનો નક્કી કરવામાં આવેલ, જેમાં સૌ ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ ઉદાર મને દાન આપી યજમાનો બનવાનું ગૌરવ લીધેલ જે નીચે મુજબ છે.

૧	શોભાયાત્રાના યજમાન	દેવજી નારણ સોમજીયાણી
૨	પ્રથમ મંદિરના હવનના મુખ્ય યજમાનો	રામજી કરમશી નાકરાણી (રાયપુર)
૩	પ્રથમ મંદિરના હવનના સહાયક યજમાનો	હંસરાજ પ્રેમજી દિવાણી (મુખી) ખીમજી મેઘજી અખીયાણી (હૈદ્રાબાદ) હંસરાજ ગોપાલ સોમજીયાણી (ગોવા) લધા અરજણ સોમજીયાણી (વિરાણી)
૪	પ્રથમ મંદિરના ધજા પૂજાના યજમાન	મેઘજી ખેતા બાથાણી (રાયપુર) હ. ખીમજી મેઘજી
૫	પ્રથમ મંદિરમાં આરતીના યજમાન	જશુભાઈ ગાંગાણી (જય માતાજી, મુંબઈ)
૬	નવા મંદિરના હવનના મુખ્ય યજમાન	શિવગણ ભાણજી અખીયાણી (કલકતા)
૭	નવા મંદિર હવનના સહાયક યજમાનો	દેવસી ગંગદાસ માનાણી (રાયપુર) નારણ પુંજા માનાણી (રાયપુર) અરજણ દેવસી પોકાર (મંચર) ચંદુલાલ દેવજી ધોધારી (મુંબઈ)
૮	ભગવાનના વસ્ત્ર અલંકારના યજમાન	શિવગણભાઈ ભાણજી અખીયાણી (કલકતા)
૯	નવા મંદિરના ધજાપૂજાના યજમાન	હરીલાલ શીવદાસ ખેતાણી (રાંચી)
૧૦	નવા મંદિરના આરતીના યજમાન	નારણભાઈ (જય માતાજી, મુંબઈ)
૧૧	કાર્યક્રમના વિભિન્ન ભોજનદાતા યજમાન	નીચે મુજબ છે.

પ્રથમ મંદિરનો હિરક જયંતિ મહોત્સવ ભોજનદાતાની યાદી

ગુરૂવાર, તા. ૦૨.૦૯.૦૪

સવારે : હીરજી દેવજી કાનાણી (ન્યુ દિલ્હી)
બપોરે : સ્વ. નારણ ખેતા સોમજીયાણી પરિવાર, હ. દેવજી નારણ
સાંજે : કલકતા વિરાણી વાસી સર્વે પાટીદાર પરિવાર, હ. ડાહ્યાલાલ પ્રેમજી

શુક્રવાર, તા. ૦૩.૦૯.૦૪

સવારે : સ્વ. નારણ વિરજી છાભૈયા પરિવાર, હ. શિવદાસ નારણ (વિરાણી)
બપોરે : સ્વ. પૂંજા વિરજી માનાણી, સ્વ. કરમશી મનજી માનાણી અને
શ્રી ગંગદાસ વિરજી માનાણીના પરિવારો
હ. નારણભાઈ, રામજીભાઈ અને દેવશીભાઈ
સાંજે : રાયપુર વિરાણીવાસી પાટીદાર સમાજ
હ. મણીલાલ લધા તથા રામજી કરમશી તથા નારણ પૂંજા માનાણી

શનિવાર, તા. ૦૪.૦૯.૦૪

સવારે : ગોમતીબેન જીવરાજભાઈ છાભૈયા, હ. જીવરાજ હસંરાજ છાભૈયા
બપોરે : બેંગ્લોર વિરાણીવાસી સર્વે પાટીદાર પરીવાર, હ. મણીલાલ ભીમજી
સાંજે : સ્વ. શિવગણ લાલજી પટેલ પરિવાર, હ. માવજી કાનજી પટેલ

રવિવાર, ૦૫.૦૯.૦૪

સવારે : સ્વ. પુંજા વિરજી તથા સ્વ. કરમશી મનજી અને
શ્રી ગંગદાસ વિરજી માનાણી પરિવાર
હ. નારણભાઈ, રામજીભાઈ, દેવશીભાઈ
બપોરે : હરીલાલ કરસન બાથાણી, મહેશ હરીલાલ બાથાણી અને
વિનોદ હરીલાલ બાથાણી અને પરિવારજનો (ઈન્દોર)
સાંજે : ડાહ્યાલાલ પ્રેમજી દિવાણી (કલકત્તા)

પ્રથમ મંદિરનો હિરક જયંતિ મહોત્સવના જનરલ ભોજનદાતા

ક્રમ	નામ	હસ્તે
૧.	સ્વ. રતનશી પચાણ માનાણી પરિવાર,	ભવાન રતનશી માનાણી (વસઈ)
૨.	સ્વ. વિશ્રામ ગોપાલ કાનાણી પરિવાર,	અબજી વિશ્રામ કાનાણી (વડોદરા)
૩.	શ્રી નાનજી લધા સોમજીયાણી,	ગંગદાસ નાનજી સોમજીયાણી (હૈદરાબાદ)
૪.	શ્રી નારણ પ્રેમજી (દિવાણી) મુખી (વિરાણી)	હ. પોતે
૫.	સ્વ. પાર્વતીબેન રતનશી ખીમજી ખેતાણી (દિવાણી)	હિંમતલાલ રતનશી ખેતાણી (મુંબઇ)
૬.	સ્વ. રામજી દેવશી કાનાણી,	જેઠાલાલ રામજી કાનાણી (કલકત્તા)
૭.	નવદુર્ગા ટ્રેડીંગ કું. (રાયપુર),	રવજી વિરજી નાકરાણી (રાયપુર)
૮.	સ્વ. અરજણ શીવજી માધાણી,	કાન્તિલાલ અરજણ માધાણી (કટક)
૯.	સ્વ. વાલજી મુળજી પાંચાણી,	ચંદુલાલ મુળજી પાંચાણી (શિવરી)
૧૦.	સ્વ. શીવગણ મનજી બાથાણી,	શાંતિલાલ શિવગણ બાથાણી (ભુવનેશ્વર)
૧૧.	લધા નારણ કાનજીયાણી,	જીવરાજ લધા કાનજીયાણી (નાગપુર)
૧૨.	અમૃતલાલ પ્રેમજી ખેતાણી,	ગીરીશભાઇ ખેતાણી (અમદાવાદ)
૧૩.	સ્વ. શીવજી વાલજી અખીયાણી,	ભોગીલાલ શીવજી નાકરાણી (ઔરંગાબાદ)
૧૪.	વેલજી દેવજી સોમજીયાણી (હરદા)	વેલજી દેવજી સોમજીયાણી (હરદા)
૧૫.	સ્વ. પ્રેમજી મેઘજી નાકરાણી,	ડાહ્યાલાલ પ્રેમજી નાકરાણી (રાયપુર)
૧૬.	માવજી પ્રેમજી ખીમાણી (ઇન્દોર)	ડાયાલાલભાઇ માવજી (ઇન્દોર)
૧૭.	નાનજી વેલજી માધાણી,	ખેતાલાલ નાનજી (ઇન્દોર)
૧૮.	સ્વ. ડાહીબેન વિશ્રામ દિવાણી,	લખમશી વિશ્રામ દિવાણી (અમદાવાદ)
૧૯.	લક્ષ્મીબેન અરજણ બાથાણી,	ખીમજી અરજણ બાથાણી (નાગપુર)
૨૦.	કરશન હીરજી સોમજીયાણી,	ધનજી કરશન સોમજીયાણી (પણસોરા)
૨૧.	પ્રેમજી ખેતા કાનાણી,	રવજી પ્રેમજી કાનાણી (સુરત)
૨૨.	ડાયાલાલ માધવજી પાંચાણી,	કરમશી ડાયાલાલ (હૈદરાબાદ)
૨૩.	માકાણી પરિવાર	રામજી વિશ્રામ માકાણી (બાલોદ)
૨૪.	માવજી હંસરાજ કાનાણી,	હરીલાલ માવજી કાનાણી (કલકત્તા)
૨૫.	અરજણ મનજી મુખી તથા સૌ ભાઇઓ,	કાન્તિલાલ અરજણ મુખી(ભુવનેશ્વર)
૨૬.	રાજા દાના મુખી,	મણીલાલ રાજા મુખી (વિરાણીમોટી)
૨૭.	માનાણી પરિવાર એક સદસ્ય તરફથી,	મુળજી નારણ માનાણી (રાયપુર)
૨૮.	વિશ્રામ પચાણ અખીયાણી,	કરશન વિશ્રામ અખીયાણી (બેંગ્લોર)
૨૯.	શિવજી લાલજી પાંચાણી (વિરાણી)	હ. પોતે
૩૦.	સ્વ. ગંગાબેન ભાણજી સોમજીયાણી,	મણીલાલ ભાણજી સોમજીયાણી (ત્રિચીનાપલ્લી)

પ્રથમ દિવસ

શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના પ્રથમ મંદિરના "હિરક જયંતિ મહોત્સવ"ની શુભ શરૂઆત તા. ૦૨.૦૯.૦૪ના શોભાયાત્રાના રૂપે શ્રી પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણાના પવિત્ર પ્રાંગણથી પૂજ્ય આદ્ય સુધારક શ્રી નારાયણજી બાપાની પ્રતિમાને અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખશ્રી વાલજી શિવજી વાડીયાએ પુષ્પહાર પહેરાવી સમસ્ત સમાજવતી શ્રદ્ધાંજલી અર્પિત કરેલ અને કૃતજ્ઞતા વ્યકત કરેલ અને ઉપસ્થિત જન સમુદાયને ભગવાન લક્ષ્મીનારાયણ અને નારણજીબાપાના નામના જયઘોષ સાથે સમસ્ત વાતાવરણને ઉત્સાહિત કરી દિધેલ. આ પ્રસંગે પ્રમુખશ્રીએ વિશાળ જનમેદનીને સંબોધિત કરેલ અને આ કાર્યક્રમની સફળતાની શુભકામના પાઠવેલ. આ કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ વિશેષ રૂપે હાજર રહ્યા હતા, જેમાં શ્રી વાલજી નારણ ભગત, શ્રી રામજી કરમશી નાકરાણી, મહામંત્રી શ્રી ઈશ્વરલાલ માવજી ભગત, મંત્રીશ્રી માવજી શામજી છાભૈયા, ઓડીટર શ્રી અબજી વિશ્રામ કાનાણી, શ્રી વાલજી હીરજી ચૌહાણ મુખ્ય હતા.

શોભાયાત્રાની વિશેષતાઓમાં હિરક જયંતિના પ્રતિકરૂપે ૭૫ વાહનોમાં એક પાયલોટ જીપ, એક પાયલોટ બુલેટ, ૩૨ મોટર સાઈકલ અને ત્યારબાદ ૪૧ કારો હતી.

તેમની પાછળ બેન્ડ પાર્ટીની મધુર ધુનોમાં નાચતા યુવાનો, તેમજ પાછળ સફેદ પરિધાનમાં વિરાણીના હજારોની સંખ્યામાં ભાઇઓ પગપાળા ચાલી યાત્રાની શોભા વધારી રહ્યા હતા. તેમની પાછળ ગોતીડા લીધેલ બહેનો શોભાયાત્રાની શોભા ને હજુ વધુ નિખારી રહી હતી, ઘોડા ઉપર સવાર બે છડીદારો, તેમની પાછળ ભગવાન લક્ષ્મીનારાયણનો રથ જેમાં ભગવાન સાથે



યજમાન રૂપે શ્રી રાજા નારણ સોમજીયાણી દંપતિ બિરાજેલ હતા. બીજા એક રથમાં ભગવાન લક્ષ્મીનારાયણના દરબાર સમા ભગવાન અને લક્ષ્મીજી સાથે હુનમાનજી, ગણેશજી અને ગરૂડ દેવતાના પહેરવેશમાં યજમાન દાતાશ્રી નો પરિવાર સુશોભિત હતો, તેની પાછળ ઢોલ અને શરણાઈવાળા મધુર ધુનો વગાડી રહ્યા હતા. જેની પાછળ બહેનો રાસ રમી રહી હતી અને હજારો બહેનો એક રંગીય સાડી પરિધાનથી શોભાયાત્રાને વધુ આકર્ષક બનાવી રહી હતી. તેમની પાછળ ફરી હિરક જયંતિના પ્રતિક સમા ૬૫ ટ્રેકટરો અને ૧૦ ટ્રકો એમ ૭૫ વાહનોને રાખવામાં આવેલ હતા. શોભાયાત્રાની વિશાળતાનો ખ્યાલ એના ઉપરથી આવતો હતો કે તેનો પ્રથમ છેડો વથાણ ઉપર વિરાણીના માર્ગ ઉપર પ્રવેશી રહ્યો હતો ત્યારે બીજો છેડો હજુ પાટીદાર વિદ્યાર્થી ભવનમાં જ હતો, આ શોભાયાત્રાની વ્યવસ્થા જાળવવામાં સ્વયંસેવક ભાઈઓનો ફાળો ઉલ્લેખનીય હતો.

ઉપરોકત શોભાયાત્રા સવારના ૮ કલાકે બોર્ડીંગથી શરૂ થઇ નખત્રાણાના મુખ્ય માર્ગેથી વથાણમાં આવેલ અને ત્યાંથી મણીનગર માર્ગેથી વિરાણી ગામ તરફ ગયેલ જે વાજતે ગાજતે લગભગ ૧૦ કલાકે વિરાણી ગામે પહોંચેલ ત્યાં બધા જ વાહનોને અલગ કરી સૌ ભાઈ-બહેનો પગપાળા જોડાયા, આ ઉત્સાહના વાતાવરણમાં પૂજ્ય ભારતીદીદી પણ તેમના ઉમળકાને રોકી શકયા નહીં અને તેઓ પણ શોભાયાત્રામાં જોડાયા, તેમને ભગવાનશ્રીના રથમાં સ્થાન ગ્રહણ કરાવવામાં આવેલ, શોભાયાત્રા ગામના મુખ્ય માર્ગેથી પસાર થઇ પ્રથમ મંદિર પહોંચી ત્યાં ભગવાનશ્રીની પૂજા અને દર્શન કરી નવા મંદિર માટે પ્રસ્થાન કરેલ અને વાજતે ગાજતે લગભગ ૧૧:૩૦ કલાકે નવા મંદિર અને સમાજવાડીમાં પહોંચીને શોભાયાત્રાને પૂર્ણ જાહેર કરેલ.

બપોરનાં સર્વે ભાઇ - બહેનો અને બહાર ગામથી પધારેલ સૌ મહેમાનોએ સમાજવાડીમાં પ્રસાદ ગ્રહણ કરેલ.

બપોરના બીજા સત્રમાં ૩ કલાકે પધારેલ પૂજ્ય સંતોના મુખ્યદ્વાર પાસે વાજતે ગાજતે ઢોલ અને શરણાઈયોના મધુર શુરે ગોતીડાવાડી બહેનો અને ઉપસ્થિત જનમેદનીએ અને સમાજના અગ્રણીઓએ ભાવભીનું સ્વાગત કરેલ અને તેમને સભામંડપમાં આદરથી લઈ જવામાં આવેલ, ત્યાં પહોંચી સંતોને મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવવામાં આવેલ અને ત્યારબાદ પૂજ્ય સંતો અને સમાજના પ્રમુખશ્રી માવજી વસ્તા રૂડાણી દ્વારા ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના ફોટાને ફુલહાર પહેરાવી દીપ પ્રજ્વલિત કરી આ ધાર્મિક સભાની શરૂઆત કરવામાં આવેલ; તેમાં સર્વ પ્રથમ શ્રીમતી મનીષાબેન રસીકલાલ ધોળુ દ્વારા સંતોના સામૈયા માટે એક મધુર સ્વાગત ગીત રજુ કરવામાં આવેલ, સંતોનું શાબ્દીક સ્વાગત શ્રી અબજી વિશ્રામ કાનાણી દ્વારા કરવામાં આવેલ.

આ ધાર્મિક સભામાં પધારેલ સંતોમાં

૧. **મહંતશ્રી સેવાદાસજી સાહેબ**
કબીર આશ્રમ (વિરાણી મોટી)

૨. **મહંતશ્રી કરસનદાસજી મહારાજ**
ઈશ્વર આશ્રમ (વાંઢાય)

૩. સાધુશ્રી સેવાદાસજી મહારાજ
ઈશ્વર આશ્રમ (વાંઢાય)

૪. પૂજયશ્રી મોહનદાસજી મહારાજ
ઈશ્વર આશ્રમ (વાંઢાય)

૫. પૂજયશ્રી જગજીવનદાસજી ભગત
ભગતબાપાનો દ્વારો, બીબ્બર)

૬. પૂજયશ્રી દયારામ ભગત
અરલ આશ્રમ (નાની અરલ)

પૂજય સંતોનું સ્વાગત અને સન્માન ફૂલહાર અને સાલ ઓઢાડી સમાજના વિભિન્ન અગ્રણીઓએ કરેલ. ત્યારબાદ સર્વે સંતોએ પોત પોતાના આર્શીવચનો આપેલ જેમાં તેઓએ આપણા વડીલો દ્વારા કરેલ કાર્યોને ધ્યાનમાં રાખી સમાજમાં ધાર્મિક અને આધ્યાત્મિક વાતાવરણ જાળવી અને સમાજના ઉથ્થાન માટે સૌને કાર્ય કરવાનું આહ્‌વાહન કરેલ, સંતોએ સમાજને સતત જાગૃત રહેવાની જરૂરીયાત ઉપર પુરંતુ ધ્યાન દોર્યુ જેથી સમાજ સંસ્કૃતિ અને ધર્મથી વિમુખ ન થઇ જાય.

આ સભામાં પૂજય ભારતીદીદી અને તત્વચિંતક શ્રી હરીભાઇ કોઠારી વિશેષરૂપે હાજર રહ્યા હતા.

કાર્યક્રમની આભારવિધિ શ્રી ગંગદાસ નાનજી સોમજીયાણીએ અને કાર્યક્રમનું સંચાલન શ્રી અબજી વિશ્રામ કાનાણીએ કરેલ હતું

રાત્રે ૯ કલાકે શ્રી પાટીદાર યુવક મંડળ અને મહિલા મંડળે સરસ્વતી સન્માન અને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ, જે વિરાણીના સ્થાનિય ભાઇ-બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ હતો. આ પ્રસંગે વિરાણી સિવાયના બહારગામના ભાઇ-બહેનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ, ઉપસ્થિત મેદનીએ ભાગ લીધેલ કલાકારોને પ્રોત્સાહન રાશિ ભેટ આપી તેમનો ઉત્સાહ વધારેલ, કાર્યક્રમ મોડી રાત સુધી ચાલેલ.

બીજો દિવસ

કાર્યક્રમના બીજા દિવસે સવારના ૮ કલાકે સ્વામી સચ્ચિદાનંદ મહારાજ (દંતાલીવાળા) અને તત્વચિંતક શ્રી હરીભાઇ કોઠારી તેમજ પૂજયભારતી દીદીનું નવા મંદિર પાસે ગોતડીવાળી બહેનો અને સમાજના વિશાળ જન સમુદાયે હાર્દિક સ્વાગત કરેલ અને ત્યાંથી સૌને પૂજય આદ્યસુધારક શ્રી નારાયણજીબાપાના નવનિર્મિત સ્મારક સ્થળે લઇ જવામાં આવેલ, ત્યાં મહાનુભાવોના વરદ્ હસ્તે અને પૂજય નારાયણજીબાપાના પરિવારજનોની ઉપસ્થિતિમાં પૂજય નારાયણજીબાપાના મૂળ નિવાસ સ્થાનને એક સ્મારકના રૂપે જન સાધારણ માટે ખુલ્લું મુકવામાં આવેલ અને પૂજય બાપાની મુર્તિનું અનાવરણ પણ કરવામાં આવેલ, જે મુખ્ય સ્મારક સ્થળ અને બાપાની પ્રતિમા તેમના પરિવારજનો દ્વારા સમાજને ભેટ રૂપે આપવામાં આવેલ છે. તે બદલ તેઓના પરિવારને ખૂબ અભિનંદન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં બાપાશ્રીના પરિવારજનોમાં મુખ્યરૂપે શ્રી છગનભાઇ, શ્રી ઘનશ્યામભાઇ, શ્રી કિશનભાઇ અને બીજા ભાઇઓ ઉપસ્થિત રહ્યા હતા.

ત્યાંથી સર્વે ૭૫ વર્ષ પૂર્વે બનેલ ઐતિહાસિક ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરે દર્શનાર્થે ગયા અને ત્યાંથી મુખ્ય સભા મંડપે આવેલ, ત્યાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના ફોટાને પુષ્પહાર પહેરાવી દીપ પ્રજવલિત કરવામાં આવેલ અને સભાની શરૂઆત કરવામાં આવેલ. સંતોના સામૈયા માટે શ્રીમતિ મનીષાબેન રસીકલાલ ધોળુ દ્વારા સ્વાગત ગીત રજુ કરવામાં આવેલ,સંતોનું શાબ્દીક સ્વાગત શ્રી રામજી કરમશી નાકરાણી દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ સ્વામી સચ્ચિદાનંદ મહારાજનું સ્વાગત અને સન્માન સમાજના પ્રમુખશ્રી માવજી વસ્તા રૂડાણી દ્વારા કરવામાં આવેલ અને તત્વચિંતક શ્રી હરિભાઇ કોઠારીનું સ્વાગત અને સન્માન સમાજના ઉપપ્રમુખશ્રી રતનશી લધા સોમજીયાણી દ્વારા કરવામાં આવેલ તેમજ પૂજય ભારતીદીદીનું સ્વાગત અને સન્માન શ્રી હરિલાલ કરસન બાથાણી દ્વારા કરવામાં આવેલ ત્યારબાદ આ ઉત્સવ નિમિત્તે પ્રકાશિત સ્મરણિકાની પૂર્વ ભૂમિકા ની રજૂઆત શ્રી અબજી વિશ્રામ કાનાણી દ્વારા કરવામાં આવેલ. સ્મરણિકામાં આવરી લીધેલ મુદાઓમાં પૂજય આદ્યસુધારક નારણજીબાપા લીંબાણી, શ્રી રતનશી ખીમજી ખેતાણી, શ્રી નારણ શીવજી માનાણી અને શ્રી શિવદાસ કાનજી સોમજીયાણીનું જીવન ચરિત્ર સમાજના વડીલો શ્રી કરશન શિવદાસ મુખી, શ્રી નાનજી લધા સોમજીયાણી, શ્રી વિશ્રામ પચાણ અખીયાણી તેમજ શ્રી રતનશી નારણ વાગડીયા ખોંભડીવાળાના જુના સંસ્મરણો, કડવા પાટીદારનો ઇતિહાસ, વિરાણી ગામનો ઇતિહાસ, વિરાણી ગામની પ્રવૃત્તિઓ અને બીજી ઘણી ઉપયોગી જાણકારીનું સંકલન આ પુસ્તકમાં કરવામાં આવેલ છે.

આ ઉપયોગી સ્મરણિકાનું વિમોચન પૂજય સ્વામી સચ્ચિદાનંદજીના વરદ્ હસ્તે કરવામાં આવેલ, ત્યારબાદ વિરાણીગામના સંતશ્રી વિનુભાઇ ભગતના એક પુસ્તક "નિજાનંદની મસ્તી"નું વિમોચન તત્ત્વચિંતક શ્રી હરિભાઇ કોઠારી દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ. આ પુસ્તકની ભુમિકા શ્રી ગંગદાસ નાનજી સોમજીયાણી દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ.

સ્વામી સચ્ચિદાનંદજી મહારાજ દ્વારા આ પ્રસંગને અનુલક્ષીને પ્રવચન કરેલ જેમની અંદર તેઓએ આપણા વડીલોના સમાજ સુધારાના કાર્યને બિરદાવેલ અને સમાજ માટે કંઇક કરી છુટવાની ઇચ્છા જાગૃત કરી સમાજ માટે કાર્ય કરવાનું કાર્યકતાઓને આહ્‌વાન કરેલ. તેઓએ કહ્યુ કે સમાજના આદ્ય સુધારક પૂજય નારણજીબાપાએ અને અન્ય વડીલોએ સમાજને રૂઢીવાદમાંથી કાઢી સુધારાવાદી વલણ તરફ વાળ્યો અને તેમની જ મહેનતથી આજે આપણો સમાજ આ સ્થિતિ ઉપર પહોંચ્યો છે. તેઓએ ભલામણ કરેલ કે સુધારાવાદના રસ્તા પર ચાલનારી વ્યકિત કે સમાજ જ પ્રગતિના ચરણોનું સોપાન સર કરી શકે છે બાકી રૂઢીવાદી વ્યકિત કે સમાજ વિકાસ કરી શકતો નથી.

તત્વચિંતક શ્રી હરીભાઇ કોઠારીએ પણ આ પ્રસંગને અનુલક્ષીને પોતાનું ચિંતન રજુ કરેલ, તેમાં

પણ તેઓએ સમાજને આજની જરૂરિયાતો પ્રમાણે સુધારા તરફ જવું જોઇએ અને સમાજનું ઉત્થાન કરવું જોઇએ એવું ચિંતન રજુ કરેલ અને વડીલોએ કરેલ કઠીન પરિશ્રમ અને સંઘર્ષને યાદ કરી તેમને બિરદાવેલ હતા.

આ કાર્યક્રમમાં જન સમુદાયની ઉપસ્થિતિ અને તેમને જાળવી રાખેલ શાંતિ જ આ કાર્યક્રમની સફળતાનું પ્રતિબિંબ હતું તે ખરેખર ચીર સ્મરણિય રહેશે.

આ કાર્યક્રમની આભારવિધિ શ્રી હરિલાલ કરશન બાથાણી, ઈન્દોરે કરેલ અને કાર્યક્રમનું સંચાલન શ્રી ચંદુલાલ કરશન દિવાણીએ કરેલ.

બપોર પછીના સામાજિક સભાના પ્રથમ સત્રમાં રાજકીય આગેવાનોનું સ્વાગત તેમજ સન્માન અને તેમના મંતવ્યોનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં કાર્યક્રમની શોભા વધારવા માનનીય મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ (મહેસૂલ પ્રધાન, ગુજરાત રાજય), શ્રી શીવજીભાઇ આહીર (ધારાસભ્ય, ભૂજ વિસ્તાર), શ્રી છબીલભાઇ પટેલ (ધારા સભ્ય માંડવી વિસ્તાર), શ્રી નરેન્દ્રસિંહ જાડેજા (ધારાસભ્ય અબડાસા વિસ્તાર), કચ્છ જિલ્લા પંચાયત સભ્યશ્રી કેશુભાઇ પટેલ, કચ્છ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ગોંવિદભાઇ ખોખાણી, જિલ્લા પંચાયત સભ્યશ્રી રવજી મેઘજી બાથાણી, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી દિલીપભાઇ અને અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખશ્રી વાલજી શીવજી વાડીયા પ્રમુખ રૂપે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવામાં ભાગીદાર રહ્યા હતા.

પધારેલ મહેમાનોનું સ્વાગત અને સન્માન સમાજના અગ્રણીઓ દ્વારા કરવામાં આવેલ. સભામાં મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ, શ્રી શિવજીભાઇ આહીર, શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી છબીલભાઇ પટેલ દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવેલ. તેમાં તેઓએ કચ્છના વિકાસ માટે સમાજ અને સરકારના પરસ્પર સહયોગથી અને પ્રાકૃતિક સંસાધનો નો સમુચિત ઉપયોગ અને વિકાસ કરી કચ્છની પ્રગતિ માટેની સરકારની વચનબદ્ધતાની જાણકારી આપેલ તેમજ આ કાર્યક્રમની સફળતાની શુભ કામનાઓ પાઠવેલ. સભામાં મંત્રીશ્રીને આ પ્રસંગની યાદગીરી રૂપે એક પ્રતિક ચિન્હ સમાજના પ્રમુખશ્રી માવજી વસ્તા રૂડાણીના હસ્તે આપવામાં આવેલ. આ પ્રસંગમાં કચ્છ કલેકટર શ્રી પ્રદિપ શર્મા અને ઉચ્ચ અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સી.કે પટેલ તંત્રી શ્રી "પાટીદાર સૌરભ" અને નાયબ મામલતદાર, નખત્રાણા પણ હાજર રહેલ.

આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન શ્રી વસંતલાલ માવજી કાનજીયાણીએ કરેલ, આભારવિધિ શ્રી માવજી વસ્તા રૂડાણી દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી શંકરલાલ હંસરાજ કાનાણી દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ.

બપોર પછી બીજા સત્રમાં સામાજિક સભાનું આયોજન કરેલ, જેમાં કાર્યક્રમની અધ્યક્ષતા સમાજના પ્રમુખશ્રી માવજી વસ્તા રૂડાણીએ કરેલ તેમજ અથિતિ વિશેષ રૂપે અખિલ ભારતીય કચ્છ

કડવા પાટીદાર સમાજના પ્રમુખશ્રી વાલજી શિવજી વાડીયા હાજર રહેલ હતા. સાથે વિરાણી પાટીદાર સમાજના ભૂતપૂર્વ પ્રમુખશ્રી લધા અરજણ સોમજીયાણી પણ મંચ ઉપર ઉપસ્થિત રહ્યા હતા. આની સાથે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના ટ્રસ્ટીઓશ્રી અને હોદેદારો તેમજ ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાયના પ્રમુખશ્રી હંસરાજભાઇ ઘોળુ તેમજ હોદ્દેદારો, લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિના પ્રમુખશ્રી જેઠાભાઇ લાલજી ચોપડા તેમજ હોદેદારો, ઉમા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના મહામંત્રી શ્રી વિશ્રામભાઇ રૂડાણી તેમજ હોદ્દેદારો, અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ રતનબેન ભગત તેમજ હોદ્દેદારો, તેમજ ન્યાય સમિતિના પ્રમુખશ્રી અને નખત્રાણા તાલુકા પંચાયત પ્રમુખશ્રી દેવજી માવજી લીંબાણી, તંત્રીશ્રી “ઉમા દપર્ણ” શ્રી રતીલાલ મનજી પોકાર, તંત્રીશ્રી “પાટીદાર સંદેશ” શ્રી કરમશી નાગજી પારસીયા તેમજ વિશેષમાં વડીલ મુરબ્બી શ્રી રતનશી નારણ વાગડીયા, બેંગ્લોર અને વિરાણી મહિલા મંડળનાં પ્રમુખશ્રી લીલાબેન ખીમાણી વિશેષ રૂપથી હાજર રહેલા હતાં.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ શ્રી વાલજી શિવજી વાડીયાનું સ્વાગત અને સન્માન વિરાણી પાટીદાર સમાજના પ્રમુખશ્રી માવજી વસ્તા રૂડાણી દ્વારા કરવામાં આવેલ અને અન્ય પધારેલ મહાનુભાવોનું સ્વાગત શ્રી રામજી કરમશી નાકરાણી અને શ્રી અબજી વિશ્રામ કાનાણી દ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચન નીચે મુજબના વક્તાઓએ આપેલ.

૧. **ડૉ. વી. એચ. પટેલ**
ટ્રસ્ટીશ્રી અ.ભા.ક.ક.પા. સમાજ
૨. **શ્રીમતી ભાનુબેન પટેલ**
ટ્રસ્ટશ્રી અ.ભા.ક.ક.પા મહિલા મંડળ
૩. **શ્રીમતી સોનલબેન પટેલ**
મહામંત્રી અ.ભા.ક.પા. મહિલા મંડળ
૪. **શ્રી જેઠાભાઈ લાલજી ચોપડા**
પ્રમુખ શ્રી લક્ષ્મીનારાયણ ધ. પ્ર સમિતિ
૫. **શ્રી હંસરાજભાઈ ઘોળુ**
પ્રમુખશ્રી ઉમિયા માતાજી ટ્રસ્ટ (વાંઢાય)
૬. **શ્રીમતી રતનબેન ભગત**
પ્રમુખશ્રી અ.ભા.ક.ક.પા. મ. મંડળ
૭. **શ્રી વિશ્રામભાઈ રૂડાણી**
મહામંત્રીશ્રી ઉમા એજ્યુ. એન્ડ ચે. ટ્રસ્ટ
૮. **શ્રી દેવજીભાઈ લીંબાણી**
પ્રમુખશ્રી ન્યાય સમિતિ, પ્રમુખ
તા. પંચાયત નખત્રાણા
૯ **શ્રી રતીભાઈ પોકાર**
તંત્રીશ્રી “ઉમા દર્પણ”
૧૦ **શ્રી કરમશીભાઈ પારસિયા**
તંત્રી શ્રી “પાટીદાર સંદેશ”
૧૧ **શ્રી કરસનભાઈ પટેલ (કવિ)- દિલ્હી**
૧૨ **શ્રી નારણભાઈ પોકાર**
ટ્રસ્ટીશ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ
૧૩ **શ્રી વાલજીભાઈ વાડીયા**
પ્રમુખશ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ
૧૪ **શ્રી ખીમજીભાઈ લીંબાણી**
ટ્રસ્ટીશ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ
૧૫ **શ્રી રતનશીબાપા વાગડીયા-બેંગ્લોર**
સામાજીક સનાતની અગ્રણી
૧૬ **શ્રી રમેશભાઈ વાગડીયા-બેંગ્લોર**

સમાજના આ અગ્રણીઓના વિચારોમાં મુખ્યત્વે તેઓએ કહ્યું કે વિરાણી ગામની આ ધીંગી ધરાએ સમાજને ઘણા બધા સંતો આપેલ છે અને સમાજને જેમાં પૂર્વમાં અને વર્તમાનમાં પણ સમર્પિત કાર્યકર્તા પણ આપેલ છે. જેમાં પૂર્વમાં પૂજ્ય આદ્યસુધારક નારાયણજીબાપા, શ્રી રતનશી ખીમજી ખેતાણી, શ્રી નારણ શીવજી માનાણી, શ્રી શિવદાસ કાનજી સોમજીયાણી, શ્રી કરશન શિવદાસ મુખી જેવા વડીલોએ અખીલ ભારતીય સમાજના ધોરણે આ સમાજને આ પરિસ્થિતિમાં પહોંચાડવામાં જે પ્રયત્નો કર્યા અને સુધારાના નિમિત્ત બન્યા તેમના કાર્યોને બિદરાવેલ અને આજે પણ સમાજને અ.ભા. સમાજ સ્તરે કાર્યકર્તા મળેલ છે, જેઓ સમાજના ઉત્થાન અને પ્રગતિ માટે કાર્ય કરી રહ્યા છે, તે માટે વિરાણી ગામને ખૂબ ખૂબ અભિનંદન આપેલ.

કાર્યક્રમની અભારવિધિ શ્રી માવજી વસ્તા રૂડાણી દ્વારા કરવામાં આવેલ અને સંચાલન-શ્રી ચંદુલાલ કરશન દિવાણી દ્વારા કરવામાં આવેલ.

બીજા દિવસે રાત્રે ૯ કલાકે વિરાણી ગામની બહાર વસતા ભાઇ-બહેનો દ્વારા એક રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવેલ જેમાં દેશના ખૂણે ખૂણેથી પધારેલ ભાઇ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ અને ઉપસ્થિત જન સુમદાયે પણ પ્રોત્સાહન રાશિ ભેટ આપી તે કલાકારોનું ઉત્સાહ વર્ધન કરેલ. આ કાર્યક્રમ મોડી રાત સુધી ચાલેલ અને ભાઇ-બહેનોએ રસપૂર્વક નિહાળેલ.

ત્રીજો દિવસ

ત્રીજા દિવસે સવારે ૮ કલાકે પૂજ્ય ભારતીદીદીના પ્રવચનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. તેમા પ્રથમ તેમના સ્વાગત અને સમાજવતી સન્માન પ્રમુખશ્રી માવજી વસ્તા રૂડાણી દ્વારા કરવામાં આવેલ, ત્યારબાદ તેમના પ્રાસંગિક પ્રવચનમાં તેઓએ સમાજમાં ધાર્મિક વાતાવરણ બની રહે અને આધ્યાત્મિક વિચારોની જયોતિ પ્રજવલીત રહે તે માટે સતત પ્રયત્નો કરવાની જરૂરીયાત ઉપર જોર મુકેલ અને સમાજને વ્યસન અને ફેશનથી દુર રહી સારા વિચારો જીવનમાં ઉતારી પોતાનું અને સમાજનું કલ્યાણ કરવાની ભલામણ કરેલ.

હિરક જયંતિ મહોત્સવને અનુલક્ષીને વિરાણી ગામના ૭૪ વર્ષથી ઉપરના ૧૪૨ વડીલોના સમાજ દ્વારા તેમના દર્શન કરીને સન્માન કરવામાં આવેલ જેમાં સમાજ દ્વારા સાલ અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના ફોટા તેમજ હિંમતભાઇ રતનશી ખેતાણી અને શંભુભાઇ ઘોઘારી દ્વારા બધા જ વડીલોને વિશેષ ભેટ આપી સન્માનિત કરવામાં આવેલ. વિરાણી ન આવી શકે એવા ૮૧ વડીલોને વિશેષ પ્રતિક ચિન્હ આપી સમાજ અને દાતાઓ દ્વારા સન્માનિત કરવામાં આવેલ. વડીલોના સન્માન સમાજવતી આ હિરક જયંતિ ઉત્સવ માટેની વિભિન્ન સમિતિના કાર્યકર્તા ભાઇઓના હસ્તે કરી વડીલોના આશીર્વાદ મેળવેલ.

ભોજન પછી બપોરના બીજા સત્રમાં સમાજને ચડાવા રૂપે વિભિન્ન કાર્યક્રમોના યજમાન દાતાઓનું તેમજ ભોજન અને અન્ય ભેટ રૂ/- ૧૧,૦૦૦/- અથવા તેથી વધુ રકમ આપેલ તેવા ૫૧ દાતાઓને સમાજવતી સમાજના પ્રમુખશ્રીના વરદ્ હસ્તે સન્માનિત કરવામાં આવેલ.

આ કાર્યક્રમનું સંચાલન શ્રી રામજી કરમશી નાકરાણી તેમજ શ્રી અબજીભાઇ વિશ્રામ કાનાણી દ્વારા કરવામાં આવેલ.

આ હિરક જયંતિ મહોત્સવના કાર્યક્રમની અંતિમ કડીમાં ગુજરાતના લોક કલાકારો એવા શ્રી અરવિંદભાઇ જોષી તેમજ તેમની પાર્ટીના કલાકારો દ્વારા ડાયરાનું આયોજન કરવામાં આવેલ, તેમાં વિરાણી ગામના તેમજ આજુબાજુના ગામનાં ભાઇ-બહેનોએ ખૂબ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ લોક ડાયરાનો આનંદ માણ્યો હતો.

ઉપરના હિરક જયંતિ મહોત્સવના કાર્યક્રમને સફળ બનાવવા માટે વિભિન્ન સમિતિઓની નીચે મુજબ રચના કરવામાં આવેલ.

(૧) આયોજન સમિતિ

(૨) પ્રકાશન સમિતિ

(૩) પ્રચાર અને પ્રસાર સમિતિ

(૪) સર્વોચ્ચ સમિતિ

(૫) સ્વાગત સમિતિ

(૬) કાર્યાલય સમિતિ

(૭) રસોડા સમિતિ

(૮) ભોજન વ્યવસ્થા સમિતિ

(૯) મંડપ અને લાઇટ ડેકોરેશન સમિતિ

(૧૦) સ્વંય સેવક સમિતિ

(૧૧) વાહન વ્યવહાર સમિતિ

(૧૨) પાણી પુરવઠા સમિતિ

(૧૩) આવાસ સમિતિ

(૧૪) યજ્ઞ સમિતિ

(૧૫) આરોગ્ય સમિતિ

(૧૬) સંરક્ષણ સમિતિ

(૧૭) સફાઇ સમિતિ

(૧૮) ઇલેકટ્રીક વ્યવસ્થા સમિતિ

(૧૯) સુલેખન સમિતિ

(૨૦) શોભાયાત્રા સમિતિ

ઉપરની સમિતિના સર્વે ભાઇઓએ ખૂબ જ મહેનતથી પોતાની જવાબદારીનું સમયસર પાલન કરી આ ભગીરથ કાર્યને પુરૂં પાડવા મદદરૂપ થયા અને કાર્યક્રમને સફળ બનાવેલ.

શ્રી વિરાણી પાટીદાર સમાજ મોટી વિરાણી "જનરલ સભા"

તા. ૦૪.૦૯.૦૪ના રોજ એક જનરલ સભાનું આયોજન કરવામાં આવ્યું જેમાં આજની સભા પ્રમુખશ્રી માવજી વસ્તા રૂડાણીના પ્રમુખ સ્થાને મળી હતી.

મંત્રી શ્રી પ્રેમજી પચાણ ધનાણીએ સૌનું સ્વાગત કરતાં પ્રમુખશ્રીની મંજુરીથી પ્રાર્થના કરી સભાની શરૂઆત કરી.

મંત્રીશ્રીએ મિનીટ બુકનું વાંચન કર્યું, આવેલ પત્રોનું વાંચન કર્યું, ગત મીનીટ બુકને સર્વ સંમતિથી બહાલી આપવામાં આવી.

આવક-જાવકના હિસાબો ખજાનચી વતી મંત્રીશ્રીએ રજુ કર્યા અને બહાલી આપવામાં આવી, વર્ષ દરમ્યાન કામગીરીમાં સ્વ.નારાયણજી રામજી લીંબાણીનું સ્મારક બનાવવાનું કામ કરવામાં આવ્યું, નવા મંદિરમાં યજ્ઞ મંડપને સિમેન્ટ-કોંક્રીટનો કર્યો, વર્ષ દરમ્યાન હિરક જયંતિ મહોત્સવ અંગે તૈયારી કરી અને આજે એ ઉત્સવ પુરો માણ્યો છે તેનો આનંદ છે. પ્રાસંગિક પ્રવચનો કચ્છના ભાઈઓ તથા બહારથી આવેલ ભાઈઓએ પોતાના અમૂલ્ય વિચાર રજુ કર્યા અને કિશનભાઈએ ગુરૂ પ્રથામાં આંધળા માર્ગે ન ચાલવું, અંધશ્રદ્ધાથી બહાર આવવું, ધર્મ સંપ્રદાયરૂપી વાડાથી બચવું, તેમાં ન ફસાવું અને સનાતન ધર્મમાં વિશ્વાસ રાખવો, ગીતાના વિચારો જીવનમાં ઉતારવા અને ચિંતન-મનન કરવું.

શ્રી વિરાણી મોટી પાટીદાર સમાજનો ત્રણ વર્ષનો કાર્યકાળ પૂરો થતાં નવી કારોબારીની વરણી શ્રી હિંમતલાલ રતનશી ખેતાણીના સભાપતિની નિયુક્તિ કરવાથી આ નવી કારોબારી સર્વ સંમતિથી નક્કી કરવામાં આવી.

પ્રમુખ : શ્રી રામજી કરમશી (માનાણી) નાકરાણી

ઉપપ્રમુખ : શ્રી રવજી મેઘજી બાથાણી

મંત્રી : શ્રી પ્રેમજી પચાણ ધનાણી

સહમંત્રી : શ્રી રમેશ રતનશી સોમજીયાણી

ખજાનચી : શ્રી હંસરાજ પ્રેમજી મુખી

સભ્યો સર્વશ્રી

દેવજી નારણ સોમજીયાણી

માવજી વિશ્રામ કાનાણી

મુળજી રામજી ભાણજીયાણી

જેઠા કાનજી પટેલ

અરજણ લાલજી તેજાણી

મગનલાલ મનજી પટેલ

સલાહકાર સમિતિ : માવજી વસ્તા રૂડાણી તથા લધા અરજણ સોમજીયાણી

કો-ઓપ્ટ સભ્યશ્રીઓ : લખમશી ગંગદાસ માનાણી તથા રાજાભાઈ શીવજી વાલજીયાણી.

વિદાય લેતા પ્રમુખશ્રીએ પોતાનું ઉદ્દબોધન આપતાં જણાવેલ કે તમોએ મારા કાર્યકાળ દરમ્યાન જે સહકાર આપ્યો છે તે બદલ આપ સૌનો હું આભાર માનું છું. વિદાય લેતા પ્રમુખશ્રી માવજી વસ્તા રૂડાણીનું તેમના વિરાટ કાર્યની કદરરૂપે સાલ ઓઢાડી સન્માન શ્રી લધા અરજણ સોમજીયાણીએ કર્યું હતું.

મુક સેવક શ્રી મણીલાલ વિશ્રામ સોમજીયાણી અને રતનશી ડાયા માનાણીનું પણ સાલ ઓઢાડી સન્માન કરેલ હતું, એમ્બ્યુલન્સ ચાલક શ્રી રવજી

વિશ્રામ બાથાણીનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું.

નવા વરાયેલા પ્રમુખશ્રી રામજી કરમશી નાકરાણી એ સૌને ધન્યવાદ આપ્યા હતા અને મારામાં વિશ્વાસ રાખી મને પ્રમુખ બનાવ્યો તે બદલ આપનો આભાર. અમારી સમિતિને પહેલાં જેવો સહકાર આપતા રહેશો તેવી અપેક્ષા સાથે વિરામ લીધેલ.

આજની સભા પ્રમુખશ્રીની મંજુરીથી શ્રી ચંદુલાલ કરસનભાઈએ આભાર માની પૂર્ણ થયેલ જાહેર કરેલ હતી.

દરમ્યાન “પાટીદાર સંદેશ”ના તંત્રી શ્રી શામજીભાઈ પટેલ કે જેઓ પણ આ ગામના વતની છે, તેમને મહોત્સવના અંતિમ ચરણમાં આ ઉમદા અને અલભ્ય માહોલ માણવાની તક સાંપડી હતી

તેઓ લખે છે કે જાણે સમસ્ત વિરાણી ગામે નવા રૂપરંગ ધારણ કર્યા હતા, સમગ્ર ગામ ચેતનવંતુ લાગતું હતું, આમ તો કચ્છના તમામ ગામોમાં લગ્ન પ્રસંગે સામાજિક સભાઓમાં કે સાતમ-આઠમના દિવસોમાં વતન પ્રેમના દૃશ્યો જોવાં એ એક સહજ બાબત હોય છે; પરંતુ આ વખતે વિરાણી ગામમાં “હિરક જયંતિ મહોત્સવ” ને અનુલક્ષીને જાણે આ ગામના વતનીઓમાં એક અનોખા પ્રકારનો ઉમંગ જોવા મળ્યો હતો, કદાચ ઘણાં વર્ષો પછી સૌ ગામ વાસીઓ એક સાથે અને તે પણ નિરાંતના માહોલમાં સતત પાંચ પાંચ દિવસ સુધી સાથે રહ્યા, જમ્યા અને અવિરત આનંદ માણ્યો. તેઓ શ્રી વધુમાં લખે છે કે જયાં સુધી



આપણાં ભાઈઓમાં વતન પ્રેમનો આવો ઉમદા માહોલ ધબકતો રહેશે ત્યાં સુધી આપણું સામાજીક જીવન પણ આજ રીતે ચેતનવંતુ રહેશે.

તંત્રીશ્રી એ આ ત્રણ દિવસના ભવ્ય આયોજનમાં હાજરી આપનારા ભાઈ-બહેનોની સુખ સુવિધા માટે મહિનાઓ અગાઉ આયોજકો દ્વારા જે તનતોડ મહેનત અને નિષ્ઠાભર્યું આગોતરું આયોજન કરાયું તેની હૃદય પૂર્વક નોંધ લીધી હતી.

તંત્રીશ્રી એ કેન્દ્રીય સમાજના ઉપપ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણી, મુંબઈના અગ્રણીઓ સર્વશ્રી મણીભાઈ સામજી પાચાણી, શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી, શ્રી શંભુભાઈ ચંદુલાલ ગોગારી અને શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણીએ નિવૃત્ત થયેલા પ્રમુખ શ્રી માવજી વસ્તા રૂડાણી, શ્રી હરીભાઈ-ઈન્દોર અને વિરાણીગામના સ્થાનિક તેમજ બહારથી આવેલા અસંખ્યભાઈઓ કે જેમના નામો નો ઉલેખ્ખ કરીએ તો લાંબી યાદી થાય પરંતુ તેમને તમામ અગ્રણીઓના કાર્યકરોના નિષ્ઠા ભર્યા તન-મન અને ધનના યોગદાનની આદર સાથે નોંધ લીધી હતી.

શ્રી સામજીભાઈએ સ્થાનિક સમાજની ત્રણેય પાંખોના સંનિષ્ઠ પ્રયાસોને પણ બિરદાવ્યા હતા. અમારા તંત્રીના મતે મોટી વિરાણી ગામના ઈતિહાસમાં સામાજીક દૃષ્ટિએ આ મહોત્સવના સંસ્મરણો લાંબા સમય સુધી વિરાણીવાસીઓના માનસ પટ પર છવાયેલાં રહેશે.












શ્રી લક્ષ્મી નારાયણ ભગવાન મંદિર - મોટી વિરાણી
હિરક જયંતિ મહોત્સવ


સામાજીક સભા


શ્રી લક્ષ્મી નારાયણ ભગવાન મંદિર - મોટી વિરાણી
હિરક જયંતિ મહોત્સવ
ધાર્મિક સભા





શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ
વિરાણી મોટી - કચ્છ

શ્રી લક્ષ્મીનારાયણ નૂતન મંદિર
રજત જયંતિ મહોત્સવ



આપણા વિરાણીમોટી ગામની પાવન તથા પવિત્ર ધરામાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના નૂતન મંદિરની પ્રાણપ્રતિષ્ઠા સંવત ૨૦૪૫ શ્રાવણ વદ-૫ ને સોમવાર તા.૨૧-૮-૧૯૮૯ના શુભ દિને કરવામાં આવી હતી.

સમાજના વર્તમાન પ્રમુખ **શ્રી અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી**ના અધ્યક્ષ પદે સંવત ૨૦૬૯ શ્રાવણ વદ-૫ ને રવિવાર તા. ૨૫-૮-૨૦૧૩ ના દર વર્ષની જેમ રાબેતા મુજબ જનરલ મીટીંગ રાખવામાં આવી હતી. આ મીટીંગમાં ભગવાન શ્રી લક્ષ્મી નારાયણ નાં નૂતન મંદિરને આ વરસે ૨૫ વર્ષ પૂર્ણ થતા હોઈ મંદિરનો **રજત જયંતિ મહોત્સવ** ધામધૂમ તથા ભવ્ય રીતે ઉજવવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું. આ મહોત્સવની શાનદાર તથા યાદગાર ઉજવણી માટે પ્રમુખ **શ્રી અબજીભાઈ કાનાણી**ના અધ્યક્ષ

પદે આયોજન સમિતિની રચના કરવામાં આવી હતી.

આયોજન સમિતિની નામાવલી આ સુવેનિયરમાં અન્યત્ર જગ્યાએ આપવામાં આવી છે.

આ રજત જયંતિ મહોત્સવનો શુભારંભ સંવત ૨૦૭૦ શ્રાવણ વદ-૨ મંગળવાર તા-૧૨-૦૮-૨૦૧૪ ના તથા સમાપન સંવત ૨૦૭૦ શ્રાવણ વદ-૬ શનિવાર તા.૧૬-૦૮-૨૦૧૪ ના રોજ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આ જનરલ મિટીંગ ઉપરાંત તા. ૨૬-૦૮-૨૦૧૩, તા. ૧૮-૧૦-૨૦૧૩, તા. ૦૭-૧-૨૦૧૪ તથા તા. ૩૦-૦૪-૨૦૧૪ ના આયોજન સમિતિની મિટીંગો રાખવામાં આવી હતી અને મહોત્સવની ઉજવણી માટે રૂપરેખા તૈયાર કરીને અલગ-અલગ સમિતિઓ બનાવીને એમને જવાબદારીઓ સોંપવામાં આવી હતી છેલ્લી મિટીંગ તા.૦૧-૦૮-૨૦૧૪ ના રાખી હતી.

આ મહોત્સવમાં આપણી સમાજના પરદેશ વસતા ગામ વાસીઓ તથા સ્થાનિક સમાજના જ્ઞાતિજનો મોટી સંખ્યા માં હાજર રહી આ મહોત્સવને સફળ બનાવે એ માટે આમંત્રણ પત્રિકાઓ મોકલવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને સાથે સાથે એમનો તન-મન-ધન થી સહયોગ મળી રહે એ માટે હાજર રહેવા માટે આહ્‌વાન કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવમાં દરેક પ્રસંગના દાતાઓ લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને દાતાઓને ખુલ્લા દિલ થી દાનની સરવાણી વહેવડાવવા માટે વિનંતી કરવામાં આવેલ હતી. જેથી આ રજત જયંતિ મહોત્સવ તથા સમાજની ભાવિ યોજનાઓ સુચારૂ રૂપે સાકાર કરી શકાય.

આ મહોત્સવ દરેકના જીવનમાં દીર્ઘકાળ સુધી યાદગાર અને નજરાણું બની રહે એ માટે સાધુ-સંતો, સામાજીક

અગ્રણીઓ, વરિષ્ઠ સરકારી અમલદારોના વક્તવ્યનો લાભ આપણા સમાજને મળી રહે એ માટે આ મહાનુભાવો ને પણ આંમત્રણ આપવું એવું નક્કી કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનાં પૂરાતન મંદિર ને પણ ૮૫ વર્ષ પૂર્ણ થતાં હોઇ એની યાદગારી રૂપે ૮૫ વર્ષથી ઉપરની વય નાં વડીલો તથા માતાઓનું સન્માન કરીને પ્રતિક ભેટ આપીને "વડીલ વંદના" કરીને એનું બહુમાન કરવું એના આશીર્વાદ મેળવવા એવું નક્કી કરવામાં આવ્યું હતું.

વડીલોનાં સન્માન બાદ આ અવસરે સ્થાનિક તથા પરદેશ વસવાટ કરતી ગામની આપણી સમાજની જેટલી પણ કુંવારી તથા પરણેલી હયાત નિયાણીઓ હોય એને સન્માન કરીને પ્રતીક ભેટ આપવી.

કુંવારી તથા પરણેલી નિયાણીઓની સંખ્યાની માહિતિ એકત્ર કરવા તેમજ નિયાણીઓને આપવાની ભેટ અંગે યોગ્ય કાર્યવાહી કરવા એક નિયાણી સમિતિની નિમણૂંક કરવામાં આવેલ આ સમિતિને પાછળથી નાણાં ભંડોળ સમિતિમાં વિલીન કરવામાં આવેલ છે.

નોંધ : સોળ નુખની પાંખડી દીઠ નિયાણીઓની પ્રતિનિધિ તરીકે સોળ નિયાંણીઓનું સન્માન કરીને ભેટ આપવી. સમયના અભાવે બધીજ નિયાંણીઓનું વ્યકિતગત સન્માન કરવું સુસંગત ન જણાતાં ઉપર મુજબનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો.

સૂર્યકાન્તભાઇ પુરુષોત્તમભાઇ ધનાણી(દિવાણી)
વિરાણી મોટી
કન્વીનર શ્રી પ્રચાર-પ્રસાર સમિતિ

શ્રી લક્ષ્મીનારાયણ નૂતન મંદિર રજત જયંતિ મહોત્સવ
આંખે દેખ્યો અહેવાલ

શ્રી સૂર્યકાન્તભાઇ પુરૂષોતમભાઇ ધનાણી (દિવાણી) - વિરાણી મોટી દ્વારા
કન્વીનરશ્રી પ્રચાર-પ્રસાર સમિતિ
તા. ૧૨-૮-૨૦૧૪ મંગળવાર, સવારના - ૯-૦૦ કલાકે - પ્રથમ સત્ર
નારાયણ પ્રવેશ દ્વાર તથા એને સંલગ્ન શ્રી હનુમાન મંદિરનું ઉદ્‌ઘાટન તથા વૃક્ષારોપણ કાર્યક્રમ

મહોત્સવની શુભ શરૂઆતની મંગલ પ્રભાતે ખુશનુમા તથા આહ્‌લાદક પવિત્ર ભક્તિમય વાતાવરણ વચ્ચે નખત્રાણા રોડ ઉપર વિરાણીમોટી ગામના "નારાયણ પ્રવેશ દ્વાર" તથા એને સંલગ્ન શ્રી હનુમાનજી ના મંદિરનું દાતાશ્રીઓના વરદ્ હસ્તે ધાર્મિક વિધિ પૂર્વક ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ધાર્મિક વિધિ વિદ્યાન શ્રી લક્ષ્મીનારાયણ નૂતન મંદિર ના પૂજારી શ્રી કમલેશભાઇ રેવાશંકર રાવલ દ્વારા કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખૂબજ મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી અને પ્રસંગને દિપાવ્યો હતો.

નારાયણ પ્રવેશ દ્વારના દાતાશ્રીઓ

૧ સ્વ. રતનશીભાઇ પચાણભાઇ માનાણી
હ. શ્રી પુરૂષોત્તમભાઇ રામજીભાઇ માનાણી - વસઇ (મુંબઇ)

૨ સ્વ. ધનજીભાઇ નારાયણભાઇ કાનજીયાણી
હ. શ્રી નાનાલાલભાઇ ધનજીભાઇ કાનજીયાણી - ગોવા

શ્રી હનુમાનજી મંદિરના દાતાશ્રીઓ

૧ અ.સૌ. ગંગાબેન પુરૂષોત્તમભાઇ માનાણી - વસઇ (મુંબઇ)

૨ અ.સૌ. ભગવતીબેન નાનાલાલભાઇ કાનજીયાણી ગોવા

વૃક્ષારોપણનો કાર્યક્રમ

નારાયણ પ્રવેશ દ્વાર તથા શ્રી હનુમાનજી મંદિરના ઉદ્‌ઘાટન બાદ એની બાજુની ખાલી જગ્યામાં દાતાશ્રીઓના વરદ્ હસ્તે વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું, તથા નાની વિરાણીરોડ ઉપર આવેલ જીરાણાની ખાલી જગ્યામાં પણ ૫૦૦ જેટલા વિવિધ જાતના ઝાડ તથા ફળ-ફુલના રોપાઓનું દાતાશ્રીઓના વરદ્ હસ્તે રોપણ કરવામાં આવ્યું હતું.

મહોત્સવનો શુભારંભ

વૃક્ષારોપણના કાર્યક્રમ બાદ સમાજના સર્વે લોકોએ મુખ્ય સભામંડપ તરફ પ્રયાણ કર્યું હતું. સભામંડપમાં પધારીને સર્વે લોકોએ પોત પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું.

પ્રમુખશ્રીનું સ્વાગત પ્રવચન

સમાજના પ્રમુખશ્રી અબજીભાઇ કાનાણી એ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે આપણા ગામ માટે આ ગૌરવશાળી પ્રસંગ છે. નૂતન મંદિરને ૨૫ વર્ષ તથા પૂરાતન મંદિરને ૮૫ વર્ષ પૂરાં થાય છે, તે નિમિતે ૮૫ વર્ષ

ઉપરની ઉંમરનાં ૨૨ વડીલોનું પ્રતીક ભેટ આપીને તથા શાલ ઓઢાડીને એમનું સન્માન કરીને એમના આશીર્વાદ લેશું તથા આપણા ગામની સમાજની પરણેલી તથા કુંવારી હયાત ૪૦૦૦ જેટલી નિયાણીઓને સોળ નુંખ ની પાંખડી દીઠ નિયાણીઓની પ્રતિનિધિ તરીકે ૧૬ નિયાણીઓનું સન્માન કરીને ભેટ આપીને એમના આશીર્વાદ લેશું ૪૦૦૦ જેટલી બધીજ નિયાણીઓને ભેટ આપવામાં આવશે. જે નિયાણીઓ આ પ્રસંગે હાજર રહી શકેલ ના હોય એમને એમના પરિવાર તથા સંબંધીઓ મારફત ભેટ મોકલી આપવામાં આવશે.







વડીલ વંદના

ક્રમ	વડીલનું નામ	ઉંમર	સન્માન કર્તા
૧	શ્રી ગંગદાસ વિરજી માનાણી - વિરાણીમોટી	૯૩	શ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી
૨	શ્રીમતી રામબેન માવજી બાથાણી - બિલાસપુર	૯૫	શ્રીમતી વિજ્યાબેન વૃજલાલ છાભૈયા
૩	શ્રી ભીમજી મેઘજી બાથાણી - બેંગ્લોર	૮૫	શ્રી હંસરાજભાઇ પ્રેમજી દિવાણી
૪	શ્રી ભાણજી લઘા સોમજીયાણી - ત્રિચિનાપલ્લી	૮૭	શ્રી મણીલાલ લઘા સોમજીયાણી
૫	શ્રીમતી પાનબેન દેવજી પાંચાણી - વિરાણીમોટી	૯૦	શ્રીમતી મંજુલાબેન ચંદુલાલ સોમજીયાણી
૬	શ્રીમતી જાનુંબેન દેવજી વાડીયા - વિરાણીમોટી	૯૦	શ્રી હિંમતલાલ જીવરાજ સોમજીયાણી
૭	શ્રી ગંગદાસ કરશન છાભૈયા - વિરાણીમોટી	૮૬	શ્રી કાન્તીલાલ દેવજી વાડીયા
૮	શ્રીમતી હીરબાઇ ગંગદાસ છાભૈયા - વિરાણીમોટી	૮૫	શ્રી શાંતિલાલ પ્રેમજી નાકરાણી
૯	શ્રીમતી જીવાબેન માવજી કાનાણી - વડોદરા	૮૬	શ્રી રામજીભાઇ કરમશી નાકરાણી
૧૦	શ્રીમતી જાનબાઇ વિશ્રામ સોમજીયાણી - વિરાણીમોટી	૮૫	શ્રી માવજીભાઇ વસ્તા રૂડાણી
૧૧	શ્રી હીરજી દેવજીભાઇ કાનાણી - દિલ્હી	૮૭	શ્રી હિંમતલાલ રતનશી ખેતાણી
૧૨	શ્રીમતી હીરબાઇ હીરજી કાનાણી - દિલ્હી	૮૬	શ્રી રમેશકુમાર રતનશી સોમજીયાણી
૧૩	શ્રી મુળજી દેવજીભાઇ સેંઘાણી - વિરાણીમોટી	૯૨	શ્રી નારાયણભાઇ પૂંજાભાઇ માનાણી
૧૪	શ્રી વાલજી લખુ પરબતાણી - વિરાણીમોટી	૯૦	શ્રી હરીલાલ કરશન બાથાણી
૧૫	શ્રીમતી રાજબાઇ હંસરાજ મુખી - વિરાણીમોટી	૮૮	શ્રી રમેશકુમાર જીવરાજ સોમજીયાણી
૧૬	શ્રીમતી ભાણબાઇ રતનશી મુખી - વિરાણીમોટી	૮૫	શ્રી મગનલાલ રામજી નાયાણી
૧૭	શ્રી ગોપાલ ખેતાભાઇ મુખી - વિરાણીમોટી	૯૨	શ્રી દેવજીભાઇ શીવગણ મુખી
૧૮	શ્રીમતી નાનુબેન ગોપાલ મુખી - વિરાણીમોટી	૯૦	શ્રી રતનશીભાઇ ગોપાલ પાંચાણી
૧૯	શ્રીમતી કાન્તાબેન જીવરાજ સોમજીયાણી-વિરાણીમોટી	૮૯	શ્રી વસ્તાભાઇ ગોપાલ પાંચાણી
૨૦	શ્રીમતી રતનબેન પુરષોત્તમ ગોગારી - નેલૂર	૮૬	શ્રી મનજીભાઇ દેવજીભાઇ પાંચાણી
૨૧	શ્રીમતી ગંગાબેન ડાયાલાલ નાકરાણી-મીરારોડ-મુંબઇ	૮૬	શ્રી જીવરાજભાઇ વિશ્રામ અખીયાણી
૨૨	શ્રી મેઘજી હંસરાજભાઇ માનાણી - વિરાણીમોટી	૮૮	શ્રી વસ્તાભાઇ કાનજી ખીમાણી
૨૩	શ્રીમતી રામબેન ખીમજી ખીમાણી - વિરાણીમોટી	૯૦	વૃધ્ધાવસ્થામાં અશક્ત થતાં - પથારીવશ

વડીલોની વંદના કર્યાબાદ સમાજના પૂર્વ પ્રમુખ શ્રી તથા વર્તમાન સલાહકાર શ્રી રામજીભાઇ કરમશીભાઇ નાકરાણી - રાયપુર વાળાએ પોતાના ઉદ્‌બોધન માં જણાવ્યું હતું કે આપણે ૮૫ વર્ષથી ઉપરની વયનાં વડીલો તથા માતાઓનું સન્માન કરીને આશીર્વાદ મેળવ્યા. આપણા સમાજમાં ઘરડાઘર નથી એ આપણા માટે ગૌરવ લેવા જેવી વાત છે. બીજી ઘણી બધી જ્ઞાતીઓમાં ઘરડાઘર શરૂ થઇ ગયા છે. પણ આપણી જ્ઞાતિમાં આવી નોબત ન આવે એવી પરમ કૃપાળુ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન તથા મા ઉમિયાને પ્રાર્થના. મા-બાપના અનેક ઉપકારો આપણા ઉપર છે, એનું ઋણ ક્યારે પણ આપણે ચૂકવી શકીશું નહીં, આપ સર્વે સમાજ જનો વતી વડીલો તથા માતાઓને વંદન, તથા એમના આશીર્વાદ સદાય આપણા ઉપર વરસતા રહે એવી શુભ કામના.






































મહોત્સવ સમાપન : શુક્રવાર, તા. ૧૫/૮/૨૦૧૪






મહોત્સવ સમાપન : શુક્રવાર, તા. ૧૫/૮/૨૦૧૪

નિયાણીઓનું સન્માન તથા ભેટ

વડીલ વંદના બાદ નિયાંણીઓનું સન્માન કરતાં પહેલાં સ્વ. ચંદુલાલ દેવજી ગોગારી - મુંબઇ ની સુપુત્રી શ્રીમતી દમયંતીબેન પ્રહ્લાદભાઇ ઘોળુ - ગોવા એ હૃદયના ઉમળકાથી ભાવગીત ગાઇને સર્વેની વાહ વાહ તથા દાદ મેળવી હતી, તથા લાગણી સભર પોતાના ભાઇઓ તથા બહેનોના સંસ્કાર વિશે દાખલો આપી સુંદર રીતે રજુઆત કરી હતી.

ક્રમ	પરિવારની નિયાંણીઓનું નામ	ગામ	સન્માન કર્તા
૧	સેંઘાણી - પોકાર - બાથાણી - ચૌધરી **પાનબાઇ ભીમજી સુરાણી**	નખત્રાણા	સહમંત્રી શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ **શ્રી વાલજીભાઇ ચૌહાણ**-દહાણું રોડ
૨	છાભૈયા પરિવાર - **લક્ષ્મીબેન દેવશી મેપાણી**	નખત્રાણા	**મંજુલાબેન ચંદુલાલ સોમજીયાણી**
૩	કાનાણી-વાલજીયાણી પરિવાર **ગંગાબેન હરજી છાભૈયા**	દેવિસર	**રસીલાબેન વસંતભાઇ મુખી**
૪	ખીમાણી પરિવાર **વિજયાબેન શીવજીભાઇ સેંઘાણી**	વિરાણીમોટી	**ગીતાબેન હરીલાલ તેજાણી**
૫	નાકરાણી-વાડીયા-રૂડાણી પરિવાર **શીતલબેન વિજય પદમાણી**	વિથોણ	**બાબુભાઇ ગંગદાસ માનાણી**
૬	ભાવાણી-ગોગારી-ગોરાણી **હંસાબેન હંસરાજ સોમજીયાણી**	ગોવા	**નર્મદાબેન વસંતભાઇ બાથાણી**
૭	ઘોળુ - માઘાણી - **લતાબેન પ્રેમજી ડાયાણી**	હૈદ્રાબાદ	**પુરષોતમ રામજી માનાણી**
૮	ધનાણી-ખેતાણી-નાયાણી-કાનજીયાણી-ગોરાણી **વેલાબેન દેવશી માનાણી**	ઉમરગાંવ	**રાધાબેન શાંતિલાલ બાથાણી**
૯	તેજાણી-કાનાણી-ભાણજીયાણી - **કાંતાબેન શિવદાસ વેલાણી**	કોટડા (જ.)	**રસીલાબેન દિનેશ ગોરાણી**
૧૦	પરબતાણી - **શાંતાબેન રાજારામ રામાણી**	નખત્રાણા	**શાંતાબેન ધનજીભાઇ તેજાણી**
૧૧	પટેલ-માનાણી-નરસિંગાણી **મણીબેન પચાણ છાભૈયા**	નખત્રાણા	**સવિતાબેન વિનોદ ગોગારી**
૧૨	પાંચાણી - **શાંતાબેન મનજી કેશરાણી**	નખત્રાણા	**લક્ષ્મીબેન મોહનલાલ અખીયાણી**

ક્રમ	પરિવારની નિયાંણીઓનું નામ	ગામ	સન્માન કર્તા
૧૩	દિવાણી-મુખી-રૂડાણી **મોંઘીબેન મોહનલાલ મેપાણી**	કોટડા (જ.)	**મણીબેન શાંતિલાલ પાંચાણી**
૧૪	સોમજીયાણી - **રસીલાબેન વિસનજી વેલાણી**	બેંગ્લોર	**હેમલત્તાબેન રમણીકલાલ અખીયાણી**
૧૫	અખીયાણી - **વિજ્યાબેન ધનસુખ હળપાણી**	સાવલી	**કસ્તુરબેન પ્રવિણભાઈ સોમજીયાણી**
૧૬	લીંબાણી - **લક્ષ્મીબેન શીવદાસ નાકરાણી**	સાંયરા(યક્ષ)	**હંસાબેન જયંતિલાલ ભાવાણી**

સન્માનીત થયેલ વડીલો-માતાઓ તથા નિયાણીયોએ સન્માનના પ્રત્યુત્તરમાં વ્યક્ત કરેલા લાગણીસભર ઉદ્‌ગારો

■ વડીલ શ્રી હીરજીભાઈ દેવજી કાનાણી - દિલ્હી વાળાએ પોતાનું ભાવવાહી વકતવ્ય આપતી વખતે ગળગળા થઈને સમાજનો આભાર માન્યો હતો અને આશીર્વાદ આપ્યાં હતાં. આ ભવ્ય મહોત્સવની ઉજવણી બદલ ખુશી વ્યકત કરી હતી.

■ નિયાણી શ્રીમતી હંસાબેન હંસરાજ સોમજીયાણી - ગોવા વાળાએ આ મહોત્સવમાં થયેલ સન્માન બદલ પોતાનો પ્રતિભાવ આપતાં કહ્યું હતું કે ભાઈને બહેન જયારે રાખડી બાંધે છે ત્યારે હૈયામાં જે ઉમળકો આવે છે, એવો ઉમળકો અમોને આજે આવ્યો છે. ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો થતા રહે એવી ભાવના વ્યક્ત કરી હતી.

■ નિયાણી શ્રીમતી રસીલાબેન વિસનજી વેલાણી - બેંગ્લોર વાળાએ પ્રત્યુતરમાં જણાવ્યું હતું કે આ મહોત્સવને કારણે અમોને ખૂબજ આંનદ આવે છે જ્ઞાતિજનોનો આવડો મોટો થયેલો મેળાવડો આજીવન સંભારણું બની રહેશે.

■ નિયાણી શ્રીમતી શીતલબેન વિજયભાઈ પદમાણી - વિથોણવાળા એ જણાવ્યું હતું કે વિરાણીમોટી ગામવાસીઓ બધા ભેગા મળ્યા છે એ જોવાનો અને મળવાનો જે લ્હાવો મળ્યો છે એ ભુલી શકાય એમ નથી વર્ષો પછી એકબીજાને મળ્યા છીએ એનો ખૂબજ આનંદ થાય છે.

■ નિયાણી શ્રીમતી શાંતાબેન લખમશી પોકાર - કોટડા (જ.) એ આ મહોત્સવનું આયોજન કરવા બદલ, વિરાણીમોટી સમાજનું ગૌરવ વધારવા બદલ સમાજના સર્વે લોકોનો

■ આભાર માન્યો હતો અને ખુશી વ્યકત કરી હતી.

■ નિયાણી શ્રીમતી વિજ્યાબેન છગનભાઈ પોકાર - સુરતવાળાએ ખુશી વ્યકત કરતાં જણાવ્યું હતું કે બાળપણની સહેલીઓ તથા બહેનપણીઓ ને આ મહોત્સવને કારણે ઘણા સમય પછી મળી શકાયું આવો મોકો વારંવાર મળતો નથી, આયોજકોને ધન્યવાદ આપ્યા હતા.

■ નિયાણી શ્રીમતી નર્મદાબેન ઉમરશીભાઈ છાભૈયા - સુરતવાળાએ સમાજ દ્વારા થયેલ સન્માન બદલ ખુબજ આનંદ વ્યકત કર્યો હતો અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો થતા રહે એવી ભાવના વ્યકત કરી હતી.

■ નિયાણી શ્રીમતી મંગળાબેન ધનજીભાઈ ધોળુ - નાગલપર -ગોવાવાળાએ પોતાના સન્માનનાં પ્રત્યુતરમાં જણાવ્યું હતું કે વ્યસન એ બૂરી આદત છે હું વ્યસનીઓનાં વ્યસન છોડાવવા આવી છું મને તમારા ખરાબ વ્યસનો આપી દો એવો ભાર પૂર્વક અનુરોધ વ્યસનીઓને કર્યો હતો.

■ મહોત્સવના પ્રથમ દિવસના પ્રથમ સત્રનું સમાપન કરતાં સમાજના પ્રમુખશ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી એ જણાવ્યું હતું કે વડીલો તથા નિયાણીઓએ હૃદય પૂર્વક આશિર્વાદ આપ્યા એ બદલ આપણે એમનો ખરા હૃદયનાં અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ આપણી સમાજ ઉપર સદાય એમના આશિર્વાદ વરસતા રહે એવી પરમ કૃપાળુ પરમેશ્વર પાસે પ્રાર્થના.














મહોત્સવ સમાપન : શુક્રવાર, તા. ૧૫/૮/૨૦૧૪





















શ્રી લક્ષ્મીનારાયણ નૂતન મંદિર
રજત જયંતિ મહોત્સવ

તા. ૧૨-૮-૨૦૧૪ મંગળવાર, બપોરના - ૩-૦૦ કલાકે - દ્વિતીય સત્ર

સામાજીક સભા અને ચડાવાઓ

આજના શુભ પ્રથમ દિવસે દ્વિતીય સત્રમાં સમાજના પ્રમુખ શ્રી અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણીના અધ્યક્ષપદે સામાજીક સભા યોજાઈ હતી એમાં વિવિધ ચડાવાઓ લેવામાં આવ્યા હતાં સભાનું સંચાલન તથા ચડાવાની કાર્યવાહી સમાજના મુરબ્બી શ્રી રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી કરી હતી.

વિવિધ ચડાવાઓ સમાજના નીચે મુજબના દાતાશ્રીઓ એ લીધા હતા.

૧. શોભાયાત્રા વખતે વિજય રથમાં શ્રી લક્ષ્મીનારાયણની જોડી સ્વરૂપે બેસવાનો ચડાવો

સ્વ. ચંદુભાઈ દેવજીભાઈ ગોગારી પરિવાર - મુંબઈ એ લીધો હતો.

૨. (૧) શોભાયાત્રા વખતે ઘોડા ઉપર બેસવાનો પ્રથમ ચડાવો

TPS - તામીલનાડુ, હસ્તે - **શ્રી મણીભાઈ ભાણજીભાઈ સોમજીયાણી**-ત્રિચીનાપલ્લી એ લીધો હતો.

(૨) શોભાયાત્રા વખતે ઘોડા ઉપર બેસવાનો દ્વિતીય ચડાવો

શ્રી ધનજીભાઈ કરશનભાઈ સોમજીયાણી - પણસોરા એ લીધો હતો.

૩. શોભાયાત્રા વખતે બેન્ડ વાજાનો ચડાવો

શ્રી રામ સૉ મીલ-નેલ મંગલા હસ્તે નારણભાઈ શીવજીભાઈ બાથાણી-બેંગ્લોર વાળા એ લીધો હતો.

૪. શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના વાઘાનો ચડાવો

TPS - તામીલનાડુ, હસ્તે-**શ્રી મણીલાલ ભાણજીભાઈ સોમજીયાણી દ્વિતિય** ત્રિચીનાપલ્લી એ લીધો હતો.

૫. શ્રી ગણપતી ભગવાનને ખેસ પહેરાવવા ચડાવો

શ્રી ખેતાભાઈ નાનજીભાઈ માધાણી - ઈન્દોર (ગુજરાત ટીમ્બર માર્ટ-ઈન્દોર) વાળા એ લીધો હતો.

૬. શ્રી હનુમાનજી મહારાજને ખેસ પહેરાવવાનો ચડાવો

સ્વ. શીવદાસભાઈ લાલજીભાઈ ખેતાણી - રાંચી તથા કલક્તા વાળા પરિવારે લીધો હતો.

૭. મંદિરની ધજા પૂજનનો ચડાવો

શ્રી રામ સો મીલ-નેલ મંગલા (બેંગ્લોર)

(૧) **શ્રી પ્રવિણભાઇ કરશનભાઇ બાથાણી**-નેલ મંગલા

(૨) **શ્રી નારણભાઇ શીવજીભાઇ બાથાણી**-નેલ મંગલા એ લીધો હતો.

૮. નૂતન મંદિરના યજ્ઞમાં બેસવાનો મુખ્ય ચડાવો.

શ્રી રામ ભરોસે હસ્તે - **શ્રી મગનભાઇ મનજીભાઇ નાકરાણી** - વિરાણીમોટી વાળાએ લીધો હતો.

યજ્ઞમાં બેસવાના સહાયક યજમાનો

૧. **શ્રી પ્રેમજીભાઇ નાનજીભાઇ ભાવાણી** - ચેન્નઇ

૨. **શ્રી શંકર વિજય સૉ મીલ**-ત્રિચીના પલ્લી

૩. **શ્રી નિલકંઠ સૉ મીલ**-રાયપુર

હસ્તે - શ્રી મણીભાઇ શીવગણભાઇ સોમજીયાણી - રાયપુર

૪. **શ્રી રામભરોસે**

હસ્તે - શ્રી દેવજીભાઇ નારણભાઇ સોમજીયાણી-હૈદરાબાદ વાળાએ લીધો હતો.

૯. આરતીના યજમાનો તરીકે નો ચડાવો નીચે મુજબના યજમાનો એ લીધો હતો

૧. હરજીયાણી પરિવાર - કોલ્હાપુર

૨. શ્રી નારણભાઇ પૂંજાભાઇ માનાણી - રાયપુર

૩. શ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી - નવી મુંબઇ

૪. શ્રી રામજીભાઇ ખેતાભાઇ વાલજીયાણી-સેલવાસ - વિરાણીમોટી

૫. શ્રી માવજીભાઇ હંસરાજભાઇ કાનાણી - જવાહરનગર (મહારાષ્ટ્ર)

૧૦. ભગવાન ના મુખ્ય ભોગનો ચડાવો

શ્રી વાલજીભાઇ શીવગણભાઇ મુખી - બેંગ્લોર વાળાએ લીધો હતો.

૧૧. સભા મંડપમાં જવાના મુખ્ય પ્રવેશ દ્વાર ના ચડાવાના દાતાશ્રીઓ

૧. સ્વ.શીવગણભાઇ મનજીભાઇ બાથાણી પરિવાર ભુવનેશ્વર

૨.જીજ્ઞાશા ડેવલોપમેન્ટ-ત્રિચીનાપલ્લી વગેરે એ લીધો હતો.

૧૨. શોભાયાત્રા વખતે સમાજના હોદ્દેદારો, આયોજન સમિતિ, વિવિધ સમિતિના કન્વીનર શ્રીઓ

દાતાશ્રીઓ, યુવક મંડળ તથા મહીલા મંડળ, વડીલો તથા અગ્રણીઓને સાફા પહેરાવનાર

દાતાશ્રી નો ચડાવો **શ્યામ ઈમ્પેક્ષ**-ત્રિચીનાપલ્લી એ લીધો હતો.

૧૩. સ્થાનિક વિરાણીમોટી પાટીદાર સમાજના તેજસ્વી તારલા વિદ્યાર્થી ભાઇ-બહેનોનું સરસ્વતી

સન્માન કરતી વખતે અપાયેલ મોમેન્ટોના યજમાન દાતાશ્રી, શ્રી નાગજી ટીમ્બર - બેંગ્લોર

૧૪. ટી.વી. તથા ઇન્ટરનેટ ઉપર કાર્યક્રમના ઓનલાઇન પ્રસારણના દાતાશ્રી

શ્રી રામભરોસે હસ્તે. જયંતિભાઇ અબજીભાઇ સોમજીયાણી - રાયપુર

૧૫. સ્ટેજ ઉપર દિવસ / રાત્રિના વિવિધ કાર્યક્રમોમાં દિપ પ્રાગટ્ય કરનાર દાતાશ્રીઓ નીચે મુજબ છે.

૧. તા. ૧૨-૮-૨૦૧૪ મંગળવાર - રાત્રે - ૯:૦૦ કલાકે

"સરસ્વતી સન્માન" તથા અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમનો દિપ પ્રાગટ્ય

શ્રી જયલક્ષ્મી ટીમ્બર - નેલમંગલા

હસ્તે શ્રી જયંતીલાલ કરશનભાઇ વિશ્રામભાઇ અખીયાણી - નેલમંગલા તથા
નંદલાલ માવજીભાઇ અખીયાણી પરિવાર - બેંગ્લોર

૨. તા. ૧૩-૮-૨૦૧૪ બુધવાર - બપોરે-૩:૦૦ કલાકે

સામાજીક સમસ્યા અંગે વિચાર ગોષ્ઠિ કાર્યક્રમનો દીપ પ્રાગટ્ય
સ્વ. શીવગણભાઇ મનજીભાઇ બાથાણી પરિવાર - ભુવનેશ્વર

૩. તા. ૧૩-૮-૨૦૧૪ બુધવાર - રાત્રે-૮:૩૦ કલાકે

સ્થાનિક મહિલા મંડળ તથા યુવક મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનો દિપ પ્રાગટ્ય
સ્વ.રતનશીભાઇ ખીમજીભાઇ ખેતાણી-ઘાટકોપર,મુંબઇ હસ્તે - શ્રી હિંમતભાઇ
રતનશીભાઇ ખેતાણી પરિવાર - ઘાટકોપર (મુંબઇ)

૪. તા. ૧૪-૮-૨૦૧૪ ગુરૂવાર - રાત્રે-૯:૦૦ કલાકે

અમદાવાદની નાટક કંપની દ્વારા ભજવાયેલ નાટક -
"મારૂં ઘર મારો સંસાર" નો દિપ પ્રાગટ્ય
શ્રી જલારામ ટીમ્બર ડીપો-ભુવનેશ્વર, શ્રી મનજી દેવજી દિવાણી પરિવાર
હ. શ્રી વિનોદભાઇ સામજીભાઇ દિવાણી-ભુવનેશ્વર

૫. તા. ૧૫-૮-૨૦૧૪ શુક્રવાર - રાત્રે-૯:૦૦ કલાકે

વિરાણીમોટી સમાજના બહાર ગામ વસતા જ્ઞાતિજનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનો દિપ પ્રાગટ્ય શ્રી વાલજીભાઇ શિવગણભાઇ મુખી - બેંગ્લોર

૧૬ ટોપીના દાતાશ્રીઓ - (સંયુક્ત)

૧. શ્રી રામભરોસે - શ્રી રામ સૉ મીલ - નેલ મંગલા
હસ્તે - શ્રી નારાયણભાઇ શીવજીભાઇ બાથાણી - નેલ મંગલા
૨. સ્વ. પરબતભાઇ મનજીભાઇ બાથાણી - બેંગ્લોર

૧૭ થેલીના દાતાશ્રી - (સંયુક્ત)

૧. શ્રી હનુમાન ટીમ્બર માર્ટ -વસઇ,મુંબઇ.
હસ્તે - પુરુષોત્તમભાઇ રામજીભાઇ માનાણી - વસઇ (મુંબઇ)
૨. શ્રી બાલાજી ટીમ્બર માર્ટ - ગાંધીધામ (કચ્છ)
હસ્તે - શ્રી હરેશભાઇ માવજીભાઇ કાનાણી - ગાંધીધામ (કચ્છ)
૩. રોશન ટીમ્બર માર્ટ - ગાંધીધામ(કચ્છ)
હસ્તે-શ્રી રમેશભાઇ જીવરાજભાઇ સોમજીયાણી-ગાંધીધામ

૧૮ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના ખેસના દાતાશ્રીઓ - (સંયુક્ત)

૧. શ્રી લખમશીભાઇ વિશ્રામભાઇ તેજાણી - નરોડા - અમદાવાદ
૨. શ્રી જયંતિલાલ વિશ્રામભાઇ તેજાણી - નરોડા - અમદાવાદ

૧૯ બિલ્લાના દાતાશ્રીઓ - (સંયુક્ત)

૧. શ્રી લાલજીભાઇ મેઘજીભાઇ નાયાણી - બેંગ્લોર
૨. શ્રી દિલીપભાઇ મેઘજીભાઇ નાયાણી - બેંગ્લોર
૩. શ્રી મગનભાઇ રામજીભાઇ નાયાણી - વિરાણીમોટી

૨૦ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના ફોટાઓના દાતાશ્રી

C/O કે. આર. પટેલ એન્ડ કું. - હૈદરાબાદ.
હસ્તે - શ્રી રાજાભાઇ નારણભાઇ સોમજીયાણી - હૈદરાબાદ.

૨૧ મહોત્સવ દરમ્યાન ૬ દિવસના મીનરલ વોટરના દાતાશ્રી

(રૂપિયા પાંત્રીસ હજાર) સ્વ. નારણભાઇ ખેતાભાઇ સોમજીયાણી - હૈદરાબાદ.
હસ્તે - શ્રી દેવજીભાઇ નારણભાઇ સોમજીયાણી - હૈદરાબાદ.

૨૨. આમંત્રણ પત્રિકાઓ છપાવવાના દાતાશ્રીઓ (સંયુક્ત)

૧. શ્રી પુરૂષોત્તમભાઈ રામજીભાઈ માનાણી - વસઈ (મુંબઈ)

C/O - શ્રી હનુમાન ટીમ્બર માર્ટ - વસઈ (મુંબઈ)

૨. શ્રી રમેશભાઈ જીવરાજભાઈ સોમજીયાણી - ગાંધીધામ (કચ્છ)

C/O - રોશન ટીમ્બર માર્ટ - ગાંધીધામ (કચ્છ)

૩. શ્રી હરેશભાઈ માવજીભાઈ કાનાણી - ગાંધીધામ (કચ્છ)

C/O - શ્રી બાલાજી ટીમ્બર માર્ટ - ગાંધીધામ (કચ્છ)

૨૩ વોટર ફિલ્ટર(આર.ઓ.પ્લાન્ટ)તથા વોટર કુલરના

(સમાજવાડીમાં કાયમ માટે બેસાડવામાં આવેલ છે) સંયુક્ત દાતાશ્રીઓ
સ્વ. લધાભાઈ વિશ્રામભાઈ સોમજીયાણી પરિવાર
ગામ-વિરાણીમોટી - ત્રિચીનાપલ્લી - હૈદરાબાદ

૨૪ વિરાણીમોટી ગામનાં "નારાયણ પ્રવેશ દ્વાર" તથા એને સંલગ્ન શ્રી હનુમાન મંદિરના સંયુકત દાતાશ્રીઓ

નારાયણ પ્રવેશ દ્વારના દાતાશ્રીઓ

૧. સ્વ. રતનશીભાઈ પચાણભાઈ માનાણી - વસઈ (મુંબઈ) હસ્તે - દાતા શ્રી પુરુષોત્તમભાઈ રામજીભાઈ માનાણી - વસઈ (મુંબઈ)

૨. સ્વ. ધનજીભાઈ નારણભાઈ કાનજીયાણી - ગોવા

હસ્તે - દાતા શ્રી નાનાલાલભાઈ ધનજીભાઈ કાનજીયાણી - ગોવા

શ્રી હનુમાન મંદિરના દાતાશ્રીઓ

૧. અ.સૌ. ગંગાબેન પુરુષોત્તમભાઈ માનાણી - વસઈ (મુંબઈ)

૨. અ.સૌ. ભગવતીબેન નાનાલાલભાઈ કાનજીયાણી - ગોવા

રજત જયંતિ મહોત્સવ

ભોજનના દાતાશ્રીઓ

તા.૧૨-૮-૨૦૧૪ થી તા.૧૭-૮-૨૦૧૪ સુધી

તા.૧૨-૮-૨૦૧૪ મંગળવાર,
સંવત-૨૦૭૦ શ્રાવણ વદ-૨

બપોરના

શ્રી કાંતિભાઈ કરશનભાઈ માનાણી - મુંબઈ

સાંજના

સ્વ. હરજીભાઈ અરજણભાઈ કાનજીયાણી
વિરાણીમોટી હ. માવજીભાઈ હરજીભાઈ
કાનજીયાણી - ગાંધીધામ

તા.૧૩-૮-૨૦૧૪ બુધવાર,
સંવત-૨૦૭૦ શ્રાવણ વદ-૩ (૨)

સમસ્ત માનાણી પરિવાર તરફથી

હ. શ્રી રામજીભાઈ કરમશી નાકરાણી - રાયપુર
હ. શ્રી નારણભાઈ પૂંજાભાઈ માનાણી - રાયપુર
હ.શ્રી કાંતિભાઈ કરશનભાઈ માનાણી - મુંબઈ

સવારના

૧. સ્વ. કાનજીભાઈ હરજીભાઈ માનાણી
૨. સ્વ. લઘાભાઈ વિશ્રામભાઈ માનાણી
હ.શ્રી કાન્તિભાઈ ગોવિંદભાઈ લઘાભાઈ
માનાણી વિરાણીમોટી

બપોરના

૧. સ્વ. રૂડાભાઈ પરબતભાઈ માનાણી
હ. શ્રી બળવંતભાઈ પ્રેમજીભાઈ ડાહ્યાભાઈ
માનાણી -રાયપુર

સાંજના

૧. સ્વ. નારાણભાઈ શીવજીભાઈ માનાણી
૨. સ્વ. નારાણભાઈ ખીમજીભાઈ માનાણી
૩. સ્વ. શીવગણભાઈ ખીમજીભા માનાણી
હસ્તે
શ્રી પચાણભાઈ હિરજીભાઈ માનાણી -
વિરાણીમોટી

તા.૧૪-૮-૨૦૧૪ ગુરૂવાર,
સંવત-૨૦૭૦ શ્રાવણ વદ-૪
સવારના - બપોરના - સાંજના

નાયાણી પરિવાર

હસ્તે
શ્રી લાલજીભાઈ મેઘજીભાઈ નાયાણી-બેંગ્લોર
શ્રી મગનભાઈ રામજીભાઈ નાયાણી વિરાણી તથા
સ્વ.હરજીભાઈ વિરજીભાઈ નાયાણી પરિવાર
મનજીભાઈ વિરજીભાઈ નાયાણી પરિવાર
દેવશીભાઈ વિરજીભાઈ નાયાણી પરિવાર
રામજીભાઈ કરમશીભાઈ નાયાણી પરિવાર
અરજણભાઈ ખેતાભાઈ નાયાણી પરિવાર
જેઠાભાઈ ખીમજીભાઈ નાયાણી પરિવાર

તા.૧૫-૮-૨૦૧૪ શુક્રવાર
સંવત-૨૦૭૦ શ્રાવણ વદ-૫

સવારના

સ્વ.અમૃતભાઈ પ્રેમજીભાઈ ખેતાણી અમદાવાદ
હ.શ્રી ગિરીશભાઈ અમૃતભાઈ ખેતાણી-
અમદાવાદ

બપોરના

શ્રી વિશ્રામભાઈ કરશનભાઈ ભગત -ધુલિયા
હસ્તે શ્રી ડાયાભાઈ વિશ્રામભાઈ ભગત-ધુલિયા

સાંજના

સ્વ. અમૃતભાઈ પ્રેમજીભાઈ ખેતાણી -
અમદાવાદ
હ.શ્રી ગિરીશભાઈ અમૃતભાઈ ખેતાણી
અમદાવાદ

તા.૧૬-૮-૨૦૧૪ શનિવાર
સંવત-૨૦૭૦ શ્રાવણ વદ-૬

સવારના

શ્રી મણીભાઈ ભીમજીભાઈ બાથાણી- બેંગ્લોર

બપોરના

સ્વ. પુરબાઈ નારણભાઈ ખેતાભાઈ
કાનજીયાણી પરિવાર હસ્તે
૧. સ્વ. ગોપાલભાઈ નારણભાઈ
કાનજીયાણી - નાગપુર
૨. સ્વ. લઘાભાઈ નારણભાઈ
કાનજીયાણી - નાગપુર
૩. સ્વ.ધનજીભાઈ નારણભાઈ કાનજીયાણી
કુમ્હારી, ગોવા તથા કલક્તા

સાંજના

શ્રી ભાણજીભાઈ લધાભાઈ સોમજીયાણી -
ત્રિચીનાપલ્લી

તા.૧૭-૮-૨૦૧૪ રવિવાર,
સંવત-૨૦૭૦ શ્રાવણ વદ-૭

સવારના

શ્રી વાલજીભાઈ શીવગણભાઈ મુખી-બેંગ્લોર

બપોરના

છાભૈયા પરિવાર
રાયપુર, કોલ્હાપુર, નારણપેટ તથા ગુરમેટકલ

સાંજના

શ્રી જયલક્ષ્મી ટીમ્બર - નેલમંગલા (બેંગ્લોર)
હસ્તે - શ્રી જયંતિભાઈ કરશનભાઈ
વિશ્રામભાઈ અખીયાણી - નેલમંગલા
(બેંગ્લોર)

મહોત્સવ દરમ્યાન મળેલ અલગ-અલગ તિથિના ભોજનના દાતાશ્રીઓ
તા.૧-૮-૨૦૧૪ થી તા.૨૫-૦૮-૨૦૧૪ સુધી

૧. તા.૧-૮-૨૦૧૪
સ્વ. પ્રેમજીભાઇ શીવદાસભાઇ દિવાણી પરિવાર -વિરાણીમોટી

૨. તા.૨-૮-૨૦૧૪
વિરાણીમોટી ગામના અંકલેશ્વરવાસી પરિવારો
હ. શ્રી વિરજીભાઇ શીવજીભાઇ સોમજીયાણી - અંકલેશ્વર

૩. તા.૬-૮-૨૦૧૪
(૧) **સ્વ. રામજીભાઇ અરજણભાઇ પોકાર - વસઇ (મુંબઇ)**
૨. દેવશીભાઇ અરજણભાઇ પોકાર - વસઇ (મુંબઇ)

૪. તા.૭-૮-૨૦૧૪
(૧) **સ્વ. રતનશીભાઇ પચાણભાઇ માનાણી - વસઇ (મુંબઇ)**
હ.પુરષોત્તમભાઇ રામજીભાઇમાનાણી- વસઇ (મુંબઇ)
(૨) **સ્વ. કાનજીભાઇ શીવગણભાઇ નાકરાણી પરિવાર - વિરાણીમોટી**
હ.શ્રી જેઠાભાઇ કાનજીભાઇ નાકરાણી - વિરાણીમોટી

૫. તા.૮-૮-૨૦૧૪
(૧) **સ્વ. શિવગણભાઇ મનજીભાઇ બાથાણી પરિવાર - ભુવનેશ્વર**
હ. શ્રી શાંતિભાઇ શિવગણભાઇ બાથાણી
(૨) **શ્રી મહાવીર સૉ મીલ - રાયપુર**
હ. શ્રી રામજીભાઇ કરમશીભાઇ નાકરાણી - રાયપુર
(૩) **શ્રી રાધા કૃષ્ણ સૉ મીલ - રાયપુર**
હસ્તે : શ્રી જયંતિભાઇ મનજીભાઇ તેજાણી - રાયપુર
(૪) **શ્રી નિલકંઠ સૉ મીલ - રાયપુર**
હ. શ્રી ચંદુભાઇ શિવગણભાઇ સોમજીયાણી - રાયપુર

૫. તા.૯-૮-૨૦૧૪
(૧) **શ્રી તુલશીભાઇ રામજીભાઇ**
વાલજીયાણી - સેલવાસ
(૨) **શ્રી અંબાજી ટ્રેડિંગ કું. - રાયપુર**
હ.શ્રી માવજીભાઇ પૂંજાભાઇ માનાણી
(૩) **કે. એન. પટેલ એન્ડ કું. - રાયપુર**
હ.શ્રી નારણભાઇ પૂંજાભાઇ માનાણી રાયપુર

૬. તા.૧૦-૮-૨૦૧૪
(૧) **સ્વ. લધાભાઇ અરજણભાઇ**
સોમજીયાણી - રાયપુર - વિરાણીમોટી
(૨) **પૂનમ મેડીકલ સ્ટોર્સ- રાયપુર**
હ.શ્રી ગોવિંદભાઇ અરજણભાઇ બાથાણી- રાયપુર
(૩) **જલારામ ટ્રેડિંગ કું. - રાયપુર**
હ. શ્રી વાલજીભાઇ ધનજીભાઇ છાભૈયા - રાયપુર
(૪) **કિરીટ ટ્રેડિંગ કું. - રાયપુર**
હ.શ્રી મણીભાઇ લધાભાઇ સોમજીયાણી - રાયપુર

૭. તા.૧૧-૮-૨૦૧૪
(૧) **શ્રી જીવરાજભાઇ હંસરાજભાઇ સોમજીયાણી - વિરાણીમોટી**
હ.મનસુખભાઇ જીવરાજભાઇ

સોમજીયાણી - વિરાણીમોટી

(૨) ગં. સ્વ. શ્રી મોંઘીબેન વિશ્રામભાઇ સોમજીયાણી - વિરાણીમોટી
હ. શ્રી હિંમતભાઇ વિશ્રામભાઇ સોમજીયાણી - વિરાણીમોટી

(૩) શ્રી જલારામ પ્લાય હોમ - રાયપુર
હસ્તે : શ્રી મોહનભાઇ લાલજીભાઇ છાભૈયા - રાયપુર

(૪) સ્વ. ચંદુભાઇ દેવજીભાઇ ગોગારી - મુંબઇ

(૫) સ્વ. મુળજીભાઇ અરજણભાઇ બાથાણી પરિવાર - નામક્કલ
હસ્તે - શ્રી હરીભાઇ મુળજીભાઇ બાથાણી - નામક્કલ

૮. તા.૧૬-૮-૨૦૧૪

(૧)શ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી - નવી મુંબઇ

(૨) સ્વ. વેલજીભાઇ રામજીભાઇ ભાણજીયાણી મુંબઇ,
હ.શ્રી ચંદુભાઇ વેલજીભાઇ ભાણજીયાણી મુંબઇ

(૩) શ્રી ધનજીભાઇ કરશનભાઇ સોમજીયાણી - C/O ઇન્ડિયન ટ્રેડિંગ કંપની - પણસોરા

(૪) સ્વ. વિરજીભાઇ વિશ્રામભાઇકાનજીયાણી નાગપુર

૯. તા.૧૭-૮-૨૦૧૪

(૧)શ્રી હિરજીભાઇ દેવજીભાઇ કાનાણી - દિલ્હી

(૨) શ્રી ધોરમનાથ ટ્રેડિંગ કું.- રાયપુર
હસ્તે-શ્રી વાલજીભાઇ ધનજીભાઇ માનાણી રાયપુર

(૩)શ્રી જલારામ ટીમ્બર કું. - રાયપુર
હસ્તે : શ્રી વિશ્રામભાઇ કરમશીભાઇ છાભૈયા - રાયપુર

૧૦.તા.૧૮-૮-૨૦૧૪

(૧) સ્વ.મરઘાંબેન જીવરાજભાઇ સોમજીયાણી ગાંધીધામ
હસ્તે - શ્રી રમેશભાઇ જીવરાજભાઇ સોમજીયાણી - ગાંધીધામ

(૨)શ્રી ભક્તિ ટીમ્બર કું. - રાયપુર
હ.શ્રી છગનભાઇ મનજીભાઇ રૂડાણી - રાયપુર

૧૧. તા.૧૯-૮-૨૦૧૪

(૧) સ્વ. ધનગૌરીબેન માવજીભાઇ કાનાણી - ગાંધીધામ
હ. શ્રી હરેશભાઇ માવજીભાઇ કાનાણી ગાંધીધામ

૧૨. તા.૨૦-૮-૨૦૧૪

શ્રી ભાણજીભાઇ જેઠાભાઇ ખેતાણી - સૂરત

૧૩ તા.૨૧-૮-૨૦૧૪

સ્વ. દાનાભાઇ રત્નાભાઇ મુખી પરિવાર વિરાણીમોટી

૧૪ તા.૨૨-૮-૨૦૧૪

શ્રી ભીમજીભાઇ માધવજીભાઇ પાંચાણી - ઉધના (સૂરત)

૧૫. તા.૨૩-૮-૨૦૧૪

શ્રી નાગજી ટીમ્બર - બેંગ્લોર
હ.શ્રી રમેશભાઇ રવજીભાઇ માનાણી બેંગ્લોર

૧૬. તા.૨૫-૮-૨૦૧૪

શ્રીમતી હંસાબેન નવીનભાઇ ડાયાભાઇ ધોળુ - મુંબઇ

સરસ્વતી સન્માન તથા અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમ

તા.૧૨-૮-૨૦૧૪ મંગળવાર, રાત્રે - ૯:૦૦ કલાકે- તૃતીય સત્ર

સરસ્વતી સન્માન તથા અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમનાં દીપ પ્રાગટ્યના દાતાશ્રી જયલક્ષ્મી ટીમ્બર - નેલમંગલા (બેંગ્લોર) હસ્તે - શ્રી નંદલાલભાઇ માવજીભાઇ અખીયાણી પરિવાર તથા શ્રી જયંતિભાઇ કરશનભાઇ અખીયાણી પરિવાર ના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તથા મા ઉમીયા ના ફોટાં ને પુષ્પહાર પહેરાવીને કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ. દિપકભાઇ વસ્તાભાઇ ખીમાણી તથા યુવક મંડળ ના મહામંત્રી શ્રી ધનસુખભાઇ દેવજીભાઇ નરસિંગાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

સૌ પ્રથમ મંચ ઉપર સમાજના પ્રમુખશ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી - નવી મુંબઇ, મહામંત્રી શ્રી હિંમતભાઇ જીવરાજભાઇ સોમજીયાણી - વિરાણીમોટી, યુવક મંડળના પ્રમુખશ્રી પ્રવિણભાઇ અબજીભાઇ દિવાણી, મહામંત્રી શ્રી ધનસુખભાઇ દેવજીભાઇ નરસિંગાણી, મહિલા મંડળના પ્રમુખ શ્રી મતી વિજ્યાબેન વૃજલાલભાઇ છાભૈયા, મહામંત્રી શ્રી મતી મણીબેન શાંતિભાઇ પાંચાણી, શ્રી હરીભાઇ કરશનભાઇ બાથાણી - ઇન્દોર, શ્રી શંકરભાઇ હંસરાજભાઇ કાનાણી (પાણી પૂરવઠા ઇજનેર શ્રી), નખત્રાણા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી ભરતભાઇ જીવરાજભાઇ સોમજીયાણી, નાયબ મામલતદાર શ્રી ભાવેશભાઇ સુર્યકાન્તભાઇ ધનાણી, શ્રી લખમશીભાઇ વિશ્રામભાઇ તેજાણી -અમદાવાદ, શ્રી જયંતિભાઇ મનજીભાઇ તેજાણી-રાયપુર,શ્રી રમેશભાઇ રવજીભાઇ માનાણી-બેંગ્લોર, શ્રી પ્રભુદાસભાઇ મુળજીભાઇ દિવાણી-બેંગ્લોર, શ્રી કરશન વિશ્રામભાઇ અખીયાણી-બેંગ્લોર,શ્રી પુરૂષોત્તમભાઇ રામજીભાઇ માનાણી - વસઇ (મુંબઇ) વગેરે મહાનુભાવોને મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવાયું હતું.

વિરાણીમોટી સ્થાનિક પાટીદાર સમાજના ૧૧૩(એકસો તેર) તેજસ્વી વિદ્યાર્થી તારલાઓનું શિક્ષણ તથા રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ સ્ટેજ પર બિરાજમાન મહાનુભાવોના હસ્તે મોમેન્ટો તથા પ્રમાણપત્ર આપીને બહુમાન કરવામાં આવ્યું હતું. જેમાં શિક્ષણ ક્ષેત્રે ડૉ. શ્રીકાન્ત સૂર્યકાન્તભાઇ ધનાણીએ સ્થાનિક સમાજના સૌ પ્રથમ ડૉક્ટર (MBBS) થવા બદલ તથા રમત ગમત ક્ષેત્રે શ્રી દિનેશભાઇ મગનભાઇ નાકરાણી એ સૌરાષ્ટ્ર ની રણજી ટ્રોફી ક્રિકેટ ટીમની T-20 (ટી-ટ્વેન્ટી) ક્રિકેટ ટીમમાં પસંદગી થવા બદલ આ બંનેનું

વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ બન્નેને આપવામાં આવેલ સન્માન પત્રનું વાંચન શ્રીમતી દિશાબેન અલ્કેશભાઇ કાનાણી તથા શ્રીમતી જીજ્ઞાબેન રાજેશભાઇ સેંગાણીએ કર્યુ હતું. શ્રીમતી દિશાબેન તથા શ્રીમતી જિજ્ઞાબેન આજના સમયમાં શિક્ષણ નું શું મહત્વ છે તે સમજાવ્યું હતું. ડૉ. શ્રીકાન્ત ધનાણી એ પોતાના વક્તવ્યમાં શિક્ષણ ઉપર ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે સમયાનુસાર આપણને હવે ઓછું શિક્ષણ પાલવશે નહીં. અલગ અલગ ક્ષેત્રોમાં ખૂબજ વિશાળ તકો રહેલી છે સમય સાથે કદમ મિલાવવા માટે ઉચ્ચ શિક્ષણ ખૂબજ જરૂરી છે. મેડીકલ ક્ષેત્રે કોઇપણ વિદ્યાર્થીને પ્રવેશ મેળવવાની ઇચ્છા હોય અને માહીતી જોઇતી હોય તો હું માહીતી આપીશ. આ ઉપરાંત એમણે આરોગ્ય વિશે માહીતી આપી હતી. આપણી સમાજના લોકોને મારી સેવાની જરૂર હોય તો એ સેવા હું આપીશ એવી ભાવના વ્યક્ત કરી હતી.

શ્રી હરીભાઇ કરશનભાઇ બાથાણી - ઇન્દોરવાળાએ સાંપ્રત સમયમાં શિક્ષણનું મહત્વ એ વિશે પોતાનું વક્તવ્ય આપ્યું હતું અને ઇન્દોરમાં ગુજરાતી સમાજ દ્વારા ચાલતા શિક્ષણધામોની વિગતે માહીતી આપી હતી અને કોઇ વિદ્યાર્થી ભાઇ-બહેનને શિક્ષણ વિશે માહીતી જોઇતી હોયતો તે આપવા તત્પરતા દર્શાવી હતી, અને પોતાનું વકતવ્ય પુરૂ કર્યુ હતું.

સાગર દિનેશ પરબતાણીએ પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે તેજસ્વી વિદ્યાર્થીઓના થયેલાં સન્માન બદલ ખૂબજ આનંદની લાગણી અનુભવું છું. આ થયેલા સન્માનને કારણે બીજા વિદ્યાર્થીઓને પણ પોતાનું સન્માન થાય એવી ઇચ્છા જાગૃત થશે, એના કારણે એ અભ્યાસ કરવામાં વધું મહેનત કરશે. યુવક મંડળ તથા મહિલા મંડળ દ્વારા વિદ્યાર્થીઓને "સરસ્વતી સન્માન" દ્વારા પ્રોત્સાહીત કરવા બદલ આભાર માન્યો હતો.

આ સરસ્વતી સન્માન કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન તથા સન્માન કરતી વખતે લોકોમાં ખૂબજ ઉત્સાહ જોવા મળતો હતો. તાળીઓના ગડગડાટથી વિદ્યાર્થીઓને લોકો પ્રોત્સાહિત કરતા હતાં.

યુવક મંડળના પ્રમુખશ્રી પ્રવિણભાઇ અબજીભાઇ દિવાણીએ સન્માનીત વિદ્યાર્થી ભાઇ-બહેનો ને અભિનંદન આપ્યા હતાં.

આ કાર્યક્રમ પૂર્ણ થતાં એની આભાર વિધિ ડૉ. દિપકભાઇ ખીમાણી દ્વારા કરવામાં આવી હતી. સર્વે વિદ્યાર્થી ભાઇ-બહેનો ને પ્રોત્સાહીત કરવા બદલ એમણે સર્વે જ્ઞાતિજનોનો આભાર માન્યો હતો, અને દાતાશ્રીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમ

સરસ્વતી સન્માન કાર્યક્રમ બાદ સૂરતની સત્ય શોધક સભા દ્વારા અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સત્ય શોધક સભા ના કાર્યકરો દ્વારા ભૂવાઓ તથા બાવાઓ હાથ ચાલાકી કરીને કેવા કેવા ચમત્કારો કરીને લોકોને કેવી રીતે છેતરે છે એ વિવિધ પ્રયોગો કરીને ચમત્કારોનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. સત્ય શોધક સભા સૂરતના અગ્રણી કાર્યકર શ્રી ભવાનજીભાઈએ લોકોને અંધશ્રધ્ધાથી દૂર રહેવા વિનંતી કરી હતી, અને કપટી ભૂવાઓ તથા બાવાઓની માયાજાળમાં ન ફસાવા અનુરોધ કર્યો હતો. શ્રી ભવાનજીભાઈએ ૩૫ વરસમાં ૩૦૦ જેટલા ભૂવા તથા બાવાઓના ચમત્કારોનો પર્દાફાશ કર્યો હોવાનુ જણાવ્યું હતું.

શ્રી ભવાનજીભાઈએ ભૂવાઓ તથા બાવાઓને ચેલેન્જ કરી હતી કે અમારી સત્ય શોધક સભા સમક્ષ તમે ચમત્કાર કરી બતાવો તો અમે તમોને એક લાખ રોકડા ઈનામમાં આપીશું. પરંતુ હજી સુધી કોઈ બાવાઓ કે ભૂવાઓએ ચેલેન્જ ઉપાડી નથી. આ ઉપરથી સાબિત થાય છે કે આ ભૂવા લોકો પૈસા કમાવા માટે લોકો ને ખોટા વહેમમાં નાખીને પરિવારો વચ્ચે ઝગડાઓ કરાવે છે અને દોરા ધાગા તથા તાંત્રિક વિધિઓ દ્વારા લોકો પાસેથી પૈસા પડાવી ને પોતાની કપટ લીલા ચલાવ્યા રાખે છે અને પૈસા ખંખેરે છે.

શ્રી ભવાનજીભાઈએ જણાવ્યું હતું કે ભૂવાઓ પાસે દોરા ધાગા કરાવવામાં આપણે સમય તથા નાણાંનો ખોટો વ્યય કરીએ છીએ આપણને કોઈ જ નડતું નથી, ખૂદ આપણે પોતાને જ નડીએ છીએ. આવા ખોટા વહેમ ન રાખવા જોઈએ. આવા ખોટા ભૂવાઓ તથા બાવાઓના ચક્કરમાં ફસાયા પછી આપણને પસ્તાવા સિવાય કાંઈ પણ હાથમાં આવતું નથી.

“રાખડીનો દોરો ભાઈ ને બહેન બાંધે તો એ શ્રધ્ધા કહેવાય અને ભૂવા બાંધે તો એને અંધશ્રધ્ધા કહેવાય”

આ કાર્યક્રમ બાદ લોકોએ સત્ય શોધક સભાના ભાઈઓને અંધશ્રધ્ધા તથા ચમત્કારો વિશે પ્રશ્નો પૂછયા હતા. એના સંતોષકારક જવાબો તેઓએ આપ્યા હતા.

સત્ય શોધક સભાના કાર્યકરો દ્વારા લોકોને જન જાગૃતિ કેળવવા અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ શાંતિથી નિહાળવા તથા સહયોગ આપવા બદલ લોકોનો આભાર માનવામાં આવ્યો હતો. અંતે કાર્યક્રમને પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવ્યો હતો.









સાધુ-સંતોના સામૈયા
શોભાયાત્રા-સભામંડપમાં સાધુ-સંતોનાં આધ્યાત્મિક પ્રવચન
તા.૧૩-૮-૨૦૧૪ બુધવાર, સવારના - ૮:૦૦ કલાકે

પ્રથમ સત્ર

સવારના - ૮:૦૦ કલાકે ઉમંગ તથા ઉલ્હાસભર્યા પવિત્ર વાતાવરણ વચ્ચે વિરાણીમોટી ગામથી ૧ કી.મી. દૂર - કોટડા (જ.) રોડ પાસે આવેલ શ્રી કબીર સાહેબ આશ્રમ થી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં પધારેલ સાધુ-સંતોનું કળશધારી બહેનો દ્વારા સામૈયું કરવામાં આવ્યું હતું અને કુમ-કુમ તિલક તથા હારાતોરા કરીને સર્વે સાધુ-સંતોને રથ ઉપર ભાવ પૂર્વક બિરાજમાન કરાવાયા હતા. સાધુ-સંતોના આગમન પહેલા સમાજના હોદ્દેદારશ્રીઓ, યજમાનશ્રીઓ, આયોજન સમિતિ, વિવિધ સમિતિના કન્વીનરશ્રીઓ તથા દાતાશ્રીઓને સાફા તથા ખેસ ધારણ કરાવાયા હતા. દાતાશ્રીઓને બગી તથા ઘોડા ઉપર બિરાજમાન કરાવીને બેન્ડ પાર્ટી તથા ઢોલ-ત્રાંસાના સથવારે શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવાયું હતું. ૧ કી.મી. લંબાઈના રસ્તા ઉપર ભજન-કીર્તન-રાસ-દુહા-ગીત તથા નૃત્ય થી વાતાવરણ ભક્તિમય બન્યું હતું. લોકોની મોટી સંખ્યાની હાજરી વચ્ચે ફટાકડાનાં ધૂમ-ધડાકા સાથે શોભાયાત્રા આગળ વધતાં-વધતાં વિરાણીમોટી બસ સ્ટેશન પાસેના હનુમાન મંદિરે દર્શન કરીને નૂતન લક્ષ્મીનારાયણ મંદિર પાસે પહોંચી હતી. મંદિર પાસે લોકોએ ખૂબજ ઉત્સાહથી નાચગાન કરીને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનો જયજય કાર કર્યો હતો. મંદિરથી શોભાયાત્રાનું પ્રસ્થાન મુખ્ય સભામંડપ તરફ કરવામાં આવ્યું હતું. સભામંડપમાં પહોચીને શોભાયાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું.

શોભાયાત્રા પૂર્ણ થયા બાદ મુખ્ય સભામંડપમાં મંચ ઉપર સાધુ-સંતશ્રીઓને યોગ્ય આસને બિરાજમાન કરાવાયા હતા સમાજના હોદ્દેદારો તથા અગ્રણીઓ દ્વારા સાધુ-સંતોનું ફુલહાર તથા સાલ ઓઢાડીને તથા ભગવાનશ્રી લક્ષ્મીનારાયણની પાન મૂર્તિ આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

સાધુ-સંતશ્રીઓનું સ્વાગત પ્રવચન કરતા સમાજના પ્રમુખશ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણીએ જણાવ્યું હતું કે અમારા ભાવભર્યા આમંત્રણને માન આપીને આપ સૌ પૂજનીય સાધુ-સંતશ્રીઓ આ મહોત્સવના પાવન પ્રસંગે પધારીને અમોને ઉપકૃત કર્યા તે બદલ સમાજ વતી આપશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માનું છું અને આપશ્રીઓના આશિર્વાદ અમારા સમાજ ઉપર સદાય વરસતા રહે એવી અભિલાષા વ્યક્ત કરું છું.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલ સાધુ-સંતશ્રીઓનું સન્માન નીચે મુજબના સમાજના હોદ્દેદારશ્રીઓ તથા અગ્રણીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

પધારેલ સંતશ્રીઓ	સન્માનકર્તા અગ્રણીશ્રીઓ
મહંતશ્રી સેવાદાસજી બાપુ શ્રી કબીર આશ્રમ - વિરાણીમોટી	**શ્રી અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી** પ્રમુખશ્રી, વિરાણીમોટી - પાટીદાર સમાજ
મહંતશ્રી શાંતિદાસ બાપુ શ્રી રામ મંદિર - રવિભાણ આશ્રમ વિરાણીમોટી	**શ્રી રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી** પૂર્વ પ્રમુખશ્રી, વિરાણીમોટી, પાટીદાર સમાજ
મહંતશ્રી જગજીવનદાસ બાપુ શ્રી બિબ્બર આશ્રમ - બિબ્બર	**શ્રી હંસરાજભાઈ પ્રેમજીભાઈ દિવાણી** ઉપપ્રમુખશ્રી, વિરાણીમોટી - પાટીદાર સમાજ
મહંતશ્રી મોહનદાસજી બાપુ - શ્રી ચૈતન્ય સ્વરૂપ આશ્રમ રામેશ્વર - નખત્રાણા	**શ્રી મણીભાઈ લધાભાઈ સોમજીયાણી** ઉપપ્રમુખશ્રી, વિરાણીમોટી, પાટીદાર સમાજ
ભગતશ્રી દયારામ બાપા શ્રી માવજીબાપા ભગત આશ્રમ નાનીઅરલ	**શ્રી નારણભાઈ પૂંજાભાઈ માનાણી** પૂર્વ ઉપપ્રમુખશ્રી, વિરાણીમોટી-પાટીદાર સમાજ
સાધુશ્રી ભરતદાસજી શ્રી ઈશ્વરરામજી આશ્રમ - વાંઢાય	**શ્રી રમેશભાઈ રતનશીભાઈ સોમજીયાણી** પૂર્વ ઉપપ્રમુખશ્રી, વિરાણીમોટી - પાટીદાર સમાજ
સાધુશ્રી મહેશદાસજી શ્રી કબીર આશ્રમ - વિરાણીમોટી	**શ્રી હિંમતભાઈ જીવરાજભાઈ સોમજીયાણી** મહામંત્રીશ્રી, વિરાણીમોટી - પાટીદાર સમાજ

સાધુ-સંતશ્રીઓ એ આપેલ આશિર્વચન

મહંત શ્રી સેવાદાસજી બાપુ

સર્વે લોકોનું કલ્યાણ થાવ તથા સર્વેજનો સુખી થાવ એવા આશીર્વાદ આપ્યા હતા તથા કબીરસાહેબની વાણી દ્વારા ઉપદેશાત્મક બોધ આપ્યો હતો.

ભગતશ્રી દયારામ બાપા

રજત જયંતિ મહોત્સવના આયોજન બદલ આનંદ વ્યકત કર્યો હતો અને સર્વેજનોને ઈશ્વર સદ્બુદ્ધિ આપે અને સુખી રાખે એવો ભાવ વ્યકત કર્યો હતો.

મહંતશ્રી શાંતિદાસ બાપુ

આશિર્વચન આપતાં પહેલાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની ધુન બોલાવી હતી ત્યાર બાદ આ રજત જયંતિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવા બદલ સમાજના વર્તમાન પ્રમુખશ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી તથા પૂર્વ પ્રમુખશ્રી રામજીભાઇ કરમશીભાઇ નાકરાણીની મુક્ત કંઠે પ્રશંસા કરીને અહોભાવ વ્યકત કર્યો હતો. પોતાના આશિર્વચન આપતા જણાવ્યું હતું કે મારા ગામની અંદર અને તે પણ મારી પાટીદાર સમાજમાં આવો ભવ્ય મહોત્સવ ઉજવાઇ રહયો છે એ બદલ મને ખૂબજ આનંદ અને ગૌરવની લાગણી થાય છે સમાજના પૂર્વજોએ વાવેલાં વૃક્ષનાં મીઠાં ફળ આપણે આરોગી રહયા છીએ પૂર્વજો પ્રત્યે આભારભાવ વ્યકત કર્યો હતો. આવાં ભવ્ય આયોજન કરવા માટે દાન મળવાં ખૂબજ જરૂરી છે દાન થકી જ આવાં મોટાં આયોજનો સફળતા પૂર્વક પાર પાડી શકાય છે. સમાજમાં આવા દિલેર દાતાશ્રીઓ પાકયા છે એ ગૌરવ લેવા જેવી બાબત છે આ ઉપરાંત તેઓશ્રીએ સનાતન ધર્મના ચાર પાયા સત્ય, તપ, દયા અને દાન વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને સમાજ પ્રત્યે આપણું શું કર્તવ્ય છે એ વિશે શીખ આપી હતી અંતમાં પોતાને આ પ્રસંગે આમંત્રણ આપવા બદલ સમાજનો આભાર માન્યો હતો.

મહંતશ્રી જગજીવનદાસ બાપુ

સમાજમાં સંપ અને એકતા જળવાઇ રહે અને સમાજ સુખી અને સંપન્ન થાય એવા આશિર્વાદ આપ્યા હતાં અને ઉપદેશાત્મક અવતરણ ટાંકતા જણાવ્યું હતું કે

" નિર્ધન કહે છે, મનુષ્ય જન્મ કષ્ટદાયી છે,
ધનવાન કહે છે મનુષ્ય જીવન મસ્તદાયી છે"
"વ્યસનીનુ જીવન ભ્રષ્ટ છે,
સંતો કહે છે મનુષ્ય જીવન શ્રેષ્ઠ છે"

માટે સદ્‌ગુરૂ સંતોની જીવનમાં સંગતી રાખજો તો તમારૂ જીવન સુખદાયી તથા નિરોગી નિરામય બનશે.

મહંતશ્રી મોહનદાસજી બાપુ

આશિર્વચન આપતાં જણાવ્યું હતું કે કડવા પાટીદાર સમાજની હાલત વિશે ચિંતા કરનાર સંત શ્રી ઓધવરામજી મહારાજ હતા. અંધશ્રધ્ધામાં સપડાયેલી કડવા પાટીદાર જ્ઞાતિને જાગૃત કરવા માટે સંત શ્રી લાલરામજી મહારાજે ખૂબજ મહેનત કરી અને એમનું અધૂરૂ રહેલું કાર્ય પૂર્ણ કરવા માટે એમણે એમના શિષ્ય સંતશ્રી ઓધવરામજી મહારાજને આદેશ કર્યો. આ ઉપરાંત તેઓ શ્રીએ જણાવ્યું હતું કે ગામે ગામ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનાં મંદિરોની સ્થાપના કરવા માટે

શ્રી રતનશીભાઇ ખીમજીભાઇ ખેતાણીએ ખૂબજ મહેનત કરી અને પોતાનું આર્થિક યોગદાન પણ આપ્યું હતું એ પ્રત્યે મહંત શ્રીએ એમની સરાહના કરી હતી અને આવાં કાર્યો સતત થતાં રહે એવી ભાવના વ્યકત કરી હતી અને આ મહોત્સવનાં આયોજન બદલ આનંદ વ્યકત કર્યો હતો અને મહોત્સવની સફળતા માટે શુભેચ્છા આપી હતી.

સભાનું સંચાલન શ્રી ચંદુભાઇ કરશનભાઇ દિવાણી - બેંગ્લોર તથા શ્રી જયંતિભાઇ વિશ્રામભાઇ તેજાણી - અમદાવાદ વાળાએ સંયુક્ત રીતે કર્યુ હતું.

આભાર વિધિ કરતાં શ્રી રામજીભાઇ કરમશીભાઇ નાકરાણી - રાયપુર વાળા એ જણાવ્યું હતું કે સાધુ-સંતોએ આપણા આમંત્રણને માન આપીને આ મહોત્સવમાં પધારીને શોભામાં અભિવૃધ્ધી કરી એ બદલ એમનો ખૂબ-ખૂબ આભાર માન્યો હતો અને ભવિષ્યમાં પણ આવા પ્રસંગોએ પધારવા માટે વિનંતી કરી હતી.

શોભાયાત્રા તથા આ સભામાં મોટી સંખ્યામા પધારવા બદલ જ્ઞાતિજનો પ્રત્યે આભાર વ્યકત કર્યો હતો.














શ્રી લક્ષ્મીનારાયણ નૂતન મંદિર રજત જયંતિ મહોત્સવ







સામાજીક સમસ્યા વિચાર ગોષ્ઠી નાટીકા ગ્રુપ













વર્તમાન સામાજીક સમસ્યા અંગે વિચાર ગોષ્ઠિ

તા.૧૩-૮-૨૦૧૪ બુધવાર, બપોરના - ૩:૦૦ કલાકે - દ્વિતીય સત્ર

સૌ પ્રથમ આ કાર્યક્રમનાં દિપ પ્રાગટ્યનાં દાતાશ્રી - સ્વ.શિવગણભાઇ મનજીભાઇ બાથાણી પરિવાર - ભૂવનેશ્વર દ્વારા ભગવાનશ્રી લક્ષ્મીનારાયણ તથા મા ઉમિયાજીના ફોટાને તિલક તથા ફુલહાર પહેરાવીને દિપ-પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખૂલ્લો મુકવામાં આવ્યો હતો. દિપ પ્રાગટ્ય કરતી વખતે સમાજના પ્રમુખશ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી, યુવક મંડળના પ્રમુખશ્રી પ્રવિણભાઇ અબજીભાઇ દિવાણી, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી વિજ્યાબેન વૃજલાલ છાભૈયા સાથે રહયા હતા. "વર્તમાન સામાજીક સમસ્યા અંગે વિચાર ગોષ્ઠિ" અંતર્ગત નીચે મુજબના વક્તાઓ એ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

શ્રી ચંદુભાઇ કરશનભાઇ દિવાણી - બેંગ્લોરવાળા એ પોતાના વિચારો દર્શાવતા જણાવ્યું હતું કે વર્તમાન સાંપ્રત સમયની સળગતી મુખ્ય સમસ્યા દિકરા-દિકરીનાં સગપણની છે સગપણ કરતી વખતે પોતાના કરતાં સવાયા વેવાઇ શોધવાની ઘેલછા. તથા છોકરી કરતાં છોકરાનું ઉતરતું શિક્ષણ, રંગ તથા રૂપને અપાતું મહત્વ, ભૃણહત્યા, કુટુંબમાં એકજ દિકરો હોય એવી ભાવના, દિકરીઓની ઘટતી સંખ્યા, શિક્ષણ તથા અભ્યાસ પ્રત્યે છોકરાઓની ઉદાસીનતા, સોનોગ્રાફીનાં કારણે દિકરીનાં અવતરણ પહેલા ગર્ભનો નાશ કરવો વગેરે પ્રશ્નો ઉપરશ્રી ચંદુભાઇએ વિશદ્ છણાવટ કરી હતી.

શ્રી હિંમતભાઇ રતનશીભાઇ ખેતાણી - મુંબઇવાળાએ જણાવ્યું હતું કે છોકરા-છોકરીનાં માવતરોએ સગપણ કરતી વખતે પોતાના સમકક્ષ વેવાઇ શોધવા જોઇએ. વધુ પડતી અપેક્ષાને કારણે સગપણ સમસ્યા સર્જાય છે છોકરો સંસ્કારી તથા આવડત વાળો હોવો જોઇએ શિક્ષણ થોડું ઓછું હશે તો ચાલશે થોડીક બાંધછોડ કરવામાં આવશે તો સગપણ સમસ્યાં મહદ્ અંશે હળવી બનશે.

ડૉ. શાંતિલાલ એમ. સેંઘાણી - નખત્રાણા વાળાએ "ભાગેડું લગ્ન" સમસ્યા અંગે સાવધાન કરતાં જણાવ્યું હતું કે છોકરા તથા છોકરીના માવતરો એ પોતાના સંતાનો ઉપર ધ્યાન આપવું જોઇએ, બેદરકારી હવે પાલવશે નહી છોકરા-છોકરી ઉંમર લાયક થાય એટલે એમના સગપણ જલદીથી કરી નાખવા જોઇએ. અભ્યાસ ચાલુ હશે તો પણ વાંધો આવશે નહીં.

વક્તાઓએ પોતાના વિચારો રજુ કર્યા બાદ ડૉ. શાંતિલાલ એમ. સેંઘાણી - નખત્રાણા દ્વારા લિખિત ત્રણ નાટીકાઓ (૧) સગપણ સમસ્યા (૨) ભાગેડુ લગ્ન - ૧ (૩) ભાગેડુ લગ્ન - ૨ તથા શ્રી રતિલાલભાઇ મનજીભાઇ પોકાર - વાલ્કાવાળા હાલે ભુજ-કચ્છ (ભૂજ થી પ્રસિધ્ધ થતું પાટીદારો માટેનુ માસિક મેગેઝીન "ઉમા દર્પણ" ના તંત્રી શ્રી) દ્વારા લિખિત લઘુનાટિકા - "અંધશ્રધ્ધા નિર્મૂલન" તથા મા ઉમીયા ગ્રુપ - ભોપાલ (મ.પ્ર) દ્વારા લઘુ નાટીકા "જીંદગી જીવી જાણીએ" ની રજુઆત કરવામાં આવી હતી.

ઉપરોક્ત પાંચેય લઘુ નાટીકાઓના કલાકારોએ અભિનયના ઓજસ પાથર્યા હતા. સુંદર રજુઆત બદલ કલાકારોએ પ્રેક્ષકોની દાદ મેળવી હતી.

ડૉ. શાંતિલાલ એમ. સેંઘાણી - નખત્રાણાએ સમાજને ખૂબજ સુંદર તથા ઉત્કૃષ્ટ નાટીકાઓ આપવા બદલ વિરાણીમોટી પાટીદાર સમાજના પૂર્વ પ્રમુખ શ્રી તથા વર્તમાન સલાહકાર શ્રી રામજીભાઇ કરમશીભાઇ નાકરાણી - રાયપુર દ્વારા સમાજ વતી થી ડૉ. શાંતિલાલ એમ. સેંઘાણીને મોમેન્ટો આપીને બહુમાન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું રસપ્રદ શૈલીમાં સુંદર રીતે સંચાલન શ્રી શંકરભાઇ હંસરાજભાઇ કાનાણી (પાણી પૂરવઠા ઈજનેર) દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનાં અંતમાં સમાજના પ્રમુખશ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી એ આભાર વિધિ કરતાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમ માં બહોળી સંખ્યામાં કલાકારોએ ભાગ લીધો અને સુંદર રીતે રજૂઆત કરી તે બદલ સર્વે કલાકારો નો સમાજવતી આભાર માનું છું અને મોટી સંખ્યામાં હાજર રહી આ કાર્યક્રમને સુંદર રીતે માણ્યો અને સહયોગ આપ્યો એ માટે સર્વે જ્ઞાતિજનોનો પણ આભાર માનું છું.

સ્થાનિક યુવક મંડળ તથા મહીલા મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

તા.૧૩-૮-૨૦૧૪ બુધવાર, રાત્રે - ૮:૩૦ કલાકે - તૃતીય સત્ર

સૌ પ્રથમ આ કાર્યક્રમના દીપ પ્રાગટ્યનાં દાતાશ્રી હિંમતભાઇ રતનશીભાઇ ખેતાણી- મુંબઇ એ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તથા મા ઉમિયાજીના ફોટાને તિલક કરી તથા ફુલહાર પહેરાવીને દિપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખૂલ્લો મુક્યો હતો. દિપ પ્રાગટ્ય કરતી વખતે સમાજના હોદ્દેદારો તથા અગ્રણીઓ સાથે રહ્યા હતા.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિવિધ નૃત્ય, રાસગરબા, એક પાત્રિય અભિનય, લઘુનાટીકાઓ વગેરે કલાકારો દ્વારા સુંદર રીતે રજુ કરવામાં આવ્યા હતા.

નૃત્ય : "સેવ ધ ગર્લ ચાઈલ્ડ" એ ખૂબ જ આકર્ષણ જમાવ્યું હતું આ ઉપરાંત બે હાસ્ય નાટીકાઓ

(૧) "સાસુ જમાઇનો મીઠો ઝગડો
(૨) "લગે રહો ગુજ્જુભાઇ"

એ ખૂબજ સારી રીતે જમાવટ કરી હતી અને પ્રેક્ષકોને હાસ્યથી તરબોળ કર્યા હતા.

લોકોએ કલાકારોની કલાની કદર કરીને ઈનામોની વર્ષા કરી દીધી હતી અને કલાકારોને ખૂબજ પ્રોત્સાહીત કર્યા હતા. આ સાંસ્કૃતિક કાર્યક્રમ માણવા માટે બહારગામથી, આજુબાજુનાં ગામના લોકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને મોડી રાત્રી સુધી કાર્યક્રમને માણ્યો હતો.

આ કાર્યક્રમમા બહારગામથી પધારેલ સમાજના અગ્રણી નીચે મુજબના મહેમાનો હાજર રહીને કાર્યક્રમને માણ્યો હતો.

૧.શ્રી રમેશભાઈ માવજીભાઈ વાગડીયા - બેંગ્લોર	(અગ્રણી શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ જાગૃતી અભિયાન
૨. શ્રી પ્રેમજીભાઈ ભાણજીભાઈ કેશરાણી - નવી મુંબઈ	(પૂર્વ પ્રમુખ) (શ્રી અ.ભા.ક.ક.પા.યુવાસંઘ)
૩. શ્રી કેશવલાલ કાનજીભાઈ ભગત - બેંગ્લોર	(બેંગ્લોર મૈસૂર રોડ સમાજના અગ્રણીશ્રી)
૪. શ્રી નીતિનભાઈ રવજીભાઈ લિંબાણી - હોસૂર	(નવ નિર્વાચીત પ્રમુખશ્રી અ.ભા.ક.ક.પા.યુવાસંઘ)
૫. શ્રી માવજીભાઈ ડાયાભાઈ દિવાણી- નાશીક	પૂર્વ પ્રમુખ શ્રી અ.ભા.ક.ક.પા.યુવાસંઘ)
૬. શ્રી ગૌરાંગભાઈ ખેતાભાઈ ધનાણી - કડોદરા	(પૂર્વ પ્રમુખ શ્રી અ.ભા.ક.ક.પા.યુવાસંઘ)
૭. શ્રી હરેશભાઈ શીવજીભાઈ રામાણી - બારડોલી	(પૂર્વ મહામંત્રી શ્રી અ.ભા.ક.ક.પા.યુવાસંઘ)

બહારગામથી અલગ-અલગ ગામોની સમાજના અગ્રણીઓ તથા હોદ્દેદારો પધાર્યા હતા એમનું યુવક મંડળના પ્રમુખશ્રી પ્રવિણભાઈ અબજીભાઈ દિવાણીએ શબ્દોથી સ્વાગત કર્યુ હતું અને કાર્યક્રમમા પધારવા બદલ આભાર માન્યો હતો આભારના પ્રત્યુતરમાં યુવાસંઘના પ્રમુખશ્રી નિતીનભાઈએ આ મહોત્સવનું આયોજન કરવા બદલ વિરાણી પાટીદાર સમાજને અભિનંદન આપ્યા હતા અને આનંદ વ્યકત કર્યો હતો.આ કાર્યક્રમમા જે બે હાસ્ય નાટીકાઓ **(૧) "સાસુ જમાઈનો મીઠો ઝગડો" (૨) "લગે રહો ગુજ્જુભાઈ"** સફળતા પૂર્વક રજુ કરવામાં આવી હતી એના રિહર્સલ વખતે ડાયરેકશન મુંબઈ વાળા શ્રી હિંમતભાઈ રતનશીભાઈ ખેતાણીએ આપીને કલાકારોને તૈયાર કરવામાં મુખ્ય ભુમિકા ભજવી હતી.આ સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન સંયુક્ત રીતે ખુબજ સુંદર રીતે
૧. ડૉ. દિપકભાઈ વસ્તાભાઈ ખીમાણી **૨. શ્રીમતી જીજ્ઞાબેન રાજેશભાઈ સેંઘાણી**
૩. શ્રીમતી દક્ષાબેન અલ્પેશભાઈ કાનાણી **૪. શ્રી શ્રેયાંતભાઈ હરજીભાઈ વાલજીયાણી** એ કર્યુ હતું.

કાર્યક્રમનાં અંતમાં આભાર વિધિ યુવક મંડળના પ્રમુખશ્રી પ્રવિણભાઈ અબજીભાઈ દિવાણીના આદેશથી યુવક મંડળના મહામંત્રી શ્રી ધનસુખભાઈ દેવજીભાઈ નરસિંગાણીએ કરી હતી અને આ કાર્યક્રમને શાંતિથી માણવા બદલ તથા કલાકારોને પ્રોત્સાહન આપવા માટે જે ઈનામની રોકડ રકમની સરવાણી વહેવડાવી એ માટે દાતાશ્રીઓનો તથા લોકોનો આભાર માન્યો હતો.

સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક - સ્થાનીક



















સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક - સ્થાનીક



ધર્મસભા

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સંસ્થાન - દેશલપર (વાંઢાય) ના સંતો તથા હોદ્દેદારોશ્રીઓ
તા.૧૪-૮-૨૦૧૪ ગુરૂવાર, સવારના-૮:૩૦ કલાકે-પ્રથમસત્ર

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સંસ્થાન - દેશલપર (વાંઢાય) ના સંતો તથા હોદ્દેદારોશ્રી ઓ નું આગમન થતાં પ્રવેશ દ્વાર પાસે ગોતીડા ધારી કુમારીકાઓ દ્વારા કુમકુમ તિલક કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું, સ્વાગત સમિતીના અગ્રણીઓ તથા સમાજના વડીલ અગ્રણીઓ તથા હોદ્દેદારો દ્વારા પધારેલ સંતો તથા હોદ્દેદારો ને ભાવ પૂર્વક આવકારવામાં આવ્યા હતા અને સર્વે ને સન્માન પૂર્વક મંચ ઉપર યોગ્ય સ્થાને બિરાજમાન કરાવવામાં આવ્યા હતા. કાર્યક્રમનો શુભારંભ કરાતાં પહેલાં સ્થાનિક સમાજના પ્રમુખ શ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી, શ્રી રામજીભાઇ કરમશીભાઇ નાકરાણી, શ્રી માવજીભાઇ વસ્તાભાઇ રૂડાણી, સ્વામી શ્રી વી.વી.શાસ્ત્રી શ્રી નિલમ મહારાજ, શ્રી હંસરાજભાઇ દેવજીભાઇ ધોળુ, શ્રી રતીલાલભાઇ મનજીભાઇ પોકાર, શ્રી ગંગારામભાઇ રામાણી દ્વારા શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન તથા મા ઉમિયાજી ની મૂર્તિ સમક્ષ દિપ પ્રાગટ્ય કરીને ધર્મસભાના કાર્યક્રમને ખૂલ્લો મૂકવામાં આવ્યો હતો. દિપ પ્રાગટ્ય કરતી વખતે શ્રી શંભુભાઇ ચંદુભાઇ ગોગારી - મુંબઇ દ્વારા પવિત્ર શ્લોકોનું પઠન કરવામાં આવ્યું હતું.



પધારેલ સંતો તથા હોદ્દેદારોની સાથેસ્થાનિક સમાજના પ્રમુખ શ્રી અબજીભાઇ કાનાણી, શ્રી રામજીભાઇ નાકરાણી તથા શ્રી માવજીભાઇ રૂડાણીને મંચ ઉપર સ્થાન આપવામાં આવ્યું હતું.

ઉપસ્થિત સંતો તથા હોદ્દેદારોનું સન્માન ફુલહાર તથા શાલ પહેરાવીને કરવામાં આવ્યું હતું જે નીચે મુજબ છે.

સંતો તથા હોદ્દેદારશ્રીઓ	સન્માનકર્તા સ્થાનિક સમાજના હોદ્દેદારો
૧. સ્વામીશ્રી વૃંદાવન વિહારી શાસ્ત્રીજી માર્ગદર્શક સંતશ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સંસ્થાન - દેશલપર (વાંઢાય)	શ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી -નવી મુંબઇ (ખારઘર) પ્રમુખ શ્રી સ્થાનિક સમાજ
૨. સંતશ્રી નિલમ મહારાજ . ધર્મ પ્રચારક - રાયપુર	શ્રી રામજીભાઇ કરમશીભાઇ નાકરાણી - રાયપુર - પૂર્વ પ્રમુખશ્રી, સ્થાનિક સમાજ

૩. શ્રી હંસરાજભાઈ દેવજીભાઈ ધોળુ પ્રમુખશ્રી - ઉમિયા માતાજી સંસ્થાન (વાંઢાય - કચ્છ)	**શ્રી માવજીભાઈ વસ્તાભાઈ રૂડાણી - વિરાણીમોટી** - પૂર્વ પ્રમુખશ્રી, સ્થાનિક સમાજ
૪. શ્રી ગંગારામભાઈ શીવદાસભાઈ રામાણી ઉપ પ્રમુખશ્રી - લક્ષ્મીનારાયણ કેન્દ્ર સંસ્થાન - દેશલપર (વાંઢાય)કચ્છ	**શ્રી મણીભાઈ લધાભાઈ સોમજીયાણી -** વિરાણીમોટી - ઉપ પ્રમુખશ્રી સ્થાનિક સમાજ
૫. શ્રી બાબુભાઈ સામજીભાઈ ચોપડા-જીયાપર મહામંત્રી - શ્રી ઉમિયા માતાજી સંસ્થાન (વાંઢાય - કચ્છ)	**શ્રી હંસરાજભાઈ પ્રેમજીભાઈ દિવાણી** વિરાણીમોટી - ઉપ પ્રમુખશ્રી, સ્થાનિક સમાજ
૬. શ્રી રતીલાલભાઈ મનજીભાઈ પોકાર - મંત્રીશ્રી, સંસ્કારધામ-દેશલપર-વાંઢાય તથા તંત્રીશ્રી "ઉમા દર્પણ" ભુજ-કચ્છ	**શ્રી ભાણજીભાઈ રતનશીભાઈ માનાણી** વસઇ (મુંબઇ)
૭. શ્રી કલ્યાણજીભાઈ હીરજીભાઈ છાભૈયા બિદડા, તા.માંડવી - કચ્છ - અમદાવાદવાળા મંત્રીશ્રી, સંસ્કારધામ - દેશલપર (વાંઢાય)	**શ્રી વાલજીભાઈ અબજીભાઈ વાઘાણી - નાગપુર** પ્રમુખશ્રી નાગપુર લક્કડગંજ કડવા પાટીદાર સનાતન સમાજ તથા પ્રમુખશ્રી વિદર્ભ ઝોન, અ.ભા.ક.ક. પાટીદાર સમાજ
૮. શ્રી કિશોરભાઈ પ્રેમજીભાઈ સેંઘાણી ગાંધીધામ - કચ્છ - મંત્રીશ્રી, સંસ્કારધામ - દેશલપર (વાંઢાય)	**શ્રી હંસરાજભાઈ કચરાભાઈ દિવાણી** વિશાખાપટ્ટનમ

સ્વાગત પ્રવચન કરતાં સમાજના પ્રમુખશ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણીએ જણાવ્યું હતુ કે વિરાણીમોટી ગામ એ ક્રાંતિકારીઓનું ગામ છે. આ ગામમાંથીજ સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને માર્ગદર્શન મળતું રહયું છે ધાર્મિક કે સામાજીક ક્રાંતિની મશાલ આ ગામમાથીજ પ્રગટી છે, વર્તમાન સમયમાં પણ ધર્મ જાગૃતિ ક્ષેત્રે આ ગામે જ આગેવાની લીધી છે.

ભૂતકાળમાં ધર્મ જાગૃતિ માટે નેત્રા ના નરવીર કેશરા પરમેશ્વરાએ પહેલ કરી હતી પરંતુ તેઓએ સ્વામીનારાયણ સંપ્રદાય અપનાવી લીધો હતો પણ તેઓએ સતત ધર્મ જાગૃતિ ક્ષેત્રે કાર્ય ચાલુ રાખ્યું હતું. ત્યારબાદ વિરાણીમોટીના ક્રાંતિવીર તથા આદ્ય સુધારક શ્રી નારાયણ રામજી લિંબાણીએ જીવનના અંત સુધી અધર્મીઓ સામે ઝઝુમીને સનાતન ધર્મની પુનઃ સ્થાપના માટે મોટી સફળતા મેળવી હતી.

ગામે-ગામ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોની સ્થાપના માટે વિરાણીમોટીના ધર્મવીર ધર્માત્મા શ્રી રતનશી ખીમજી ખેતાણી તથા એમના સાથીદારો શ્રી નથુભાઇ નાનજી કેશરાણી - નખત્રાણા વાળા તથા વિરાણીમોટી ગામના શ્રી નારાયણ શીવજી નાકરાણીનો અમુલ્ય ફાળો રહેલો છે.

કડવા પાટીદાર જ્ઞાતિમાં દેશલપર (ગુંતલી) તા. નખત્રાણા ગામે જન્મ ધારણ કરનાર સંતશ્રી લાલરામજી મહારાજને પાટીદાર જ્ઞાતિમાં શિક્ષણ નહીંવત્ હોવાથી અંધશ્રધ્ધામાં ડુબી ગઈ હતી તથા પોતાનો મૂળ વૈદીક સનાતન ધર્મ ભૂલીને અધર્મને શરણે થઇ ગઇ હતી તે વખતે સમાજની સ્થિતિ ખૂબજ આર્થિક રીતે નબળી હતી એનો લાભ વિધર્મીઓએ પૂરેપૂરો ઉઠાવીને પ્રજાનુ શોષણ કર્યુ હતું આથી લોકો ખૂબજ દુ:ખી હતા આ દુ:ખી પ્રજાને જોઇને સંતશ્રીનુ હૃદય દ્રવી ઉઠયું હતું એ માટે એમણે જ્ઞાતિને જાગૃત કરવા માટે પ્રયત્નો હાથ ધર્યા હતા એ માટે એમણે ખૂબજ મહેનત કરી સમય જતાં તેઓ શરીરથી લાચાર બન્યા એટલે કાર્ય અધુરુ રહ્યું એટલે એ ઉદાસ રહેવા લાગ્યા એમના પટ્ટ શિષ્ય સંત શ્રી ઓધવરામજી મહારાજે ઉદાસીનું કારણ પૂછયું તો સંતશ્રીએ જણાવ્યું કે મારી કડવા પાટીદાર જ્ઞાતિ ધર્મના રાહે થી ભટકી ગઇ છે એને સુધારવાનું મારુ કાર્ય અધુરું રહી ગયેલ છે તું મારી જ્ઞાતિને સદમાર્ગે લઇ જવાનું મને વચન આપ તો મારા આત્માને શાંતિ થાય. સંતશ્રી ઓધવરામજી મહારાજે પોતાના ગુરૂના શબ્દો શિરોધાર્ય કરીને વચન આપ્યું કે હું પાટીદાર જ્ઞાતિને અધર્મના માર્ગે થી પાછી વાળીને સનાતન ધર્મના રાહે પાછી લઇ આવીશ આ વચન આપ્યા બાદ સંતશ્રી લાલરામજી મહારાજ શાંતિથી બ્રહ્મલીન થયા અને ચિર:નિંદ્રામાં પોઢી ગયા ત્યારબાદ સંતશ્રી ઓધવરામજી મહારાજે પોતાના ગુરૂનો આદેશ માનીને ધર્મ જાગૃતિ માટેનું અભિયાન આદર્યુ. ધર્મ જાગૃતિની ઝુંબેશ દરમ્યાન સંતશ્રીને વિરાણીમોટીના રતનશી ખીમજી ખેતાણીનો અચાનક ભેટો થયો તથા બીજા સાથીદારો પણ મળ્યા આ બધાએ ભેગા મળીને જાગૃતિ માટે મોટા પાયે ઝુંબેશ ઉપાડી તથા ગામે-ગામ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મંદિરોની સ્થાપના માટે મોટા પાયે પ્રયત્નો આદર્યા. કચ્છમાં સૌ પ્રથમ વિરાણીમોટીમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પાન મૂર્તિની મંદિરમાં સ્થાપના સંવત-૧૯૮૬ માં કરવામાં આવી પાન મૂર્તિની સ્થાપના વખતે મંદિરમાં એક તરફ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર તથા બીજી તરફ સતપંથીઓનું ખાનુ હતુ આ ખાનાના ઉત્થાપન માટે ગામના મુરબ્બી વડીલ શ્રી કરશનભાઇ શીવદાસભાઇ દિવાણીએ ખૂબજ પ્રયત્નો કરીને સફળતા મેળવી. આમ વિરાણીમોટી ગામ સતપંથને સંપૂર્ણ પણે તિલાંજલી આપીને શુધ્ધ સનાતની બન્યું. એના ખરા યશના ભાગીદાર શ્રી કરશનબાપા છે આના ઉપરથી પ્રેરણા લઇને લોકોમાં મોટા પાયે જાગૃતિ

આવવા લાગી અને લોકો ધીમેધીમે સનાતન ધર્મના રાહે પાછા આવવા લાગ્યા.

પ્રવચનનો દોર આગળ વધારતાં કવિ અને લેખક પ્રજ્ઞાચક્ષુ શ્રી રતિભાઈ મનજીભાઈ પોકાર - ભુજ (ઉમાદર્પણ માસિકના તંત્રીશ્રી) વાળાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતુ કે ભૂમિ-ભૂમિ પર ઘણો આધાર રહેલો છે. આ વિરાણીમોટી ગામની બળૂકી પાવન ભૂમિ પર સંત-શુરા, ક્રાંતિકારીઓ તથા ધર્મવીરો એ જન્મ ધારણ કરીને આ ભૂમિમાં કેટલી તાકાત રહેલી છે એ સિધ્ધ કરી બતાવ્યું છે. "માતા સંસ્કારી તો બાળક સંસ્કારી" એ ઉક્તિ ને ચરિતાર્થ કરતાં આ ભૂમિમાં આપણી કડવા પાટીદાર જ્ઞાતિનાં મહામૂલાં રત્નો પાકયાં છે જે આ ભૂમિનો જ પ્રતાપ છે.

આપણી જ્ઞાતિને ધાર્મિક રીતે જાગૃત કરવા અને સનાતન ધર્મની પુનઃ સ્થાપના માટે કરાંચી તથા મુંબઈ તથા કચ્છ વગેરે જગ્યાઓએ પરિષદો ભરાઈ, વાંઢાયથી વિરાણીમોટી સુધી ધર્મરેલી યોજાઈ વર્તમાન સમયમાં સનાતન ધર્મ પ્રચાર અભિયાનના મોભી શ્રી હિંમતભાઈ રતનશીભાઈ ખેતાણી - મુંબઈ એમની ટીમ સાથે ધર્મ પ્રચાર માટે આખા ભારત વર્ષનો પ્રવાસ ખેડી રહયા છે, સનાતન ધર્મની જ્યોત સદાય જલતી રહે એની જવાબદારી આપણા સૌની પણ છે એ રખે ભૂલાય.

સૌએ સાથે મળીને ખભે ખભા મિલાવીને જન જાગૃતિ તથા ધર્મ જાગૃતિ માટે તન-મન અને ધનથી સહયોગ આપવો રહયો. સૌને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તથા મા ઉમિયાજી શકિત આપે એવી પ્રાર્થના.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - વાંઢાયના પ્રમુખશ્રી હંસરાજભાઈ દેવજીભાઈ ધોળુએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતુ કે આત્મ ગૌરવ વગર માનવીનો વિકાસ નથી થતો વિરાણીમોટી ગામએ ક્રાંતિતીર્થ છે વિરાણી મોટી ગામમાંથી જ ક્રાંતિકારીઓ પેદા થયા છે આ ગામમાંથી જ આપણી પૂરી જ્ઞાતિને પ્રેરણા મળી છે નેત્રાના નરકેશરી શ્રી કેશરા પરમેશ્વરાએ ધર્મ જાગૃતિના બીજ વાવ્યાં હતાં એને પાણી પાઈ છોડને ઉછેરીને મોટા કર્યા આદ્ય સુધારક શ્રી નારાયણ રામજી લિંબાણીએ હવે એની રખેવાળી કરવા માટે શ્રી હિંમતભાઈ રતનશીભાઈ ખેતાણીની અને એમની ટીમ ખૂબજ મહેનત કરી રહી છે સમાજની વર્તમાન પેઢી તથા ભાવી પેઢી એમાથી પ્રેરણા લે એવી ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તથા મા ઉમિયાજી પાસે પ્રાર્થના.

ધર્મ પ્રચારક સંત શ્રી નિલમ મહારાજે પોતાના ધાર્મિક પ્રવચન માં જણાવ્યું હતુ કે આપ સર્વે લોકો ભાગ્યશાળી છો, આવો મહાઉત્સવ આપના ગામના આંગણે ઉજવાઈ રહયો છે એ ભગવાનની કૃપા છે એની કૃપા વગર કાંઈ જ થઈ ન શકે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના પગ પકડશો તો મુક્તિ મળી જશે.

આ મહોત્સવ માં હાજર રહેવા બદલ હું પોતાને ભાગ્યશાળી માનું છું આ મહાઉત્સવ નું

આયોજન કરવા બદલ આયોજકો ને અભિનંદન પાઠવુ છું અને સર્વે નું કલ્યાણ થાવ એવી શુભેચ્છા પાઠવું છું.

સ્વામી શ્રી વૃંદાવન વિહારી શાસ્ત્રીજીએ પોતાનું મનનીય પ્રવચન કરતાં જણાવ્યું હતું કે વિરાણીમોટી ગામએ વ્રજભૂમી છે મહાપુરુષો, વિરપુરુષો અને સાધુ-સંતોની પવિત્ર ભૂમિ છે છાતી ફુલાઇને ફાટી જાય એવી ગૌરવ લેવા જેવી વાત છે. "શૂરધન" એટલે શૂરારૂપી ધન જે આ ગામમાંથી જ પ્રગટેલું છે શ્રી રામજીભાઇ કરમશીભાઇ નાકરાણી જ્યારે કેન્દ્રીય સમાજના પ્રમુખ હતા ત્યારે સનાતન ધર્મરૂપી જ્યોત વધુ પ્રજ્જવલિત અને દૈદિપ્યમાન બની.

સ્વામીશ્રીએ શ્રીમદ્દ ભગવદ્દ ગીતાનો કૃષ્ણ - અર્જુનનો થયેલો સંવાદ ટાંકતી વખતે જણાવ્યું હતું કે ભગવાન શ્રી કૃષ્ણએ અર્જુનને કહયું હતુ કે કુરૂક્ષેત્રનું મહા યુધ્ધ તુ જીતીશ તો રાજપાટ ભોગવીશ અને હારીશ તો સ્વર્ગમા જઇશ એવી ગેરંટી ભગવાને અર્જુનને આપી હતી. સનાતન ધર્મને માટે થઇને લડનાર આદ્ય સુધારક સ્વ. નારાયણ રામજી લિંબાણી અને ધર્મ ધૂરંધર સ્વ. રતનશી ખીમજી ખેતાણી વગેરે આ મહાયુધ્ધના લડવૈયાઓ હતા. લક્ષ્મીનારાયણ ભગવાન એ મહાસાગર છે એમા જઇને પડો તો પરમાત્માનું અસલ સ્વરૂપ "ૐ" ના દર્શન થાય સ્વ. નારાયણજી બાપાને વેદમાં રૂચી હતી. વેદોમાં કલ્પના ન હોય વેદોએ "સનાતન શાશ્વત સત્ય છે.

ગાય એ વેદ છે, અને દોહનારએ કૃષ્ણ છે, વાછરડોએ અર્જુન છે.

અર્જુને ભગવાન શ્રી કૃષ્ણને પ્રશ્ન કરતાં પુછયું કે ભગવાન તમે રહો છો કયાં? પરમાત્માએ જવાબ આપતાં કહયુ કે હે અર્જુન! મારા ભક્તો જ્યાં-જ્યાં વસે છે, ત્યાં-ત્યાં હું એમના હૃદયમાં કાયમ નિવાસ કરું છું.

સ્વામીજીએ વધું માં જણાવ્યું કે " હમણાં ખેડૂતોની કામની સિઝન છે, એમ મંદિરોની ઉજવણીની પણ સિઝન છે, અને અમારી પણ ધાર્મિક સભાઓ કરવાની સિઝન છે".

તેઓશ્રીએ સંતશ્રી ઓધવરામજી મહારાજનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે એ કલીયુગના ઋષિ હતા સનાતન ધર્મની જાગૃતિ માટે એમણે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનાં મંદિરોની સ્થાપના કરવા માટે પ્રેરણા આપીને આપણી જ્ઞાતિ ઉપર ખૂબજ મોટો ઉપકાર કર્યો છે એને ભુલી શકાય એમ નથી.

કડવા પાટીદાર જ્ઞાતિના ગુણ-દોષોની છણાવટ કરતાં જણાવ્યું કે ગામે-ગામ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનાં મંદિરો છે એ મોટો ગુણ છે દર વર્ષે મંદિરોના પાટોત્સવ વખતે સ્થાનિક તેમજ બહાર ગામના લોકોની કચ્છમાં વિશાળ હાજરી હોય છે.

જીંજાય ગામનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે આખા ગામને વેદ નારાયણ ભગવાનની કંઠી પહેરાવીને દિક્ષા આપી કંઠી પહેરવીએ પ્રાથમિક જવાબદારી છે. કંઠી પહેરલ વ્યકિત સવારના પહોરમાં ભગવાનની સામે જઇને મંત્ર-જાપ કરે છે ગીતાજીએ વેદનો સાર છે માટે દરેકે ઘરમાં ગીતાજી રાખવાં પડે, વ્યશન છોડવું પડે

શુધ્ધ શાકાહારી બનવું પડે, સવારના ઉઠીને મા-બાપને પગે લાગીને નિત્ય પ્રાતઃકર્મ પતાવીને પછી નાસ્તો પાણી કરવા પડે, પછી પોતાનો વ્યવસાય સંભાળવો જોઇએ.

સ્વામીજીએ વધુમાં જણાવ્યું હતું કે સંતશ્રી ઓધવરામજી મહારાજે વાવેલા દાણા ને અમે પાણી પાઇએ છીએ, પાણી પાઇએ છીએ એટલે દાણા અંકુરીત થઇને એમાથી છોડ પાંગરશે એટલે એમાંથી પાંદડા નીકળશે અને મોટુ વૃક્ષ બનીને વિસ્તરશે એટલે માનવ, પશુ-પ્રાણી, જીવજંતુ માત્રને છાંયડો તથા આશ્રય આપશે.

"ૐ" અને "શ્રી" નાં પવિત્ર ચિન્હની સમજ આપતાં જણાવ્યું હતું કે "ૐ" એટલે "નારાયણ" અને "શ્રી" એટલે "લક્ષ્મી" એટલે આપ સર્વે જ્ઞાતિજનોના ઈષ્ટ દેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન. શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન કેન્દ્ર સંસ્થાન - દેશલપર (વાંઢાય) માં વેદ નારાયણ ભગવાનની સ્થાપના કરી છે એ આપણી ગુરુ ગાદી છે માટે સર્વે જ્ઞાતિજનોએ વેદ નારાયણની કંઠી બાંધવી જોઇએ અને એમને ગુરુ પદે બેસાડવા જોઇએ.

અંતમાં પોતાનું પ્રવચન સમાપ્ત કરતા પહેલા વિરાણીમોટી પાટીદાર સમાજનો આ રજત જયંતિ મહોત્સવનું આયોજન કરવા બદલ આભાર માન્યો હતો. અને પોતાના પ્રવચનને વિરામ આપ્યો હતો.

આ ધર્મસભાનું સંચાલન શ્રી ચંદુભાઇ કરશનભાઇ દિવાણી - બેંગ્લોર તથા શ્રી વસંતભાઇ માવજીભાઇ કાનજીયાણી - ગાંધીધામ વાળાએ વારાફરતી કર્યુ હતું.

આભાર વિધિ કરતાં સમાજના પૂર્વ પ્રમુખશ્રી રામજીભાઇ કરમશીભાઇ નાકરાણીએ જણાવ્યું હતું કે અમારા આમંત્રણને માન આપીને પધારેલ સાધુ-સંતો તથા સમાજના અગ્રણીઓનો અમો સમાજ વતી આભાર માનીએ છીએ. આપ સૌ આ મહોત્સવમાં પધારીને શોભામાં અભિવૃધ્ધિ કરી તથા સમાજના જ્ઞાતિજનોને સત્સંગનો લાભ આપીને અમોને ઉપકૃત કર્યા તે બદલ ધન્યવાદ. અને ભવિષ્યમાં પણ અમોને આપના સત્સંગનો લાભ મળતો રહે એવી અપેક્ષા. અને ફરી પણ આવા પાવન પ્રસંગોએ પધારવા કૃપા કરશો.



સામાજીક સભા

શ્રી અ.ભા.ક.કડવા પાટીદાર સમાજની ત્રણે પાંખો દ્વારા

તા.૧૪-૮-૨૦૧૪ ગુરૂવાર, બપોરે - ૩:૦૦ કલાકે દ્વિતીયસત્ર

સામાજીક સભા અંતર્ગત શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની ત્રણે પાંખો (૧) શ્રી કેન્દ્રીય સમાજ (૨) શ્રી કેન્દ્રીય યુવા સંઘ (૩) શ્રી કેન્દ્રીય મહીલા સંઘ ના હોદ્દેદારો તથા અગ્રણીઓ પધારતાં પ્રવેશ દ્વાર પાસે કુમારીકાઓ દ્વારા કુમ-કુમ તિલક કરીને સર્વે મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગત બાદ પધારેલ મહેમાનોને મંચ ઉપર ઉચીત સ્થાને બેસાડવામાં આવ્યા હતા સ્થાન ગ્રહણ કરાવ્યા બાદ વિરાણીમોટી પાટીદાર સમાજના પ્રમુખ શ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી, વિરાણીમોટી પાટીદાર સમાજના પૂર્વ પ્રમુખશ્રી રામજીભાઇ કરમશીભાઇ નાકરાણી તથા કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી ગંગારામભાઇ હીરાલાલભાઇ સાંખલા ના વરદ્ હસ્તે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તથા મા ઉમીયાજીની મુર્તિ સમક્ષ દિપનું પ્રાગટ્ય કરવામાં આવ્યું હતુ અને સામાજીક સભાના કાર્યક્રમને ખૂલ્લો મુકવામાં આવ્યો હતો ત્યારબાદ વિરાણીમોટી સમાજના હોદ્દેદારો તથા અગ્રણીઓના હસ્તે પધારેલ મહેમાનોનું સાલ ઓઢાડીને તથા મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતુ.

પધારેલ મહેમાન	સન્માનકર્તા
૧. **શ્રી ગંગારામભાઇ હીરાલાલભાઇ સાંખલા,** પ્રમુખશ્રી, અ.ભા.ક.ક.પાટીદાર સમાજ	**શ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી** પ્રમુખ શ્રી વિરાણીમોટી પાટીદાર સમાજ
૨. **શ્રી હંસરાજભાઇ દેવજીભાઇ ધોળુ,** પ્રમુખશ્રી, ઉમિયામાતાજી સંસ્થાન વાંઢાય (દેશલપર-કચ્છ)	**શ્રી હિંમતભાઇ રતનશીભાઇ ખેતાણી** સલાહકારશ્રી, વિરાણીમોટી પાટીદાર સમાજ
૩. **શ્રી મોહનભાઇ શીવજીભાઇ ધોળુ,** ઉપપ્રમુખ શ્રી કેન્દ્રીય સમાજ -	**શ્રી હંસરાજભાઇ પ્રેમજીભાઇ દિવાણી** ઉપપ્રમુખ શ્રી વિરાણીમોટી પાટીદાર સમાજ
૪. **શ્રી વાલજીભાઇ હિરજીભાઇ ચૌહાણ ,** મંત્રીશ્રી કેન્દ્રીય સમાજ -	**શ્રી મણીભાઇ લધાભાઇ સોમજીયાણી, ઉપપ્રમુખ** શ્રી વિરાણીમોટી પાટીદાર સમાજ
૫. **શ્રી ગંગારામભાઇ શીવદાસભાઇ રામાણી,** ઉપપ્રમુખ શ્રી ઉમીયામાતાજી સંસ્થાન વાંઢાય (દેશલપર-કચ્છ)	**શ્રી રામજીભાઇ કરમશીભાઇ નાકરાણી, પૂર્વપ્રમુખ** શ્રી વિરાણીમોટી પાટીદાર સમાજ
૬. **શ્રી પ્રવિણભાઇ નારણભાઇ ધોળુ,** મંત્રીશ્રી કેન્દ્રીય સમાજ -	**શ્રી શાંતિભાઇ પ્રેમજીભાઇ નાકરાણી** મંત્રીશ્રી વિરાણીમોટી પાટીદાર સમાજ
૭. **શ્રી લક્ષ્મણભાઇ નાનજીભાઇ ચૌહાણ,** ટ્રસ્ટીશ્રી કેન્દ્રીય સમાજ -	**શ્રી કાન્તીભાઇ દેવજીભાઇ વાડીયા,** ખજાનચીશ્રી, વિરાણીમોટી પાટીદાર સમાજ

પધારેલ મહેમાન	સન્માનકર્તા
૮. શ્રી વાલજીભાઈ નારણભાઈ ભગત, ટ્રસ્ટીશ્રી કેન્દ્રીય સમાજ -	શ્રી હિંમતભાઈ જીવરાજભાઈ સોમજીયાણી મહામંત્રીશ્રી, વિરાણીમોટી પાટીદાર સમાજ
૯. શ્રી હસમુખભાઈ વિશ્રામભાઈ રામાણી, પ્રમુખશ્રી ગ્રીનલેન્ડ કાઉન્સીલ, કેન્દ્રીય યુવાસંઘ	શ્રી પ્રવિણભાઈ અબજીભાઈ દિવાણી પ્રમુખ શ્રી વિરાણીમોટી પાટીદાર યુવક મંડળ
૧૦. શ્રીમતી સોનલબેન ઈશ્વરભાઈ શેઠીયા, ઉપપ્રમુખ શ્રી કેન્દ્રીય મહીલા સંઘ -	શ્રીમતી વિજ્યાબેન વૃજલાલભાઈ છાભૈયા પ્રમુખ શ્રી વિરાણીમોટી પાટીદાર મહીલા મંડળ

વક્તાઓનાં પ્રવચનો

પ્રસંગ પરીચય આપતાં સ્થાનિક સમાજના સલાહકાર શ્રી રામજીભાઈ કરમશીભાઈ નાકરાણીએ જણાવ્યું હતુ કે આવી સામાજીક સભાઓના આયોજનો થકી આપણી સમાજમાં ચાલતી પ્રવૃતિઓથી સમાજના લોકોને વાકેફ કરી શકાય છે માહીતીઓનુ આદાન-પ્રદાન તથા નવા વિચારો તથા સૂચનો મેળવીને સામાજીક કાર્યોને ગતી આપી શકાય છે તથા સામાજીક સમસ્યાઓના ઉકેલ માટે વિચારોનું ચિંતન-મંથન થઇ શકે છે અને સમસ્યાઓનું નિરાકરણ લાવી શકાય છે.

કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી ગંગારામભાઈ હીરાલાલભાઈ સાંખલા એ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતુ કે આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતીનું માર્ગદર્શક ગામ વિરાણીમોટી છે એટલે આ ગામને માર્ગદર્શન આપવાનો અધીકાર છે કારણ કે સામાજીક તેમજ ધાર્મિક જાગૃતીની ચળવળની મશાલ આ ગામના ક્રાંતિકારીઓ દ્વારાજ પ્રગટી છે આ ગામ માંથી જ સમાજને ક્રાંતિકારીઓની મહામૂલી ભેટ મળી છે. વર્તમાન સમયમાં પણ આ ગામમાંથીજ સમાજને નવી દિશા મળી છે સનાતન ધર્મ જાગૃતી માટે આ ગામેજ પહેલ કરી હતી અને હમણા પણ આ ગામનાજ નેતૃત્વ હેઠણ ધર્મ જાગૃતિનું અભિયાન જોશભેર ચાલી રહયું છે હાલના સમયમાં આપણી મુહીમ દહીં-દુધવાળા સામે છે આ લોકોજ ધર્મ જાગૃતીના કાર્યમાં રોડાં નાખી રહયા છે એને ઓળખીને જ્યાં સુધી પાઠ ભણાવવામાં નહી આવે ત્યા સુધી આ લોકો સમાજને સુખ ચેનથી રહેવા દેશે નહી હવે તો લોકોમાં વધતી જાગૃતીના કારણે પરદેશ વસતા જ્ઞાતીજનો પણ કચ્છમાં આવતા થયા છે આ લોકોનો સહકાર પણ આપણને મળવા લાગ્યો છે એટલે આપણા કાર્યો આપણે વધુ સારી રીતે કરી શકીશું.

પશ્ચિમ કચ્છ પાણી પૂરવઠાના નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી શંકરભાઈ હંસરાજભાઈ કાનાણીએ પાણી પૂરવઠા વિષે સવિસ્તાર માહીતી આપી હતી તથા પાણીનું મહત્વ સમજાવ્યું હતું, તથા વરસાદી પાણીનો સંગ્રહ તથા એના ઉપયોગ વિશે વિસ્તૃત માહીતીથી લોકોને અવગત કરાવ્યા હતા, તથા કચ્છ જીલ્લા માં નહેર વાટે આવનારા નર્મદા નદીનાં સિંચાઇ માટે ના પાણીની તથા

પાઇપ લાઇન દ્વારા મળતાં પીવાના પાણીની માહીતી પણ આપી હતી.

શ્રી ઉમીયામાતાજી સંસ્થાન વાંઢાય (દેશલપર) પ્રમુખ શ્રી હંસરાજભાઇ દેવજીભાઇ ધોળુએ પોતાનું વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે સમાજના વિકાસ માટે ઇન્ફ્રાસ્ટ્રકચર જરૂરી છે. વિકાસ માટે પહેલા આપણને માળખાગત સુવિધાઓ ઊભી કરવી પડશે, એના માટે ચિંતન કરવું પડશે.

ધર્મ જાગૃતિ માટે સંત શ્રી ઓધવરામજી મહારાજ તથા ધર્મવીર સ્વ. રતનશી ખીમજી ખેતાણીએ ચિંતન કરીને વાંઢાયમાં મા ઉમીયાજી નાં મંદિર ની સ્થાપના થાય એવું વિચાર્યું હતું.

વધુમાં શ્રી હંસરાજભાઇએ જણાવ્યું કે હાલના યુગમાં એગ્રીકલ્ચર એટલે માત્ર ખેતી નથી પણ હવે એની ગણતરી એક બિઝનેશ તરીકે કરવામાં આવે છે. ગોવાર ગમનું મુખ્ય વાવેતર રાજસ્થાન તથા કચ્છમાંજ થાય છે અટલે આ તકનો લાભ ખેડુતોએ લેવો જોઇએ અને વ્યાપારી દ્રષ્ટિકોણ અપનાવવો જોઇએ.

સમાજ વિકાસ માટે વાત કરતાં જણાવ્યું કે દરેક ઘરમાં મહીલાઓ એ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનાં મંદિરમાં એક પેટી રાખીને દરરોજ ૧ રૂપિયો એમાં નાખવો એક વરસમાં રૂા. ૩૬૫/- એક ઘર દીઠ ભેગા થાય તો સમાજના ૮૦ હજાર કુટુંબો છે તો મોટી રકમ એકત્ર થાય આ ઘર દીઠ બચત થયેલ રકમ જો સમાજને અર્પણ કરવામાં આવે તો સમાજ વિકાસ માટે ખૂબજ ઉપયોગી થાય. આમ દર વર્ષે મોટું ભંડોળ ભેગુ થાય તો સમાજને ઉપયોગી કાર્યો કરવા માટે પૈસાની ખેંચ ન પડે.

કેન્દ્રીય મહિલા સંઘના ઉપપ્રમુખ શ્રીમતી સોનલબેન ઇશ્વરભાઇ શેઠીયાએ પ્રવચન કરતાં મહિલા જાગૃતિ માટે જોર આપ્યું હતુ અને જણાવ્યું હતું કે યુવકસંઘ તથા મહિલાસંઘના સંયુક્ત ઉપક્રમે મહિલા જાગૃતી તથા મહિલા સશક્તિકરણ માટે ની શિબિરો અવારનવાર થાય છે આવી શિબિરો તથા આયોજનોમાં મહીલાઓએ તથા યુવતિઓએ અવશ્ય ભાગ લેવો જોઇએ આવી શિબિરોમાં ભાગ લેવાથી ખૂબજ લાભ થાય છે શારિરીક, માનસિક શક્તિઓનો વિકાસ થાય છે એકબીજાનો પરિચય થવાથી મિત્રતા થાય છે, વિચારોનું આદાન-પ્રદાન થવાથી નવી-નવી જાણકારી મળે છે જે જીવન વિકાસ માટે ખૂબજ જરૂરી છે.

શ્રી માવજીભાઇ વસ્તાભાઇ રૂડાણીનું વિશેષ સન્માન

સ્થાનિક સમાજના પૂર્વ પ્રમુખશ્રી માવજીભાઇ વસ્તાભાઇ રૂડાણીનું આ પ્રસંગે મોમેન્ટો આપીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું તેઓ શ્રીએ અ.ભા.ક.ક પાટીદાર સમાજ, શ્રી ઉમીયામાતાજી સંસ્થાન વાંઢાય શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સંસ્થાન-દેશલપર (વાંઢાય), વિરાણીમોટી પાટીદાર સમાજ વગેરે સંસ્થાઓમાં એમણે આપેલી નિસ્વાર્થ સેવાની નોંધ લેવામાં આવી હતી. સન્માન કર્તાઓ તરીકે(૧) શ્રી તુલશીદાસ રામજીભાઇ વાલજીયાણી - સેલવાસ (૨) શ્રી છગનભાઇ મનજીભાઇ રૂડાણી - રાયપુર (૩) શ્રી ખેતાભાઇ નાનજીભાઇ માધાણી - ઇન્દોર (૪)

શ્રી ગીરીશભાઇ અમૃતભાઇ ખેતાણી - અમદાવાદ (૫) શ્રી મુળજીભાઇ રામજીભાઇ ભાણજીયાણી -બેંગ્લોર રહયા હતા. વિશેષ સન્માનની માહીતી શ્રી અબજીભાઇ વી. કાનાણીએ આપી હતી.

ઉપરોક્ત કાર્યક્રમનું સંચાલન સંયુક્ત રીતે

(૧) શ્રી ચંદુભાઇ કરશનભાઇ દિવાણી - બેંગ્લોર

(૨) શ્રી હિંમતભાઇ જીવરાજભાઇ સોમજીયાણી, વિરાણીમોટી

(૩) શ્રી વસંતભાઇ માવજીભાઇ કાનજીયાણી - ગાંધીધામ

વગેરે એ કર્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન કચ્છ કલેક્ટર તથા બીજા અધિકારીઓ નું થયેલું આગમન

આ ચાલતા કાર્યક્રમ દરમિયાન પૂર્વ નિર્ધારીત કાર્યક્રમ અનુસાર કચ્છ કલેક્ટર માનનીય શ્રી મહેન્દ્રભાઇ પટેલ, પશ્ચિમ કચ્છના નાયબ કલેક્ટર શ્રી શીતલબેન પટેલ તથા જી.ઇ.બી. ના કાર્યપાલક ઇજનેર શ્રી અમૃતભાઇ ગરવા સાહેબ નું આગમન થતાં ખૂબ જ ઉમળકાભેર એમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સમાજના હોદ્દેદારો દ્વારા શાલ ઓઢાડીને તથા મોમેન્ટો આપીને તાળીઓના ગડગડાટ વચ્ચે એમનું ઉષ્માભેર સન્માન નીચે મુજબના સન્માન કર્તાઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

સન્માનીત અધિકારી	સન્માનકર્તા
૧. શ્રી મહેન્દ્રભાઇ પટેલ, કચ્છ કલેક્ટર શ્રી	શ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી શ્રી હિંમતભાઇ જીવરાજભાઇ સોમજીયાણી
૨. શ્રી શીતલબેન પટેલ પશ્ચિમ કચ્છના નાયબ કલેક્ટર શ્રી	શ્રીમતી વિજ્યાબેન વૃજલાલ છાભૈયા શ્રીમતી મણીબેન શાંતીલાલ પાંચાણી
૩. શ્રી અમૃતભાઇ ગરવા, જી.ઇ.બી. ના કાર્યપાલક ઇજનેર શ્રી	શ્રી કાન્તીભાઇ દેવજીભાઇ વાડીયા શ્રી શાંતિભાઇ પ્રેમજીભાઇ નાકરાણી

સન્માન વિધિ બાદ નખત્રાણા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી ભરતભાઇ જીવરાજભાઇ સોમજીયાણીએ પધારેલ મહેમાનોને આ ઉજવાતા મહોત્સવ ના પ્રસંગનું મહત્વ તથા ઉજવણીથી અવગત કરાવ્યા હતા અને આ મહોત્સવ નો સંક્ષેપ માં પરિચય કરાવ્યો હતો.

આ પ્રસંગે શ્રી હિંમતભાઇ રતનશીભાઇ ખેતાણીએ કચ્છ કડવા પાટીદારો નો ઇતિહાસ તથા એમના વિકાસનાં લેખાં જોખાંની માહીતી વિસ્તાર પૂર્વક આપી હતી. હાલમાં ચાલતા સનાતન તથા સતપંથ ધર્મ વચ્ચેના વિવાદો નો ઉલ્લેખ કરીને અધિકારીઓને વાકેફ કર્યા હતા અને આ પ્રશ્નના

ઉકેલ માટે ખૂબજ પ્રયત્નો સનાતન સમાજ તરફથી કરવામાં આવી રહયા છે અને જ્યાં સુધી સફળતા નહીં મળે ત્યાં સુધી પ્રયત્નો ચાલુ રાખવામાં આવશે.

આ પ્રશ્નના ઉકેલ માટે સૌના સાથ સહકારની ખૂબજ જરૂર છે. સૌના સાથ સહકારની અપેક્ષા સાથે શ્રી હિંમતભાઇએ પોતાનું પ્રવચન પુરું કર્યું હતું.

કચ્છ કલેક્ટર શ્રી મહેન્દ્રભાઇ પટેલનું પ્રાસંગિક પ્રવચન

કલેક્ટર સાહેબે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે પોતે પણ કડવા પાટીદાર જ્ઞાતિનો જ દીકરો છે અને આ જ્ઞાતિ માં જન્મ થયો એ બદલ પોતે ગૌરવ અનુભવે છે. આપની જ્ઞાતિનું જે સંગઠન છે એવું સંગઠન બીજી કોઇ પણ જ્ઞાતિમાં નથી એટલે આપણી જ્ઞાતિમાં સંગઠન અને એકતા જળવાઇ રહે એવી શીખ આપી હતી.

એમણે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાનો રજત જયંતિ મહોત્સવ તા. ૨૮-૧૧-૨૦૦૯ શનિવાર થી તા. ૨-૧૨-૨૦૦૯ બુધવાર ના થયો. ૨૫ વરસના બદલે ૩૩ માં વર્ષે થયો એનું કારણ આપતા જણાવ્યું હતું કે આપણી જ્ઞાતિના અમુક અસંતુષ્ટ લોકોના કારણે આ મહોત્સવ નિર્ધારીત સમયમાં થઇ શક્યો નહી માટે સારા કાર્યોમાંજ પોતાનું યોગદાન આપવું, અસંતુષ્ટ લોકોને એમનો રસ્તો બતાવી દો, સંગઠન એજ મોટી શક્તિ અને તાકાત છે. સમાજની શક્તિ એટલે નબળામાં નબળું કુટુંબ, આ કુટુંબોને ઉપર લઇ આવવા માટે પોતાનું યોગદાન આપો. નબળું કુટુંબ સબળું બનશે તોજ સમાજનો વિકાસ આપો આપ થશે. મનના દરવાજા ખુલ્લા રાખો, ગુસ્સે થવાનું નથી, દિવાલોમાં ખીલા ન ઠોકો, નિષ્ફળતા માટે બીજાને દોષ ન આપો.

આ ઉપરાંત તેઓશ્રીએ જણાવ્યું હતું કે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના રજત જયંતિ મહોત્સવ વખતે પોતે મહોત્સવના મુખ્ય કન્વીનર હતા જ્ઞાતિના મોવડીઓમાં પડેલી મડાગાંઠને ઉકેલવામાં પોતે યોગદાન આપ્યું હતું અને મહોત્સવને ભવ્ય સફળતા સાંપડી હતી જો આ મડાગાંઠનો ઉકેલ ન આવ્યો હોત તો આ સફળતા ન મળત. માટે દરેક પ્રશ્નોના ઉકેલ ખૂબજ જરૂરી છે.

આપણી જ્ઞાતિમાં જે વણ ઉકેલ્યા પશ્નો છે એનું સાથે બેસીને નિરાકરણ લાવવા માટે વિનંતી કરી હતી અને જ્ઞાતિનું સંગઠન સદાય જળવાઇ રહે એવો આશાવાદ વ્યકત કર્યો હતો.

જ્ઞાતિ માટે પોતાનાથી બનતા બધાજ પ્રયત્નો કરવાની તત્પરતા દર્શાવી હતી અને આ ભવ્ય મહોત્સના આયોજન બદલ આનંદ વ્યકત કર્યો હતો. તેઓશ્રીએ નખત્રાણા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી ભરતભાઇ જીવરાજભાઇ સોમજીયાણીનો આ મહોત્સવમાં પોતાને લઇ આવવા બદલ આભાર માનીને પોતાનું પ્રવચન પુરું કર્યુ હતું.

આ પ્રસંગે કચ્છ રિઝિયન યુવા સંઘના નવ નિર્વાચીત પ્રમુખશ્રી શૈલેષભાઇ ગોપાલભાઇ પોકાર, નખત્રાણા વાળાએ જણાવ્યું હતું કે ગાંધીધામમાં નજીકના સમયમાંજ યુવાસંઘ દ્વારા એક

બિઝનેશ સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે એમાં દરેક જ્ઞાતિજનોને ભાગ લેવા માટે આહ્વાન કર્યુ હતું.

આ સભાનું સંચાલન શ્રી શંકરભાઈ હંસરાજભાઈ કાનાણીએ કર્યુ હતું.

આભાર વિધિ સમાજના પ્રમુખ શ્રી અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણીએ કરતાં જણાવ્યું હતું કે આપ સર્વે મહાનુભાવો એ પધારીને અમોને આભારી કર્યા તે બદલ આપ સર્વેનો સમાજ વતી ખૂબ ખૂબ આભાર માનું છુ, અને આપણી સમાજને આપશ્રીએ આપેલ માર્ગદર્શન અને બહુમુલ્ય શિખામણ બદલ કલેક્ટર સાહેબનો ખૂબ-ખૂબ આભાર માનું છું.

અને વિશેષ આભાર શ્રી ભરતભાઈ જીવરાજભાઈ સોમજીયાણીનો માનું છુ એમણે કલેક્ટર સાહેબને આ મહોત્સવમાં લઈ આવવા બદલ. જેના કારણે આપણી સમાજને કલેક્ટર સાહેબનું ખૂબજ ઉપયોગી માર્ગદર્શન મળ્યું.

આ સભામાં સમાજની વિશાળ હાજરી બદલ સર્વે જ્ઞાતિજનો ખૂબ ખૂબ આભાર.

આભાર વિધિબાદ આ સભાને પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવી હતી.

નાટકઃ મારું ઘર મારો સંસાર

તા. ૧૪-૮-૨૦૧૪ - ગુરૂવાર - રાત્રે - ૯:૦૦ કલાકે

આ કાર્યક્રમના દિપ પ્રાગટ્યનાં દાતા સ્વ. મનજીભાઈ દેવજીભાઈ દિવાણી પરિવાર - ભુવનેશ્વર (શ્રી જલારામ ટીમ્બર ડીપો-ભુવનેશ્વર) રહયા હતા. આ પરિવારના સભ્યોના શુભ હસ્તે દીપ પ્રગટાવીને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તથા શ્રી ઉમિયા માતાજી ના આશિર્વાદ લેવામાં આવ્યા હતા અને કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

અમદાવાદની પ્રખ્યાત નાટક કંપની દ્વારા " મારું ઘર મારો સંસાર " નામનું સામાજીક નાટક ખૂબજ સુંદર રીતે ભજવવામાં આવ્યું હતું કલાકારો દ્વારા ખૂબજ સુંદર અભિનય કરવામાં આવ્યો હતો. નાટક જોવા માટે સ્થાનિક લોકો તથા બહારગામથી ખૂબજ મોટી સંખ્યામાં લોકો પધાર્યા હતા. અને નાટક તથા કલાકારો દ્વારા કરવામાં આવેલા અભિનયને લોકોએ વખાણ્યા હતા.

ઉપરોક્ત ભજવાયેલ નાટક " મારું ઘર મારો સંસાર " નો સાર એ હતો કે પૈતૃક સંપત્તિ મેળવેલ નવી પેઢી કે જેમને વગર મહેનતે મળેલ ધન દોલત થી મોજ શોખ તથા તાગડ ધિન્ના કરી પોતાના તથા પરિવાર ના પૈસા બરબાદ કરી ને રસ્તા ઉપર આવી જાય છે. પરંતુ પરિવાર ના મોભી વડીલ ને આ નવી પેઢી કયા રસ્તે જઈ રહી છે એની જાણ થાય છે એટલે અગમચેતી વાપરીને અમુક મિલ્કત તેઓ પોતાના સંતાનો થી છુપાવીને રાખે છે અને સંકટ સમયે આ મિલ્કત કુટુંબની આબરૂ સાચવી લે છે, અને આ કુટુંબમાં સુખ શાંતિ અને ચેન ના દિવસો પાછા આવે છે આથી નવી પેઢી ને પોતાની ભૂલ સમજાય છે અને ખોટી રીતે પૈસા બરબાદ ન કરવા જોઈએ એવી સમજણ આવે છે.

સામાજીક સભા



શ્રી માવજીભાઇ વસ્તાભાઇ રૂડાણીનું વિશેષ સન્માન





નૂતન મંદિરમાં યજ્ઞ, ધજાપૂજન, આરતી અને ભોગ તથા રવાડી

તા. ૧૫-૮-૨૦૧૪ - શુક્રવાર - સવારના - ૭:૦૦ કલાકે - પ્રથમ સત્ર

સવારના પવિત્ર અને ખુશનુમા વાતાવરણ વચ્ચે નૂતન મંદિરના પટાંગણ માં મંદિરના પૂજારી શ્રી કમલેશભાઈ રેવાશંકર રાવલ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે યજ્ઞ-હોમહવન કરાવવામાં આવ્યો હતો યજ્ઞમાં બેસનાર તથા હવનમાં આહુતી આપનાર નીચે મુજબના યજમાનો રહયા હતા.

મુખ્ય યજમાન તરીકે શ્રી રામભરોસે - હ. શ્રી મગનભાઈ મનજીભાઈ નાકરાણી પરિવાર - વિરાણીમોટી રહયા હતા.

સહાયક યજમાનો તરીકે

૧. શ્રી પ્રેમજીભાઈ નાનજીભાઈ ભાવાણી પરિવાર - ચેન્નઈ

૨. શ્રી શંકર વિજય સૉ મિલ પરિવાર - ત્રિચિનાપલ્લી

૩. શ્રી નિલકંઠ સૉ મિલ પરિવાર - રાયપુર

૪. શ્રી રામભરોસે - હ. શ્રી દેવજીભાઈ નારણભાઈ સોમજીયાણી - હૈદરાબાદ વગેરે રહયા હતા

ઉપરોક્ત યજમાનો એ યજ્ઞ નો લાભ લીધો હતો.

યજ્ઞ બાદ નૂતન મંદિરમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ની આરતી પાંચ યજમાનો દ્વારા ઉતારવામાં આવી હતી જે નીચે મુજબ હતા.

૧. હરજીયાણી પરિવાર - કોલ્હાપુર

૨. શ્રી નારણભાઈ પૂંજાભાઈ માનાણી પરિવાર - રાયપુર

૩. શ્રી અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી પરિવાર - નવી મુંબઈ

